ॐ

શ્રી રાજ-સોભાગ સ્મારક ગ્રંથમાળા
પુષ્પ ૧૦મું

# વીર-રાજપથદર્શિની-૨

## સ્તવનો

સંયોજક
મુમુક્ષુ ભાઈ-બહેનો

શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ
સોભાગપરા, સાયલા-૩૬૩ ૪૩૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી રાજ-સોભાગ સ્મારક ગ્રંથમાળા

પુષ્પ ૧૦મું

# વીર-રાજપથદર્શિની - ૨

## સ્તવનો

સંયોજક : મુમુક્ષુ ભાઈ-બહેનો


**શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ**

**સોભાગ પરા, સાયલા-૩૬૩૪૩૦**


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**પ્રકાશક**

પ્રકાશન સમિતિ, શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ
**શ્રીમદ્ રાજ-સોભાગ આશ્રમ**
હાઇ-વે ઉપર, સરકારી રેસ્ટ હાઉસ પાછળ,
સાયલા-૩૬૩૪૩૦, જિલ્લો સુરેન્દ્રનગર

**પ્રથમ આવૃત્તિ વિક્રમ સંવત ૨૦૪૨**
**પ્રત ૧૦૦૦ ઈ. સ. ૧૯૮૬**

**બીજી આવૃત્તિ વિક્રમ સંવત ૨૦૫૪**
**પ્રત ૧૦૦૦ ઈ. સ. ૧૯૯૮**

**પ્રાપ્તિ સ્થાન**

**શ્રીમદ્ રાજ-સોભાગ આશ્રમ**
હાઇ-વે ઉપર સરકારી રેસ્ટ હાઉસની પાછળ,
**સાયલા-૩૬૩૪૩૦, જિલ્લો સુરેન્દ્રનગર**

**મુદ્રક**

**દુંદુભિ પ્રિન્ટર્સ**
અમદાવાદ-૩૮૦ ૦૦૯
**ફોન: ૬૫૮ ૪૧ ૮૬**

Jain Education International    For Personal & Private Use Only    www.jainelibrary.org



# શ્રીમદ્ રાજચંદ્ર
# અને
# શ્રી સોભાગભાઈ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# પ.પૂ. શ્રી લાડકચંદ માણેકચંદ વોરા

(પૂ. બાપુજી)

**જન્મ :** સંવત ૧૯૬૧ ના ફાગણ સુદ ૨, તા. ૮-૩-૧૯૦૫
ચોરવીરા ગામે (થાન પાસે)
તા. સાયલા, જી. સુરેન્દ્રનગર

**દેહવિલય :** સં ૨૦૫૪ માગસર સુદ ૧૦,
તા. ૯-૧૨-૯૭, મંગળવાર, સાયલા ગામે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# સમર્પણ

**પ. પૂ. શ્રી બાપુજીના**
**ચરણકમળમાં**

વરસી તુજ પર ગુરુકૃપા,
બીજજ્ઞાન તણી અનુપા,
ચેતવી ચેતના અરૂપા.

તું સરલ તરલ,
તારો પુરુષાર્થ વિરલ,
દોડયો, ઊડયો, તું સિદ્ધમહલ.

ઓ ! સમર્થ જ્યોતિર્ધર,
અમારી બાંહ્ય પણ ધર,
ઓ કલ્યાણકર ! પૂજીએ તને પ્રહર પ્રહર.

બન્યો તું ધન્ય,
અમે તારા વારસ અનન્ય,
સમર્પીએ તને આ પુષ્પ સુરમ્ય, ધન્ય ! ધન્ય !!



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# વિષય-સૂચિ

## વીર રાજપથદર્શિની-૨


૧. યોગેશ્વર શ્રી આનંદઘનજીની ચોવીસી ભાવાર્થ સહિત .........૧

૨. શ્રીમદ્ દેવચંદ્રજી કૃત ચોવીસી ભાવાર્થ સહિત .................૫૩

૩. મહોપાધ્યાય યશોવિજયજીની ચોવીસી ભાવાર્થ સહિત ... ૧૪૮

૪. શ્રીમદ્ મોહનવિજયજી કૃત ચોવીસી ભાવાર્થ સહિત ...... ૧૬૬




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## પ્રસ્તાવના

**"સદ્‌ગુરુના ઉપદેશ વણ સમજાય ન જિન રૂપ,**
**સમજ્યા વણ ઉપકાર શો ? સમજ્યે જિનસ્વરૂપ"**

અમારા મુમુક્ષુ મંડળના ઘણા ઘણા પુણ્યયોગે અમને ઉપરોક્ત પંક્તિઓમાંના શબ્દેશબ્દને ચરિતાર્થ કરતો જોગ પ્રાપ્ત થયો છે. એ જોગનું શું મૂલ્ય છે એ તો અધિકારી આત્મા જ સમજી શકે. એવા અધિકારી આત્માઓને આત્મકલ્યાણમાં ઉપકાર અર્થે અમે ઇ.સ. ૧૯૮૨માં ગ્રંથમાળા તૈયાર કરવાનો મંગલ પ્રારંભ કરેલ છે. આ પુસ્તકનું જે વસ્તુ અમારા પરમપૂજ્ય ગુરુદેવ શ્રી લાડકચંદભાઈ માણેકચંદભાઈ વોરાએ પરમ સત્સંગનો પરમ લાભ આપી સ્વાધ્યાય દ્વારા આપ્યું છે તે આ પુસ્તક સાધકોના હસ્તકમળમાં મૂકતા અમો અતિ આનંદ અનુભવીએ છીએ.

દેશ પરદેશમાં સાધના કરી રહેલ ચાતકની જેમ આ પુસ્તકની ઇંતેજારી કરી રહેલ અમારા મંડળના પંદરસો જેટલા સભ્યોના હાથમાં આ અદ્વિતીય પુસ્તક આવશે ત્યારે તેમનાં હૈયાં કેવાં ઊછળશે એ કલ્પના વાણી દ્વારા વ્યક્ત કરવી મુશ્કેલ છે. માત્ર અમારા મંડળના જ નહીં પરંતુ રાજમાર્ગના સૌ પથિકો માટે આ ભોમિયો ભગવાન સ્વરૂપ બની રહેશે એમાં શંકા નથી.

આ પુસ્તકમાં બિરાજેલ મહાત્મા મંડળ અને તેમની કૃતિઓ અણમોલ છે. શ્રીમદ્ આનંદઘનજી, શ્રીમદ્ દેવચંદ્રજી, શ્રીમદ્ યશોવિજયજી તથા શ્રીમદ્ મોહનવિજયજી દ્વારા રચવામાં આવેલ ચોવીસી ભાવાર્થ સાથે રજૂ કરી રહ્યા છીએ. પૂ. શ્રી આનંદઘનજી મહારાજનાં, પૂ. શ્રી યશોવિજયજી મહારાજનાં અને છોટમનાં થોડાં પદો પસંદ કરી મૂકેલ છે. તદુપરાંત અમારા વંશવેલાના જ્યોતિર્ધર પૂ. શ્રી કાળીદાસભાઈનાં આ માર્ગનાં સીમાચિહ્ન જેવાં બે પદો છે અને અન્ય સંતો પણ પોતાની કૃતિઓ રૂપે બિરાજમાન છે.

આવું ઉત્તમ પ્રકારનું ભોજન પીરસનાર અને પોતાની આગવી બોધશૈલીથી અમીપાન કરાવનાર અમારા પ. પૂ. સદ્‌ગુરુદેવશ્રીએ સૌ સાધકજનો પર જે મહાન ઉપકારથી આ પુષ્પ થકી પુષ્પવૃષ્ટિ કરી છે તે માટે તેઓશ્રીનો ઉપકાર માનવા વાણી વામણી છે. એમના સાચા અનુયાયી બની, તેમના



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બોધને જીવનમાં ચરિતાર્થ કરી અમારું આત્મકલ્યાણ સાધી લઇએ, એ જ એમનો ઉપકાર માનવાનો ઉચિત પ્રયાસ છે, એમ અમે માનીએ છીએ.

અમારા પ. પૂ. ગુરુદેવના સૂચન અને આજ્ઞા અનુસાર આ પુસ્તકને તૈયાર કરી આપનાર આત્માર્થી બેનશ્રી વસંતબેનનો, રસિકભાઈનો ઉપકાર માનીએ તે તેમને નહીં ગમે. કેમ કે તેઓ માને છે કે હું તો માત્ર સાધન છું. કોઈ દિવ્ય શક્તિ જ આવાં પુણ્યકાર્યો આ સાધન દ્વારા કરી રહી છે. આમ છતાં એમના આ કાર્યને બીરદાવતાં અમારા પ. પૂ. ગુરુદેવ- પ. પૂ. બાપુજીએ ઉચ્ચારેલ શબ્દો અત્રે મૂકવાનું અમને મન થાય છે -

"તમે તો અમારું ઝાંખરા જેવું હતું તેને સુંદર બાગ જેવું બનાવી દીધું !" -

આ પુસ્તકના મુદ્રણકાર્યમાં આત્માર્થી ભાઈશ્રી રસિકભાઈએ જે સમય અને શક્તિનો ભોગ આપી સહકાર આપેલ છે તે માટે તેમનો ઉપકાર માનવો જોઇએ. પરંતુ તેઓ તો સામેથી ઉપકાર માને છે કે, મારા ધન્ય ભાગ્ય કે મને સમય અને શક્તિનો સદુપયોગ કરવાની આવી અમૂલ્ય તક આપી.

માત્ર એટલી અપેક્ષા કે આ પુસ્તકના નિદિધ્યાસનથી અધિકારી તૃષાવંતની તરસ છીપાય, અતૃષાતુર આ પુસ્તકના વાચન મનનથી તૃષાતુર બને.

અમારી અનેકવિધ ઓછપને લીધે આ શ્રી સદ્ગુરુપ્રસાદમાં જે કાંઈ ક્ષતિ રહી ગઈ હોય તેને માટે વાચક વર્ગને ક્ષમાપ્રાર્થના.

**પ્રકાશન સમિતિ**
**શ્રી રાજ સોભાગ સત્સંગ મંડળ**
**સાયલા**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ૐ

## વિભાગ-૧

# યોગેશ્વર શ્રી આનંદઘનજીની ચોવીશી ભાવાર્થ સાથે

### ૧. શ્રી ઋષભદેવ સ્વામી

**ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત;**
**રીઝયો સાહેબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત. ૧**

**અર્થ :** ચેતના તેની સખીને કહે છે કે હે સખી ! જિનેશ્વર એવા ઋષભદેવ ભગવાન મારા સ્વામી છે. તેથી હવે હું બીજા કંથની ઇચ્છા કરતી નથી. કેમ કે તે પ્રભુ રીઝ્યા પછી સંગ છોડતા નથી. તે પ્રભુનો યોગ પ્રાપ્ત થવો એટલે કે સ્વરૂપ પ્રાપ્તિ થવી તેની આદિ છે પણ તે યોગ કોઈ દિવસ નિવૃત્તિ પામતો નથી માટે અનંત છે.

**પ્રીત સગાઈ રે જગમાં સહુ કરે રે, પ્રીત સગાઈ ન કોય;**
**પ્રીત સગાઈ રે નિરુપાધિક કહી રે, સોપાધિક ધન ખોય. ૨**

**અર્થ :** હે સખી ! આ જગતમાં સૌ કોઈ પ્રેમસંબંધ બાંધે છે, પરંતુ તેમાં સાચી પ્રેમ સગાઈ કોઈની હોતી નથી. કારણ કે પ્રીત સગાઈ તો ઉપાધિ રહિત હોવી જોઈએ, જ્યારે આ બધી પ્રેમસગાઈ તો ઉપાધિ સહિત હોય છે, એટલે પોતાનું ધન (સ્વભાવ) ખોવાનું થાય છે.

**કોઈ કંત કારણ કાષ્ટભક્ષણ કરે રે, મિલશું કંતને ધાય;**
**એ મેળો નવિ કહીંયે સંભવે રે, મેળો ઠામ ન ઠાય. ૩**

**અર્થ :** હે સખી ! કોઈ સ્ત્રી તો પોતાના પતિની સાથે કાષ્ટમાં બળી મરે છે કે જેથી તે પતિની સાથે સદાય મેળાપ રહે, પણ તે મેળાપનો કોઈ સંભવ નથી. કેમ કે તે પતિ તો પોતાનાં કર્મ અનુસાર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે ગતિ પામવાનો હતો ત્યાં ગયો છે અને સતી થનાર સ્ત્રી પોતાના કર્મ અનુસાર દેહને પ્રાપ્ત કરવાની છે.

**કોઈ પતિરંજન અતિ ઘણું તપ કરે રે, પતિરંજન તન તાપ;**
**એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, રંજત ધાતુ મિલાપ. ૪**

**અર્થ :** હે સખી ! કોઈ સ્ત્રી પતિને રીઝવવા માટે ઘણાં પ્રકારનાં તપ કરે છે પણ એ તપ તે શરીરને તાપ માત્ર છે. પતિને રાજી કરવાનો આવો માર્ગ મને સાચો લાગ્યો નથી. એનો સાચો ઉપાય તો એના સ્વભાવ સાથે એકરસ થવું તે છે.

**કોઈ કહે લીલા રે અલખ અલખ તણી રે, લખ પૂરે મન આશ;**
**દોષ રહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષવિલાસ. ૫**

**અર્થ :** હે સખી ! કોઈ વળી એમ કહે છે કે આ જગત, જેને ઓળખવાનો લક્ષ ન થઈ શકે તેવા ભગવાનની લીલા છે. અલક્ષ ભગવાન સૌની ઇચ્છા પૂરી કરે છે. આ જગતને ભગવાનની લીલા માનીને, ભગવાનનો તે સ્વરૂપે મહિમા ગાવાથી જ પોતાની ઇચ્છા પૂરી થશે એમ માને છે. પણ તે ખોટું છે કેમ કે એ લીલા જ દોષનો વિલાસ છે.

**ચિત્ત પ્રસન્ને રે પૂજનફલ કહ્યું રે, પૂજા અખંડિત એહ;**
**કપટ રહિત થઈ આતમ અરપણા રે, આનંદઘન પદ રેહ. ૬**

**અર્થ :** હે સખી ! ચિત્તની પ્રસન્નતાથી પ્રભુ પૂજા કરવામાં આવે તો જ તે પૂજાનું અપેક્ષિત ફળ મળે, અને એ જ અખંડિત સેવા છે. માટે સરલ થઈને આત્માની અર્પણતા કરીએ તો ઘણા આનંદની પ્રાપ્તિનો ભાગ્યોદય થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૨. અજિતનાથ સ્વામી

**પંથડો નિહાળું રે બીજા જિનતણો રે, અજિત અજિત ગુણધામ;**
**જે તેં જિત્યા રે તિણે હું જિતીયો રે, પુરુષ કિશ્યું મુજ નામ. ૧**

**અર્થ :** હે અજિતનાથ ભગવાન ! હું તમારો મોક્ષમાર્ગ નિહાળું છું તો મને એવું દેખાય છે કે મારા જેવા નિર્બળ વૃત્તિના મુમુક્ષુથી જીતી ન શકાય એવા, અજેય ગણાતા એવા રાગ, દ્વેષ, કષાય, ઇન્દ્રિયના વિષયો, નોકષાય આદિને તમે જીતી લઇને 'અજિત ગુણધામ' પદ પ્રાપ્ત કર્યું છે અને તમારું 'અજિત' નામ સાર્થક કર્યું છે. પરંતુ તે કષાય આદિએ મને જીતી લીધેલ છે. તેથી મારું નામ પુરુષ-મરદ શાનું કહેવાય ?

**ચરમ નયણ કરી મારગ જોવતાં રે, ભૂલ્યો સયલ સંસાર;**
**જેણે નયણે કરી મારગ જોઈએ રે, નયણ તે દિવ્ય વિચાર. ૨**

**અર્થ :** હે પ્રભુ ! ચર્મચક્ષુથી તમારો માર્ગ જોતાં આખો સંસાર માર્ગ ભૂલ્યો છે, જે નયનથી તમારો માર્ગ જોઈ શકાય તેમ છે એ નયન તો દિવ્ય વિચાર જ છે.

**પુરુષ પરંપર અનુભવ જોવતાં રે, અંધોઅંધ પલાય;**
**વસ્તુ વિચારે રે જો આગમે કરી રે, ચરણ ધરણ નહીં ઠાય. ૩**

**અર્થ :** હે પ્રભુ ! તારા માર્ગની જે પરંપરા ચાલી આવે છે તેમાં અનુભવની તપાસ કરતાં તો "આંધળાની પાછળ આંધળો જાય" એવું દેખાય છે. અને જો આગમ કથનને આધારે દ્રવ્યનો કે માર્ગનો વિચાર કરીએ તો પગ મૂકવાનું ય ઠેકાણું નથી.

**તર્ક વિચારે રે વાદપરંપરા રે, પાર ન પહોંચે કોય;**
**અભિમત વસ્તુ વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય. ૪**

**અર્થ :** પંડિતોને પૂછીએ તો તેઓ તર્કથી વિચારમાં પડે છે અને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વાદપરંપરા ચાલે છે. પણ એથી કાંઈ આ માર્ગનો પાર પામી શકાય તેવું નથી. પામવા યોગ્ય વસ્તુ જેમ સિદ્ધાંતમાં કહી છે, તેમ કહેનાર આ જગતમાં કોઈક વિરલા જ દેખાય છે.

**વસ્તુ વિચારે રે દિવ્ય નયન તણો રે, વિરહ પડ્યો નિરધાર;**
**તરતમ જોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર. ૫**

**અર્થ :** પદાર્થને યથાર્થ રીતે જાણવા માટે જે દિવ્ય નેત્રો જોઈએ તે દિવ્ય નેત્રોનો ચોક્કસપણે વિરહ પડી ગયો છે. મુનિઓ અને પંડિતો પાસેથી જાણવા જતાં જેમ તેમના મન, વચન, કાયાના યોગ બળવાન હોય તેમ તેમની વાસના એટલે કે અહંકાર વગેરે બળવાન હોય છે, તેથી તેમનો બોધ કે જે અભિમાન આદિથી વાસિત થયેલો છે તે સાંભળવા મળે છે, તેનો આધાર લેવો પડે છે.

**કાળલબ્ધિ લઈ પંથ નિહાળશું રે, એ આશા અવલંબ;**
**એ જન જીવે રે જિનજી જાણજો રે, આનંદઘન મત અંબ. ૬**

**અર્થ :** હે પરમાત્મા ! ભવસ્થિતિ પરિપાક થયે તારો મોક્ષમાર્ગ નિહાળશું એ આશાને અવલંબન કરીને અમે જીવીએ છીએ, એમ તમે જાણજો. આનંદઘનજી મહારાજ સાહેબ કહે છે કે આવા આત્માઓ તેમના મતને એટલે કે માર્ગને અવલંબે છે, તેમ જાણવું.

## ૩. શ્રી સંભવનાથ સ્વામી

**સંભવદેવ તે ધુર સેવો સવે રે, લહી પ્રભુસેવન ભેદ;**
**સેવન કારણ પહેલી ભૂમિકા રે, અભય, અદ્વેષ, અખેદ. ૧**

**અર્થ :** હે ભવ્યો ! પ્રભુની સેવાના ભેદ સમજીને તમે સંભવદેવ ભગવાનની સેવના કરો. આવું સેવન કરવાની ભૂમિકાના કારણ એવા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તમારામાં અભય, અદ્વેષ, અખેદ ગુણો પ્રગટવા જોઈએ.

**ભય ચંચલતા હો જે પરિણામની રે, દ્વેષ અરોચક ભાવ;**
**ખેદ પ્રવૃત્તિ હો કરતાં થાકિયે રે, દોષ અબોધ લખાવ. ૨**

**અર્થ :** પરિણતિની જે ચંચળતા થાય છે તે ભય, જે અરૂચિનો ભાવ થાય છે તે દ્વેષ, પ્રવૃત્તિ કરતાં જે થાક લાગે છે તે ખેદ, આ ત્રણેય દોષ અબોધતાના કારણે એટલે કે યથાર્થબોધ નહીં હોવાથી, અજ્ઞાનના કારણે હોય છે.

**ચરમાવર્ત હો ચરમકરણ તથા રે, ભવપરિણતિ પરિપાક;**
**દોષ ટળે વળી દૃષ્ટિ ખૂલે ભલી રે, પ્રાપ્તિ પ્રવચન - વાક. ૩**

**અર્થ :** આત્માનું છેલ્લું પુદ્ગલ પરાવર્તન હોય અને તેમાં છેલ્લું અનિવૃત્તિકરણ હોય, વળી ભવમાં પરિભ્રમણ કરવાનો કાળ પરિપકવ થઈ પરિભ્રમણ મટવાનું હોય, તો એવા આત્માને ઉપરના ત્રણેય દોષ ટળે એટલે સાચી-સારી દૃષ્ટિ ખુલે. તે પછી તેને સત્પુરુષના યથાર્થ બોધનો જોગ થાય.

**પરિચય પાતિક-ઘાતિક સાધુ શું રે, અકુશળ અપચય ચેત;**
**ગ્રંથ અધ્યાત્મ શ્રવણ મનન કરી રે, પરિશીલન નયહેત. ૪**

**અર્થ :** એવા આત્માને પછી પાપનો ઘાત-સંહાર કરે એવા સાધુનો પરિચય વધે. એ પરિચયથી અકુશળ-પાપ દૂર થવાથી તે ચેતન એકદમ યથાર્થ સમજણવાળો થાય. અધ્યાત્મ ગ્રંથોનું યથાર્થ શ્રવણ તથા મનન કરીને, નયપૂર્વક સમજીને, તે સમજને આચારમાં મૂકે.

**કારણ જોગે હો કારજ નીપજે રે, એમાં કોઈ ન વાદ;**
**પણ કારણ વિણ કારજ સાધિયે રે, એ નિજ મત ઉન્માદ. ૫**

**અર્થ :** કોઈ પણ કાર્ય કરવું હોય તો તેનાં કારણોનો જોગ થવો જ જોઈએ. આ બાબતમાં તો કોઈને વાદ કે કહેવાપણું ન હોય પણ કોઈ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એમ કહે કે મારે તો કારણ મેળવ્યા વિના કાર્ય સાધવું છે તો આવા માણસની આવી ઇચ્છા તે માત્ર ઉન્માદ છે, પોતાના મત માટેની હઠ અને કદાગ્રહ છે.

**મુગ્ધ સુગમ કરી સેવન આદરે રે, સેવન અગમ અનુપ;**
**દેજો કદાચિત્ સેવક યાચના રે, આનંદઘન રસ રૂપ. ૬**

**અર્થ :** ભક્તિભાવવાળા સરલ આત્માઓ આપની સેવાભક્તિ સુગમ સમજીને આદરે છે. પણ પ્રભુની સેવા ગમ ન પડે તેવી અને ઉપમા ન આપી શકાય તેવી છે. માટે હે આનંદઘન ભગવાન ! આપના આ સેવકની વિનંતિ માન્ય રાખીને કાંઈ સેવા આપવી હોય તો આનંદઘન રસ એટલે કે આનંદપુંજના રસ રૂપ સેવા આપજો એવી મારી યાચના છે.

## ૪. શ્રી અભિનંદન સ્વામી

**અભિનંદનજિન દરિશણ તરસીએ, દરિશણ દુર્લભ દેવ;**
**મત મત ભેદે રે જો જઈ પૂછીએ, સહુ થાપે અહમેવ. ૧**

**અર્થ :** હે અભિનંદન જિનેશ્વર ભગવાન ! અમને તારાં દર્શનની તરસ લાગી છે, પરંતુ હે ભગવાન ! તારું એ દર્શન તો દુર્લભ છે. કારણ કે જુદા જુદા, મતભેદવાળા સંપ્રદાયમાં કે ગચ્છમાં જઈને પૂછીએ તો દરેક પોતપોતાના મતનું જ સ્થાપન કરે છે.

**સામાન્યે કરી દરિશન દોહિલું, નિર્ણય સકલ વિશેષ;**
**મદમેં ઘેર્યો રે અંધો કેમ કરે, રવિશશિરૂપ વિલેખ. ૨**

**અર્થ :** હે પ્રભુ ! મારે તારું સામાન્ય દર્શન નથી જોઈતું. જો કે તે પણ દુર્લભ છે. મારે તો સર્વાંગી નિર્ણય આપે તેવું અખંડ દર્શન,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિશેષ દર્શન જોઈએ છે. પરંતુ હે ભગવાન ! અંધ માણસ હોય અને વળી દારૂ પીને મસ્ત બનેલો હોય તેવો માણસ સૂર્ય અને ચંદ્રનું વર્ણન કેવી રીતે કરી શકે ? એટલે કે આ ચંદ્ર અને આ સૂર્ય એમ કેવી રીતે જાણી કે વર્ણવી શકે ?

**હેતુ વિવાદે હો ચિત્ત ધરી જોઈએ, અતિ દુર્ગમ નયવાદ;**
**આગમવાદે હો ગુરુગમ કો નહીં, એ સબલો વિષવાદ. ૩**

**અર્થ :** હેતુના વિવાદમાં ચિત્ત પરોવીને સમજવા જતાં આપનો નયવાદ અતિ દુર્ઘટ છે. આગમમાંથી બધું સમજી શકાય તેમ છે પણ આગમ સમજવા માટે ગુરુગમ નથી, આવો બધો વિખવાદ છે. તેમાં તારું દર્શન કેવી રીતે થાય ?

**ઘાતી ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિશણ જગનાથ;**
**ધીઠાઈ કરી મારગ સંચરૂં, સેંગૂ ? કોઈ ન સાથ. ૪**

**અર્થ :** હે જિનેશ્વર ભગવાન ! હે જગતના નાથ ! ઘાત કરે તેવા ઘણા ઘણા ડુંગર આપના દર્શન કરવાના માર્ગમાં આડા આવે છે. અને જો હઠ કરીને આપના દર્શન કરવાના માર્ગે ચાલું તો તે માર્ગના જાણકાર એવા કોઈ ભોમિયાનો સાથ નથી ! ત્યારે હવે શું કરવું ?

**દરિશણ દરિશણ રટતો જો ફરું, તો રણરોઝ સમાન;**
**જેહને પિપાસા હો અમૃતપાનની, કિમ ભાંજે વિષપાન. ૫**

**અર્થ :** હે પરમાત્મા ! તારું દર્શન, તારું દર્શન એમ રટણ કરતો કરતો જો આમતેમ ફરું તો રણમાં રખડતા તરસ્યા રોઝ જેવો ગણાઉં. હે પ્રભુ ! જેને અમૃતપાનની તૃષા લાગી છે. તેની તે તૃષા વિષપાન કરવાથી, ઝેર પીવાથી કેવી રીતે મટી શકે ?

**તરસ ન આવે હો મરણજીવન તણો, સીઝે જો દરિશણ કાજ;**
**દરિશન દુર્લભ સુલભ કૃપા થકી, આનંદઘન મહારાજ. ૬**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ :** હે ભગવાન ! મને જો આપના દર્શન (સમ્યગ્દર્શન) થાય તો પછી મને મરણ અને જીવનનો ત્રાસ કોઈ દિવસ આવે નહિ. પ્રભુ ! આપનું દર્શન બહુ દુર્લભ છે. છતાં આપની કૃપાથી એ સુલભ થાય છે એમ આનંદઘનજી મહારાજ સાહેબ કહે છે.

## ૫. શ્રી સુમતિનાથ સ્વામી

**સુમતિ ચરણકજ આતમ અરપણા, દરપણ જિમ અવિકાર, સુજ્ઞાની;**
**મતિતરપણ બહુ સંમત જાણીએ, પરિસરપણ સુવિચાર, સુજ્ઞાની. ૧**

**અર્થ :** હે સુજ્ઞાની ! ભગવાનના ચરણકમળમાં હું આત્મા અર્પણ કરું છું. કેમ કે મારી ઇચ્છા તેમના જેવી શુદ્ધ દર્પણ જેવી અવિકારી સ્થિતિ પ્રાપ્ત કરવાની છે. તેમ થવાને માટે બુદ્ધિનું તર્પણ થવું જોઈએ. એમ બધાએ સંમત કર્યું છે અને એ સદ્‌વિચારમાં પ્રવેશરૂપ છે, એમ જાણવું.

**ત્રિવિધ સકલ તનુધરગત આતમા, બહિરાતમ ધુરિ ભેદ, સુજ્ઞાની;**
**બીજો અંતર આતમ તીસરો, પરમાતમ અવિચ્છેદ, સુજ્ઞાની. ૨**

**અર્થ :** આ સંસારના બધા મનુષ્યો - દેહધારી આત્માઓ ત્રણ પ્રકારના ભેદે છે. પ્રથમ પ્રકાર બહિરાત્માનો છે. બીજો ભેદ અંતરાત્માવાળા જીવોનો છે અને ત્રીજો પ્રકાર અખંડ જ્ઞાની એવા પરમાત્માનો છે.

**આતમબુદ્ધે હો કાયાદિક ગ્રહ્યો, બહિરાતમ અધરૂપ, સુજ્ઞાની;**
**કાયાદિકનો હો સાખીધર રહ્યો, અંતર આંતમરૂપ, સુજ્ઞાની. ૩**

**અર્થ :** જે આત્માઓએ પોતાનો દેહ છે એ જ પોતે છે એમ ગ્રહણ કર્યું છે. તેઓ બહિરાત્મા પાપરૂપ છે. જે જીવો આ કાયા એટલે કે ત્રણેય પ્રકારના દેહ, તેમજ કુટુંબ ધન આદિના માત્ર સાક્ષી બની રહે છે એવા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીવો અંતરાત્મા કહેવાય છે.

**જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો, વર્જિત સકલ ઉપાધિ, સુજ્ઞાની;**
**અતીન્દ્રિય ગુણગણમણિ આગરુ, એમ પરમાતમ સાધ, સુજ્ઞાની. ૪**

**અર્થ :** જે આત્માઓ સમ્યક્‌જ્ઞાનના આનંદમાં પૂર્ણ રીતે પવિત્ર થયેલા છે અને દ્રવ્યની - આ સંસારની બધી ઉપાધિ જેણે છોડી દીધેલ છે અને જે અતીન્દ્રિય એટલે ઇન્દ્રિયોથી પર, ગુણના સમૂહરૂપ મણીની ખાણ જેવા છે. એ આત્માઓ પરમાત્મા કહેવાય છે એમ જાણીને એવું પરમાત્મપણું તું સાધ.

**બહિરાતમ તજી અંતર આતમા, રૂપ થઈ થિર ભાવ, સુજ્ઞાની;**
**પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અર્પણ દાવ, સુજ્ઞાની. ૫**

**અર્થ :** ઉપરની વ્યાખ્યામાં બતાવ્યા અનુસાર દેહાદિથી ગ્રહાયેલો આત્મા છે, તે બહિરાત્મપણું તજીને પોતાના ગુણ અને લક્ષણથી અંતરાત્મારૂપ થઈ જાય. અને પોતાનો સ્થિરભાવ પ્રગટાવીને, ભગવાન-પરમાત્માનું ભાવન કરીને આત્મામાં ભાવથી લીન થાય તો એ આત્મા અર્પણનો ઉપાય છે.

**આતમઅર્પણ વસ્તુ વિચારતાં, ભરમ ટળે મતિ દોષ, સુજ્ઞાની;**
**પરમ પદારથ સંપત્તિ સંપજે, આનંદઘન રસ પોષ, સુજ્ઞાની. ૬**

**અર્થ :** જ્યાં 'આત્મ અર્પણતા' શું વસ્તુ છે એનો વિચાર કરીએ ત્યાં જ ભ્રમ, મિથ્યાત્વ અને મતિના દોષ ટળી જાય અને પછી (શું થાય ?) આપણા ભગવાન આત્માનો પોતાનો ખજાનો જે પરમ પદાર્થ છે તે પ્રાપ્ત થાય. અને તેથી તે રસના પોષણવાળો આનંદનો ઘન એટલે આનંદનો રાશી ભોગવી શકીએ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૬. શ્રી પદ્મપ્રભ સ્વામી

**પદ્મપ્રભ જિન તુજ મુજ આંતરું રે, કિમ ભાંજે ભગવંત ?**
**કર્મવિપાકે હો કારણ જોઈને રે, કોઈ કહે મતિમંત. ૧**

**અર્થ :** હે પદ્મપ્રભ સ્વામી ! તમે સિદ્ધાલયમાં બેઠા છો અને હું અહીં પૃથ્વી પર છું. તમે મુક્ત થયા છો અને હું રખડું છું તો આપણા બે વચ્ચેનું આ અંતર કેવી રીતે ભાંગે ? બુદ્ધિમાન જ્ઞાનીઓ કારણો તપાસીને કહે છે કે કર્મના વિપાકે ઉદયને સમભાવે વેદવાથી આ અંતર ભાંગે.

**પયઇ ઠિઇ અણુભાગ પ્રદેશથી રે, મૂલ ઉત્તર બહુ ભેદ;**
**ઘાતી અઘાતી હો બંધોદય ઉદીરણા રે, સત્તા કર્મ વિચ્છેદ. ૨**

**અર્થ :** આ જે કર્મો છે, તે કર્મોની પ્રકૃતિ છે, સ્થિતિ છે, અનુભાગ છે, અને તે આત્મપ્રદેશથી લાગેલાં છે. એ કર્મોનાં મૂળ, ઉત્તર આદિ ઘણા ભેદ છે. વળી ઘાતીકર્મ - જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય, અઘાતીકર્મ-નામ, ગોત્ર, વેદનીય, આયુષ્ય આ બંને પ્રકારનાં કર્મોના બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા જે કર્મ હજુ ઉદયમાં નથી આવ્યાં તે - એવા જે ભેદ પડે છે એ બધાનો વિચ્છેદ થાય ત્યારે અંતર ભાંગે એમ જ્ઞાનીઓ કહે છે.

**કનકોપલવત્ પયડિ પુરુષ તણી રે, જોડી અનાદિ સ્વભાવ;**
**અન્ય સંજોગી જિહાં લગે આતમા રે, સંસારી કહેવાય. ૩**

**અર્થ :** ખાણમાંના સોનાની સાથે જેમ ઉપલ એટલે અન્ય રજ, ધૂળ, જસતની કણીઓ હોય છે. તેમ આ પુરુષ એટલે કે આત્મા સાથે કર્મની પ્રકૃતિઓ અનાદિ સ્વભાવથી જોડાયેલી છે. જ્યાં સુધી આ આત્માને પરદ્રવ્ય વસ્તુ, દેહ, કર્મદળ આદિ સાથે સંયોગ છે ત્યાં સુધી જન્મ મરણ થાય છે. અને જીવ સંસારી કહેવાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**કારણજોગે હો બાંધે બંધને રે, કારણ મુક્તિ મુકાય;**
**આશ્રવ સંવર નામ અનુક્રમે રે, હેય ઉપાદેય સુણાય. ૪**

**અર્થ :** જે કર્મનો બંધ થાય છે, તે તેને માટેનાં કારણોનો જોગ બાઝે ત્યારે જ થાય છે. એ કર્મથી આત્મા ત્યારે જ મુક્ત થાય કે જ્યારે તેને તેવાં કારણો મળે. આશ્રવથી એટલે કે છીદ્રથી કર્મો આવે છે તે આશ્રવ હેય છે, છોડવા યોગ્ય છે. સંવરથી કર્મ આવતાં રોકાય છે, જે ઉપાદેય છે - આદરવા યોગ્ય છે.

**યુંજન કરણે હો અંતર તુજ પડ્યો રે, ગુણકરણે કરી ભંગ;**
**ગ્રંથ ઉકતે કરી પંડિતજન કહ્યો રે, અંતર ભંગ સુઅંગ. ૫**

**અર્થ :** હે ભગવાન ! મારા આત્મા સાથેના કર્મના જોડાણને કારણે આપણી વચ્ચે અંતર પડ્યું છે. અને મારું તમારી સાથે જોડાણ થવાથી એ અંતર ભાંગી શકાય તેમ છે. તારા જેવા ગુણો પ્રાપ્ત કરવાથી એટલે કે આંતરિક પુરુષાર્થથી એ અંતર ભાંગી શકાય તેમ છે. આપણી વચ્ચેનું આ અંતર ભાંગવાનો એ જ સારો ઉપાય છે એમ સુજ્ઞ પુરુષોએ ગ્રંથોમાં આગમોના પ્રમાણથી બતાવ્યું છે.

**તુજ મુજ અંતર અંતર ભાંજશે રે, વાજશે મંગલ તૂર;**
**જીવ સરોવર અતિશય વાધશે રે. આનંદઘન રસપૂર, ૬**

**અર્થ :** તારી અને મારી વચ્ચેનું અંતર ભાંગશે ત્યારે મંગળ વાજાં વાગશે. મારા જીવરૂપી સરોવરમાં આનંદઘન રૂપ રસનું પૂર આવશે, જીવ સરોવર આનંદથી છલકાઈ જશે.

## ૭. શ્રી સુપાર્શ્વનાથ સ્વામી

**શ્રી સુપાસ જિન વંદિયે, સુખસંપત્તિનો હેતુ, લલના;**
**શાંત સુધારસ જલનિધિ, ભવસાગર માંહે સેતુ, લલના. ૧**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ :** હે ચેતના ! સાતમા તીર્થંકર શ્રી સુપાર્શ્વનાથ ભગવાન કે જે સર્વોચ્ચ સુખ અને સર્વોચ્ચ સમૃદ્ધિ (નિજદ્રવ્ય ખજાના)નો હેતુ છે. તેમને વંદન કરીએ.

(લલના એટલે કે ચેતના. તેને ઉદ્દેશીને આ સ્તવન લખાયું છે.)

તેઓ શાંત સુધારસ એટલે કે અમૃત તેના સરોવર છે. અને આ ભવ સાગર તરવાને માટે સેતુ સમાન છે.

**સાત મહાભય ટાળતો, સપ્તમ જિનવર દેવ, લલના;**
**સાવધાન મનસા કરી, ધારો જિનપદ સેવ, લલના. ૨**

અર્થ : હે ચેતના ! શ્રી તીર્થંકર દેવ આ લોક ભય અને પરલોક ભય આદિ સાત મહાભયને ટાળી નાખે છે. હે ભવ્ય ! પ્રથમ તો તારા મનને સાવધાન બનાવી દે (શુદ્ધ કરીને). પછી જિનેશ્વરની સેવામાં લાગી જા, ભગવંતના ચરણની સેવા કર.

**શિવશંકર, જગદીશ્વરૂ, ચિદાનંદ ભગવાન, લલના;**
**જિન અરિહા તીર્થંકરૂ, જ્યોતિ સ્વરૂપ અસમાન, લલના. ૩**

**અર્થ :** મુક્ત એવા શંકર, જગતના ઈશ્વર, ચિદાનંદ જે જ્ઞાન અને આનંદથી ભરપૂર છે એવા ભગવાન, જિન અરિહંત આંતર શત્રુઓનો નાશ કરનાર, તીર્થંકર, તીર્થના સ્થાપનાર, જ્યોતિ સ્વરૂપ અને આકાશ જેવા.

(ભગવાનના વિવિધ ગુણ પ્રમાણે આ નામ લખાયાં છે)

**અલખ, નિરંજન, વચ્છલુ, સકલ જંતુ વિસરામ, લલના;**
**અભયદાન દાતા સદા, પૂરણ આતમરામ, લલના. ૪**

**અર્થ :** અલખ એટલે લક્ષમાં ન આવે તેવા, નિરંજન-અંજન રહિત, વચ્છલુ જગતનાં સર્વ જીવોને વિશ્રામ રૂપ તેમજ મુમુક્ષુઓને સદાય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અભયદાન આપનારા અને આત્મામાં પૂરણપણે રમણ કરનારા એવા ભગવાન છે.

**વીતરાગ, મદ, કલ્પના, રતિ અરતિ, ભય સોગ, લલના;**
**નિદ્રા, તંદ્રા, દૂરદશા, રહિત અબાધિત યોગ, લલના. ૫**

**અર્થ :** વીતરાગ ભગવાન્ મદ, કલ્પના, રતિ, અરતિ, ભય, શોક તેમજ નિદ્રા, તંદ્રા અને નીચી દશાથી રહિત છે. તેમના યોગ અબાધિત છે. એટલે કે મન, વચન, કાયાના તેમના યોગ બાધા કરનારા નથી.

**પરમ પુરુષ પરમાતમા, પરમેશ્વર પરધાન, લલના;**
**પરમ પદારથ પરમેષ્ઠિ, પરમદેવ પરમાન્ન, લલના. ૬**

**અર્થ :** પુરુષોમાં ઉત્તમ, પરમાત્મા આત્માઓમાં પરમ, પરમેશ્વર-પરમ ઐશ્વર્યવાન, પ્રધાન- મુખ્યમાં પણ મુખ્ય, પદાર્થોમાં શ્રેષ્ઠ. ઉત્તમ ઇષ્ટ, દેવાધિદેવ એવાં જે વિશેષણો નામો ભગવાનને આપવામાં આવે છે. તે પ્રમાણ છે.

**વિધિ વિરંચિ, વિશ્વંભરૂ, હૃષીકેશ જગનાથ, લલના;**
**અઘહર, અઘમોચન ધણી, મુક્તિ પરમપદ સાથ, લલના. ૭**

**અર્થ :** વિધાતા, બ્રહ્મા, વિશ્વનું ભરણપોષણ કરનાર, ઇન્દ્રિયોના દમનારા, જગતના નાથ, પાપને હરનાર, અને મોક્ષના પરમ માર્ગે સાથ આપનાર એવા ભગવાન છે.

**એમ અનેક અભિધા ધરે, અનુભવગમ્ય વિચાર, લલના;**
**જેહ જાણે તેહને કરે, આનંદઘન અવતાર, લલના... ૮**

**અર્થ :** આમ ઉપર બતાવ્યાં એવાં અનેક નામ ભગવાનનાં છે. ભગવાન આવાં અનેક નામના ધારણ કરનારા છે. તે વિચાર અનુભવગમ્ય છે. ભગવાનને નામ પ્રમાણે ગુણથી જાણીને જે તેને અનુસરે તેને આનંદઘનનો અવતાર મળે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૮. શ્રી ચંદ્રપ્રભ સ્વામી

**દેખણ દે રે સખિ, મુને દેખણ દે, ચંદ્રપ્રભ મુખચંદ, સખી;**
**ઉપશમ રસનો કંદ સખી. સેવે સુર નર ઇંદ, સખી.**
**ગત કલિમલ દુઃખ દ્વંદ્વ સખી, મુને. ૧**

**અર્થ :** ચેતના તેની સખીને કહે છે કે હે સખી ? મને આ ચંદ્રપ્રભુના મુખરૂપી ચંદ્રને જોવા દે, જોવા દે, કારણ કે તે મુખ ઉપશમરસનો કંદ એટલે કે સુધારસનો કંદ છે, મૂળ છે. તેથી દેવો, મનુષ્યો અને ઇંદ્રો પણ ભગવાનની સેવા કરે છે. આ ભગવાનનો કર્મરૂપી મળ, તમામ દુઃખ અને બીજા દ્વંદ્વો ચાલ્યા ગયેલ છે.

**સુહમ નિગોદે ન દેખિયો, સખી, બાદર અતિહિ વિશેષ, સખી,**
**પુઢવી આઉં ન લેખીયો સખી તેઉ વાઉ ન લેશ. સખી. મુને. ૨**

**અર્થ :** હે સખી ! ભગવાનના દર્શન મને સૂક્ષ્મ નિગોદમાં થયા નહીં, બાદર નિગોદમાં પણ ભગવાનને અતિ વિશેષણપણે દીઠા નહીં. પૃથ્વીકાયમાં, અપકાયમાં, વાઉકાયમાં લેશ પણ તેમના દર્શન થયા નહીં.

**વનસ્પતિ અતિ ઘણ દિહા સખી, દીઠો નહીય દીદાર, સખી;**
**બિ તિ ચઉરિંદ્રિ જલલિહા સખી, ગત સન્નિ પણ ધાર. સખી. મુને. ૩**

**અર્થ :** વનસ્પતિકાયમાં ઘણા દિવસ સુધી પ્રભુનો દેદાર ક્યાંય દેખ્યો નહીં. બે ઇન્દ્રિયવાળા, ત્રણ ઇંદ્રિયવાળા, ચાર ઇન્દ્રિયવાળા દેહ પામ્યો ત્યાં અને અસંજ્ઞી પંચેન્દ્રિયમાં પણ ભગવાનને ન દીઠા.

**સુર, તિરિ નિરય નિવાસમાં સખી, મનુજ અનારજ સાથ, સખી;**
**અપજ્જતા પ્રતિભાસમાં સખી, ચતુર ન ચઢિયો હાથ. સખી. મુને. ૪**

**અર્થ :** હે સખી ! દેવલોકમાં, તિર્યંચલોકમાં, નારકીલોકમાં અને મનુષ્યભવમાં અનાર્ય કુળમાં અવતાર લીધો ત્યાં તથા અપર્યાપ્ત સ્થિતિમાં પણ ચતુર ભગવાન મારા હાથમાં આવ્યા નહીં.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**એમ અનેક થલ જાણિયે, સખી, દરિસણ વિણ જિનદેવ, સખી.**
**આગમથી મતિ આણિયે, સખી, કીજે નિર્મલ સેવ. સખી. મુને. ૫**

**અર્થ :** હે સખી ! એવાં અનેક સ્થળ છે કે જ્યાં મારે ભગવાનનાં દર્શન વિના લાંબો કાળ પસાર કરવો પડ્યો. હવે આગમ વાંચીને, તેનો પરમાર્થ બુદ્ધિમાં ઉતારીને, તે રીતે ભગવાનની સેવા-ભક્તિ મારે કરવી છે.

**નિર્મળ સાધુ ભગતિ લહી, સખી, યોગ અવંચક હોય, સખી;**
**કિરીયા અવંચક તિમ સહી, સખી, ફલ અવંચક જોય. સખી. મુને. ૬**

**અર્થ :** ભગવાનની નિર્મળ ભક્તિ કરવાથી મન, વચન, કાયાના યોગ અવંચક એટલે નહીં છેતરનારા એવા થાય. એટલે પછી મારી ક્રિયા પણ છેતરનારી નહીં એવી થાય. તેથી તે ક્રિયાનું ફળ પણ મને છેતરનારું નહીં એવું સાચું મળે.

**પ્રેરક અવસર જિનવરુ, સખી, મોહનીય ક્ષય જાય, સખી;**
**કામિતપૂરણ સુરતરુ, સખી, આનંદઘન પ્રભુ પાય. સખી. મુને. ૭**

**અર્થ :** અહાહા ! હે સખી, જિનેશ્વર ભગવાનનું તે દર્શન અવસરે પ્રેરણા કરનારું છે. તેથી મોહનીય કર્મનો નાશ થાય છે. મોક્ષ પર્યંતની ઇચ્છા પૂરી થાય એવું કલ્પવૃક્ષ જેવું એ દર્શન છે. એમ ચોક્કસપણે માનીને (દૃઢ શ્રદ્ધા રાખીને) પ્રભુને પ્રાપ્ત કરી શકાય છે. એમ આનંદઘન મહારાજ કહે છે.

## ૯. શ્રી સુવિધિનાથ સ્વામી

**સુવિધિ જિણેસર પાય નમીને, શુભ કરણી એમ કીજે રે;**
**અતિ ઘણો ઊલટ અંગ ધરીને, પ્રહ ઊઠી પૂજી જે રે. ૧**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ :** સુવિધિ જિનેશ્વરના ચરણમાં નમસ્કાર કરીને શુભ કરણી કરવી અને અતિ ઘણો ઉમંગ લાવીને સવારમાં વહેલા ઊઠીને પ્રભુની પૂજા કરવી.

**દ્રવ્ય ભાવ શુચિ ભાવ ધરીને, હરખે દેહરે જઈએ રે;**
**દહ તિગ પણ અભિગમ સાચવતાં, એકમના ધુરિ થઈએ રે. ૨**

**અર્થ :** દ્રવ્યથી અને ભાવથી પવિત્ર થઈને હોંશપૂર્વક દેરાસર જવું, દશ ત્રિક અને પાંચ અભિગમ સાચવીને પ્રભુ પૂજામાં એકાગ્ર મનવાળા સર્વ પ્રથમ થવું જોઈએ.

**કુસુમ અક્ષત વરવાસ સુગંધો, ધૂપ દીપ મન સાખી રે;**
**અંગપૂજા પણ ભેદ સુણી એમ, ગુરુમુખ આગમ ભાખી રે. ૩**

**અર્થ :** ફૂલ, ચોખા, ઉત્તમ વાસક્ષેપ, સુગંધી ધૂપ, દીપ. આ પ્રમાણે પાંચ પ્રકારે મનની સાક્ષીએ પ્રભુ પૂજા કરવી જોઈએ. તેમાં કેટલીક અંગપૂજા છે. તેના ભેદ વગેરે ગુરુમહારાજના મુખેથી સાંભળીને કે આગમમાંથી જાણીને એ પ્રમાણે અંગપૂજા કરવી જોઈએ.

**એહનું ફલ દોય ભેદ સુણીજે, અનંતર ને પરંપર રે;**
**આણાપાલણ ચિત્તપ્રસન્ની, મુગતિ સુગતિ સુર મંદિર રે. ૪**

**અર્થ :** પૂજાનું ફળ બે પ્રકારે હોય છે, એક અનંતર ફળ અને એક પરંપર ફળ મળે છે. ચિત્તપ્રસન્નતાપૂર્વક ભગવાનની આજ્ઞાને અનુસરે તો તેથી મનુષ્યગતિ કે દેવગતિ પામીને પછી મોક્ષ પામે.

**ફૂલ અક્ષત વર ધૂપ પઇવો, ગંધ નૈવેદ્ય ફલ જલભરી રે;**
**અંગ અગ્રપૂજા મળી અડવિધ. ભાવે ભવિક શુભ ગતિ વરી રે. ૫**

**અર્થ :** ભવિક જન ફૂલ, ચોખા, ધૂપ, અગરબત્તી, દીવો, નિવેધ, ફળ અને જળ ભરેલા કળશ - એનાથી અંગપૂજા અને અગ્રપૂજા મળીને અષ્ટ પ્રકારે પૂજા ભાવથી કરે તો શુભગતિને પામે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**સત્તર ભેદ, એકવીસ પ્રકારે, અઠ્ઠોતર શત ભેદે રે;**
**ભાવપૂજા બહુવિધિ નિરધારી, દોહગ દુર્ગતિ છેદે રે. ૬**

**અર્થ :** સત્તર ભેદે પૂજા, એકવીસ પ્રકારની પૂજા, એક સો આઠ પ્રકારની પૂજા વગેરે અને ભાવપૂજા ઘણા પ્રકારની હોય છે. એવી પૂજા નિશ્ચયથી દુર્ભાગ્યને અને નારકી આદિ દુર્ગતિને છેદી નાખે છે.

**તુરિય ભેદ પડિવત્તિ પૂજા, ઉપશમ ખીણ સયોગી રે,**
**ચઉહા પૂજા ઇમ ઉત્તરઝયણે, ભાખી કેવલ ભોગી રે. ૭**

**અર્થ :** તુરિય એટલે ચોથા ભેદની પ્રતિપત્તિ પૂજા ઉપશમ ભાવ તથા ક્ષીણ ભાવ સહિત, મન-વચન-કાયાના સ્થિર યોગવાળી અવસ્થા આ ચારેય પ્રકારની પૂજા ઉત્તરાધ્યયન સૂત્રમાં કેવળી ભગવંતે ભાખી છે.

**એમ પૂજા બહુ ભેદ સુણીને, સુખદાયક શુભ કરણી રે;**
**ભવિક જીવ કરશે તે લેશે, આનંદઘન પદ ધરણી રે. ૮**

**અર્થ:** આવી રીતે પૂજાના ઘણા ભેદ સાંભળીને શુભ કરણી કરવી તે હંમેશા સુખદાયક છે. જે ભવિક આત્મા આવી પૂજા કરશે તે આનંદઘનના પદને પામશે, મોક્ષને પામશે.

## ૧૦. શ્રી શીતલનાથ સ્વામી

**શીતલ જિનપતિ લલિત ત્રિભંગી, વિવિધ ભંગી મન મોહે રે;**
**કરૂણા, કોમલતા, તીક્ષણતા, ઉદાસીનતા સોહે રે. ૧**

**અર્થ :** હે શીતલનાથ ભગવાન ! આપની ત્રિભંગીઓ અને વિવિધ ભંગીઓનો વિચાર કરીએ તો તે સુંદર અને મનમોહક છે. આપનામાં કરૂણા એટલે કે અપાર દયા, મૃદુતા, મુલાયમતા, તીક્ષ્ણતા એટલે કે શત્રુ-કર્મ, કષાય આદિને છેદવાની તીક્ષ્ણતા. ઉદાસીનતા એટલે હર્ષ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શોકના પ્રસંગમાં સમપણે રહેવાની સમર્થતા જેવા ગુણો શોભે છે.

**સર્વ જંતુ હિતકરણી કરૂણા, કર્મ વિદારણ તીક્ષણ રે;**
**હાનાદાન રહિત પરિણામી, ઉદાસીનતા વીક્ષણ રે. ૨**

**અર્થ :** મને જે સુખ મળ્યું છે તે સુખ સકળ જગતના લોકો પામે તેવા ભાવવાળી, તે જીવોનું હિત કરવાવાળી કરૂણા આપનામાં સહજ છે. ઘોર કર્મોને ક્ષય કરવામાં આપનો ઉપયોગ તીક્ષ્ણ છે. લાભ હોય કે અલાભ હોય તેની ઉપેક્ષા કરવાવાળા આપ છો. સમપરિણામ જે રહે છે તે ઉદાસીનતા નામનો ગુણ પણ આપનામાં વર્તે છે.

**પરદુઃખ છેદન ઇચ્છા કરૂણા, તીક્ષણ પરદુઃખ રીઝે રે;**
**ઉદાસીનતા ઉભય વિલક્ષણ, એક ઠામે કેમ સીઝે રે. ૩**

**અર્થ :** અન્ય જીવોના દુઃખોનું છેદન કરવા રૂપ આપની ઇચ્છા એ આપનો કરૂણા ગુણ છે. બીજા જીવોના ભવભ્રમણ ટાળે અને એ લોકો ઉલ્લાસ પામે એ બાબત આપનો તીક્ષણ ઉપયોગ છે. આ પુરુષાર્થ કરવા છતાં એના પરિણામ પ્રત્યે આપને ઉદાસીનતા ભજે છે. આથી હે ભગવાન ! હું વિચારમાં પડી જાઉં છું કે આવા પરસ્પર વિરોધી ગુણો એક સ્થળે કેવી રીતે ટકી શકે ? છતાં ટકી રહ્યા છે.

**અભયદાન તે મલક્ષય કરૂણા, તીક્ષણતા ગુણ ભાવે રે;**
**પ્રેરણ વિણ કૃત ઉદાસીનતા, ઈમ વિરોધ મતિ નાવે રે. ૪**

**અર્થ :** સમસ્ત મળ કષાય નાશ કરવાની જે કરૂણા આપને વર્તે છે તે એવી છે કે બીજાને અભયદાન આપે છે. અને આપના પોતાના જે ગુણો છે તે પ્રગટ કરવામાં આપ બહુ તીક્ષ્ણ ઉપયોગવાળા છો. આપને ઇચ્છાઓ તો છે નહીં, પ્રેરણા વિના પણ જે જે ઉદયમાં આવે તે તે પ્રત્યે ઉદાસીનતા - સમપણું છે એમ એક બીજી સ્થિતિમાં વિરોધાભાસ આવતો નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**શક્તિ વ્યક્તિ ત્રિભુવન પ્રભુતા, નિર્ગ્રંથતા સંયોગે રે;**
**યોગી ભોગી વક્તા મૌની, અનુપયોગી ઉપયોગે રે. ૫**

**અર્થ :** પોતાના આત્મદ્રવ્યની શક્તિ પ્રગટ થઈ છે તેથી હે ભગવાન ! આપ ત્રણેય ભુવનના પ્રભુ થયા છો. પરના-વ્યક્તિના કે દ્રવ્યના - જ્યાં સંયોગો થાય છે તેમાં આપ નિર્ગ્રંથ છો. ગ્રંથિભેદ થયો છે એટલે આપને કાંઈ પણ અસર થતી નથી. આપ અયોગી છો. યોગ સાધીને દ્રવ્ય પ્રગટ કર્યું છે. તીર્થંકર થયા છો. સ્વસ્વરૂપના ભોગી છો. આપની વાણીની શક્તિ એટલે કે વચનાતિશય એવો છે કે દિવસોના દિવસો સુધી બોલી શકો છો અને મૌન પણ રહી શકો છો. આપ સદાય સ્વરૂપમાં હોવાથી, જાગૃત હોવાથી બહારના બધાય વિષય કષાયના યોગમાં, વ્યાપારોમાં અનુપયોગી છો અને પોતાના સ્વભાવમાં ઉપયોગી છો.

**ઇત્યાદિક બહુ ભંગ ત્રિભંગી, ચમત્કાર ચિત્ત દેતી રે;**
**અચરિજકારી ચિત્ર-વિચિત્રા, આનંદઘન પદ લેતી રે. ૬**

**અર્થ :** હે ભગવાન ! ઘણા ભાંગાવાળી આવી ત્રિભંગીઓ ચિત્તને ચમત્કાર કરે તેવી અચરજકારી છે. જુદી જુદી ચિત્રવિચિત્ર, વિવિધ સ્વભાવવાળી એવી ત્રિભંગીને સમજીને ધારણ કરનાર આનંદઘનનું પદ લે છે.

## ૧૧. શ્રી શ્રેયાંસનાથ સ્વામી

**શ્રી શ્રેયાંસજિન અંતરજામી, આતમરામી નામી રે;**
**અધ્યાતમ મત પૂરણ પામી, સહજ મુગતિ ગતિ ગામી રે. ૧**

**અર્થ :** શ્રી શ્રેયાંસનાથ તીર્થંકર ભગવાન બધાના અંતઃકરણના જાણનાર છે. પૂર્ણ આત્મામાં રમનારા પ્રખ્યાત છે. અધ્યાત્મ માર્ગ-મોક્ષ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માર્ગ પૂરેપૂરો પામીને સહજ રીતે મુક્તિ માર્ગે ગમન કરનારા છે.

**સયલ સંસારી ઇન્દ્રિયરામી, મુનિગણ આતમરામી રે;**
**મુખ્યપણે જે આતમરામી, તે કેવલ નિષ્કામી રે. ૨**

**અર્થ :** આ જગતમાં જે જીવો ઇન્દ્રિયોમાં રમણ કરનારા છે તે બધા સંસારી છે. આત્મામાં રમણ કરનારા જે જીવો છે તે મુનિ છે. જે મુખ્યપણે આત્મામાં જ રમણ કરનારા છે તે કેવળ સ્પૃહારહિત થયા છે.

**નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહીએ રે;**
**જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહીએ રે. ૩**

**અર્થ :** જે ક્રિયા કરવાથી પોતાના સ્વરૂપની પ્રાપ્તિ થાય તે અધ્યાત્મ ક્રિયા છે. પણ જેથી ચાર ગતિમાં પરિભ્રમણ પ્રાપ્ત થાય તે અધ્યાત્મ ક્રિયા કહેવાય નહીં.

**નામ અધ્યાતમ, ઠવણ અધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે;**
**ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે, તો તેહશું રઢ મંડો રે. ૪**

**અર્થ :** નામ, સ્થાપના અને દ્રવ્ય અધ્યાત્મ છોડી દો અને ભાવ અધ્યાત્મ કે જેથી પોતાના આત્માના ગુણો સાધ્ય થાય-પ્રગટ થાય તેમાં પુરુષાર્થ કરો તેવી ક્રિયા કરવામાં દૃઢ થઈને લાગી પડો.

**શબ્દ અધ્યાતમ અરથ સુણીને, નિર્વિકલ્પ આદરજો રે;**
**શબ્દ અધ્યાતમ ભજના જાણી, હાણગ્રહણ મતિ ધરજો રે. ૫**

**અર્થ :** અધ્યાત્મ શાસ્ત્ર રૂપી શબ્દ અધ્યાત્મમાંથી તેના અર્થ સાંભળીને તમે અંદરથી નિર્વિકલ્પ થવાની મહેનત કરજો. શરૂઆત કરજો, આ અધ્યાત્મ શબ્દનો અંશ પણ તમારા જાણવામાં આવે તો પણ એમાં શું છાંડવું, શું ગ્રહણ કરવું, એનો વિવેક કરીને ગ્રહણ કરવાનું કે મૂકી દેવાનું કરજો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અધ્યાતમ જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસી રે;**
**વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતવાસી રે. ૬**

**અર્થ :** જે જીવો મૂળ વસ્તુનો (દ્રવ્યનો) વિચાર કરનારા છે તેઓ અધ્યાત્મ માટેના પુરુષાર્થી છે. આ સિવાયના બીજા જીવો જે એમ ન કરે તે વેશધારી (મૂરખ) છે. આનંદઘનજી મહારાજ તો એમ કહે છે કે જે પ્રમાણે પદાર્થ છે તે પ્રમાણે યથાતથ્ય જાણીને પ્રકાશ કરે છે તે મારા મતવાળા છે.

## ૧૨. શ્રી વાસુપૂજ્ય સ્વામી

**વાસુપૂજ્ય જિન ત્રિભુવનસ્વામી, ધનનામી પરનામી રે;**
**નિરાકાર સાકાર સચેતન, કરમ કરમ ફલકામી રે. ૧**

**અર્થ :** વાસુપૂજ્ય ભગવાન ત્રણેય ભુવનના સ્વામી છે. ધનનામી છે અને નામ પ્રમાણે પરિણામી છે.

આત્મા સામાન્ય ઉપયોગે નિરાકાર છે પણ વિશેષ ઉપયોગે સાકાર છે. જ્ઞાનાદિ ગુણો સહિત છે અને સચેતન છે. શુભાશુભ ઉપયોગે કર્મના કર્તા છે અને કર્મના ફળની ઇચ્છાવાળા છે.

**નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ ગ્રાહક સાકારો રે;**
**દર્શન જ્ઞાન દુભેદ ચેતના, વસ્તુ ગ્રહણ વ્યાપારો રે. ૨**

**અર્થ :** તે નિરાકાર છે. નિરાકાર એ રીતે કે તેમાં કોઈ પણ પરવસ્તુનો સંગ્રહ થતો નથી. અને અભેદ છે માટે નિરાકાર છે. જ્યારે સામે કષાય, કર્મ કે પદાર્થ આવે ત્યારે ભેદવાળા થઈ જાય છે એટલે સામે આવેલ ચીજનું પ્રતિબિંબ પડે છે. એટલે આકારવાળા થઈ જાય છે. આમ ચેતનાના બે ભેદ પડે છે ૧. દર્શન ચેતના, ૨. જ્ઞાન ચેતના.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કોઈ વસ્તુનું ક્યારેય ગ્રહણ ન થાય ત્યારે દર્શન ચેતના કહેવાય. કર્મ વગેરે પરવસ્તુનું ગ્રહણ થાય ત્યારે સાકાર-વિશેષ ચેતના કહેવાય. પરવસ્તુનું ગ્રહણ કરવું એ વિશેષ ચેતનાનો વ્યાપાર છે.

**કર્તા પરિણામી પરિણામો, કર્મ જે જીવે કરિયે રે;**
**એક અનેક રૂપ નયવાદે, નિયતે નર અનુસરિયે રે. ૩**

**અર્થ :** જ્યાં કર્તા પરિણામ થાય છે એટલે કે "હું કરું છું, આ મેં કર્યું" એમ થાય છે, ત્યાં એ જીવ કર્મ બાંધે છે. નય ઘણા છે - એક છે, અનેક છે, પરંતુ નિશ્ચયનયને અનુસરવું જોઈએ.

**દુઃખસુખ રૂપ કરમ ફલ જાણો, નિશ્ચય એક આનંદો રે;**
**ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિનચંદો રે. ૪**

**અર્થ :** દુઃખ આવે કે સુખ આવે તેને કર્મનું ફળ સમજવું અને મારો સ્વભાવ તો આનંદ સ્વરૂપ છે એમ નિશ્ચય કરીને આનંદમાં રહેવું. શ્રી જિનેશ્વર ભગવાન એમ કહે છે કે આત્મા જે ચેતન છે તે પોતાના પરિણામ ક્યારેય ચૂકતો નથી. એને સદાય ચેતન પરિણામ રહે છે.

**પરિણામી ચેતન પરિણામો, જ્ઞાન કરમ ફળ ભાવી રે;**
**જ્ઞાન કરમ ફળ ચેતન કહીએ, લેજો તેહ મનાવી રે. ૫**

**અર્થ :** ચેતનને પોતાના ચેતન પરિણામ હોય. અને તે ચેતન પરિણામનું જ્ઞાન કર્મ લાગ્યું, આનું ફળ આ ભવમાં અહીં મૂક્યું તે જ્ઞાન આવતા ભવમાં શરૂઆતથી સામું આવીને ઊભું રહે. (જ્ઞાનધારા અને કર્મધારા તેમાં ક્રિયા શું ? કર્મ શું ? કર્મફળ શું ? એ બધું સમજાવી દીધું છે) કર્મફળ આમાં ચૈતન્ય મળે એમ માનવું.

**આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે;**
**વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતિ સંગી રે. ૬**

**અર્થ :** જેને આત્મજ્ઞાન થયું છે તે શ્રમણ કહેવાય, સાધુ કહેવાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બીજા માત્ર દ્રવ્યલિંગી- દ્રવ્ય દિક્ષાવાળા કહેવાય. પદાર્થને એટલે કે આત્મા અને જડ પુદ્ગલને જેમ છે તેમ જે પ્રકાશે તે મારા મતના સાથી છે. એમ આનંદઘન મહારાજ સાહેબ કહે છે.

## ૧૩. શ્રી વિમલનાથ સ્વામી

**દુ:ખ દોહગ દૂરે ટળ્યાં રે, સુખ સંપદશું ભેટ;**
**ધિંગ ધણી માથે કિયા રે, કુણ ગંજે નર ખેટ.**
**વિમલ જિન, દીઠાં લોયણ આજ, મારાં સીધ્યાં વાંછિત કાજ. ૧**

**અર્થ :** હે ભગવાન ! મારાં દુ:ખ અને દુર્ભાગ્ય દૂર ચાલ્યા ગયા. મને સદેહે મોક્ષ સુખ ભોગવવાની સકલ સિદ્ધિ સાંપડી કારણ કે મેં મારા માથે એવા બળવાન ધણી કર્યા કે જેની પાસે હલકા લોકનું કે કષાયનું કાંઈ ચાલી શકે નહીં.

હે પ્રભુ ! આ બધું મેં આજે પ્રત્યક્ષ તારા દર્શન કર્યા તેથી બન્યું. આ જિંદગીમાં મુક્તિ માટે જે જે કાર્ય કરવાની મારી ઇચ્છા હતી તે સફળ થઈ ગઈ.

**ચરણકમલ કમલા વસે રે, નિર્મલ થિર પદ દેખ;**
**સમલ અથિર પદ પરિહરી રે, પંકજ પામર પેખ. ૩**

**અર્થ :** કાદવમાંથી જેની ઉત્પત્તિ થઈ છે તેવું અને અસ્થિર તેમજ પામર જેવું જે કમળનું ફૂલ તેનો ત્યાગ કરીને, ભગવાનનાં ચરણકમળ કે જે કર્મરજથી રહિત છે એટલે કે નિર્મળ છે અને સ્થિર પદને પ્રાપ્ત થયેલ છે તેમાં જઈને લક્ષ્મી વસેલ છે.

**મુજ મન તુજ પદ પંકજે રે, લીનો ગુણ મકરંદ;**
**રંક ગણે મંદિરધરા રે, ઇંદ, ચંદ, નાગિંદ. ૩**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ :** હે પ્રભુજી ! જેમ ભમરો કમળફૂલની સુગંધમાં લીન થાય છે તેમ મારું મન તમારા ચરણરૂપી કમળમાં, તમારા ગુણ જોઈને લીન થયું છે. ઇંદ્ર, ચંદ્ર, નાગેન્દ્ર તેમજ સુવર્ણાચલ ભૂમિ એટલે કે મેરૂ પર્વત પણ આ સુખ પાસે મને તુચ્છ લાગે છે.

**સાહિબ સમરથ તું ધણી રે, પામ્યો પરમ ઉદાર;**
**મન વિશરામી વાલહો રે, આતમચો આધાર. ૪**

**અર્થ :** હે વ્હાલા પ્રભુ ! તું સમર્થ ધણી છે. આવો પરમ ઉદાર સાહેબો મને મળ્યો તેથી મને તો એમ થઈ ગયું કે મારા મનને વિશ્રાંતિ પમાડે તેવા અને આત્માના આધાર એવા ભગવાન મને મળ્યા.

**દરિસણ દીટે જિનતણું રે, સંશય ન રહે વેધ;**
**દિનકર કરભર પસરંતા રે, અંધકાર પ્રતિષેધ. ૫**

**અર્થ :** હે ભગવાન ! સૂર્યનું એક પણ કિરણ પ્રસરે કે તુરત જ અંધકાર નાશ પામે છે. એમ આપનું દર્શન થતાં જ મારા મનની બધી જ શંકાઓ નાશ પામી ગએલ છે.

**અમીયભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;**
**શાંત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય. ૬**

**અર્થ :** હે પરમાત્મા ! આપની મૂર્તિ, આપની મુદ્રા એવી અમૃતરસથી ભરેલી છે કે એને કોઈ પણ ઉપમા આપી શકાય તેમ નથી. શાંત અમૃતરસમાં સ્નાન કરતી એવી તે મૂર્તિનાં દર્શન કરતાં તૃપ્તિ જ થતી નથી.

**એક અરજ સેવકતણી રે, અવધારો જિન દેવ;**
**કૃપા કરી મુજ દીજિએ રે, આનંદઘન પદ સેવ. ૭**

**અર્થ :** હે ભગવાન ! આ સેવકની એક અરજ છે તે આપ ધ્યાનમાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લો, અને આનંદઘન એવા આપના ચરણની સેવા પ્રાપ્ત થાય એવું મને કૃપા કરીને આપો.

## ૧૪. શ્રી અનંતનાથ સ્વામી

**ધાર તરવારની સોહલી, દોહલી, ચૌદમા જિનતણી ચરણસેવા;**
**ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના-ધાર પર રહે ન દેવા. ૧**

**અર્થ :** ચૌદમા તીર્થંકર શ્રી અનંતનાથ સ્વામીની સેવા બહુ દુષ્કર છે. તરવારની ધાર પર નાચવું એ સહેલું છે પણ પ્રભુના ચરણની સેવા કરવી એ કઠિન છે. નટ, બાજીગર કે મદારીને તરવારની ધાર પર નાચતાં જોવામાં આવે છે પણ પ્રભુની સેવાની ધાર પર ચાલવું એ તો તેથી પણ વધારે મુશ્કેલ છે, કઠિન છે.

**એક કહે સેવીએ વિવિધ કિરિયા કરી, ફલ અનેકાંત લોચન ન દેખે;**
**ફલ અનેકાંત કિરિયા કરી બાપડા, રડવડે ચાર ગતિમાંહીં લેખે. ૨**

**અર્થ :** કોઈ કહે છે કે અમે જુદી જુદી ક્રિયા કરીને ભગવાનની સેવા ભક્તિ કરીએ છીએ પરંતુ તે ક્રિયાનાં ફળ પણ જુદાં જુદાં આવે છે જે એ લોકો દેખી શકતા નથી. તેથી અનેકાંત ફળ આપનારી જુદીજુદી ક્રિયાઓ કરીને બિચારા એ લોકો ચાર ગતિમાં રખડે છે.

**ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતા, તત્ત્વની વાત કરતા ન લાજે;**
**ઉદર-ભરણાદિ નિજ કાજ કરતા થકા, મોહ નડિયા કલિકાલ રાજે. ૩**

**અર્થ :** જૈન ધર્મમાં ઘણા ગચ્છ-ભેદ જોવા મળે છે. આવા ઉપદેશકર્તાઓને તત્ત્વની વાત કરતા શરમ આવતી નથી. કેટલાક તો આ કાર્ય કરીને ઉદરભરણ કરે છે. આ કળિકાળમાં આવા જીવો મોહરાજાથી ઘેરાઈ ગયા છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો;**
**વચન નિરપેક્ષ વ્યવહાર સંસારફલ, સાંભળી આદરી કાંઈ રાચો. ૪**

**અર્થ :** જે વ્યવહાર અપેક્ષા વિનાના વચન પ્રમાણે હોય, તે વ્યવહાર જૂઠો છે, અને વચનની અપેક્ષા સહિત જે વ્યવહાર થાય તે સાચો વ્યવહાર ગણાય. અપેક્ષા વિનાના વચન પ્રમાણે વ્યવહાર કરવાથી તો ચાર ગતિનું ફળ મળે છે. આમ સાંભળવા છતાં તેમ આદરીને કેમ રાજી થવાય ?

**દેવ ગુરુ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે, કિમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો;**
**શુદ્ધ શ્રદ્ધાન વિણુ સર્વ કિરિયા કરી, છાર પર તેહ લીંપણું જાણો. ૫**

**અર્થ :** જો વચન સાપેક્ષ વ્યવહારનો આદર કરવામાં ન આવે તો શુદ્ધ દેવ, સદ્‌ગુરુ અને ધર્મની શુદ્ધ આરાધના કઈ રીતે થઈ શકે ? અને શુદ્ધ શ્રદ્ધા કઈ રીતે રહી શકે ? શુદ્ધ શ્રદ્ધા કે સમકિત વગરની જો ક્રિયા કરવામાં આવે તો તે છાર-ખાર ભૂમિ ઉપર ગાર કરવા બરાબર છે એમ જાણો.

**પાપ નહીં કોઈ ઉત્સૂત્ર ભાષણ જિશ્યો, ધર્મ નહીં કોઈ જગ સૂત્ર સરિખો;**
**સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે, તેહનું શુદ્ધ ચારિત્ર પરીખો. ૬**

**અર્થ :** ઉત્સૂત્ર પ્રરૂપણા કરવી, એના જેવું કોઈ પાપ નથી. યથાતથ્ય જ્ઞાનવાળો, વિરોધ વગરનો બોધ કરવો એના જેવો કોઈ ધર્મ નથી. જે ભવિજનો આગમ અનુસાર શુદ્ધ ક્રિયા કરે છે તેઓનું ચારિત્ર શુદ્ધ જાણો.

**એહ ઉપદેશનો સાર સંક્ષેપથી, જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે;**
**તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી, નિયત આનંદઘન રાજ પાવે. ૭**

**અર્થ :** ઉપર કહ્યો તેવા ઉપદેશના સારનું જે ભવિક જીવો પોતાના ચિત્તમાં નિરંતર ધ્યાન ધરે છે તે જીવો બહુ કાળ સુધી દિવ્ય સુખને માણીને આનંદઘનરૂપી રાજ્ય નક્કી પામે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૫. શ્રી ધર્મનાથ સ્વામી

**ધર્મ જિનેસર ગાઉં રંગશું, ભંગ મ પડશો હો પ્રીત; જિનેસર.**
**બીજો મનમંદિર આણું નહીં, એ અમ કુલવટ રીત. જિનેસર. ૧**

**અર્થ :** હે ભગવાન ! ધર્મનાથ જિનરાજ ! હું તારી ભક્તિ રંગથી ગાઉં છું, તેમાં મારી જે પ્રીતિ છે, પ્રેમ છે એમાં જરા પણ ફેર પડશો નહીં. અમે બીજા કોઈને અમારા મનમંદિરમાં પ્રવેશવા દેતા નથી. કારણ કે અમારા જેવા આત્માઓના કુળની એ રીત છે.

**ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે, ધરમ ન જાણે હો મર્મ; જિનેસર.**
**ધરમ જિણેસર ચરણ ગ્રહ્યા પછી, કોઈ ન બાંધે હો કર્મ. જિનેસર. ૨**

**અર્થ :** આ જગતના બધા લોકો "અમે ધર્મ કરીએ છીએ, ધર્મ કરીએ છીએ" એમ કહેતા ફરે છે. પણ મને તો લાગે છે કે આ બધા ધર્મનો સાચો મર્મ તો જાણતા જ નથી. હે ભગવાન, તારા ચરણ પકડ્યા પછી કોઈ જીવ કર્મ તો બાંધતો જ નથી.

**પ્રવચન અંજન જો સદ્‌ગુરુ કરે, દેખે પરમ નિધાન; જિનેસર.**
**હૃદય નયણ નિહાળે જગધણી, મહિમા મેરૂ સમાન. જિનેસર. ૩**

અર્થ : જો સદ્‌ગુરુ કૃપા કરીને પોતે પ્રવચનરૂપી અંજન આંજે, તો તે જીવો પોતાની પરમ આત્મસંપત્તિનો ભંડાર સ્પષ્ટ દેખે. પોતાના હૃદયમાં ભગવાન આત્માને જોઈને એને મેરૂ પર્વત સમાન એનો મહિમા લાગે.

**દોડત દોડત દોડત દોડિયો, જેતી મનની રે દોડ; જિનેસર.**
**પ્રેમ પ્રતીત વિચારો ઢુંકડી, ગુરુગમ લેજો રે જોડ. જિનેસર. ૪**

અર્થ : જગતના લોકો ભગવાન આત્માને શોધવા માટે જેટલી પોતાના મનની શક્તિ હોય તેટલી દોડાદોડ કરે છે. પરંતુ જો સાચો પ્રેમ હોય, સાચી શ્રદ્ધા હોય તો એ તો તદ્દન નજીક છે, જરા પણ દૂર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નથી. અલબત જો ગુરુગમનું અવલંબન મળે તો જ નજીક છે.

**એક પખી કેમ પ્રીતિ વરે પડે, ઉભય મિલ્યા હુવે સંધિ; જિનેસર.**
**હું રાગી, હું મોહે ફંદિયો, તું નિરાગી નિરબંધ. જિનેસર. ૫**

**અર્થ :** એક પક્ષીય પ્રીતિ કે પ્રેમ ઠેકાણે કેમ પડે ? બંને મળી જઈએ તો સમાન થઈ જવાય. હે ભગવાન ! હું પોતે રાગથી ભરેલો છું અને મોહની જાળમાં ફસાયેલો છું. જ્યારે તું વીતરાગ છો અને કર્મના બંધ ન પડે તેવી સ્થિતિવાળો છે.

**પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી હો જાય; જિનેસર.**
**જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધોઅંધ પલાય, જિનેસર. ૬**

**અર્થ :** ભગવાન આત્મા મુખ આગળ જ પ્રગટ છે. અને લોકો બિચારા એની શોધમાં આખું જગત ફરી વળે છે. પણ જ્યાં સુધી ભગવાનના સ્વરૂપની જ્યોતિ નથી, ત્યાં સુધી આંધળાની પાછળ આંધળો જાય એવી પરિસ્થિતિ થાય છે.

**નિર્મલ ગુણ મણિ રોહણ ભૂધરા, મુનિજન માનસ હંસ; જિનેસર.**
**ધન્ય તે નગરી ધન્ય વેળા ઘડી, માતપિતા કુલ વંશ. જિનેસર. ૭**

**અર્થ :** હે ભૂધર ! રોહણાચળ પર્વતમાં થતા નિર્મળ મણિ જેવા આપ ગુણવાન છો. મુનિઓને મન તો આપ માન સરોવરમાં વિહરતા હંસ સમાન છો. હે ભગવાન ! આપની જન્મભૂમિ-નગરીને ધન્ય છે. આપના જન્મ સમયની એ ઘડીને ધન્ય છે. આપના માતપિતાને ધન્ય છે. આપના વંશને ધન્ય છે.

**મન મધુકર વર કરજોડી કહે, પદકજ નિકટ નિવાસ; જિનેસર.**
**ધનનામી આનંદઘન સાંભળો, એ સેવક અરદાસ. જિનેસર. ૭**

**અર્થ :** આનંદઘનરૂપ જેનું ઘન સ્વરૂપ છે એવા હે ભગવાન ! મારી એક અરજ સાંભળો, મારો મનરૂપી ભમરો બે હાથ જોડીને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આપને વિનંતિ કરે છે કે મને આપના ચરણ-કમળમાં, તદ્દન નજીક સ્થાન આપો.

## ૧૬. શ્રી શાંતિનાથ સ્વામી

**શાંતિ જિન, એક મુજ વિનંતિ, સુણો ત્રિભુવનરાય રે;**
**શાંતિસ્વરૂપ કિમ જાણીએ, કહો મન કિમ પરખાય રે. ૧**

અર્થ : હે શાંતિનાથ ભગવાન ! હે ત્રણ ભુવનના ધણી ! મારી એક વિનંતિ સાંભળો. શાંતિનું સ્વરૂપ વિગતથી કેમ જણાય અને મનથી કઈ રીતે તેની પ્રતીતિ આવે તે મને કહો.

**ધન્ય તું આતમ જેહને, એહવો પ્રશ્ન અવકાશ રે;**
**ધીરજ મન ધરી સાંભળો, કહું શાંતિ પ્રતિભાસ રે. ૨**

**અર્થ** : હે સુજ્ઞ ! તારા આત્માને ધન્ય છે કે જેને આવો પ્રશ્ન ઊગ્યો, આવું વિચારવાનો વખત મળ્યો. તો હે ભવ્ય ! મનમાં ધીરજ રાખી સાંભળ, હું તને ખરેખરી શાંતિ વિષે કહું છું.

**ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જે કહ્યા જિનવર દેવ રે;**
**તે તેમ અવિતથ્થ સદ્દહે, પ્રથમ એ શાંતિપદ સેવ રે. ૩**

**અર્થ** : જેમણે અવિશુદ્ધ ભાવને શુદ્ધ કર્યા છે એવા તીર્થંકર દેવને, તેમના સ્વરૂપને યથાતથ્ય સમજીને તેમના પર સત્‌દેવ તરીકે સંપૂર્ણ શ્રદ્ધા રાખે તો એ શાંતિ પામવાનું પ્રથમ પગથિયું છે.

**આગમધર ગુરુ સમકિતી, કિરિયા સંવર સાર રે;**
**સંપ્રદાયી અવંચક સદા, શુચિ અનુભવ આધાર રે. ૪**

**અર્થ** : આગમધર એટલે કે બધા આગમોના યથાતથ્ય જાણકાર, ભગવાન તીર્થંકરના આશયને સમજનાર, સમકિત પામેલ, નિર્ગ્રંથ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એટલે જેને ગ્રંથિભેદ થયો છે તેવા અને સંવરવાળી ક્રિયાના કરનાર એવા સદ્‌ગુરુ હોવા જોઈએ. વળી સદ્‌ગુરુની પરંપરાએ અધિકાર ઉપર આવેલ, નિર્દંભી, પવિત્ર અને અનુભવી હોવાં જોઈએ.

**શુદ્ધ આલંબન આદરે, તજી અવર જંજાલ રે;**
**તામસી વૃત્તિ સવિ પરિહરી, ભજે સાત્ત્વિકી શાલ રે. ૫**

**અર્થ :** બીજી બધી ખટપટની જંજાળ છોડીને ખરેખર જે શુદ્ધ આલંબન છે તેને અવલંબીને પુરુષાર્થ કરનાર હોય. વળી તેમણે તામસી વૃત્તિઓ બધી છોડી દીધી હોય અને સાત્ત્વિક વૃત્તિવાળા હોય એવા સદ્‌ગુરુ હોવા જોઈએ.

*(આ ઉપરની બે કડીઓ સદ્‌ગુરુની ઓળખાણ આપે છે)*

**ફલ વિસંવાદ જેહમાં નહીં, શબ્દ તે અર્થ સંબંધી રે;**
**સકલ નયવાદ વ્યાપી રહ્યો, તે શિવસાધન સંધિ રે. ૬**

**અર્થ :** જે આગમના શબ્દ કે અર્થ સંબંધી ફળમાં વિરોધાભાસ નથી આવતો. અને જેમાં બધાય 'નય' આવી જાય છે. આવા ત્રણેય અવિરોધી સાધન-દેવ, ગુરુ, ધર્મનું જોડાણ થઈને તે મોક્ષનું સાધન બની જાય છે.

**વિધિ પ્રતિષેધ કરી આતમા, પદારથ અવિરોધ રે;**
**ગ્રહણ વિધિ મહાજને પરિગ્રહ્યો, ઇસ્યો આગમે બોધ રે. ૭**

**અર્થ :** મૂળ દ્રવ્ય આત્મા છે. એ પદાર્થ મેળવવાને માટે જે જે ક્રિયાઓની વિધિ બતાવી હોય અને જે જે ક્રિયાનો નિષેધ કર્યો હોય તે પ્રમાણે કરીને મહાજનોએ અગાઉ આત્મા (પદાર્થ) ગ્રહણ કર્યો છે. તે પ્રમાણે કરવું એમ આગમોનો બોધ છે.

**દુષ્ટ જન સંગતિ પરિહરી, ભજે સુગુરુ સંતાન રે;**
**જોગ સામર્થ્ય ચિત્ત ભાવ જે, ધરે મુક્તિ નિદાન રે. ૮**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ :** જે દુર્જનો છે તેનો સંગ છોડીને, જેઓ સદ્ગુરુ અથવા તેમના જેવા જ આત્માઓનો સંગ કરી, પોતાના જોગ એટલે કે મન, વચન, કાયાના યોગ તેનું સામર્થ્ય એટલે બળ, અને ચિત્તનો ભાવ આત્મમુક્તિ માટે ધરે છે તેઓ અવશ્ય મુક્તિ પામે છે.

**માન અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક પાષાણ રે;**
**વંદક નિંદક સમ ગણે, ઈશ્યો હોયે તું જાણ રે. ૯**

**અર્થ :** આવો આત્મા માન મળે કે અપમાન મળે તે બંનેને સરખા ગણે. સોનું હોય કે પથ્થર હોય બંનેને સરખા ગણે. પોતાના પ્રત્યે ભક્તિભાવ રાખનાર હોય કે પોતાની નિંદા કરનાર જીવ હોય એ બંનેને સરખા ગણે. આવા સમદૃષ્ટિવાન આપણે થવું જોઈએ. તેમ જાણવું.

**સર્વ જગજંતુને સમ ગણે, સમ ગણે તૃણ મણિ ભાવ રે;**
**મુક્તિ સંસાર બેહુ સમ ગણે, મુણે ભવજલનિધિ નાવ રે. ૧૦**

**અર્થ :** આ દુનિયાના બધા જીવજંતુને સરખા ગણે. એક તરફ રત્ન હોય અને એક તરફ તણખલું હોય તો તે બંનેને સરખા ગણે. આવી સમદૃષ્ટિવાળા જ્ઞાની હોય. આ સંસારમાં રહીને સદેહે મોક્ષસુખ અનુભવતો સાધક સંસાર અને મોક્ષ બંને સરખા ગણે, આવી બંને સ્થિતિમાં પોતે સમભાવે રહે. અને એ રીતે સાધક પોતાની જીવન નાવને આ સંસારરૂપ સમુદ્રમાં સફળ રીતે હંકારીને કાંઠે લઈ જાય છે.

**આપણો આતમભાવ જે, એક ચેતન આધાર રે;**
**અવર સવિ સાથ સંયોગથી, એહ નિજ પરિકર સાર રે. ૧૧**

**અર્થ :** આપણો આત્મભાવ અન્ય સર્વ સાથ સંયોગ છોડીને માત્ર ચેતનનો આધાર લઈ લે. એ જ પોતાના દ્રવ્યના ગુણોના સમૂહના સારરૂપ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**પ્રભુ મુખથી એમ સાંભળી, કહે આતમરામ રે;**
**તાહરે દરિશને નિસ્તર્યો, મુજ સિદ્ધાં સવિ કામ રે. ૧૨**

**અર્થ :** ભગવાનના મોઢેથી આ બધું વર્ણન સાંભળીને આ શિષ્યનો આત્મા કહેવા લાગ્યો કે હે પ્રભુ ! તારા દર્શન થયા તેથી હું તરી ગયો છું. મારાં બધાં કામ સફળ થઈ ગયાં.

**અહો ! અહો ! હું મુજને કહું, નમો મુજ નમો મુજ રે;**
**અમિતફલ દાન દાતારની, જેહની ભેટ થઈ તુજ રે. ૧૩**

**અર્થ :** હું મને "અહો ! અહો !" ભાગ્યશાળી કહું છું તમે બધા મને નમસ્કાર કરો. જેને અમરફળ એટલે કે મોક્ષ તેનું દાન આપનાર દાતારનો ભેટો થઈ ગયો છે, તેને તમે નમો એમ હું કહું છું.

**શાંતિ સ્વરૂપ સંક્ષેપથી, કહ્યો નિજ પરરૂપ રે;**
**આગમમાંહે વિસ્તાર ઘણો, કહ્યો શાંતિ જિન ભૂપ રે. ૧૪**

**અર્થ :** શાંતિનું આ સ્વરૂપ, પોતાનું સ્વરૂપ અને પરનું સ્વરૂપ એ પ્રમાણે ટૂંકમાં મેં કહ્યું, ભગવાને આગમમાં તેનો ઘણો વિસ્તાર કરેલ છે.

**શાંતિ સ્વરૂપ એમ ભાવશે, ધરી શુદ્ધ પ્રણિધાન રે;**
**આનંદઘન પદ પામશે, તે લહેશે બહુમાન રે. ૧૫**

**અર્થ :** પોતાના મનને શુદ્ધ અને એકાગ્ર કરીને જે આ શાંતિસ્વરૂપની ભાવના કરશે તે આ જગતમાં બહુમાન પામી, ગૌરવભર્યું સ્થાન પામીને આનંદઘનપદ એટલે કે મોક્ષસુખને પામશે.

## ૧૭. શ્રી કુંથુનાથ સ્વામી

**મનડું કિમહીં ન બાજે હો, કુંથુજિન મનડું કિમહીં ન બાજે;**
**જિમ જિમ જતન કરીને રાખું, તિમ તિમ અળગું ભાજે. ૧**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ :** હે કુંથુનાથ ભગવાન ! મારું મન કોઈ પ્રકારે ઠેકાણે આવતું નથી. જેમ જેમ તેને અંકુશમાં લાવવા પ્રયત્ન કરું છું તેમ તેમ તે દૂર ભાગે છે. દૂરને દૂર જતું જાય છે.

**રજની વાસર વસતિ ઉજ્જડ, ગયણ પાયાલે જાય;**
**સાપ ખાય ને મુખડું થોથું, એહ ઉખાણો ન્યાય. ૨**

**અર્થ :** મારું આ મન રાત્રે રખડે, દિવસે રખડે, શહેરમાં જાય, જંગલમાં જાય, આકાશમાં જાય છે અને પાતાળમાં પણ જાય છે. હે ભગવાન ! આ તો એવું ઉખાણું છે કે સર્પ કોઈને કરડે તો "સાપે ખાધો" એમ કહેવાય પણ એના મોઢામાં તો થોથું જ આવે. એટલે કે મોઢું ખાલી જ રહે.

**મુક્તિતણા અભિલાષી તપિયા, જ્ઞાન ને ધ્યાન અભ્યાસે;**
**વયરીડું કાંઈ એહવું ચિંતે, નાખે અવળે પાસે. ૩**

**અર્થ :** મોક્ષની અભિલાષાવાળા કેટલાય તપસ્વીઓ જ્ઞાન અને ધ્યાનનો અભ્યાસ કરીને આગળ વધવા પ્રયાસ કરતા હોય ત્યારે આ મન કાંઈક એવું ચિંતવન કરે કે બધુંય ઊંધે કાંધ નાખી દે.

**આગમ આગમધરને હાથે, નાવે કિણવિધ આંકું,**
**કિહાં કણે જો હઠ કરી હટકું તો, વ્યાલતણી પેરે વાંકું. ૪**

**અર્થ :** આગમથી કે આગમોના જાણકાર પંડિતોથી પણ આ મન કોઈ રીતે અંકુશમાં આવતું નથી. અને હે ભગવાન, કોઈ વખત હું હઠ કરીને તેને અંકુશમાં લાવવા પ્રયત્ન કરું છું તો સર્પની જેમ તુરત વાંકું થઈને છટકી જાય છે.

**જો ઠગ કહું તો ઠગતું ન દેખું, શાહુકાર પણ નાહીં,**
**સર્વમાંહી ને સહુથી અળગું, એ અચરિજ મનમાંહીં. ૫**

**અર્થ :** હે ભગવાન ! એને જો હું ઠગ કહું તો તે ઠગાઈ કરતું તો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દેખાતું નથી અને શાહુકાર પણ નથી. તે બધાયમાં છે છતાં બધાયથી અળગું છે એવું અચરજ આ મનમાં છે.

**જે જે કહુંતે કાન ન ધારે, આપ મતે રહે કાલો;**
**સુરનર પંડિતજન સમજાવે, સમજે ન માહરો સાલો. ૬**

**અર્થ :** હું તેને ઘણું સમજાવું છું, પણ મારી વાત તો તે સાંભળતું જ નથી. અને પોતાના દોઢડહાપણમાં જ રહે છે. દેવ, મનુષ્ય, પંડિત બધા સમજાવે છે પણ મારું સાળું સમજતું જ નથી.

**મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકલ મરદને ઠેલે;**
**બીજી વાતે સમર્થ છે નર, એહને કોઈ ન ઝેલે. ૭**

**અર્થ :** મેં તો માનેલું કે મનની જાતિ નાન્યતર જાતિ છે. તે નપુંસક છે પરંતુ જગતના બધા પુરુષોને-મર્દોને એ ધક્કે ચડાવે છે. ભગવાન, એવું સાંભળ્યું છે કે મર્દ હોય તે બધી રીતે સામર્થ્યવાન છે. પણ આ મનને કોઈ મરદ પકડીને કેદ રાખી શકતો નથી.

**મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહીં ખોટી;**
**એમ કહે સાધ્યું તે નવિ માનું, એ કહી વાત છે મોટી. ૮**

**અર્થ :** આગમમાં કહ્યું છે કે જેણે મન વશ કર્યું તેણે બધું વશ કર્યું. આ વાત તો ખોટી નથી પરંતુ કોઈ એમ કહે કે મેં મન અંકુશમાં લઈ લીધું તો એ મારા માનવામાં આવતું નથી. કેમ કે આ વાત તો ઘણી મોટી છે.

**મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, આગમથી મણિ આણું;**
**આનંદઘન પ્રભુ માહરું આણો, તો સાચું કરી જાણું. ૯**

**અર્થ :** આગમમાંથી મારા જાણવામાં આવ્યું છે કે આ અંકુશમાં ન આવે તેવું મન હે ભગવાન, આપે વશ કરેલ છે પણ હું આપને કહું છું કે જો આપ મારું મન વશ કરી આપો તો વાત સાચી માનું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૮. શ્રી અરનાથ સ્વામી

**ધરમ પરમ અરનાથનો, કેમ જાણું ભગવંત રે;**
**સ્વ પર સમય સમજાવીએ, મહિમાવંત મહંત રે. ૧**

**અર્થ :** હે અરનાથ ભગવાન ! તમારો ઉત્કૃષ્ટ ધર્મ હું કેવી રીતે જાણું ? તમે તો મહિમાવાળા મહાન પુરુષ છો. મારે સ્વસમય અને પરસમય જાણવા છે, તો તે મહેરબાની કરીને સમજાવો.

**શુદ્ધાતમ અનુભવ સદા, સ્વસમય એહ વિલાસ રે;**
**પરબડી છાંહડી જેહ પડે, તે પરસમય નિવાસ રે. ૨**

**અર્થ :** પોતાના શુદ્ધ આત્માનો નિરંતર અનુભવ રહે એ સ્વસમયનો વિલાસ છે. એમાં પરવસ્તુનો પ્રતિભાસ થાય એટલે કે પરવસ્તુની છાયા પડે તે પરસમય જાણવો.

**તારા, નક્ષત્ર, ગ્રહ, ચંદ્રની, જ્યોતિ દિનેશ મઝાર રે;**
**દર્શન, જ્ઞાન, ચરણ થકી, શક્તિ નિજાતમ ધાર રે. ૩**

**અર્થ :** જેમ તારા, નક્ષત્ર, ગ્રહ અને ચંદ્રનો પ્રકાશ એ સૂર્યના પ્રકાશથી છે તેમ દર્શન, જ્ઞાન, ચારિત્ર એ બધી આત્માની જ શક્તિ છે એમ જાણ.

**ભારી, પીળો, ચીકણો, કનક અનેક તરંગ રે;**
**પર્યાય દૃષ્ટિ ન દીજીએ, એક જ કનક અભંગ રે. ૪**

**અર્થ :** સોનું ભારે હોય, પીળા રંગનું હોય અને તેમાં ચીકાશ હોય એમ સોનાની અનેક પર્યાય છે, પણ આપણે પર્યાય તરફ દૃષ્ટિ કરવાની નથી, આપણે તો સોનાને એક અભંગ રૂપે જોવાનું છે.

**દરશન, જ્ઞાન, ચરણ થકી, અલખ સરૂપ અનેક રે;**
**નિર્વિકલ્પ રસ પીજીએ, શુદ્ધ નિરંજન એક રે. ૫**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ :** સમ્યક્દર્શન, જ્ઞાન અને ચારિત્રને જો અલગ અલગ જોઈએ તો અનેક અલક્ષ સ્વરૂપ ભાસે, પરંતુ આપણે જો નિર્વિકલ્પ થઈને રસપૂર્વક શુદ્ધ નિરંજન દ્રવ્યનું ધ્યાન ધરીએ તો એ તો એક જ છે.

**પરમારથ પંથ જે કહે, તે રંજે એક તંત રે;**
**વ્યવહારે લખ જે રહે, તેહના ભેદ અનંત રે. ૬**

**અર્થ :** જે પરમાર્થને રસ્તે છે એ તો એક જ તંતુમાં એટલે કે આત્મદ્રવ્યમાં રંજન પામે છે. જ્યારે વ્યવહારના લક્ષમાં જે આત્માઓ રહે છે એના તો અનંત ભેદ છે, અનંત પ્રકાર છે.

**વ્યવહારે લખે દોહિલા, કાંઈ ન આવે હાથ રે;**
**શુદ્ધ નય થાપના સેવતાં, નવિ રહે દુવિધા સાથ રે. ૭**

**અર્થ :** જો એકલા-માત્ર વ્યવહારનો જ લક્ષ રહેશે તો તેથી કાંઈ પ્રાપ્ત થવું-હાથ લાગવું દુર્લભ છે, કઠણ છે. પરંતુ એક શુદ્ધ નય સ્થાપીને તેનું સેવન કરશો તો દુવિધા રહેશે નહિ.

**એક પખી લખી પ્રીતિને, તુમ સાથે જગનાથ રે;**
**કૃપા કરીને રાખજો, ચરણ તળે ગ્રહી હાથ રે. ૮**

**અર્થ :** હે જગતના નાથ ! તમારી સાથે મારી પ્રીતિ એક પક્ષવાળી છે, છતાં પણ કૃપા કરીને તમે મારો હાથ પકડીને તમારા ચરણકમળમાં મને રાખજો, એવી વિનંતી છે.

**ચક્રી ધરમ તીરથતણો, તીરથ ફળ તતસાર રે;**
**તીરથ સેવે તે લહે, આનંદઘન નિરધાર રે. ૯**

**અર્થ :** હે ભગવાન ! તમો ધર્મ તીર્થ પ્રવર્તાવવામાં ચક્રવર્તી છો, ચક્રી છો અને તીરથનું ફળ તત્ત્વનો સાર છે. તીર્થ એટલે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા જે સાધના કરતા હોય તે, તીરથ એટલે તરવાનો માર્ગ. તરવાના આ માર્ગને જે આત્માઓ સેવશે, જે સાધના


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરશે તેઓ ચોક્કસ આનંદઘન પદને પામશે.

## ૧૯. શ્રી મલ્લિનાથ સ્વામી

**સેવક કિમ અવગણિયે હો મલ્લિજિન, એ અબ શોભા સારી;**
**અવર જેહને આદર અતિ દીએ, તેહને મૂલ નિવારી. ૧**

**અર્થ :** હે શ્રી મલ્લિનાથ ભગવાન ! તમો તમારા સેવકને અવગણશો નહીં. જો અવગણશો તો એમાં તમારી શોભા નહીં ગણાય. બીજા લોકો જે પરદ્રવ્ય, પરવસ્તુને બહુ આદર આપે છે, તેને આપે આદર તો નથી આપ્યો પરંતુ તેનો જડમૂળથી નાશ કર્યો છે.

**જ્ઞાનસ્વરૂપ અનાદિ તમારું, તે લીધું તમે તાણી;**
**જુઓ અજ્ઞાન દશા રીસાવી, જાતાં કાણ ન આણી. ૨**

**અર્થ :** હે ભગવાન ! તમારું અનાદિનું જે જ્ઞાનસ્વરૂપ હતું તે તમે ખેંચી લીધું. અને તેથી અજ્ઞાન દશા રિસાઇને ભાગી ગઈ. પણ તેને માટે આપે ન અફસોસ કર્યો કે ન રુદન કર્યું.

**નિદ્રા, સુપન, જાગર, ઉજાગરતા, તુરિય અવસ્થા આવી;**
**નિદ્રા સુપન દશા રીસાણી, જાણી ન નાથ મનાવી. ૩**

**અર્થ :** તમે નિદ્રા, સ્વપ્ન, જાગર ઉજાગર દશાને છોડીને, (ચોથી) તુરિય અવસ્થાએ પહોંચી ગયા, જેથી નિદ્રા, સુપન વિગેરે દશા રિસાઈ ગઈ. પણ હે ભગવાન ! તમે તેને મનાવી હોય એવું જાણવામાં આવ્યું નથી.

**સમકિત સાથે સગાઈ કીધી, સપરિવારશું ગાઢી;**
**મિથ્યામતિ અપરાધણ જાણી ઘરથી બાહિર કાઢી. ૪**

**અર્થ :** હે ભગવાન ! તમે સમકિત સાથે એના પરિવાર સહિત

સંબંધ બાંધ્યો, બહુ ગાઢ સંબંધ બાંધ્યો અને મિથ્યાદષ્ટિને તેના બધા અપરાધ ધ્યાનમાં લઇને ઘરની બહાર કાઢી મૂકી.

**હાસ્ય, અરતિ, રતિ, શોક, દુગંચ્છા, ભય પામર કરસાલી;**
**નોકષાય શ્રેણી ગજ ચઢતાં, શ્વાનતણી ગતિ ઝાલી, ૫**

**અર્થ :** તમે શ્રેણીરૂપી ગજ પર ચઢતાં હાસ્ય, અરતિ, રતિ, શોક, દુગંછા, ભય અને પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ એ નોંકષાયોએ કૂતરાની પેઠે ભાગી જવાની ગતિ પકડી.

**રાગદ્વેષ અવિરતિની પરિણતિ, એ ચરણ મોહના યોદ્ધા;**
**વીતરાગ પરિણતિ પરીણમતાં, ઊઠી નાઠા બોદ્ધા. ૬**

**અર્થ :** તમે વીતરાગ પરિણતિ શરૂ કરતાં જ, રાગદ્વેષ અને અવિરતિની પરિણતિ જેવા ચારિત્રમોહના યોદ્ધા તો ઊઠીને નાશી જ ગયા.

**વેદોદય કામા પરિણામા, કામ્ય કરમ સહુ ત્યાગી;**
**નિષ્કામી કરૂણારસ સાગર, અનંત ચતુષ્ક પદ પાગી. ૭**

**અર્થ :** વેદ-સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદનો ઉદય અને કામની પરિણતિ, આવા બધાંય કામ્ય કર્મો ત્યાગીને નિષ્કામી, કરૂણારસના સાગર જેવા આપ બન્યા છો. તેથી અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્ય આપનામાં પ્રગટ થયેલ છે.

**દાન વિઘન વારી સહુ જનને, અભયદાન પદ દાતા;**
**લાભ વિઘન જગ વિઘન નિવારક, પરમ લાભરસ માતા. ૮**

**અર્થ :** તમોને દાનાંતરાય કર્મ લાગેલું હતું, જે વિઘ્નરૂપ હતું. તેનું નિવારણ થતાં તમો બધા લોકોને અભયદાનના દાતાર થયા છો. લાભાંતરાય કર્મરૂપી વિઘ્ન નિવારી, દુનિયાના વિઘ્નને નિવારનારા,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરમ લાભરૂપ જે મુક્તિ-મોક્ષને આપવાના રસમાં મસ્ત છો.

**વીર્ય વિઘન પંડિત વીર્યે હણી, પૂરણપદવી યોગી;**
**ભોગોપભોગ દોય વિઘન નિવારી, પૂરણ ભોગ સુભોગી. ૯**

**અર્થ :** આપ વીર્યાંતરાયના વિઘ્નને આપના પોતાના ઉત્કૃષ્ટવીર્યથી હણી પૂર્ણ પદવી-મોક્ષ સુખને ભોગવનારા થયા છો. તેમજ ભોગોપભોગ એ બે અંતરાય કર્મના વિઘ્નોને દૂર કરી તમે પૂર્ણ અવ્યાબાધ સુખના ભોક્તા થયા છો.

**એ અઢાર દુષણ વર્જિત તનુ, મુનિજન વૃંદે ગાયા;**
**અવિરતિ રૂપક દોષ નિરૂપણ, નિર્દૂષણ મન ભાયા. ૧૦**

**અર્થ :** એ અઢાર દોષ રહિત થયેલા એવા તમોને મુનિજનોના સમૂહે ગાયા છે. અવિરતિરૂપ એવા દોષનું નિરૂપણ કર્યું છે તે દોષથી આપ રહિત છો, તેથી અમારા સૌના મનને બહુ ગમ્યા છો.

**ઈણ વિધ પરખી, મન વિશરામી, જિનવર ગુણ જે ગાવે;**
**દીનબંધુની મહેર નજરથી, આનંદઘન પદ પાવે. ૧૧**

**અર્થ :** હે ભગવાન ! આ રીતે આપને પૂરેપૂરા પરખીને, પ્રતીત કરીને, મનને શાંત કરીને જે આત્માઓ આપના ગુણ ગાશે તે આપની કૃપાથી આનંદઘન-પદ, મોક્ષપદને પામશે.

## ૨૦. શ્રી મુનિસુવ્રત સ્વામી

**મુનિસુવ્રત જિનરાય, એક મુજ વિનંતિ નિસુણો;**
**આતમતત્ત્વ કયું જાણ્યું જગતગુરુ, એહ વિચાર મુજ કહિયો;**
**આતમતત્ત્વ જાણ્યા વિણ નિર્મલ, ચિત્ત સમાધિ નવિ લહિયો. ૧**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ :** હે મુનિસુવ્રત જિનેશ્વર ભગવાન ! મારી એક અરજી આપ સાંભળો. હે જગતગુરુ, આત્મત્ત્વ કેવી રીતે જણાય એનો વિચાર મને કહો કારણ કે, આત્મતત્ત્વ જાણ્યા વિના નિર્મલ-નિર્વિકલ્પ સમાધિ થાય નહીં.

**કોઈ અબંધ આતમતત્ત માને, કિરિયા કરતો દીસે;**
**ક્રિયાતણું ફલ કહો કુણ ભોગવે, ઇમ પૂછ્યું ચિત્ત રીસે. ૨**

**અર્થ :** કોઈ કહે છે કે આત્મા કૂટસ્થ છે, કાંઈ કરતો નથી, એ તો નિષ્ક્રિય છે પણ તેનામાં ક્રિયાનું આરોપણ કરવામાં આવે છે. એ બંધાતો નથી એમ માને છે. ચિત્તમાં ગુસ્સો લાવીને પ્રશ્ન કર્યો છે કે જે માણસો ક્રિયા કરીને ધર્મ કરતા હોય છે તેની આ ક્રિયાનાં ફળ કોણ ભોગવશે ?

**જડ ચેતન એ આતમ એક જ, સ્થાવર જંગમ સરીખો;**
**દુઃખ સુખ શંકર દૂષણ આવે, ચિત્ત વિચારી જો પરીખો. ૩**

**અર્થ :** કોઈ એમ કહે છે કે જડ અને ચેતન એ બંને આત્મા જ છે, જંગમ અને સ્થાવર બંને સરખા છે. જો આ અભિપ્રાય પર વિચારીને પરીક્ષા કરીએ તો સુખ અને દુઃખ બંને સરખાં, એવું સંકર દૂષણ આવે.

**એક કહે નિત્ય જ આતમતત્ત્વ, આતમ દરિસણ લીનો;**
**કૃત વિનાશ અકૃતાગમ દૂષણ, નવિ દેખે મતિ હીણો. ૪**

**અર્થ :** આત્મદર્શન માટે લીન થયેલા એવા વાદી કહે છે કે આ આતમતત્ત્વ નિત્ય જ છે. પરંતુ આનંદઘનજી મહારાજ કહે છે કે કરેલાં કર્મોનો નાશ અને નહીં કરેલા કર્મોનું આવવું તે રૂપ દૂષણને ઓછી બુદ્ધિવાળા જીવો જોઈ શકતા નથી.

**સૌગત મતિ રાગી કહે વાદી, ક્ષણિક એ આતમ જાણો;**
**બંધ-મોક્ષ સુખ-દુઃખ ન ઘટે, એહ વિચાર મન આણો. ૫**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ :** બૌદ્ધમતના અનુરાગી એમ કહે છે આત્મા ક્ષણિક છે. જો એ માન્યતાને માનવામાં આવે તો આત્માને બંધ-મોક્ષ, સુખ-દુઃખ કાંઈ રહેતું નથી. આનો વિચાર મનમાં કરો.

**ભૂત ચતુષ્ક વર્જિત આતમતત્ત્વ, સત્તા અલગી ન ઘટે;**
**અંધ શકટ જો નજર ન દેખે, તો શું કીજે શકટે ? ૬**

**અર્થ :** નાસ્તિક મતવાળા એમ કહે છે કે જે ભૂત-પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ એ ચાર પદાર્થ-ભેગા થયા એમાંથી આત્મતત્ત્વ પ્રગટે છે. એટલે એ ચારમય જ આત્મતત્ત્વ છે. આત્માની અલગ સત્તા ઘટતી નથી. શ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે કોઈ આંધળો માણસ ગાડાને દેખે નહીં તેમાં ગાડાનો શું દોષ ? તેના જેવી આ વાત છે.

**એમ અનેક વાદી મત વિભ્રમ, સંકટ પડિયો ન લહે;**
**ચિત્ત સમાધિ તે માટે પૂછું, તુમ વિણ તત્ત કોઈ ન કહે. ૭**

**અર્થ :** આમ અનેક વાદી-ભિન્ન ભિન્ન મત, વિભ્રમ ઉત્પન્ન કરી જીવને મુંઝવણમાં પાડે છે. તેથી ચિત્તની સમાધિ થતી નથી માટે હે મુનિસુવ્રત સ્વામી ! તમોને ચિત્ત સમાધિ માટે હું વિનંતિ કરું છું. કેમ કે તમારા સિવાય યથાર્થ કોઈ કહી શકે નહીં એમ હું માનું છું.

**વળતું જગગુરુ ઇણિપેરે ભાખે, પક્ષપાત સબ છંડી;**
**રાગદ્વેષ મોહ પખ વર્જિત, આતમ શું રઢ મંડી. ૮**

**આતમધ્યાન કરે જો કોઉ, સો ફીર ઇણમેં નાવે;**
**વાગજાલ બીજું સહું જાણે, એહ તત્ત્વ ચિત્ત લાવે. ૯**

**અર્થ :** જગતગુરુ એવા તીર્થંકર ભગવાન કહે છે કે બધો પક્ષપાત મૂકી દઈને, જે આત્માઓ રાગ, દ્વેષ અને મોહ છોડી દે છે અને લગન લગાવીને આત્માનું ધ્યાન કરે છે. તે જીવો ફરી વાર આ સંસારમાં આવતા નથી. આ તત્ત્વવચન ચિત્તમાં લાવવું અને તે સિવાયનું બીજું બધું વાણીની જાળ-વાણી વિલાસ સમજવો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**જિણે વિવેક ધરી એ પખ ગ્રહિયો, તે તત્ત્વજ્ઞાની કહિયે;**
**શ્રી મુનિસુવ્રત કૃપા કરો તો, આનંદઘન પદ લહિયે. ૧૦**

**અર્થ :** જેઓ વિવેક બુદ્ધિથી સાચું શું અને ખોટું શું એમ વિચારી સાચો પક્ષ ગ્રહણ કરે છે તે તત્ત્વજ્ઞાની કહેવાય. હે મુનિસુવ્રત ભગવંત ! તમો કૃપા કરો તો અમે આનંદઘનપદ- મોક્ષપદ પામીએ.

## ૨૧. શ્રી નમિનાથ સ્વામી

**ષટ્ દરિશણ જિનઅંગ ભણી જે, ન્યાસષડંગ જો સાધે રે;**
**નમિજિનવરના ચરણ ઉપાસક, ષટ્ દરિસણ આરાધે રે. ૧**

**અર્થ :** જો ન્યાસથી જોવામાં આવે તો છયે દર્શન જૈન દર્શનનાં અંગ છે એમ લાગે, તેથી શ્રી નમિનાથ ભગવાનના, જિનેશ્વર દેવના ચરણના ઉપાસક છે એ બધા આ છયે દર્શનના આરાધક છે.

**જિન સુર પાદપ પાય વખાણું, સાંખ્ય જોગ દોય ભેદે રે;**
**આતમ સત્તા વિવરણ કરતાં, લહો દુગ અંગ અખેદે રે. ૨**

**અર્થ :** જૈનદર્શનનાં બે પાદ વખાણવા લાયક કયા ? એક સાંખ્ય દર્શન અને બીજું યોગ દર્શન, કારણ કે આત્મસત્તાનું વિવરણ આ બંનેમાં જૈનદર્શન જેવું જ કર્યું છે માટે આ બે અંગને જૈન દર્શનનાં અંગ ખેદ રહિતપણે ગણવા.

**ભેદ અભેદ સૌગત મીમાંસક, જિનવર દોય કર ભારી રે;**
**લોકાલોક અવલંબન ભજીએ, ગુરુગમથી અવધારી રે. ૩**

**અર્થ :** સૌગત-બૌદ્ધ મતવાળા કે જે આત્માને ક્ષણિક માને છે મીમાંસક-પૂર્વમીમાંસક અને ઉત્તરમીમાંસક કે જે આત્માને અભિન્ન માને છે. આ બંને દર્શનો છે એ જિનવર દર્શનના બે હાથ છે. જો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુરુગમથી સમજવામાં આવે તો લોક અને અલોકનું અવલંબન છે.

**લોકાયતિક કુખ જિનવરની, અંશ વિચારી જો કીજે રે;**
**તત્ત્વવિચાર સુધારસધારા, ગુરુગમ વિણ કેમ પીજે રે ? ૪**

**અર્થ :** જો વિચાર કરીએ તો નાસ્તિક દર્શન છે તે અંશે જૈન દર્શનની કુખ સમાન છે એમ સમજાય છે પણ આવી તત્ત્વવિચારરૂપ સુધારસધારા ગુરુગમ વિના કેમ પીવાય ?

**જૈન જિનેશ્વર વર ઉત્તમ અંગ, અંતરંગ બહિરંગે રે;**
**અક્ષર ન્યાસ ધરા આરાધક, આરાધે ધરી સંગે રે. ૫**

**અર્થ :** જિનેશ્વર ભગવાને ભાખેલ જૈનદર્શન બધા દર્શનોમાં, શરીરમાં મસ્તકની જેમ, ઉત્તમ અંગ છે. અંતરંગથી અને બહિરંગથી બધી રીતે બધા દર્શનોમાં જૈન દર્શન ઉત્તમ છે. એ દર્શનનો પરિચય કરીને, સંગ કરીને શરીરનાં જુદા જુદા અંગો પર અક્ષરોની સ્થાપના કરીને, ધ્યાન કરનારા યોગી પુરુષો સાધના કરે છે.

**જિનવરમાં સઘળાં દરિસણ છે, દર્શને જિનવર ભજના રે,**
**સાગરમાં સઘળી તટિની સહી, તટિનીમાં સાગર ભજનારે. ૬**

**અર્થ :** જૈન દર્શનમાં બધાય દર્શન સમાય છે, અને એ છયે દર્શનમાં જિનવરના દર્શનનો અંશ છે. જેવી રીતે સમુદ્રમાં બધી નદીઓ સમાય છે અને બધી નદીઓમાં તેના મુખ આગળ સાગરનો અંશ રહે છે તે પ્રમાણે.

**જિનસ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે,**
**ભૃંગી ઈલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે. ૭**

**અર્થ :** આપણે વીતરાગ પરમાત્માના સ્વરૂપમાં તલ્લીન થઈને જિન તીર્થંકરને આરાધીએ તો જિનવર એટલે કે ભગવાન ચોક્કસ થઈએ. જેમ ભમરી ઇયળને ચટકો મારે છે તો તે ઇયળ થઈને જગતને જૂએ છે તેમ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ચૂર્ણી, ભાષ્ય, સૂત્ર, નિર્યુક્તિ, વૃત્તિ પરંપર અનુભવ રે;**
**સમય પુરુષનાં અંગ કહ્યાં એ, જે છેદે તે દુર્ભવી રે. ૮**

**અર્થ :** સત્ શ્રુતમાં આગમ ઉપરાંત જે ચૂર્ણી, ભાષ્યો, સૂત્રો, નિર્યુક્તિ ઉપરાંત જે જ્ઞાની મહારાજ સાહેબો તરફથી ગુરુ પરંપરાનો અનુભવ ચાલ્યો આવે છે. તે બધાય સમય પુરુષના એટલે કે આપ્ત પુરુષના કે જેણે આત્મા પ્રગટ કર્યો છે એવાં મહાત્માઓની આ રચનાઓ રૂપી અંગ જે કોઈ છેદી નાખે, કાઢી નાખે. કાંઈક માને કાંઈક ન માને તે જીવો દુર્ભવી જાણવા.

**મુદ્રા બીજ ધારણા અક્ષર ન્યાસ, અરથ વિનિયોગે રે;**
**જે ધ્યાવે તે નવિ વંચીજે, ક્રિયા અવંચક ભોગે રે. ૯**

**અર્થ :** યોગ સાધવામાં મુદ્રા, બીજ, ધારણા, અક્ષર, ન્યાસ અને અર્થનો વિનિયોગ યથાર્થ રીતે કરીને જે ધ્યાતા ધ્યાન ધરે તે આત્મા છેતરાતો નથી તેની ક્રિયા પણ છેતરાવનારી નથી.

**શ્રુત અનુસાર વિચારી બોલું, સુગુરુ તથા વિધિ ન મિલે રે;**
**કિરિયાકરી નવિ સાધી શકીએ, એ વિષવાદ ચિત્ત સઘળે રે. ૧૦**

**અર્થ :** હું આગમ અનુસાર વિચારીને કહું છું કે જો તેવા સદ્‌ગુરુ ન મળે તો માત્ર ક્રિયા કરીને આપણે કાંઈ સાધી શકવાના નથી. આ વિષવાદ ક્લેશ બધે ઠેકાણે છે.

**તે માટે ઊભા કર જોડી, જિનવર આગળ કહીએ રે;**
**સમય ચરણ સેવા શુદ્ધ દેજો, જેમ આનંદઘન લહીએ રે. ૧૧**

**અર્થ :** હે ભગવાન ! તે માટે બે હાથ જોડીને અમે તમો જિનવરને વિનંતી કરીએ છીએ કે સમય એટલે આત્મા પ્રાપ્ત કર્યો છે એવા ગીતાર્થ જ્ઞાનીના ચરણની શુદ્ધ સેવા અમને આપો કે જેથી આનંદઘન એટલે મોક્ષનું સુખ અમે પામીએ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૨૨. શ્રી નેમિનાથ સ્વામી

**અષ્ટભવાંતર વાલહી રે, તું મુજ આતમરામ, મનરાવાલા,**
**મુક્તિ સ્ત્રીશું આપણે રે, સગપણ કોઈ ન કામ, મનરાવાલા. ૧**

**અર્થ :** હે ભગવાન ! આપણો સંબંધ છેલ્લા આઠ ભવનો છે, તું મારો આતમરામ છે. મારા મનમાં વસેલા હે વહાલા ! આપણને મુક્તિ સ્ત્રી સાથે સગપણ રાખવાનું કોઈ પ્રયોજન નથી.

**ઘર આવો હો વાલમ ઘર આવો, મારી આશાના વિશ્રામ, મ૦**
**રથ ફેરો હો સાજન રથ ફેરો, સાજન મારા મનોરથ સાથ. મ૦ ૨**

**અર્થ :** હે વહાલા ! ઘરે આવો. હે નાથ ! ઘરે આવો કારણ કે તમે મારી આશાના વિશ્રામ છો. હે ભગવાન ! તમે રથ પાછો ફેરવી લ્યો, રથ ફેરવી લ્યો. હે સાજન ! એમ કરીને તમે મારા મનના મનોરથ સફળ કરો.

**નારી પખો શો નેહલોં રે, સાચ કહે જગનાથ, મ૦**
**ઈશ્વર અર્ધાંગે ધરી રે, તું મુજ ઝાલે ન હાથ, મ૦ ૩**

**અર્થ :** આપ કહેશો કે નારી સાથે સ્નેહ શું કરવો ? હું સાચું કહું છું કે ઈશ્વર એટલે શ્રીકૃષ્ણ વગેરે પોતાની પત્નીને પાસે રાખે છે અને તમે કેમ મારો હાથ ઝાલતા નથી ?

**પશુજનની કરુણા કરી રે, આણી હૃદય વિચાર, મ૦**
**માણસની કરુણા નહીં રે, એ કુણ ઘર આચાર, મ૦ ૪**

**અર્થ :** હૃદયમાં વિચાર કરીને તમને હરણાદિ પશુની દયા આવે છે, અને મારી દયા આવતી નથી, પણ હું પૂછું છું કે પશુની દયા આવે અને માણસની દયા ન આવે એ કોના ઘરનો ન્યાય છે ?

**પ્રેમ કલ્પતરુ છેદિયો રે, ધરિયો જોગ ધતૂર, મ૦**
**ચતુરાઈરો કુણ કહો રે, ગુરુ મલિયો જગસૂર. મ૦ ૫**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ :** આપે પ્રેમરૂપ કલ્પતરૂ છેદીને, ધુતારાનો જોગ કર્યો છે. તમને આવી સલાહ આપવાવાળો, જગશૂરો ચતુર ગુરુ કોણ મળ્યો એ મને કહો.

**મારું તો એમાં કયું હી નહીં રે, આપ વિચારો રાજ, મ૦**
**રાજસભામાં બેસતાં રે, કિસડી બધસી લાજ. મ૦ ૬**

**અર્થ :** મારું તો એમાં કાંઈ બગડવાનું નથી, પણ જરા વિચારો તો ખરા કે રાજસભામાં બેસશો ત્યારે આપની આબરૂ કેટલી વધશે ?

**પ્રેમ કરે જગ જન સહુ રે, નિર્વાહે તે ઓર, મ૦**
**પ્રીત કરીને છોડી દે રે, તેશું ન ચાલે જોર. મ૦ ૭**

**અર્થ :** જગતના લોકો પ્રેમ તો કરે છે પણ તેમાં કોઈ વિરલા જ એ પ્રેમ નિભાવે છે. પ્રીત કર્યા પછી છોડી દે તેની પાસે કાંઈ જોર ચાલી શકે નહીં.

**જો મનમાં એવું હતું રે, નિસપત કરત ન જાણ, મ૦**
**નિસપત કરીને છાંડતાં રે, માણસ હુવે નુકશાન. મ૦ ૮**

**અર્થ :** જો તમારા મનમાં એવું હતું તો સગપણ કર્યાની જાણ નહોતી કરવી. એકવાર સંબંધ કરીને પછી તોડતાં કોઈ માણસનું નુકશાન થઈ જાય, એનો તો કાંઈક વિચાર કરો.

**દેતાં દાન સંવત્સરી રે, સહુ લહે વાંછિત પોષ, મ૦**
**સેવક વાંછિત નવિ લહે રે, તે સેવકનો દોષ. મ૦ ૯**

**અર્થ :** તીર્થંકર ભગવાન જ્યારે વર્ષીદાન આપે ત્યારે એના સામે હાથ લાંબો કરનાર પોતાનું ઇચ્છિત પામે. પણ આ સેવકને પોતાનું ઇચ્છિત આપ પાછા ન ફરો તેથી પ્રાપ્ત થતું નથી. તો તેમાં આ સેવકનો જ દોષ હું ગણું છું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**સખી કહે એ શામલો રે, હું કહું લક્ષણ સેત, મ૦**
**ઇણ લક્ષણ સાચી સખી રે, આપ વિચારો હેત. મ૦ ૧૦**

**અર્થ :** હું મારી સખી સાથે ઝરૂખામાં ઊભી હતી ત્યારે અને રથ ચાલ્યો આવતો હતો ત્યારે મારી સખી એને જોઈને કહે કે "આ તો શામળો છે." ત્યારે મેં જવાબ આપ્યો કે એના ગુણો અને લક્ષણો ધોળા-ઉજળા છે, પણ હવે મને લાગે છે કે મારી સખી સાચી હતી. હે ભગવાન ! હવે આપ હેતુપૂર્વક તેનો વિચાર તો કરો.

**રાગીશું રાગી સહુ રે, વૈરાગી શ્યો રાગ, મ૦**
**રાગ વિના કિમ દાખવો રે, મુક્તિ સુંદરી માગ. મ૦ ૧૧**

**અર્થ :** રાગવાળા હોય તેની સાથે બધા રાગ કરે, પણ આપ તો વીતરાગી-વૈરાગી છો તો આપની સાથે રાગ શું કરવો ? વળી મને વિચાર થાય છે કે તમારામાં જો રાગ ન હોય તો મુક્તિસુંદરી કેમ સ્વીકારો છો ? રાગ વિના સ્વીકારાય ખરી ?

**એક ગુહ્ય ઘટતું નથી રે, સઘલોઈ જાણે લોક, મ૦**
**અનેકાંતિક ભોગવો રે. બ્રહ્મચારી ગત રોગ. મ૦ ૧૨**

**અર્થ :** મને એક રહસ્ય સમજાતું નથી. આ તો આખું જગત જાણે છે કે મુક્તિસુંદરીને ભોગવનારા ઘણા છે અને તમે તો બ્રહ્મચારી છો. તો બ્રહ્મચારીપણું કેવી રીતે રહેશે ? આ મને મનમાં ખાસ બેસતું નથી.

**જિણ જોણિ તુમને જોઉં રે, તિણ જોણિ જોવો રાજ, મ૦**
**એકવાર મુજને જુઓ રે, તો સીઝે મુજ કાજ મ૦ ૧૩**

**અર્થ :** હું જે દૃષ્ટિથી આપને જોઉં છું એ દૃષ્ટિથી આપ મને જુઓ. ફક્ત એકવાર પણ મારી સામે જુઓ તો મારું કાર્ય સફળ થઈ જાય.

**મોહદશા ધરી ભાવના રે, ચિત્ત લહે તત્ત્વવિચાર, મ૦**
**વીતરાગતા આદરી રે, પ્રાણનાથ નિરધાર. મ૦ ૧૪**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ :** મેં મોહદશાને લીધે આ ભાવ જણાવ્યા પણ પછી મારું મન તત્ત્વના વિચારે ચઢ્યું. જે કારણે મને નિર્ધાર થયો કે મારા પ્રાણનાથે ચોક્કસ વીતરાગતા આદરી છે.

**સેવક પણ તે આદરે રે, તો રહે સેવક મામ, મ૦**
**આશય સાથે ચાલીએ રે, એહિ જ રૂડું કામ. મ૦ ૧૫**

**અર્થ :** હે મારા મનના સ્વામી ! મને એમ લાગે છે કે સેવક પણ પોતાના માલિકના માર્ગે ચાલે-ચાલવાનું શરૂ કરે તો સેવકની લાજ રહી જાય. એ જ રીતે હે પ્રાણનાથ ! હવે આપણો બંનેનો આશય એક જ છે. તો બંને સંગાથે ચાલીએ એના જેવું રૂડું બીજું શું હોઈ શકે ?

**ત્રિવિધ યોગ ધરી આદર્યો રે, નેમિનાથ ભરથાર, મ૦**
**ધારણ પોષણ તારણો રે, નવરસ મુક્તાહાર. મ૦ ૧૬**

**અર્થ :** હે મારા સ્વામી ! હવે મેં મન, વચન અને કાયાની અર્પણતા કરીને જોગ આદર્યો અને તમને જ મેં પ્રાણનાથ તરીકે માન્ય રાખ્યા છે. મારા સ્વામી ! તમે તો આત્માના ગુણોને ધારણ કરનારા છો. આત્મગુણનું પોષણ કરનાર છો અને મારા આત્માને તારનાર છો વળી નવરસરૂપ મોતીઓના હાર છે.

**કારણરૂપી પ્રભુ ભજ્યો રે, ગણ્યો ન કાજ અકાજ. મ૦**
**કૃપા કરી મુજ દીજિયે રે, આનંદઘન પદરાજ. મ૦ ૧૭**

**અર્થ :** હે ભગવાન ! મેં કારણરૂપી તમારી ભક્તિ કરી અને એ ભક્તિ કરતાં કાર્ય કે અકાર્ય સામું જોયું નથી. માટે કૃપા કરી મને આનંદઘન એવું મોક્ષનું રાજ આપો.

## ૨૩. શ્રી પાર્શ્વનાથ સ્વામી

**ધ્રુવપદ રામી હો સ્વામી માહરા, નિઃકામી ગુણરાય, સુજ્ઞાની;**
**નિજ ગુણ કામી હો પામી તું ધણી, ધ્રુવ આરામી હો થાય, સુજ્ઞાની. ૧**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ :** હે પાર્શ્વનાથ ભગવાન, તું તો ધ્રુવપદ એટલે કે અચળ પદમાં રમનારો મારો સ્વામી છે, નિષ્કામી છે, ગુણનો રાજા છે અને સદ્જ્ઞાની છે. પોતાના ગુણ એટલે સ્વભાવના ઇચ્છુક એવા સેવક આપ જેવા ધણીને પામીને, તે સ્વભાવ પ્રાપ્ત કરી, કાયમ અવિનાશી-સ્થિર આરામમાં આનંદ કરે છે.

**સર્વ વ્યાપી કહો સર્વ જાણંગપણે, પરપરિણમન સરૂપ, સુજ્ઞાની;**
**પરરૂપે કરી તત્ત્વપણું નહીં, સ્વસત્તા ચિદ્રૂપ, સુજ્ઞાની. ૨**

**અર્થ :** આપ સર્વને જાણી રહ્યા છો તેથી સર્વવ્યાપી કહેવાઓ છો. પરવસ્તુઓની પરિણતિ પણ આપ જાણી રહ્યા છો. આ સ્થૂળ દેહ, સૂક્ષ્મ દેહ, તેજસ દેહ, ઇન્દ્રિયો અને મન એ બધાના વ્યાપારો પણ જાણી રહ્યા છો. પરંતુ આ બધી પર વસ્તુઓ છે. એમાં કાંઈ તત્ત્વ નથી. એ તો પોતાના આત્માની સત્તા જે ચિદ્રૂપ છે, જાણવાવાળી છે, તેનાથી જણાય છે.

**જ્ઞેય અનેકે હો જ્ઞાન અનેકતા, જલભાજન રવિ જેમ, સુજ્ઞાની;**
**દ્રવ્ય એકત્વપણે ગુણ એકતા, નિજપદ રમતા હો ખેમ, સુજ્ઞાની. ૩**

**અર્થ :** જ્ઞેય-અનેક ઘણા છે તેથી જ્ઞાનનું અનેકપણું જણાય છે. જેવી રીતે જળનાં ઘણાં કુંડાં ભર્યાં હોય, તો બધા કુંડાંમાં સૂર્ય દેખાય પણ ખરેખર તો સૂર્ય એક જ છે. તેવી જ રીતે આત્માની શક્તિ એવી છે કે જે સામે આવે તેનું પ્રતિબિંબ પડે છે. જેમ અરિસામાં પ્રતિબિંબ પડે છે તેમ. આત્મા દ્રવ્યથી તો એક જ છે. જેમ સૂર્ય એક છે તેમ. પણ આત્મા કેવો છે ? પોતાના સ્વભાવમાં રમતો હોય તેવો કુશળ એટલે કે સુખી છે.

**પરક્ષેત્રેગત જ્ઞેયને જાણવે, પરક્ષેત્રે થયું જ્ઞાન, સુજ્ઞાની;**
**અસ્તિપણું નિજ ક્ષેત્રે તુમે કહ્યું, નિર્મળતા ગુણમાન, સુજ્ઞાની. ૪**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ :** કોઈ એક જ્ઞેયને આપણો આત્મા જાણે ત્યારે તેનું જ્ઞાન પરક્ષેત્રે થયું કહેવાય. પરંતુ પોતાના જ્ઞાનગુણનું હોવાપણું તો પોતાના ક્ષેત્રની અંદર જ રહ્યું છે. આત્માના નિર્મળતા નામના ગુણને લીધે દેખાય છે.

**જ્ઞેય વિનાશે હો જ્ઞાન વિનશ્વરૂં, કાળ પ્રમાણે રે થાય, સુજ્ઞાની;**
**સ્વકાળે કરી સ્વસત્તા સદા, તે પર રીતે ન જાય, સુજ્ઞાની. ૫**

**અર્થ :** જ્ઞેય આપણે જોયું તે જ્ઞાનથી જોવાય છે. એટલે એ જ્ઞેયનો નાશ થાય ત્યારે આપણું એ જ્ઞાન કાળને અનુસરી જાય છે. પણ સ્વકાળ એટલે પોતાના પર્યાય અને પોતાની સત્તા તો સદાય રહે છે. એ પર રીતે ક્યારેય જતી નથી.

**પરભાવે કરી પરતા પામતા, સ્વસત્તા થિર ઠાણ, સુજ્ઞાની;**
**આત્મ ચતુષ્કમયી પરમાં નહીં, તો કિમ સહુનો રે જાણ, સુજ્ઞાની. ૬**

**અર્થ :** જ્યારે આપણને પરભાવ આવે ત્યારે આપણે પરરૂપ થઈ જઈએ છીએ. પણ આપણો ભાવ તો આપણામાં સ્થિર હોય છે. આ આત્માની ચાર ચીજ-સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવ-પરમાં નથી. તો પણ બધાં પરને કેમ જાણે છે ? માત્ર જ્ઞાન ગુણ વડે જાણે છે. કેમ કે જાણવું એ આત્માનો સ્વભાવ છે.

**અગુરુલઘુ નિજ ગુણને દેખતાં, દ્રવ્ય સકલ દેખંત, સુજ્ઞાની;**
**સાધારણ ગુણની સાધર્મ્યતા, દર્પણ જલને દૃષ્ટાંત, સુજ્ઞાની. ૭**

**અર્થ :** આત્માનો અગુરુલઘુપણાનો ગુણ એવો છે કે એનાથી બધા પર દ્રવ્યના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ જણાય એ ગુણ સર્વ સામાન્ય છે. આનંદઘનજી મહારાજ કહે છે કે એ ગુણને લીધે દર્પણ અને જળની જેમ પર વસ્તુઓ દેખાય છે. આત્માનો સાધારણ ગુણ એવો છે કે તેમાં પરવસ્તુઓ દેખાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**શ્રી પારસજિન પારસ રસ સમો, પણ ઇહાં પારસ નાંહિ, સુજ્ઞાની;**
**પૂરણ રસીઓ હો નિજગુણ પરસનો, આનંદઘન મુજમાંહિ, સુજ્ઞાની. ૮**

**અર્થ :** પાર્શ્વનાથ ભગવાન ! તમે તો પારસ જેવા છો કે જેને અડવાથી-જેનો સ્પર્શ થવાથી લોઢું હોય તે સોનું બની જાય. પણ અહિંયા તો પારસ નામનું રસાયણ નથી. હું પોતાના ગુણનો પરમ રસિયો છું, તેથી આનંદઘન રૂપી મુક્તિ મને આપો.

## ૨૪. શ્રી મહાવીર સ્વામી

**વીરજીને ચરણે લાગું, વીરપણું તે માગું રે;**
**મિથ્યા મોહતિમિર ભય ભાગ્યું, જીત નગારું વાગ્યું રે. ૧**

**અર્થ :** હે ભગવાન ! આપ વીર છો તેથી આપને પગે લાગીને હું પણ આપની પાસે વીરપણું માંગું છું. મારું મિથ્યાત્વ મોહરૂપી અંધકાર નાશ પામતા ભય ભાગી ગયો છે, અને જીતનું નગારું વાગેલ છે.

**છઉમથ્થ વીર્ય લેશ્યા સંગે, અભિસંધિજ મતિ અંગે રે;**
**સૂક્ષ્મ સ્થૂલ ક્રિયાને રંગે, યોગી થયો ઉમંગે રે. ૨**

**અર્થ :** છદ્મસ્થ અવસ્થામાં મારા વીર્ય અને લેશ્યાના સંગથી મળી જઈને, પ્રજ્ઞા મેળવીને, સ્થૂળ ક્રિયાનો અને સૂક્ષ્મ ક્રિયાનો રંગ લાવીને હું ઉમંગથી યોગી થયો છું.

**અસંખ્ય પ્રદેશે વીર્ય અસંખે, યોગ અસંખિત કંખે રે;**
**પુદ્ગલ ગણ તેણે લે સુવિશેષે, યથાશક્તિ મતિ લેખે રે. ૩**

**અર્થ :** આત્માના અસંખ્ય પ્રદેશે જે અસંખ્ય વીર્યબળ રહેલું છે તેનાથી મન, વચન, કાયાના અસંખ્ય યોગ કરીને આત્મા પોતાની મતિ પ્રમાણે કર્મ રૂપી પુદ્ગલગણને વિશેષે કહીને ગ્રહણ કરે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ઉત્કૃષ્ટે વીર્યનિવેસે, યોગ ક્રિયા નવિ પેસે રે;**
**યોગતણી ધ્રુવતાને લેશે, આતમ શક્તિ ન ખેસે રે. ૪**

**અર્થ :** હે ભગવાન ! મારા આ ઉત્કૃષ્ટ વીર્યની બળવત્તા એટલી છે કે મન, વચન, કાયાના યોગની ક્રિયા અંદર સ્વભાવમાં પેસતી નથી અને મન, વચન, કાયાના યોગ સ્થિર થવાથી આત્માની શક્તિને ડગાવતા નથી.

**કામ વીર્ય વશે જેમ ભોગી, તેમ આતમ થયો ભોગી રે;**
**શૂરપણે આતમ ઉપયોગી, થાય તેહણે અયોગી રે. ૫**

**અર્થ :** ભોગી જેમ કામ ભોગવતા તેમાં એકતાન થઈ જાય છે, તેમ હું આત્મામાં એકરસ- લીન થઈ સ્વભાવનો ભોગી બન્યો છું. જ્યારે શૂરવીરપણે આ આત્મામાં ઉપયોગ દૃઢ થાય છે ત્યારે એ આત્મા મન, વચન, કાયાના યોગ હોવા છતાં અયોગી જેવો બને છે.

**વીરપણું તે આતમ ઠાણે, જાણ્યું તુમચી વાણે રે,**
**ધ્યાન વિન્નાણે શક્તિ પ્રમાણે, નિજધ્રુવપદ પહિચાણે રે, ૬**

**અર્થ :** હે ભગવાન ! શૂરવીરપણાનું મૂળ સ્થાન તો આત્મા જ છે, એમ તારી અપૂર્વ વાણીથી મેં જાણ્યું છે, અને એમ પણ જાણ્યું છે કે જેવું ધ્યાનબળ અને જેવી વિશેષ જ્ઞાનની શક્તિ એ પ્રમાણે પોતાનું અચળપદ અને સ્વભાવ પોતે અનુભવી શકે છે.

**આલંબન સાધન જે ત્યાગે, પરપરિણતિને ભાગે રે,**
**અક્ષય દર્શન જ્ઞાન વૈરાગે, આનંદઘન પ્રભુ જાગે રે. ૭**

**અર્થ :** હે ભગવાન ! આપના બોધ પ્રમાણે છેવટે તો સાધનનું આલંબન પણ પરપરિણિત જ છે એમ સમજીને ત્યાગી દેવાનું છે. તેથી અક્ષય દર્શન, અક્ષય જ્ઞાન અને અક્ષય વીતરાગપણું પ્રાપ્ત થાય અને તેથી આનંદઘન રૂપી ભગવાન આત્મા પૂર્ણપણે પ્રગટ થાય.

**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ॐ

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

## વિભાગ - ૨

# શ્રીમદ્ દેવચંદ્રજી કૃત ચોવીસી ભાવાર્થ સાથે

### પ્રસ્તાવના

આપણો આત્મા અનાદિકાળથી આ સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. આ પરિભ્રમણ આત્મા પોતે પોતાને ભૂલી ગયો છે તે કારણે છે, પોતાના અજ્ઞાનને કારણે છે. એ અજ્ઞાનનું નિવારણ કરવા માટે જિનેશ્વર ભગવંતો માર્ગ બતાવી ગયા છે. તે માર્ગ છે, સત્‌દેવ-સદ્‌ગુરુ અને સત્‌શાસ્ત્ર પર યથાર્થ શ્રદ્ધા તેમજ સદ્‌ગુરુ દ્વારા મોક્ષમાર્ગનો રસ્તો મેળવવો. યથાતથ્ય માર્ગદર્શન પ્રત્યક્ષ સત્પુરુષો કે સદ્‌ગુરુ દ્વારા જ પ્રાપ્ત થાય છે. છતાં પણ પૂર્વે થઈ ગયેલા જ્ઞાનીઓ જે કાંઈ કહી ગયા છે, લખી ગયા છે તે પ્રમાણે વાંચવા વિચારવાથી જીવને યોગ્યતા-પાત્રતા પ્રાપ્ત થાય છે, અને જો સત્પુરુષ કે સદ્‌ગુરુનો ભેટો થઈ જાય તો મોક્ષમાર્ગનો રસ્તો પણ તેઓની કૃપા દ્વારા પ્રાપ્ત થઈ જાય છે.

પૂર્વે થઈ ગયેલા મહાપુરુષોમાં આશરે બસો વર્ષ ઉપર થયેલા શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ સાહેબ, શ્રી ચોવીસ જીનેશ્વરોનાં સ્તવન રૂપે યથાર્થ મોક્ષમાર્ગ-વ્યવહાર અને નિશ્ચય તેમજ નય અપેક્ષાએ કેવો છે તે કહી ગયા છે. તે તેઓના સ્તવનો વાંચવા-વિચારવાથી જણાઈ આવે છે.

શ્રીમદ્ દેવચંદ્રજી કૃત ચોવીસીમાં ઠેકઠેકાણે આત્મવિકાસલક્ષી સાધનામાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપયોગી તત્ત્વજ્ઞાન વિષે અપૂર્વ પ્રકાશ જોવા મળે છે.

આત્મલક્ષી સાધનાના ક્ષેત્રમાં ઉપાદાન અને નિમિત્ત બન્ને સમાન ઉપયોગી છે. તેની સમજણ જેટલી વધુ સ્પષ્ટ હોય તેટલા પ્રમાણમાં સાધનામાં ઉંડાઈ આવે છે અને તે સાધનામાં આનંદ ઉલ્લાસ પણ આવે છે.

શુભ અને શુદ્ધ આશયથી કરવામાં આવતી ભગવાનની પૂજા, ભક્તિ, સ્તવના આત્માને પવિત્રતા બક્ષે છે, નિર્મળ બનાવે છે, શુદ્ધ બનાવે છે. અને પરાભક્તિને પ્રાપ્ત થયેલો સાધક સ્વયં ભગવાન બની જાય છે. આ છે ભક્તિ સ્તવનાનો મહિમા, પણ જો તે યથાર્થ સમજણ સાથે કરવામાં આવે તો જ.

ચોવીસીની રચના ગુજરાતી ભાષામાં હોવા છતાં તે તત્ત્વસભર છે, ગંભીર છે, રહસ્યોથી ભરપૂર જણાય છે. જે સુક્ષ્મબોધને યથાર્થપણે સમજે અને જ્ઞાનીપુરૂષો દ્વારા કહેવામાં આવેલા ઉપદેશને અનુસરે તો અવશ્ય પોતાના આત્માને અનુભવી શકે.

તમે જેવા ભાવથી જેની ભક્તિ કરો, તેના જેવા તમો બની શકો. પણ આ ભક્તિ નિષ્કામ અને મોક્ષલક્ષી હોવી જોઇએ. ભક્તિયોગ દ્વારા ચિત્તની (મનની) નિર્મળતા થાય છે અને તેથી પરમાત્મા પ્રત્યે પ્રીતિ (પ્રશસ્તભાવ) વધે છે અને ક્રમશઃ ધ્યાનયોગની સાધના દ્વારા પ્રગતિ કરીને સ્થિતિ મેળવી શકે છે. ધ્યાનયોગના સતત અભ્યાસથી સર્વ પ્રસંગોમાં સમતા- સમભાવ થાય છે અને તેથી સર્વ બાહ્યવૃત્તિઓનો ઉચ્છેદ-નાશ થાય છે.

આ ચોવીસીમાં અનુક્રમ પ્રમાણે કયા કયા વિષયો પર ભાર મૂકવામાં આવ્યો છે તેના પર વિચાર કરીએ.

૧. પ્રથમ સ્તવનમાં પ્રેમ-પ્રીતિ કેવી હોવી જોઇએ અને કોના પર હોવી જોઇએ તેના પર ભાર છે. પરમાત્માની પ્રીતિ, ભક્તિ અને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આજ્ઞાપાલનરૂપ સેવા તે આત્મગુણોની પૂર્ણતાને પ્રાપ્ત કરાવે છે, અવિનાશી સુખ પ્રાપ્ત થાય છે એમ કહ્યું છે.

૨. બીજા સ્તવનમાં કાર્ય-કારણ ભાવની વ્યવસ્થા વર્ણવી છે. પરમાત્મા-સત્પુરુષ-જ્ઞાની મહાત્મા તેના પુષ્ટ નિમિત્ત કારણ છે એ વાત બતાવી છે. આત્માની ઉપાદાન શક્તિનું પ્રગટપણું પુષ્ટ નિમિત્ત એવા અરિહંત ભગવાન-પ્રત્યક્ષ જ્ઞાની દ્વારા થાય છે તેમ બતાવેલ છે.

૩. ત્રીજા સ્તવનમાં ઉપાદાન-કારણથી પણ નિમિત્ત કારણની અધિક પ્રધાનતા બતાવી છે. મોક્ષનું ઉપાદાન-કારણ આત્મા પોતે જ છે. પરંતુ તેનું પુષ્ટ આલંબન પરમાત્મા છે. જિનસ્વરૂપ થઈ જિનનું ધ્યાન કરવું એ જ ઉત્કૃષ્ટ વંદન છે, જેને પરાભક્તિ પણ કહેવામાં આવે છે.

૪. ચોથા સ્તવનમાં પરાભક્તિની ભૂમિકા પ્રાપ્ત કરવાના ઉપાયો વર્ણવવામાં આવ્યા છે. ધ્યાનમાં એકાગ્રતા, તન્મયતા સિદ્ધ કરવા માટે આલંબનના સતત અભ્યાસ દ્વારા પરમાત્માની સાથે અભેદ ધ્યાન કરવાનું છે. તેથી સત્તાએ પરમાત્માથી અભિન્ન એવા સ્વ આત્માના સ્વરૂપનું નિઃશંકપણે ચિંતન કરવું જોઇએ.

૫. પાંચમા સ્તવનમાં સ્યાદવાદને અનુલક્ષી સ્વભાવદશાનું વર્ણન કર્યું છે અને અસંગ અનુષ્ઠાનને કરવાવાળો યોગી પરમાત્માના શુદ્ધ દ્રવ્ય-ગુણ પર્યાયનાં ચિંતન દ્વારા પોતાના શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં કેવી રીતે લીન બને છે તે ટૂંકમાં જણાવેલ છે. તેમજ નિત્યત્વ, અનિત્યત્વ આદિ પરસ્પર વિરોધી અનેક ધર્મો એક જ આત્મામાં એકી સાથે રહેલા છે તેનું યથાર્થ સ્વરૂપ જાણીને સાધક પોતાના આત્માના શુદ્ધ સ્વભાવને પ્રગટાવે છે.

૬. છઠ્ઠા સ્તવનમાં નિમિત્ત કારણ કેવી રીતે ઉપયોગી છે અને સાતે નય દ્વારા પ્રભુદર્શનનું સ્વરૂપ (સમ્યક્ત્વનું સ્વરૂપ) સમજાવ્યું છે. જુદા જુદા દૃષ્ટાંતો દ્વારા પરમાત્મા (જ્ઞાની મહાત્મા) મોક્ષના નિર્યામક-



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પુષ્ટ હેતુ છે એમ કહ્યું છે.

૭. સાતમા સ્તવનમાં સિદ્ધ ભગવંતો અનંતગુણના આનંદને અનુભવે છે તેનું વર્ણન કરવામાં આવે છે. તે જાણીને સાધકને તેવા આનંદ અને સુખને પ્રાપ્ત કરવાની રુચિ જાગે છે. અને તેનાં ઉપાયરૂપ રત્નત્રયીની આરાધનામાં તત્પર બનવાની પ્રેરણા મળે છે.

૮. આઠમા સ્તવનમાં પ્રભુ પૂજાના વિવિધ સ્વરૂપો-પ્રકારો બતાવવામાં આવ્યા છે. પરમાત્માનાં ગુણોના આલંબને થતું ધ્યાન-અપવાદ-ભાવસેવા છે અને તેનાં દ્વારા ઉપજતી-પ્રગટતી આત્મવિશુદ્ધિ એ ઉત્સર્ગ ભાવસેવા છે. અપવાદ ભાવસેવા કારણ છે ઉત્સર્ગ તેનું કાર્ય છે. અહીંયા સાત પ્રકારની અપવાદ અને સાત પ્રકારની ઉત્સર્ગ ભાવસેવા વર્ણવી છે. જે સાધક માટે તેની સાધનાનો માપદંડ થઈ શકે તેમ છે.

અપૂનર્બંધકની ભૂમિકાથી પ્રારંભી યાવત્ અયોગી અવસ્થા સુધીની ભૂમિકાનું પૃથક્કરણ આમાં કરવામાં આવ્યું છે.

૯. નવમા સ્તવનમાં પરમાત્મ દર્શનના ફળરૂપે આત્મદર્શન કેવી રીતે થાય તેનું વર્ણન છે. ભગવાનની શાંતરસથી ભરપૂર મુદ્રાથી સાધક પોતાના આત્મસ્વભાવની સન્મુખ થવા માટે પુરુષાર્થ આદરે છે. અને તેમ કરતા આત્માના નિર્મળ, અખંડ અલિપ્ત સ્વભાવની ઓળખાણ થતાં તેની આત્મસ્વરૂપમાં સહજ રમણતા થાય છે.

૧૦. દશમા સ્તવનમાં પ્રભુના ગુણોની અનંતતા, નિર્મળતા અને પૂર્ણતાનું સ્વરૂપ બતાવ્યું છે. અને તેમની આજ્ઞાનું પાલન અવ્યાબાધ સુખમાં સાધકને પહોંચાડે છે એમ કહ્યું છે.

૧૧. અગિયારમા સ્તવનમાં શુકલ ધ્યાનના હેતરૂપ ગુણ-પર્યાયોનાં ચિંતન અને ધ્યાન કરવાની રીત બતાવી છે. તેનું ધ્યાન કરવાથી આત્મસ્વરૂપમાં તન્મયતા પ્રગટ થાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૨. બારમા સ્તવનમાં પૂજાના ત્રણ પ્રકાર દર્શાવ્યા છે. દ્રવ્યૂપૂજા, પ્રશસ્ત ભાવપૂજા અને શુદ્ધ ભાવપૂજા. પરમાર્થથી જિનપૂજા એ નિજ આત્મત્વની જ પૂજા છે. જિનપૂજા વડે પોતાના આત્માનાં ગુણોની પ્રાપ્તિ અને પુષ્ટિ થાય છે. બારમા ગુણસ્થાનક સુધીના જીવોને સ્વઆત્માનું ધ્યાન પરમાત્માના (જ્ઞાનીના) શ્રુત.અવલંબને થાય છે.

૧૩. તેરમા સ્તવનમાં અસ્તિભાવો અને નાસ્તિભાવોની અનંતતા બતાવી છે. એમ કહી પ્રભુના નિર્મળ સ્વભાવનું ધ્યાન કરનાર પોતાના શુદ્ધ સ્વભાવને અવશ્ય પ્રાપ્ત કરે છે એમ જણાવ્યું છે.

૧૪. ચૌદમા સ્તવનમાં જિનમૂર્તિને અમૃતનો મેઘ, જાંગુલી મંત્ર, રત્નત્રયીની માળા અને આત્મધ્યાનનાં શ્રેષ્ઠ સાધન તરીકે ઓળખાવી છે. પ્રભુ મૂર્તિના દર્શનથી અશુભ આશ્રવોનો નિરોધ અને સંવરની અભિવૃત્તિ થાય છે અને પૂર્વકર્મની નિર્જરા થઈ જાય છે એમ જણાવ્યું છે.

૧૫. પંદરમા સ્તવનમાં આત્મા અને પરમાત્માનું એકત્વ ભાવન કેવી રીતે થાય તેનું અદ્ભુત અને રહસ્ય ભરપુર શૈલીમાં વર્ણન કર્યું છે. અને સાથે સાથે સામાન્ય અને વિશેષ સ્વભાવના લક્ષણો પણ બતાવ્યા છે.

૧૬. સોળમા સ્તવનમાં સમવસરણ અને જિનપ્રતિમાની મહાનતા-ઉપકારકતા બતાવી છે.

જિનપ્રતિમામાં કાર્યરૂપે અરિહંતપણું અને સિદ્ધપણું કયા કયા નયની અપેક્ષાએ રહેલું છે અને સાધકને કયા કયા નયે તે ફળદાયી બને છે તે સમજાવ્યું છે. નામાદિ ચાર નિક્ષેપાની પરસ્પર કાર્ય કારકતા બતાવી છે.

૧૭. સત્તરમા સ્વતનમાં ભગવાનની (સત્પુરુષની) દેશનાની મહત્તા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમજાવી છે. પૃથક્કરણતાપૂર્વક સુક્ષ્મતાથી તેનું વર્ણન અહીં કર્યું છે.

૧૮. અઢારમા સ્તવનમાં કારણોનું સ્વરૂપ સમજાવીને તે બધામાં નિમિત્ત કારણની પ્રધાનતા કેવી રીતે છે તે સમજાવ્યું છે.

૧૯. ઓગણીસમા સ્તવનમાં ષટકારક-આત્માની છ વિશિષ્ટ શક્તિઓનું સ્વરૂપ બતાવ્યું છે. તે બાધકપણે કેમ પરિણમે અને સાધકપણે કેમ પરિણમે તે પણ સમજાવ્યું છે. **કર્તા, કાર્ય, કરણ, સંપ્રદાન, અપાદાન, આધાર.**

૨૦. વીસમા સ્તવનમાં છ કારકનાં લક્ષણો બતાવ્યા છે અને પુષ્ટ નિમિત્ત કારણ એવા ભગવાન અરિહંતના આલંબન વડે જ આત્માની ઉપાદાન શક્તિ પ્રગટે છે એ દાખલા સાથે સમજાવેલ છે.

૨૧. એકવીસમા સ્તવનમાં શ્રી જીનેશ્વર પરમાત્માની સેવાને વર્ષાઋતુની વિવિધ ઘટનાઓ સાથે સરખાવી તેનું માહાત્મ્ય કેમ ગણાવું તે સમજાવ્યું છે.

૨૨. બાવીસમા સ્તવનમાં પ્રશસ્ત રાગ સ્વરૂપ ભક્તિનો પ્રભાવ, સાધકની અનુપ્રેક્ષા અને ઉત્તમ પુરુષોનાં સંગનું ફળ શું મળે તે સમજાવ્યું છે.

૨૩. ત્રેવીસમા સ્તવનમાં શુદ્ધતા, એકતા, તીક્ષ્ણતા-ત્રિપદીને જુદી જુદી રીતે સમજાવી છે. તે કોને કહેવાય અને તેનાં દ્વારા મોહ શત્રુને કેમ જીતી શકાય તે સમજાવ્યું છે.

૨૪. ચોવીસમા સ્તવનમાં આત્માની ગર્હા અને દીનતાપૂર્વક પ્રભુ પાસે ભાવવાહી પ્રાર્થના કરવામાં આવી છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧. શ્રી ઋષભદેવ જિન સ્તવન

**ઋષભ જિણંદશું પ્રીતડી, કિમ કીજે હો કહો ચતુર વિચાર;**
**પ્રભુજી જઈ અળગા વસ્યા, તિહાં કિણે નવિ હો કોઈ વચન ઉચ્ચાર**
**...ઋષભ. ૧**

હે ચતુર જીવ - જ્ઞાની જીવ ! વીતરાગ ભગવંત એવા શ્રી ઋષભદેવ સાથે પ્રીતિ કઈ રીતે થાય ? તે મને વિચાર કરીને જણાવો. પ્રભુ તો બહુ દૂર સિદ્ધ શિલા પર જઈ બિરાજી રહ્યા છે. ત્યાં કોઈ વાણીનો ઉચ્ચાર થઈ શકતો નથી. તો તેમની સાથે પ્રીતિ કેવી રીતે કરાય ? તે કહો.

**કાગળ પણ પહોંચે નહિ, નવિ પહોંચે હો, તિહાં કો પરધાન;**
**જે પહોંચે તે તુમ સમો, નવિ ભાખે હો કોનું વ્યવધાન.**
**...ઋષભ. ૨**

કાગળથી પ્રીતિ કરવાનો પ્રયત્ન કરીએ તો ત્યાં કાગળ પણ પહોંચે તેમ નથી. બીજી મુખ્ય વ્યક્તિને મોકલી તેના દ્વારા પણ પ્રીતિ કરી શકાય. પરંતુ તે પણ ત્યાં પહોંચી શકતો નથી અને જે કોઈ પહોંચે છે તે આપના જેવા વીતરાગ થઈ જાય છે. હકીકતે આંતરભેદ કહી શકે નહિ. તેથી અમારો સંદેશો આપને પહોંચતો નથી તો પછી આપની સાથે પ્રીતિ કેમ થઈ શકે તે કહો. (વ્યવધાન એટલે આંતરો-ભેદ કરવો) - તે કોઈનું વ્યવધાન કહેતાં આંતરી-ભેદ કરે નહીં, માટે પ્રીતિના ત્રણ ઉપાયોમાંનો કોઈ ઉપાય કારગત થતો નથી તો પછી આપની સાથે પ્રીતિ કેમ થઈ શકે તે કહો.

**પ્રીતિ કરે તે રાગિયા, જિનવરજી હો તુમે તો વીતરાગ;**
**પ્રીતડી જેહ અરાગીથી, ભેળવવી હો તે લોકોત્તર માર્ગ.**
**...ઋષભ. ૩**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે પ્રભુ અમે તો રાગથી ભરેલા છીએ એટલે પ્રીત કેમ કરી શકીએ. કારણ કે આપ તો વીતરાગ-સંપૂર્ણ રાગ-દ્વેષ રહિત થઈ ગયા છો ! તેથી વીતરાગી સાથે પ્રીતિ કેમ કરીને થઈ શકે ? એટલે જો પ્રભુ આપની સાથે પ્રીત કરવી હોય તો તે લૌકીકમાર્ગ નથી પણ લોકોત્તર માર્ગ છે, તે વડે થઈ શકે.

**પ્રીતિ અનાદિથી વિષભરી, તે રીતે હો કરવા મુજ ભાવ;**
**કરવી નિર્વિષ પ્રીતડી, કિણ ભાંતે હો કહો બને બનાવ.**
**... ઋષભ. ૪**

હે ભગવાન મારી જે અનાદિથી પ્રીત કરવાની રીત છે તે ઝેરથી ભરેલી છે. કારણ તેના પાછળ રાગ રહેલ છે. તે રીતે તો આપની સાથે પ્રીતિ કરી શકું પણ આપની સાથેની પ્રીતિ તો નિર્વિષ હોવી જોઇએ. પણ તે કઈ રીતે બની શકે ? તે મને હે જ્ઞાની પુરુષ કહો.

**પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ;**
**પરમ પુરુષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણ ગેહ.**
**... ઋષભ. ૫**

આ કડીમાં પ્રભુ સાથે પ્રીતિ કેમ કરવી તે બતાવેલ છે. પર વ્યક્તિ કે પર પદાર્થો સાથે જે અનંત પ્રકારે પ્રીતિ કરી રહ્યા છીએ, તેને જે સાધક તોડી શકે તે જ પરમ પુરુષ પરમાત્માની સાથે પ્રીતિ જોડી શકે છે. ભગવાન સાથે પ્રીતિ રાગરૂપ હોવા છતાં જે કરવી સાધક માટે જરૂરી છે. કારણ કે તે પ્રીતિ જ આત્મિક ગુણસંપત્તિનું ઘર છે. અને એ સાધક, પરમેશ્વર જે ગુણનું જ ઘર છે તેના જેવો થાય.

**પ્રભુજીને અવલંબતા, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાશ;**
**દેવચંદ્રની સેવના, આપે મુજ હો અવિચળ સુખવાસ.**
**... ઋષભ. ૬**

આ પ્રમાણે પ્રભુજીનું (પ્રત્યક્ષ સત્પુરુષનું) અવલંબન લેવાથી પોતાની



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે અનંત ગુણમય પ્રભુતા છે તે પ્રગટે છે. ખરેખર દેવોમાં ચંદ્ર સમાન શ્રી અરિહંત ભગવંતની ભક્તિ-પ્રીતિ જ મને અવિચલ-કાયમ રહે તેવી સ્થિતિ એટલે કે મોક્ષપદ રૂપી સુખ આપનાર છે.

## શ્રી અજિતનાથ જિન સ્તવન

**જ્ઞાનાદિક ગુણ સંપદા રે, તુજ અનંત અપાર;**
**તે સાંભળતા ઉપની રે, રુચિ તેણે પાર ઉતાર.**
**અજિત જિન તારજો રે, તારજો દીન દયાળ.... અજિત. ૧**

હે ભગવાન ! આપની પાસે જ્ઞાનાદિક ગુણોની સંપત્તિ અનંત અને પાર ન પામી શકાય તેટલી છે. તેની વાત અનુભવી પાસેથી સાંભળતા મને પણ તે સંપત્તિ-આત્મલક્ષ્મીને પ્રાપ્ત કરવાની રુચિ ઉત્પન્ન થઈ છે. માટે હે દીન પર કૃપા કરવાવાળા અજિતનાથ ભગવાન-અરિહંતદેવ ! મને પણ આ સંસાર સાગરથી પાર ઉતારો એમ માંગું છું.

**જે જે કારણ જેહનું રે, સામગ્રી સંયોગ;**
**મળતાં કારજ નીપજે રે, કર્તા તણે પ્રયોગ.... અજિત. ૨**

સાચી વાત તો એ છે કે જે કાર્ય કરવા માટે જે કારણ હોય અને બીજી પણ ઉપયોગી સામગ્રી હોય તે મળી જાય તો કર્તા દ્વારા પ્રયત્ન કરવાથી, - પુરુષાર્થ કરવાથી કાર્ય થાય છે.

**કાર્ય સિદ્ધિ કરતા વશુ રે, લહી કારણ સંયોગ;**
**નિજ પદ કારક પ્રભુ મિલ્યા રે, હોયે નિમિત્તહ ભોગ.... અજિત. ૩**

કાર્યની સિદ્ધિ કર્તાને આધિન છે, પણ તે સાથે જરૂરી સાધન સામગ્રીનો સંયોગ જરૂરી છે. નિજપદની પૂર્ણતા કરાવી શકે એટલે કે મોક્ષ અપાવી શકે તેવા પ્રભુનું (અરિહંતનું) પુષ્ટ નિમિત્ત મળવાથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાધક આત્મા અત્યંત આનંદપૂર્વક તે નિમિત્તનો ઉપયોગ કરી તેનું સુખ ભોગવી શકે છે.

**અજકુલગત કેસરી લહે રે નિજપદ સિંહ નિહાળ;**
**તિમ પ્રભુ ભક્તે ભવિ લહે રે, આતમ શક્તિ સંભાળ.... અજિત. ૪**

બકરાનાં ટોળામાં જ મોટા થયેલા એવા સિંહના બચ્ચાને પોતાના જેવા સિંહના દર્શનથી જેમ પોતે બકરું નથી પણ સિંહ છે તેમ ભાન થાય છે તેવી રીતે પ્રભુની ભક્તિ કરનાર ભવિ જીવ (ભવ્યાત્મા) પણ પોતાનામાં રહેલ પરમાત્મા જેવી પોતાનો આત્મશક્તિને ઓળખીને તેને મેળવવા પ્રયત્ન કરે છે. પ્રગટાવવા પ્રયત્ન કરે છે.

**કારણપદ કર્તાપણે રે, કરી આરોપ અભેદ;**
**નિજ પદ અર્થી પ્રભુ થકી રે, કરે અનેક ઉમેદ. ... અજિત. ૫**

અનન્ય કારણરૂપ અરિહંત ભગવંતના ગુણો ઓળખીને પોતાના સ્વરૂપની પૂર્ણતાનો ઇચ્છક આત્મા અરિહંત ભગવંત પાસેથી સમ્યગ્દર્શનાદિ અનેક ગુણો પ્રાપ્ત થવાની આશા રાખે છે.

**એહવા પરમાતમ પ્રભુ રે, પરમાનંદ સ્વરૂપ;**
**સ્યાદવાદ સત્તા રસી રે, અમલ અખંડ અનૂપ ... અજિત. ૬**

આવો પરમાત્મા પરમાનંદ સ્વરૂપ છે. તેમજ સ્યાદ્વાદમયી શુદ્ધ સત્તાના રસિયા એટલે તેમાં રમણતા કરવાવાળા છે. તેઓ કર્મમળથી રહિત, અખંડાકાર અને અનુપમ-જેને કોઈની ઉપમા આપી ન શકાય એવા પ્રભુ છે.

**આરોપિત સુખ ભ્રમ ટળ્યો રે, ભાસ્યો અવ્યાબાધ;**
**સમર્યું અભિલાષીપણું રે, કર્તા સાધન સાધ્ય. ... અજિત. ૭**

હે ભગવાન ! આપના દર્શનથી - ભેટો થવાથી જેમાં સુખ નહોતું તેમાં સુખ માનીને બેઠો હતો, તે આરોપિત સુખનો ભ્રમ હતો, તે ટળી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગયો અને મારું પોતાનું જે અવ્યાબાધ સ્વરૂપ છે તેની ઇચ્છા કરી. તે પોતાના આત્માના કર્તાપણાથી પ્રાપ્ત થાય, ક્યા સાધનથી પ્રાપ્ત થાય અને અવ્યાબાધ સુખ સાધ્ય થયું તેની જાણ થઈ. અત્યાર સુધી વિષય સુખની અભિલાષા (ઇચ્છા) હતી. પણ હવે આરોપિત સુખનો ભ્રમ ટળી જવાથી આપે મેળવેલ અવ્યાબાધ સુખની અભિલાષા (ઇચ્છા) થઈ, અને કર્તા તે મેળવવાના કારણો જ મેળવે. આપ કરતાં અવ્યાબાધ સુખ સાધ્ય થયું એટલે કર્તાનું સાધ્ય અને સાધન બન્નેને યાદ કર્યા.

**ગ્રાહકતા સ્વામિત્વતા રે, વ્યાપક ભોકતાભાવ;**
**કારણતા કારજ દશા રે, સકલ ગ્રહ્યો નિજભાવ. ... અજિત. ૮**

આપની કૃપા થવાથી પરભાવનો ત્યાગ કરી સ્વભાવનું ગ્રાહકપણું, સ્વામીપણું, વ્યાપકપણું, ભોક્તૃતા અને કારણતા તથા કાર્યનું ભાન થયું તેથી સંપૂર્ણપણે પોતાના સ્વભાવને જ ગ્રહણ કર્યો - ધારણ કર્યો, તેમાં જ રમણતા પ્રાપ્ત કરી.

**શ્રદ્ધા ભાસન રમણતા રે, દાનાદિક પરિણામ;**
**સકળ થયા સત્તા રસી રે, જિનવર દરિસણ પામ. ... અજિત. ૯**

હે જીનેશ્વર ભગવંત ! આપના દર્શન થવાથી આત્મસત્તાની શ્રદ્ધા થઈ, જાણ થઈ, તેમાં જ રમણતા પ્રાપ્ત થઈ, દાનાદિક આપવા રૂપ પરિણામ આત્મસત્તાને મેળવવા માટે રુચિવાળા થયા છીએ. હે જિનેશ્વર ! અવ્યાબાધ નિઃકર્મ પદ તે જ મારું સાધ્ય છે એવી શ્રદ્ધા થઈ અને સ્વગુણની જાણ થઈ, આત્મધર્મરૂપ ક્ષમાદિ તેમાં રમણતા થઈ તથા તેના સહકારરૂપ તેના દાન-ગુણ આદિ તેનો ભોગ સ્વગુણનો થયો.

**તિણે નિર્યામક માહણો રે, વૈદ્ય ગોપ આધાર;**
**'દેવચંદ્ર' સુખ સાગરુ રે, ભાવ ધરમ દાતાર. ... અજિત. ૧૦**

તેથી હે ભગવાન આપ મારા નિર્યામક એટલે સુકાની છો. માહણ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એટલે અહિંસકપણાને પ્રાપ્ત થયા છો, ભવસાગરરૂપી રોગ મટાડવાને માટે આપ વૈદ્ય સમાન છો. ગોપ એટલે મારા આત્માના રક્ષણ કરનારા છો, તેના આધાર છો, સુખના સાગર છો. દેવોમાં ચંદ્ર સમાન છો અને આપ જ ભાવધર્મ સમજાવનાર અને આપનાર એવા દાતાર છો.

## ૩. શ્રી સંભવનાથ જિન સ્તવન

**શ્રી સંભવ જિનરાજજી રે, તાહરું અકલ સ્વરૂપ. જિનવર પૂજો**
**સ્વપર પ્રકાશક દિનમણિ રે, સમતા રસનો ભૂપ; જિ. પૂ.**
**પૂજો પૂજો રે ભવિક જન પૂજો, પ્રભુ પૂજ્યા પરમાનંદ**
**... જિ.પૂ. ૧**

હે સંભવનાથ જિનેશ્વર ! આપના સ્વરૂપને સમજવું મારાથી બની શકે તેવું નથી, કળી ન શકાય તેવું સ્વરૂપ છે. મારી પોતાની જાતે સમજવા બેસું તો આપનું સ્વરૂપ સમજમાં ન આવી શકે તેવું છે.

આપ સ્વપર પ્રકાશક એટલે કે આત્મદ્રવ્ય અને બાકીના પરદ્રવ્યોને પ્રકાશિત કરવામાં સૂર્ય સમાન છો. તેમજ સમતા રસના ભંડાર સમાન છો.

માટે હે ભવિકજનો આવા ભગવંતની પ્રીતિ-ભક્તિ કરો, કારણ કે જેની ભક્તિ કરીએ તેના જેવા થઇએ એવો સામાન્ય નિયમ છે. ભગવાને પરમ આનંદ તેમજ પરમપદની પ્રાપ્તિ કરી છે. તેથી તેમની ભક્તિ કરવાથી-પૂજના કરવાથી આપણે તેમના જેવા થઈ શકીએ. સહજ અવિનાશી એવું પરમ આનંદરૂપ આત્મસુખ મેળવી શકીએ.

**અવિસંવાદી નિમિત્ત છો રે, જગતજંતુ સુખકાજ, જિ.પૂ.**
**હેતુ સત્ય બહુમાનથી રે, જિન સેવ્યા શિવરાજ. ... જિ.પૂ. ૨**

હે ભગવાન ! આપ જગતના જીવોના સુખને માટે, આત્મિક સુખને માટે અવશ્ય કાર્ય (નિર્વાદરૂપ) સિદ્ધિ થાય તેવા નિમિત્તરૂપ છો. જે આપની પૂજા તે બહુમાનથી કરે છે તે અવશ્યપણે શિવપદ-મોક્ષપદને મેળવે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ઉપાદાન આતમ સહી રે, પુષ્ટાવલંબન દેવ, જિ.પૂ.**
**ઉપાદાન કારણ પણે રે, પ્રગટ કરે પ્રભુ સેવ. ... જિ.પૂ. ૩**

એ વાત સાચી છે કે સર્વ આત્માઓ પોતપોતાના ગુણ પ્રગટાવવા રૂપ કાર્યના ઉપાદાન જરૂરથી છે. પરંતુ એ ઉપાદાનને આવિર્ભાવ કરવામાં શ્રી અરિહંતદેવ જ મુખ્યપણે નિમિત્ત કારણરૂપ આલંબન છે. ઉપાદાનનું પ્રગટીકરણ પ્રભુની પૂજા-ભક્તિના નિમિત્તથી જ પ્રાપ્ત થાય છે.

**કાર્ય ગુણકારણપણે રે, કારણ કાર્ય અનૂપ; જિ.પૂ.**
**સકલ સિદ્ધતા તાહરી રે, માહરે સાધન રૂપ ... જિ.પૂ. ૪**

હે પ્રભુ ! આપે મેળવેલ શુદ્ધ સ્વરૂપ એ આપનો કાર્ય ગુણ છે, અને તે જ સાધકને પણ અનુપમ કારણરૂપે પરિણમે છે. આપે મેળવેલ સંપૂર્ણ સિદ્ધતા એ મારી સિદ્ધતા પ્રગટાવવા માટે પ્રધાન સાધન છે. **જેના વડે મારું ઉપાદાન કારણ શુદ્ધ થાય છે.**

**એક વાર પ્રભુ વંદના રે, આગમ રીતે થાય; જિ.પૂ.**
**કારણ સત્યે કાર્યની રે, સિદ્ધિ પ્રતીત કરાય. ... જિ.પૂ. ૫**

યથાર્થ રીતે જો એકવાર શ્રી અરિહંત ભગવંતને વંદન થઈ જાય તો તે કારણ સત્ય હોવાથી તેના જેવો એટલે કે અરિહંત ભગવંત જેવો સાધક થઈ જાય. સિદ્ધિની પ્રતીતિ તેને થઈ જાય. ઉપાદાન અને નિમિત્ત બન્ને સત્ય હોવાથી કાર્યસિદ્ધિ અવશ્ય પ્રાપ્ત થાય જ.

**પ્રભુ પણે પ્રભુને ઓળખી રે, અમલ વિમલ ગુણ ગેહ; જિ.પૂ.**
**સાધ્યદષ્ટિ સાધકપણે રે, વંદે ધન્ય નર તેહ. ... જિ.પૂ. ૬**

શ્રી અરિહંત પ્રભુને અમલ-સર્વ કર્મ મળથી રહિત અને વિમલ-ઉજ્જવળ ગુણોના ભંડારરૂપ પ્રભુતાને ઓળખી લે તો પોતાના આત્માની તેવી પ્રભુતા પ્રગટાવવા રૂપ સાધ્ય દૃષ્ટિથી સિદ્ધ કરવા જે સાધક



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રભુને વંદન કરે તે સાધક ધન્ય બની જાય છે, એટલે કે પોતાની શુદ્ધતાને - સિદ્ધિને મેળવી લે છે.

**જન્મ કૃતારથ તેહનો રે, દિવસ સફળ પણ તાસ; જિ.પૂ.**
**જગત શરણ જિન ચરણને રે, વંદે ધરીય ઉલ્લાસ ... જિ.પૂ. ૭**

આખા જગતના શરણભૂત એવા જિનેશ્વર ભગવંતના ચરણોને જે ઉલ્લાસ સાથે વંદન કરે છે તેનું જીવન કૃતાર્થ બને છે. અને એનો દિવસ પણ સફળ થઈ જાય છે એટલે ઇચ્છિતને મેળવી લે છે.

**નિજસત્તા નિજભાવથી રે, ગુણ અનંતનું ઠાણ; જિ.પૂ.**
**'દેવચંદ્ર' જીનરાજજી રે, શુદ્ધ સિદ્ધ સુખખાણ ... જિ.પૂ. ૮**

શ્રી જિનેશ્વર ભગવંતની અનંતગુણ રૂપ સ્વસત્તા સ્વભાવસ્થ બની છે. એટલે કે દેવોમાં ચંદ્ર સમાન જિનેશ્વર પ્રભુ અનંત ગુણ અને શુદ્ધ અવ્યાબાધ સુખની ખાણ-ભંડાર સમાન છે. શુદ્ધ સિદ્ધરૂપી સુખખાણરૂપ છે.

## ૪. શ્રી અભિનંદન જિન સ્તવન

**ક્યું જાણું ક્યું બની આવશે, અભિનંદન ! રસ રીતિ હો મિત્ત;**
**પુદ્ગલ અનુભવ ત્યાગથી, કરવી જસુ પરતીત હો મિત્ત.**
**... ક્યું. ૧**

હે મિત્ર આત્મા ! શ્રી અભિનંદન પ્રભુ સાથે એકતા મિલનરૂપ પ્રીતિ કેવી રીતે થઈ શકશે ? આમ આત્મા પોતે પોતાની સાથે વાત કરે છે. વિચારણા દ્વારા જાણે પોતે જ પોતાને જવાબ આપતો હોય તેમ બોલે છે કે પુદ્ગલના-પરભાવના-વિભાવભાવ તરફ જે દૃષ્ટિ છે તેના ભોગવટામાં રસ છે. તેનો જ અનુભવ કરવો ગમે છે. તેને ત્યાગી દેવાથી-તેનાથી ઉદાસીન થઈ જવાથી જ પરમાત્માપ્રભુ સાથે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આત્મ અનુભવરૂપ રસનો અનુભવ થઈ શકે.

**પરમાતમ પરમેશ્વરુ, વસ્તુગતે તે અલિપ્ત હો મિત્ત;**
**દ્રવ્યે દ્રવ્ય મિલે નહીં, ભાવે તે અન્ય અવ્યાપ્ત હો મિત્ત.**
**... ક્યું. ૨.**

પરમાત્મ સ્વરૂપી, ઈશ્વર એવા શ્રી અભિનંદન સ્વામી, આપ તો સંપૂર્ણ સ્વાધીન છો. વસ્તુતઃ સ્વભાવ વડે, પરભાવથી અલિપ્ત થઈ ગયા છો. નિશ્ચયથી કોઇપણ દ્રવ્ય અન્ય દ્રવ્ય સાથે મળી જતું નથી. તેવી જ રીતે અન્ય દ્રવ્યનો ભાવ પણ અન્ય દ્રવ્યમાં વ્યાપી શકતો નથી. તેથી દ્રવ્યથી, પ્રભુ બીજા દ્રવ્યથી અલિપ્ત છે, છૂટા થયેલા છે અને ભાવથી પણ પ્રભુ, બીજા દ્રવ્યથી અવ્યાપ્ત જ છે.

**શુદ્ધ સ્વરૂપ સનાતનો, નિર્મલ જે નિઃસંગ હો મિત્ત;**
**આત્મ વિભૂતિ પરિણમ્યો, ન કરે તે પરસંગ હો મિત્ત.**
**... ક્યું. ૩.**

શ્રી જિનેશ્વર ભગવંત તો સનાતન શુદ્ધ સ્વરૂપ - અવિનાશી સ્વરૂપને પામ્યા છે. જે સંપૂર્ણપણે કર્મમલથી રહિત થયા છે. અને તેથી સંપૂર્ણ અસંગતાને જ પ્રાપ્ત કરેલી છે અને આત્મ વિભૂતિ રૂપી ગુણોની પરિણતિમાં પરિણમન કરી રહ્યા છે તેથી ક્યારે પણ પરના સંગી થતા જ નથી.

**પણ જાણું આગમ બળે, મિલવું તુમ પ્રભુ સાથ હો મિત્ત;**
**પ્રભુ તો સ્વસંપત્તિમયી, શુદ્ધ સ્વરૂપનો નાથ હો મિત્ત.**
**... ક્યું. ૪.**

તીર્થંકર ભગવંત તો પોતાની શુદ્ધસ્વરૂપ રૂપી જે સંપત્તિ અને તેને આનુસંગિક ગુણોમય થઈ ગયા છે. તે પોતે પોતાના શુદ્ધસ્વરૂપના જ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભગવાન (નાથ) છે. તેથી કોઈ સાથે મળતા નથી. તેમને મેળવવાનો, તેમની સાથે તન્મય થઈ જવાનો માર્ગ આગમ દ્વારા સત્ શાસ્ત્ર-સદ્ગુરુ સતશ્રુત દ્વારા જાણવામાં આવ્યો છે.

**પરપરિણામિકતા અછે, જે તુજ પુદ્ગલ જોગ હો મિત્ત;**
**જડ, ચલ, જગની એંઠનો, ન ઘટે તુજને ભોગ હો મિત્ત.**
**... ક્યું. ૫**

*હે મિત્ર ! જીવ પુદ્ગલના સંયોગરૂપી યોગથી તું જે પરપદાર્થમાં* પરિણમી રહ્યો છે તે તારો દોષ છે. આ પુદ્ગલના ભોગમાં રક્તમાનપણું કરવું તે તારા માટે યોગ્ય નથી. કારણ કે એ જડ પદાર્થો તો ચંચળ છે અને તે પદાર્થોનો સર્વ જીવોએ અનેકવાર ઉપભોગ કર્યો હોવાથી એ જગતની એંઠ સમાન છે માટે તે પદાર્થોનો ભોગવટો કરવો એ તારા માટે હિતાવહ નથી.

**શુદ્ધ નિમિત્તી પ્રભુ ગ્રહો, કરી અશુદ્ધ પર હેય હો મિત્ત;**
**આત્માલંબી ગુણલયી, સહુ સાધકનો ધ્યેય હો મિત્ત.**
**... ક્યું. ૬**

હે મિત્ર ! ભગવાનને પ્રાપ્ત કરવા છે તો જે જાણીને છાંડવા યોગ્ય છે, અશુદ્ધ છે તેનો ત્યાગ કર અને આત્મામાં જ સંપૂર્ણ રમણતા રૂપ સ્વગુણાવલંબી એવા શુદ્ધ નિમિત્ત ભગવાન કે જે શુદ્ધ સ્વરૂપમાં લીન છે આ બધા સાધકનું આત્માનું ધ્યેય છે.

**જિમ જિનવર આલંબને, વધે, સધે એકતાન હો મિત્ત;**
**તિમ તિમ આત્માલંબની, ગ્રહે સ્વરૂપ નિદાન હો મિત્ત.**
**... ક્યું. ૭.**

શ્રી જિનેશ્વર ભગવંત, શ્રી અરિહંત ભગવંતનું આલંબન ગ્રહણ કરીને યથાયોગ્ય અભ્યાસ ઉપર કહ્યા પ્રમાણે કરે તો સાધક સાધ્યની



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એકત્ત્વતારૂપ સિદ્ધતા થઈ જાય છે. અને એમ કરીને સાધક ચોક્કસ પોતાના સ્વરૂપને ગ્રહણ કરે.

**સ્વસ્વરૂપ એકત્વતા, સાધે પૂર્ણાનંદ હો મિત્ત;**
**રમે ભોગવે આત્મા, રત્નત્રયી ગુણવૃંદ હો મિત્ત.**
**... ક્યું. ૮**

આ પ્રમાણે સ્વરૂપમાં રમણતારૂપ સ્વભાવને મેળવીને તેમાં એકતાન થઇને રમણતા કરવાથી આત્મા પૂર્ણાનંદ સ્વરૂપને પ્રગટાવે છે. અને તે આત્મા સદાકાળ -જ્ઞાન-દર્શન-ચારિત્ર-રત્નત્રયી આદિ પોતાના અનંત ગુણોમાં રમણતા કરે છે, તેનો ભોગવટો કરે છે.

**અભિનંદન અવલંબને, પરમાનંદ વિલાસ હો મિત્ત;**
**'દેવચંદ્ર' પ્રભુ સેવના, કરી અનુભવ અભ્યાસ હો મિત્ત.**
**... ક્યું. ૯**

આ પ્રમાણે શ્રી અભિનંદન સ્વામી, શ્રી અરિહંત ભગવાનની ભક્તિથી તેમજ આલંબનથી આત્મા પોતાની પરમાનંદના વિલાસરૂપ સમાધિને પ્રાપ્ત થાય છે. માટે દેવોમાં ચંદ્ર સમાન એવા શ્રી અરિહંત પરમાત્માની અનુભવના અભ્યાસપૂર્વક ભક્તિ કરતો થાય છે.

## ૫. શ્રી સુમતિ જિન સ્તવન

**અહો શ્રી સુમતિ જિન; શુદ્ધતા તાહરી, સ્વગુણ પર્યાય પરિણામ રામી;**
**નિત્યતા એકતા અસ્તિતા ઇતરયુત,ભોગ્ય ભોગી થકો પ્રભુ અકામી.. અહો. ૧**

હે સુમતિનાથ જિનેશ્વર આપની શુદ્ધતા જે સ્વગુણ પર્યાયમાં રમણતા કરવા રૂપ છે તે અતિશય આશ્ચર્યકારક છે કારણ કે તે શુદ્ધતા નિત્યતા, એકતા-અનેકતા, અસ્તિતા-નાસ્તિતા તથા તેનાથી પરસ્પર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિરુદ્ધ ધર્મોથી-ગુણોથી યુક્ત છે. તેમજ તેનો ભોગવટો કરતાં હોવા છતાં આપ અકામી-કામના રહિત ગણાઓ છો. એ પણ આશ્ચર્ય પમાડે છે.

હવે નિત્યતા-અનિત્યતા કેવી રીતે તે સમજાવે છે.

**ઉપજે વ્યય લહે, તહવિ તેહવો રહે, ગુણ પ્રમુખ બહુલતા તહવિ પિંડી;**
**આત્મભાવે રહે અપરતા નવિ ગ્રહે, લોકપ્રદેશમિત પણ અખંડી. અહો. ૨**

દરેક દ્રવ્યમાં ઉત્પાદ, વ્યય, ધ્રુવપદનું અસ્તિત્વ છે. માટે નિત્યાનિત્ય છે. દરેક દ્રવ્યનો અથવા તેના ગુણનો નવો પર્યાય ઉત્પન્ન થાય છે અને પૂર્વે ઉત્પન્ન થયેલો પર્યાય નાશ પામે છે. છતાં દ્રવ્ય દ્રવ્યપણે અને ગુણ ગુણપણે તેમના તેમ રહે છે. એટલે કે ધ્રુવ રહે છે. આમાં ઉપજે વિણસે તે અનિત્યતા પર્યાયની થઈ અને દ્રવ્યરૂપે ધ્રુવ રહે, ગુણ તરીકે ધ્રુવ રહે તે નિત્યતા થઈ. તેમજ આત્માને વિષે જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, દાન, લાભ, ભોગ, ઉપભોગ, અરૂપી, અગુરુલઘુ, અવ્યાબાધતા ઇત્યાદિ અનંતા ગુણ છે. તે સર્વ ગુણ ભિન્ન ભિન્ન છે તેથી અનેકતા છે અને તે સર્વ ગુણ સમુદાય રૂપ છે પણ ક્યારેય ભિન્ન ક્ષેત્રી થતા નથી. તે અનંત ગુણ પર્યાયનો એક પિંડ એવો આત્મા છે તે રૂપ એકતા છે. શ્રી જિનેશ્વર ભગવંત કેવા છે ? સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવપણે અસ્તિવાળા છે. તે અસ્તિભાવ ક્યારેય પણ નાશ પામતો નથી તેથી આત્મભાવે રહે છે અને ક્યારેય પણ અપર કહેતાં બીજા દ્રવ્યના ભાવમાં જતા નથી. માટે સ્યાત્ અસ્તિપણે છો. પરદ્રવ્યના ધર્મને ગ્રહણ કરતા નથી તેથી સ્યાત નાસ્તિરૂપ છે.

પોતે આખા લોકમાં ફેલાઈ શકવાની શક્તિ આત્મપ્રદેશો દ્વારા ધરાવતા છતાં ક્યારેય પણ આત્મપ્રદેશો આપનાથી જુદા થઈ જતા નથી. તેથી આપ અખંડી છો.

**કાર્ય કારણપણે પરિણમે તહવી ધ્રુવ, કાર્ય ભેદે કરે પણ અભેદી;**
**કર્તૃતા પરિણમે નવ્યતા નવિ રમે, સકલ વેત્તા થકો પણ અવેદી..... અહો. ૩**

હે પ્રભુ ! આપના ઉપાદાન કારણરૂપ જ્ઞાનાદિ સર્વગુણો પોતપોતાના કાર્યરૂપે પરિણમે છે. તેથી ઉત્પાદ તેમજ વ્યય ધર્મ છે. અને દ્રવ્ય તથા ગુણોનો અભાવ કદી થતો નથી એ તેનો ધ્રુવ ધર્મ છે.

જ્ઞાનગુણ જાણવાનું, ચારિત્રગુણ સ્થિરતાનું એમ આપના સર્વ ગુણો પોતપોતાના ભિન્ન ભિન્ન કાર્ય કરે છે તે ભેદ સ્વભાવ છે. એમ કાર્યભેદે અનેકતા છે, એ બધા ગુણોમાં કાર્યભેદ હોવા છતાં તે ગુણો ક્યારેય પણ આત્માથી જુદા થઈ શકતા નથી એથી અભેદરૂપે છે તે એકતા છે. તેથી કાર્યરૂપે ઉત્પાદ થયો અને કારણરૂપે વ્યય થયો, તે અનિત્યતા. અને તે જ્ઞાન આદિ ગુણો ગુણરૂપે ધ્રુવ રહ્યો એ નિત્યતા છે. હે ભગવાન, આપ જ્ઞાનાદિ કાર્યના કર્તા હોવાથી કર્તૃત્વ રૂપે પરિણમે છે, છતાં આપ તેમાં કાંઈ નવિનતા પામતા નથી અર્થાત અસ્તિ સ્વભાવ તેનો તે જ કાયમ રહે છે. હે પ્રભુ આપ સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયોના તથા ત્રણે કાળના જાણપણાવાળા હોવા છતાં આપ વેદથી રહિત હોવાથી અવેદી છો.

**શુદ્ધતા, બુદ્ધતા દેવ પરમાત્મતા, સહજ નિજભાવભોગી અયોગી;**
**સ્વપર ઉપયોગી તાદાત્મ્ય સત્તારસી, શક્તિ પ્રયુંજતો ન પ્રયોગી ... અહો. ૪**

હે સુમતિનાથ ભગવંત, આપ સર્વ પુદ્ગલ ભાવોથી તેમજ તેના સંગથી રહિત છો. તેથી આપે સંપૂર્ણ શુદ્ધતાને પ્રાપ્ત કરેલ છે. શુદ્ધતા પ્રાપ્ત થયેલી હોવાથી આપ સંપૂર્ણ જ્ઞાન- દર્શન એવા કેવળજ્ઞાનદર્શનના ભોકતા છો તેથી બુદ્ધ કહેવાઓ છો. તેમજ જ્ઞાનાવરણીયાદિ કર્મોથી રહિત સ્થિતિ તે જ પરમાત્માપણું છે. તેમજ આપ સહજ કહેતા સ્વભાવના-પોતાના જ્ઞાનાદિક અનંતા ધર્મો તેના ભોગી છો એટલે તેમાં જ રમણતા કરી રહ્યા છો છતાં પણ આપ મન, વચન, કાયાના



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

યોગોના પ્રવર્તનથી રહિત છો. તેમજ આપ સ્વ એટલે પોતાના આત્મતત્ત્વ તેના ઉપયોગી છો એટલે કે તેને સંપૂર્ણપણે જાણો છો. તેમજ પર કહેતાં બીજા અનંત આત્માઓ તેમજ બાકીના સર્વ દ્રવ્યો તેના જાણનાર છો. સ્વપરનું જાણપણું હોવા છતાં ભોગવટો તો એક આત્મધર્મ-ગુણોનો કરો છો. જે પોતાનો સત્તા ધર્મ તેના રસિયા છો. આપે જે આત્માની અનંત શક્તિ છે, તેને કર્મદળને ખપાવીને પ્રગટ કરી છે. એટલે કે સર્વ પ્રકારનું કર્તૃત્વ, ભોક્તૃત્વ, જ્ઞાયકત્વ, પારિણામિકત્વ, ગ્રાહકત્વ આદિ શક્તિ પ્રવર્તી રહી છે. તથાપિ તેને પ્રવર્તાવવામાં કોઈ જાતનો પ્રયોગ આપને કરવો પડતો નથી. સહજપણે થઈ રહ્યું છે.

**વસ્તુ નિજ પરિણતે સર્વ પરિણામકી, એટલે કોઈ પ્રભુતા ન પામે;**
**કરે જાણે રમે અનુભવે તે પ્રભુ, તત્ત્વ સ્વામિત્વ શુચિ તત્ત્વ ધામે. ... અહો. ૫**

દરેક દ્રવ્ય નિત્યાનિત્ય આદિ ધર્મવાળા હોવાથી પોતાની પરિણતિમાં જ પરિણમે છે પરંતુ તેટલા માત્રથી તે સર્વ દ્રવ્યો પ્રભુતા એટલે પ્રભુત્વને પામતા નથી. પરંતુ જે પોતાના સ્વભાવનો કર્તા થાય, વસ્તુ માત્રનો જ્ઞાતા થાય, સ્વગુણોમાં રમણતા કરનાર થાય, આત્મ સ્વભાવનો અનુભવી હોય તેમજ વસ્તુ સ્વભાવનો એટલે પોતાના સ્વભાવનો સ્વામી હોય તથા શુદ્ધ તત્ત્વરૂપ શુચિનું ધામ બને તે પરમાત્મા કે પરમેશ્વર કહેવાય છે.

**જીવ નવિ પુગ્ગલી, નૈવ પુગ્ગલ કદા, પુગ્ગલાધાર નહિ તાસરંગી;**
**પરતણો ઇશ નહીં અપર ઐશ્વર્યતા, વસ્તુધર્મે કદા ન પરસંગી.... અહો. ૬**

જીવ એ પુદ્ગલી પદાર્થ નથી, પુદ્ગલ નથી, તેમ પુદ્ગલનો આધાર પણ નથી. વસ્તુ સ્વરૂપે એ પુદ્ગલના રંગવાળો પણ નથી. એટલે તેનો અનુરાગી નથી. પોતાની સ્વરૂપ સત્તા સિવાય જે અન્ય તેનો તે સ્વામી નથી, કારણ કે પરની ઐશ્વર્યતા સ્વરૂપને વિષે હોય નહીં તેમજ વસ્તુ સ્વરૂપે જીવ પરભાવનો સંગી પણ નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**સંગ્રહે નહીં, આપે નહીં પરભણી, નવિ કરે આદરે ન પર રાખે;**
**શુદ્ધ સ્યાદ્વાદ નિજ ભાવ ભોગી જિકે,તેહ પરભાવને કેમ ચાખે !... અહો. ૭**

હે ભગવાન ! આપ કેવા છો ? જે પરવસ્તુનો કે પરભાવનો સંગ્રહ મારાપણાના ભાવથી કરતા નથી. તેમજ પોતાની વસ્તુને બીજાને આપી પણ દેતા નથી અથવા તો પુદ્ગલ પદાર્થોને પણ બીજાને આપતા નથી. પર પદાર્થના ભાવ કરતા નથી, તેથી તેને આદરતા પણ નથી. પરવસ્તુને રાખતા પણ નથી. આપ તો શુદ્ધ સ્યાદ્વાદ રૂપ જે શુદ્ધ દ્રવ્યનો ધર્મ છે એટલે કે પોતાના ભાવ-અનંત જ્ઞાન-દર્શનાદિક તેના જ ભોગી છો. પોતાના સ્વભાવરૂપ જ્ઞાન-દર્શનાદિકનો ભોગવટો કરી રહ્યા છો તેવા આપ પરભાવમાં રમણતા કેમ કરો ? ન જ કરો.

**તાહરી શુદ્ધતા ભાસ આશ્ચર્યથી, ઊપજે રુચિ તેણે તત્ત્વ ઇહે;**
**તત્ત્વરંગી થયો દોષથી ઉભગ્યો, દોષ ત્યાગે ઢલે તત્ત્વ લીહે.... અહો. ૮**

હે ભગવાન ! આપના અનંત જ્ઞાન ગુણાદિ તથા શુદ્ધ સ્વરૂપનું ભાન થતાં આપના જેવા થવા માટેની રુચિ ઉત્પન્ન થાય. અને વિચારે કે મારો આત્મા ક્યારે કર્મરહિત આપ જેવો થઈ શકે ? મારા ગુણોનો ભોગવટો કેવી રીતે કરી શકું ? પુદ્ગલ ભાવોને કયારે ત્યજી શકું ? (એમ સુવિચારણા રૂપ પરિણતિ થાય તેને રુચિ ઉત્પન્ન થઈ કહેવાય.) તે રુચિ રૂપ વિચારણા થવાથી જીવ તત્ત્વ પામવાની ઇચ્છા કરે તેમ તેમ તત્ત્વનો રંગ પ્રગટતો જાય, જેમ જેમ તત્ત્વનો રંગી થતો જાય તેમ તેમ રાગ, દ્વેષ, કષાય વિગેરે દોષોથી પાછો ફરે.

**શુદ્ધ માર્ગે વધ્યો સાધ્ય સાધન સધ્યો, સ્વામી પ્રતિછંદે સત્તા આરાધે,**
**આત્મનિષ્પત્તિ તિમ સાધના નવિ ટકે, વસ્તુ ઉત્સર્ગ આતમ સમાધે. ... અહો. ૯**

આમ આગળ કહેવામાં આવ્યું તે રીતે શુદ્ધમાર્ગમાં-મોક્ષમાર્ગમાં સ્વભાવ રમણતારૂપ સિદ્ધિ સાધના દ્વારા મેળવીને આગળ વધતો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાધક હે ભગવાન આપના જેવી જ આત્મસત્તાને પ્રગટ કરે છે, એટલે કે નિષ્કર્મ, નિર્મળ, શુદ્ધાનંદરૂપ પદનો ભોગવટો પ્રાપ્તકરે છે. જેમ આત્મા પ્રગટ થતો જાય, સહજ સ્થિતિ તરફ આગળ વધતો જાય તેમ તેમ સાધના કહેતા કારણપણું ટકે નહીં એટલે કે જેમ કાર્ય નિપજે તેમ કારણતા ટળતી જાય. જ્યારે વસ્તુ કહેતા જીવ પદાર્થ સંપૂર્ણ આત્મારૂપ સમાધિરૂપ પરમાનંદને મેળવે ત્યારે કારણતા રહે નહીં એટલે કે પછી સાધનાના સાધનો રહે નહીં.

**માહરી શુદ્ધ સત્તા તણી પૂર્ણતા, તેહનો હેતુ પ્રભુ તુંહિ સાચો;**
**દેવચંદ્રે સ્તવ્યો મુનિગણે અનુભવ્યો, તત્ત્વ ભક્તે ભવિક સકળ રાચો.... અહો. ૧૦**

તેથી હે પ્રભુ ! મારી શુદ્ધ નિર્મળ આત્મસત્તા અને તેની પૂર્ણતા કરવાને માટે આપ જ નિમિત્ત કારણ છો. પ્રત્યક્ષ જ્ઞાનવંત એવા જ્ઞાનીનું નિમિત્ત પામ્યા વિના મારો મોક્ષ કેમ થાય ? સંસાર પરિભ્રમણ કેમ નાશ પામે ? દેવચંદ્ર સ્વામી કહે છે કે દેવોએ જેની સ્તવના કરી અને મુનિઓએ જેને અનુભવ્યો તેવા અરિહંત દેવની તત્ત્વરૂપ ભક્તિમાં મગ્ન થાઓ.

## ૬. શ્રી પદ્મપ્રભ જિન સ્તવન

**શ્રી પદ્મપ્રભજિન ગુણનિધિ રે લાલ, જગતારક જગદીશ રે; વા.**
**જિન ઉપગાર થકી લહેરે લાલ, ભવિજન સિદ્ધિ જગીશ રે. ... વા. ૧**

હે પદ્મપ્રભુ ! આપ ગુણના ભંડાર છો. જગતના ઇશ-પરમાત્મા છો, જગતના જીવોને તારનારા છો. આપની કૃપાથી (પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષની) ભવ્ય જીવો સિદ્ધ પદના સુખની આત્મસ્વરૂપ રમણતા રૂપ સંપૂર્ણ સિદ્ધિને મેળવે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**તુજ દરિશણ મુજ વાલહું રે લાલ, દરિશણ શુદ્ધ પવિત્ત રે વા.;**
**દરિશણ શબ્દનયે કરે રે લાલ, સંગ્રહ એવંભૂત રે વા.... તુ. ૨**

હે ભગવાન ! આપનું દર્શન, સમ્યક્દર્શન મને અત્યંત પ્રિય છે. કારણ કે આપનું જે દર્શન તે મારા આત્માને કર્મમલથી રહિત-સંપૂર્ણ શુદ્ધ પવિત્ર બનાવે છે. તે વાતનું નયની અપેક્ષાએ અત્રે સ્પષ્ટીકરણ કરે છે.

હે પ્રભુ, તારું દર્શન કરવું તે અંતરંગ અરિહંતના સ્વરૂપ આસ્વાદન સહિત પ્રભુતાનું અવલોકન તે શબ્દનયે પ્રભુનું દર્શન થયું. વસ્તુની સત્તાને જે ગ્રહે તે સંગ્રહનય છે અને તે વસ્તુની સત્તા-સકળ પર્યાય, પારિણામિકતા રૂપ પ્રગટે તે એવંભૂતનય છે. સંગ્રહનયે કરીને સર્વ જીવ સંપૂર્ણ સિદ્ધ સમાન છે (સત્તાપણે) અને તે સત્તાને પોતાના સર્વ આવરણ ક્ષય કરી સંપૂર્ણ સિદ્ધ કરે - આવરણમાંથી પ્રગટમાં આણે તે એવંભૂત નયે થયું એમ કહેવાય. એટલે કે જે સંગ્રહનયે શુદ્ધ સત્તા હતી તે એવંભૂતનયે પૂર્ણ શુદ્ધતાને પ્રાપ્ત કરે છે. એટલે કે સંગ્રહનય, એવંભૂતનયે પરિણમી જાય છે.

**બીજે વૃક્ષ અનંતતા રે લાલ, પસરે ભૂજલ યોગ રે; વા.**
**તિમ મુજ આતમસંપદા રે લાલ, પ્રગટે પ્રભુ સંયોગ રે. વા.... તુ. ૩**

અહીંયા કારણ-કાર્ય ભાવની સ્પષ્ટતા કરે છે. જેમ બીજ હોય તેમાં અનંત વૃક્ષો ઉપજાવવાની શક્તિ છે, પણ જ્યારે માટીમાં નાખે અને પાણીનો સંયોગ થાય ત્યારે તે ઉગે છે તેવી જ રીતે ઉપાદાન ધર્મ છે તે નિમિત્ત કારણ વગર પ્રગટે નહીં. એટલે અહીં ઉપાદાન કારણરૂપે મારી આત્મસંપદા સત્તારૂપે છતી છે પણ તેને જ્યારે પ્રગટ એવા અરિહંતનું નિમિત્ત મળે ત્યારે જ તે પ્રગટે છે. અરિહંત ભગવંતના સંયોગ રૂપ નિમિત્ત મળે ત્યારે જ આત્મસંપદા પ્રાપ્ત થાય. ત્યારે જ ઉપાદાન ધર્મ તેની શુદ્ધ સત્તાને મેળવે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**જગતજંતુ કારજ રુચિ રે લાલ, સાધે ઉદયે ભાણ રે; વા.**
**ચિદાનંદ સુવિલાસતા રે લાલ, વાધે જિનવર ઝાણ રે. વા.... તુ. ૪**

સર્વ જગતવાસી જીવો પોતાની રુચિ પ્રમાણે કાર્ય કરવા માટે સૂર્યના ઉદય થવાપણાને નિમિત્ત તરીકે લે છે. એટલે કે સૂર્યનો ઉદય થતાં સર્વ જગતના જીવો બાહ્ય પૌદ્‌ગલિક વસ્તુઓને પ્રાપ્ત કરવા માટે પુરુષાર્થ પોતાની રુચિ પ્રમાણે આદરે છે. તેમ મારો આત્મા ચિદ્ એટલે જ્ઞાન અને આનંદ એટલે અવ્યાબાધ સુખરૂપ આનંદવાળો નિશ્ચયનયથી છે, પણ તે ચિદાનંદ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે આપ જેવાનું પુષ્ટ નિમિત્ત મળવું જરૂરી છે. શ્રી અરિહંત ભગવાન ચિદાનંદ સ્વરૂપ રમણતા પ્રાપ્ત કરવા માટે નિમિત્ત કારણ છે.

**લબ્ધિ સિદ્ધિ મંત્રાક્ષારે રે લાલ, ઉપજે સાધન સંગ રે; વા.**
**સહજ અધ્યાતમ તત્ત્વતા રે લાલ, પ્રગટે તત્ત્વીરંગ રે. વા. ... તુ. ૫**

વિવિધ પ્રકારની લબ્ધિઓ મંત્રાક્ષરોની સાધના દ્વારા મેળવી શકાય છે પણ તે લબ્ધિ, સિદ્ધિ મેળવવા માટે ઉત્તર સાધકની જરૂર પડે છે અને તો જ તે સિદ્ધિઓ કે લબ્ધિઓ પ્રાપ્ત થાય છે. તેવી જ રીતે સહજ સ્વભાવરૂપ આત્માથી તન્મયપણે રહેલી જ્ઞાન-દર્શનાદિક આત્મિક પરિણતિ વસ્તુધર્મે રહેલી છે છતાં પણ તેની પ્રાપ્તિ માટે શુદ્ધ નિર્મલ, આત્મસ્વરૂપ ભોગી, પુદ્‌ગલના ભાવોથી રહિત એવા જ્ઞાનીપુરુષના આલંબનથી તત્ત્વનો રંગ પ્રગટે છે ત્યારે જ કર્મથી રહિત એવો નિરાવરણ પ્રગટ ભાવ ઉપજે છે.

**લોહ ધાતુ કંચન હુવે રે લાલ, પારસ ફરસન પામિ રે; વા.**
**પ્રગટે અધ્યાતમદશા રે લાલ, વ્યક્ત ગુણી ગુણગ્રામ રે. વા... તુ. ૬**

લોઢાની અંદર સુવર્ણ થવાની સત્તા છે, તો પણ પારસનું બાહ્ય નિમિત્ત પામીને પોતાના સોનાપણાના પર્યાયને મેળવે છે. તેમ ભવ્ય જીવની પણ શુદ્ધ આત્મિક દશા સત્તારૂપે રહેલી છે, તેને પ્રગટરૂપે-



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આવરણ રહિત કરવા માટે પ્રગટ સ્વરૂપે રહેલા શ્રી અરિહંત પ્રભુના નિમિત્તની જરૂર પડે છે. તેમના ગુણગ્રામ કરતા કરતા, આત્મા એમનો ગુણાનુયાયી થઇને તેમના જેવું જ સંપૂર્ણ ગુણીપણું પામે છે. એટલે કે જ્ઞાની ભગવંતનું શુદ્ધ નિમિત્ત મળવાથી જ આપણું તત્ત્વ પ્રગટે છે.

**આત્મસિદ્ધિકારજ ભણી રે લાલ, સહજ નિયામક હેતુ રે; વા.**
**નામાદિક જિનરાજના રે લાલ, ભવસાગરમાંહે સેતુ રે. વા. .. તુ. ૭**

આત્મસિદ્ધિ સહજપણે પ્રાપ્ત કરવાને માટે સહજ નિયામક એવા શ્રી વીતરાગદેવ-જ્ઞાની ભગવંતને મેળવીને નિશ્ચયથી ભવ્ય જીવ મોક્ષપદને મેળવે. તેના માટે શ્રી અરિહંત પરમાત્માના નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવરૂપ ચારે નિક્ષેપા સંસાર સાગરમાં સેતુ-પુલ સમાન છે. એટલે કે શ્રી અરિહંતનું નામ શ્રવણ કરવું, ઉચ્ચારવું તે નામ-નિક્ષેપ કહેવાય. શ્રી અરિહંતની મુદ્રાની સ્થાપના કરવી તે સ્થાપના નિક્ષેપ કહેવાય. શ્રી અરિહંત ભગવંતના શારીરિક તેમજ બાહ્ય અતિશયને વિચારવા તે દ્રવ્ય નિક્ષેપ કહેવાય. શ્રી અરિહંત ભગવંતના ગુણોનું અવલંબન લેવું તે ભાવનિક્ષેપ કહેવાય છે. આ ચારે નિક્ષેપા ભવરૂપ સમુદ્રમાં સાધકને માટે સેતુ કહેતા પુલ સમાન છે. એટલે કે તે પ્રમાણે ચારે નિક્ષેપાને અવલંબીને આત્મસિદ્ધિ કરી શકાય.

**સ્થંભન ઇંદ્રિયયોગનો રે લાલ, રક્ત વરણ ગુણ રાય રે; વા.**
**'દેવચંદ્ર' વૃંદે સ્તવ્યો રે લાલ, આપ અવર્ણ અકાય રે. વા. ... તુ. ૮**

અનંતગુણના સ્વામી એવા શ્રી પદ્મપ્રભુના શરીરની રક્ત વર્ણની લાલ કાંતિ સાધક માટે ઇંદ્રિયો તથા મન, વચન, કાયાના યોગોને સ્થિર કરવા માટે સ્થંભન મંત્ર જેવી છે. એટલે કે ઇંદ્રિયો તથા યોગોને સ્થિર કરવા માટે આલંબન રૂપ થાય છે. દેવેન્દ્રોના સમૂહથી સ્તુતિ કરાયેલા પ્રભુ શુદ્ધ, નિર્મળ છે. તેમજ તેઓ અવર્ણ, અગંધ, અફરસ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એવા અકાયી છે. ભાવકર્મ, દ્રવ્યકર્મથી રહિત છે.

આ સ્તવનમાં નિમિત્ત કારણની યથાર્થતા સમજાવી છે.

## ૭. શ્રી સુપાર્શ્વ જિન સ્તવન

**શ્રી સુપાસ આનંદમેં, ગુણ અનંતનો કંદ હો જીનજી,**
**જ્ઞાનાનંદે પૂરણો, પવિત્ર ચારિત્રાનંદ હો જિ. ... શ્રી સુ. ૧**

હે શ્રી સુપાર્શ્વ પ્રભુ ! આપ શુદ્ધ આનંદમયી છો. જેમાં પર ભાવનું મિશ્રણ નથી. દ્રવ્ય આશ્રિત જે સહભાવી ગુણો - એવા જ્ઞાનાદિક અનંત ગુણના કંદ છો એટલે મૂળ છો. તે જ્ઞાનગુણ સર્વ પ્રદેશથી નિરાવરણરૂપ તેને આનંદે કરી પૂરણ છો. તેમજ પાવન કહેતાં પવિત્ર છો, પૂર્ણ છો. વળી કષાય તેમજ પુદ્ગલ ફળ આશાથી દોષ રહિત એવું સ્થિરતારૂપ સ્વરૂપ તે ચારિત્રની રમણતારૂપ આનંદથી આપ ભરપૂર છો. તેથી ચારિત્ર આનંદમયી આપ છો. પવિત્ર નિર્મલ છો.

**સંરક્ષણ વિણ નાથ છો, દ્રવ્ય વિના ધનવંત હો, જિ.**
**કર્તાપદ કિરિયા વિના, સંત અજેય અનંત હો. જિ. ... શ્રી સુ. ૨**

આપ કોઈ અન્ય જીવનું દ્રવ્યથી રક્ષણ કરતા નથી, કોઈનું આપને રક્ષણ નથી છતાં નાથ કહેવાઓ છો. પણ જગતજીવોના શરણ-આધારરૂપ છો. મોક્ષના હેતરૂપ છો તેથી નાથ કહેવાઓ છો. વળી પુદ્ગલાશ્રિત ધન આપની પાસે નથી. સંપૂર્ણ પરિગ્રહ રહિત છો તો પણ આપ જ્ઞાનાદિ સ્વગુણ રૂપ અનંતધન આપની પાસે હોવાથી ધનવંત કહેવાઓ છો. પરભાવના કર્તા નથી સંપૂર્ણપણે અક્રિય છો પણ આત્મસ્વભાવ રમણરૂપ ક્રિયાના આપ કર્તા છો. હે પ્રભુ ! આપ સંત છો - શાંત છો. રાગદ્વેષ વિગેરેથી અજેય છો. કોઈ કાળે નાશ પામવાપણું રહ્યું નથી તેથી અનંતકાળ રહે તેવી સ્થિતિને પામ્યા છો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અગમ અગોચર અમર તું, અવ્યય ઋદ્ધિસમૂહ હો, જિ.**
**વર્ણ, ગંધરસ ફરસવિણુ, નિજભોકતા ગુણવ્યૂહ હો. જિ... શ્રી સુ. ૩**

હે પ્રભુ, આપ અગમ એટલે સહેલાઇથી ઓળખી ન શકાય તેવા છો. એટલે કે પોતાના સ્વચ્છંદે આપને ઓળખવા મથે તો આપ અગમ છો. આપ ઇન્દ્રિયોથી અગોચર એટલે દેખી શકાય નહીં તેવા આપ છો. વળી આપ મૃત્યુંજયી થયા છો તેથી અમર કહેવાઓ છો. આપ સહજ ગુણોમય છો એટલે જ્ઞાનાદિક ગુણોથી આપ અન્વયી છો એટલે એનામય જ છો. તેનાથી જુદું સ્વરૂપ આપનું નથી. વળી આપ ઋદ્ધિ કહેતાં જ્ઞાનાદિ ગુણરૂપી સંપદા તેના સમૂહરૂપ છો. અને કષાયાદિ દોષના નાશથી અકષાયાદિ જે ભાવ ઉપજ્યા છે તે આપનો અન્વય ગુણ કહીએ તેના સમૂહરૂપ છો. વળી પુદ્‌ગલના ગુણધર્મ વર્ણ, રસ, ગંધ અને સ્પર્શથી આપ રહિત છો અને પોતાનો જે સ્વરૂપધર્મ તેના ભોકતા છો અને ગુણના સમૂહરૂપ છો.

**અક્ષય દાન અચિંતના, લાભ અયત્ને ભોગ હો, જિ.**
**વીર્ય શક્તિ અપ્રયાસતા, શુદ્ધસ્વગુણ ઉપભોગ હો. જિ... શ્રી સુ. ૪**

આપના અનંતગુણો પરસ્પર સહકારરૂપ અક્ષયદાન પ્રદાન કરે છે. તેમજ અક્ષયદાન આપવા માટે પણ આપ સમર્થ છો. અને અનંત ગુણોની સહાયવડે આપ અણચિંત્યા લાભના ધણી છો, તેથી જ્ઞાનાદિ ગુણોનો અનંત લાભ પણ થાય છે. આપની વીર્ય શક્તિ સંપૂર્ણપણે સ્ફુરાયમાન થયેલ હોવાથી પ્રતિ સમયે કોઇપણ પ્રયત્નવગર અનંત પર્યાયને જાણવા દેખવારૂપ ભોગવટો કરી રહ્યા છો. તેથી શુદ્ધ સ્વગુણના ઉપભોકતા પણ આપ થયા છો.

**એકાંતિક આત્યંતિકો, સહજ અકૃત સ્વાધિન હો, જિ.**
**નિરુપચરિત નિર્દ્વન્દ્વ સુખ, અન્ય અહેતુક પીન હો. જિ. ... શ્રી. સુ. ૫**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે પ્રભુ ! આપને જે સુખ પ્રગટ્યું છે તે એકાંતિક છે કે જે ક્યારેય નાશ ન પામે તેવું છે. વળી આત્યંતિક એટલે એનાથી વધારે કોઈ સુખ નથી. અને પાછું તે સહજ સ્વભાવનું સુખ (બીજા વડે ન કરવામાં આવેલું) અને પાછું પોતાને સ્વાધીન એવું સુખ છે. તે સુખ નિરુપચરિત છે એટલે કે સુખમાં કાંઈ ઉપચારપણું નથી. દા.ત. સંસારમાં શાતા વેદનીય છે તે ઉપચરિત સુખ છે કારણ તે શાતા મધ્યે સુખધર્મ છે જ નહીં. શાતાનો ઉદય તે પણ સ્વધર્મ રોધક છે કારણ કે તે પુદ્‌ગલકર્મનો વિપાક છે. ઔદયિક તે સુખ નથી પણ જે નિરુપમ સિદ્ધ સ્વભાવરૂપ આત્મસ્વભાવ પ્રગટે તે જ સાચું સુખ છે. નિર્દ્વન્દ્વ એટલે જેમાં અન્ય જીવ અથવા અન્ય અજીવ દ્રવ્યનો સંયોગ નથી તેવું સુખ છે. સિદ્ધ સુખમાં અન્ય દ્રવ્યનું હેતુપણું હોતું નથી. વળી તે પીન એટલે પુષ્ટ છે, પ્રબલ છે.

**એક પ્રદેશે તાહરે, અવ્યાબાધ સમાય હો, જિ.**
**તસુ પર્યાય અવિભાગતા, સર્વાકાશ ન માય હો. જિ... શ્રી. સુ. ૬**

હે પ્રભુ ! આપને પ્રાપ્ત થયેલું આત્મસુખ-અવ્યાબાધ સુખ જે સર્વ આત્મપ્રદેશોમાં પૂર્ણપણે પ્રગટેલું છે. તેમાંથી એક પણ આત્મપ્રદેશમાં રહેલા અવ્યાબાધ સુખપર્યાયના અવિભાગને- સુક્ષ્મ અંશને એક એક આકાશ પ્રદેશ ઉપર ગોઠવવામાં આવે તો પણ તે લોકાલોકમાં સમાઈ ન શકે એવી સ્થિતિ અવ્યાબાધ સુખના વિશાળપણાની છે.

**એમ અનંત ગુણનો ધણી, ગુણગણનો આનંદ હો, જિ.**
**ભોગ રમણ આસ્વાદયુત, પ્રભુ તું પરમાનંદ હો. જિ... શ્રી. સુ. ૭**

એમ અનંત જ્ઞાનાદિ ગુણોના આપ પ્રભુ છો. વળી એ ગુણનો સંપૂર્ણ રીતે - દરેક ગુણનો જુદો એવો આનંદ ભોગવી રહ્યા છો. આપ પરમ આનંદમય છો તેમ આપ સ્વગુણભોગ રમણતા અને આસ્વાદયુક્ત અનંત એવા પરમ આનંદમાં વિલાસ કરી રહ્યા છો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અવ્યાબાધ રુચિ થઈ, સાધે અવ્યાબાધ હો, જિ.**
**દેવચંદ્ર પદ તે લહે, પરમાનંદ સમાધ હો. જિ. ... શ્રી સુ. ૮**

જેવું પરમાનંદરૂપ અવ્યાબાધ સુખ શ્રી સુપાર્શ્વ પ્રભુને વિષે છે, એવું જ સુખ મારા વિષે પણ છે, એવું જાણપણું થવાથી ભવ્ય જીવને ઉપયોગ આવ્યો કે હું પણ જ્ઞાનાદિ અનંત ગુણોનો ધણી છું. એમ જાણતાં તે અવ્યાબાધ સુખને પ્રાપ્ત કરવા માટે પુરુષાર્થ આદરે છે અને તેને પ્રાપ્ત કરે છે. તે કેવી રીતે ? કે જેણે તે પ્રાપ્ત કરેલ છે તેના આશ્રયમાં રહીને તે સાધના દ્વારા સિદ્ધતાને વરે છે. એટલે સાધક પોતે દેવોમાં ચંદ્ર સમાન એવા શ્રી અરિહંત અને સિદ્ધપદને પ્રાપ્ત કરે છે. એટલે પરમ આનંદ અને સમાધિ પ્રાપ્ત કરે છે.

## ૮. શ્રી ચન્દ્રપ્રભ જિન સ્તવન

**શ્રી ચંદ્રપ્રભ જિનપદ સેવા, હેવાયેં જે હલિયાજી;**
**આતમગુણ અનુભવથી મલિયા, તે ભવભયજી ટળિયાજી - શ્રી ચં. ૧**

શ્રી ચંદ્રપ્રભુની સ્તવના કરતાં તેમની સેવાની ઓળખાણ પણ આપે છે. જે મુમુક્ષુને શ્રી ચંદ્રપ્રભુની ચરણની સેવા કરવાની - ભક્તિ કરવાની વિધિપૂર્વક ટેવ પડી છે, એટલે કે જ્ઞાની પુરુષના આશ્રયમાં રહીને તેની આજ્ઞા પ્રમાણે ભક્તિ-સાધના કરે છે તેને આત્મગુણોનો અનુભવ થાય છે. તેમ થવાથી તે જીવને ચાર ગતિ રૂપ સંસારમાં પરિભ્રમણનો ભય એટલે કે જન્મ-મરણ, સ્વરૂપરોધક કર્મથી છૂટી જાય છે. કારણ જ્ઞાનીપુરુષનો આશ્રય મળે એટલે કાર્ય-આત્મ સાધનાદ્વારા આત્માના સ્વરૂપનો અનુભવ થાય અને અનુક્રમે શ્રી ચંદ્રપ્રભુ સ્વામી જેવો થઈ જાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દ્રવ્યસેવ વંદન ના મનાદિક, અર્ચન વળી ગુણગ્રામોજી;**
**ભાવ અભેદ થવાની ઇહા, પરભાવે નિઃકામોજી. - શ્રી ચં. ૨**

ભગવાનની સેવા ચાર પ્રકારની વર્ણવી છે. ૧. નામ સેવના, ૨. સ્થાપના સેવના, ૩. દ્રવ્ય સેવના, ૪. ભાવ સેવના. તેમાં નામ અને સ્થાપના એ બે તો સુગમ છે. અહીંયા દ્રવ્યસેવના તથા ભાવ સેવના સમજાવવામાં આવેલ છે.

જે જીવ-સાધક-મુમુક્ષુ-વંદન, નમન, અર્ચન પ્રભુને કરે છે તેમજ જે પ્રભુના ગુણગ્રામ મુખથી બોલે છે, કરે છે. તેને દ્રવ્ય સેવા કહેવામાં આવે છે. બાહ્યસુખની, પરપદાર્થો મેળવવારૂપ સુખની ઇચ્છા વગર શ્રી અરિહંત ભગવંત જેવા બનવા માટે કરવામાં આવતી સેવના - એટલે કે આજ્ઞા પ્રમાણે ભાવરુચિ સાથે કરવામાં આવતી સેવા ભાવસેવા છે.

જો સાધકને સાધનાની રુચિ ઉત્પન્ન ન થઈ હોય તો દ્રવ્ય પૂજા-સેવા. આત્મહિત સાધક ન થતી હોવાથી નિષ્ફળ કહેવાય છે. દ્રવ્ય ક્રિયા વિના ભાવ ગુણકારી છે. પણ ભાવ રુચિ વિના એકલી દ્રવ્ય સેવના ઉપયોગી થતી નથી એ પરંપરા છે.

**ભાવસેવ અપવાદે નૈગમ, પ્રભુ ગુણને સંકલ્પેજી;**
**સંગ્રહ સત્તા તુલ્યારોપે, ભેદાભેદ વિકલ્પેજી. ... શ્રી ચં. ૩**

- ભાવસેવાના ભેદ બે છે. ૧. આગમ ભાવનિક્ષેપો. ૨. નો આગમ ભાવનિક્ષેપો. ભાવસેવાના પદના અર્થને જાણતો થકો તેવા ઉપયોગે પ્રવર્તે, તે સાધકને આગમથી ભાવસેવા છે તેમ કહીએ. અહીં આધાર-આધેયનો અભેદ ગ્રહી નિક્ષેપો કહેવામાં આવ્યો છે. જે આત્મા ભાવસેવાએ પરિણમ્યા, તેની ભક્તિ, સાધના, પરિણતિ તેને નોઆગમથી ભાવસેવા કહેવામાં આવે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મૂળ વસ્તુધર્મે વિચારતાં આત્મદ્રવ્યને વિષે સેવ્ય-સેવક ભાવ નથી, સત્તાથી સર્વ દ્રવ્ય સમાન છે, અને કોઈ દ્રવ્ય કોઇનો ધર્મ લેતાં દેતાં નથી પણ જે સંસારી જીવ તે અનાદિથી અઢાર પાપસ્થાનકનું સેવન કરતો, વિભાવભાવમાં રાચતો કર્મથી અવરાઇને સંસારી પુદ્ગલનો ભિખારી થયેલો છે. મોહના પાસામાં સપડાઈને દુઃખમયી થયો છે, તે જ્યારે સ્વરૂપને પામે ત્યારે સિદ્ધ કે ભગવંત થાય. પણ આ પદ તો જે નિઃકર્મા થયા છે, સંપૂર્ણપણે તત્ત્વ ભોગી થયા છે તેના અવલંબનથી જ નિપજે છે. માટે સ્વકાર્ય કરવાને, જે પરમાત્મા-નિષ્પન્ન સિદ્ધ અથવા સિદ્ધ થવાની રીત જાણીને જે તેમાં જ રહે છે તેને નિમિત્ત કારણપણે અવલંબીને અંતરંગ પરિણતિથી સેવે તો તે તેવો થાય.

નિમિત્ત અવલંબનથી જે સેવના કરવામાં આવે છે, તેને અપવાદ સેવા કહેવામાં આવે છે. અને જ્યારે તે પ્રમાણે કરતાં કરતાં સાધ્ય નિપજી જાય. એટલે કે સાધક - પરમાત્મા બની જાય, તે ઉત્સર્ગ સેવના કહેવામાં આવે છે:

જે સંપૂર્ણ નિર્મલ નિર્દોષ સ્વભાવ થયો, જેથી આગળ બીજી અવસ્થા કાંઈ નહીં, તેને ઉત્સર્ગ કહેવામાં આવે છે, અને એ ઉત્સર્ગને નિપજાવવા માટે કારણરૂપ જે માર્ગ અંગીકાર કરવો, તેને અપવાદ કહીએ. અહીંયા સેવના કરતાં જે આત્મસાધન થયું, તે ઉત્સર્ગ અને આત્મસાધન નિપજાવવાને જે કારણનું અવલંબન લીધું તે સર્વ અપવાદ જાણવું.

અપવાદ અને ભાવ સેવના તે સાત નયે કરી સાતભેદે છે તે સાત નયનું સંક્ષેપ સ્વરૂપ આ પ્રમાણે છે.

**૧. અનેકે ગમાઃ સંકલ્પારોપાંશાશ્રયાદ્યા યત્ર સઃ નૈગમઃ ।**

જ્યાં અનેક નામાદિક ગમા ગ્રહવાયે તથા સંકલ્પે, આરોપે અને અંશે પણ વસ્તુને માને, તે નૈગમ નય કહીએ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**૨. સંગૃહાતિ વસ્તુસત્તાત્મકં સામાન્યં સ સંગ્રહઃ ।**

જે સર્વને સંગ્રહે, સર્વનું ગ્રહણ કરે, વસ્તુની છતી સામાન્યપણે ગ્રહે તે સંગ્રહનય કહીએ.

**૩. સંગ્રહગૃહીત અર્થ વિશેષેણ વિભજતીતિ વ્યવહારઃ ।**

સંગ્રહનયે ગ્રહયું જે સામાન્ય, તેને અંશ ભેદે જુદું જુદું વહેંચે, તે વ્યવહાર નય કહીએ.

**૪. ઋજુ અતીત અનાગત વક્રત્વ પરિહારેણ ઋજુ સરલં વર્તમાનં સૂત્રયતીતિ ઋજુ સૂત્રઃ ।**

જે ઋજુ સરલ વર્તમાન અવસ્થાને ગ્રહે, અતીત અનાગતની વક્રત્વતા ને લેખે નહિ, તે ઋજુ સૂત્રનય કહીએ.

**૫. શબ્દાર્થરૂપં તદ્ ધર્મરૂપં પરિણતિઃ ઇતિ શબ્દઃ ।**

પ્રકૃતિ પ્રત્યયાદિક વ્યાકરણ વ્યુત્પત્તિએ સિદ્ધ થયેલો શબ્દ, તેમાં જે પર્યાયાર્થ બોલે, તેપણે પરિણમે, વસ્તુને વસ્તુ માને, તત્વાર્થ વૃતૌ શબ્દ વશાદર્થ પ્રતિ પ્રત્તિરિતિ શબ્દ નયશ્ચ શબ્દાનું રૂપં અર્થામિચ્છતિ ! તે શબ્દ નય કહીએ.

**૬. સમ્યક્ પ્રકારેણાર્થ પર્યાય વચન પર્યાતઃ સકલભિન્ન વચન ભિન્ન ભિન્નાર્થત્વેન તત્ સમુદાયયુક્તે ગ્રાહક ઇતિ સમભિ રૂઢ નયઃ ।**

જે વસ્તુના વિદ્યમાન પર્યાય તથા જે નામના યાવત્ વચન પર્યાય છે, તે સર્વ શબ્દે ભિન્ન છે, યથા ઘટ કુંભ આદિ. જે શબ્દે ભિન્ન તેનો અર્થ પણ તદ્ભાવ રૂપપણે ભિન્ન છે, તે સર્વ વચન પર્યાયરૂપ પરિણમતી વસ્તુને વસ્તુપણે ગ્રહે તે સમભિરૂઢનય કહીએ.

**૭. સર્વ અર્થ પર્યાયેં સ્વક્રિયાકાર્યપૂર્ણત્વેન એવં યથાર્થ તયા ભૂતઃ એવંભૂતઃ**

સર્વ અર્થ પર્યાય અનંતા તે સ્વધર્મે સંપૂર્ણ પોતાની ક્રિયાકાર્યપણે જે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વસ્તુનો ધર્મ છે, તે તેમ સંપૂર્ણ થયો તે એવંભૂત નય કહીએ.

હવે ગાથાનો ભાવાર્થ આ પ્રમાણે છે.

(૧) શ્રી અરિહંત ભગવંતના - જ્ઞાની પુરુષના ગુણોના ચિંતન દ્વારા સંકલ્પ કરવો એટલે કે તે પ્રાપ્ત કરવાનું નક્કી કરવું તે નૈગમ નયથી અપવાદ ભાવ સેવા છે કારણ એ આત્મસિદ્ધિ નિપજાવવાનું કારણ છે.

(૨) શ્રી અરિહંતની પૂર્ણપણે પ્રગટેલી આત્મસંપત્તિ છે. પોતાની પણ તેવી જ સત્તાનો વિચાર કરે અને તે પણ તેવી જ છે એમ વિચારી બન્નેની તુલ્યતાનું વારંવાર ભાવન કરે. તેમજ પરમાત્મ ધર્મનું બહુમાન કરે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવથી શ્રી અરિહંત ભગવંતનું તથા મારું દ્રવ્ય ભિન્ન છે અને સત્તાના સાધર્મ્યથી અભેદ છે, તેમ વિચારી પોતાની અપ્રગટ સત્તાને પ્રગટાવવાનો વિકલ્પ થવો તેમજ તે પ્રમાણે ચિંતન કરવું તે સંગ્રહનયથી અપવાદ ભાવસેવા છે. ૩.

**વ્યવહારે બહુમાન જ્ઞાન નિજ, ચરણે જિનગુણ રમણાજી;**
**પ્રભુગુણ આલંબી પરિણામે, ઋજુ પદ ધ્યાન સ્મરણાજી. શ્રી. ૪**

(૩) પોતાના ક્ષયોપશમ ભાવિ જે જ્ઞાન, દર્શન, વીર્ય તે મધ્યે પ્રતિસમયે ભાસન શ્રી અરિહંતની શુદ્ધ સ્વરૂપ સંપદા, કેવલ જ્ઞાનાદિક અને જે દેશના તે શુદ્ધ ઉપકારીપણું છે અને વીર્યને જિનભક્તિ વિષે ફોરવે તથા શ્રી અરિહંતના ગુણને વિષે રમણ એકત્વ, તન્મયતાપણું પામીને રહે. અહીંયા જે ક્ષયોપશમી આત્માના ગુણની પ્રવૃત્તિ શ્રી અરિહંતને અનુયાયી થઈ, તે માટે એ વ્યવહાર નયે અપવાદ ભાવ સેવના કહીએ.

(૪) પ્રભુના ગુણને અવલંબીને જે અંતરંગ આત્મદ્રવ્યની ક્ષયોપશમી પરિણતિ તે મધ્યે તન્મયપણે રહે અને જ્યાં સુધી ધર્મધ્યાનરૂપે આલંબી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાધના કરે, તે ઋજુસૂત્ર નયે અપવાદ ભાવસેવા કહેવામાં આવે છે. આ આત્મસાધનારૂપ ઉત્સર્ગભાવ સેવા તેનું કારણપણું છે, તેથી એ અપવાદ ભાવસેવા કહી. ૪

**શબ્દે શુકલ ધ્યાનારોહણ, સમભિરૂઢ ગુણ દશમેજી;**
**બીએ શુકલ અવિકલ્પ એકત્વે, એવંભૂત તે અમમેજી. - શ્રી. ૫**

(૫) હવે શ્રી પ્રભુરૂપ શુદ્ધ દ્રવ્યને આલંબીને જે જીવ-ભાવમુનિ તત્ત્વ રુચિ થઈ દર્શન-જ્ઞાન- ચારિત્ર એ રત્નત્રયીમયી પરિણમીને જે પૃથકત્વ વિતર્ક સપ્રવિચારરૂપ શુકલ ધ્યાનપણે પરિણમ્યો ત્યારે એ જીવ શબ્દનયે ભાવસેવનાવંત થયો. સાધકના ગુણ તે સર્વ પ્રભુગુણથી એકત્વ થઈ સ્વરૂપ એકત્વતા પામ્યા, શુકલ ધ્યાનની શુદ્ધતાએ પરિણમ્યા ત્યારે શબ્દનયથી અપવાદ ભાવ સેવના કહીએ. અહીં નિમિત્તપૂર્વક મંડાણ છે, તે માટે અપવાદે ભાવસેવા કહી.

(૬) જ્યારે જીવ દશમે સૂક્ષ્મસંપરાય ગુણ઼ઠાણે આવે ત્યારે તે શુકલ ધ્યાનના પ્રથમ પાયાના અંતે પહોંચ્યો, પરમ નિર્મલ ભાવને પામ્યો, ત્યાં જેટલી આત્મગુણની સાધના કરતાં યોગવીર્યની સહાયે સાધકતા થાય, તે સર્વ અપવાદે છે, અને ઉત્સર્ગ માર્ગે તો યોગ ધર્મ પણ આત્માને તજવા યોગ્ય છે. જેટલું કારણરૂપ લઈએ તે સર્વ અપવાદ ભાવ સેવા છે માટે દશમે ગુણઠાણે સમભિ રૂઢ નયે અપવાદ ભાવસેવા છે, એ પણ સાધકતા સાધન છે.

(૭) જ્યારે જીવ શુક્લ ધ્યાનને બીજે પાયે એકત્વવિતર્ક અપ્રવિચાર રૂપે ચડે ત્યારે ભાવમુનિ રૂપે નિર્વિકલ્પ સમાધિને પામે. સ્વરૂપ એકત્વે પરિણમે ત્યારે સાધનાનું પૂર્ણપણું થયું કહેવાય. તે માટે એવંભૂત નય સેવના થઈ.

તો અહીં પ્રશ્ન થાય કે અયોગી ગુણઠાણા સુધી સાધના છે, તો અહીં ક્ષીણમોહ ગુણસ્થાને સેવનાનો એવંભૂત કેમ કહો છો ? તેનું



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમાધાન આ પ્રમાણે છે.

અયોગી ગુણ સ્થાનક સુધી તો ઉત્સર્ગ સાધના છે, અને અહીં અપવાદ સાધનાનો અધિકાર છે, તેથી અપવાદ સાધના અહીં પૂરી થઈ જે શુકલ ધ્યાનના બીજા પાયે હજી સચેતનાનું એક આત્મ ધર્મે રાખવું તે પ્રયોગ છે. હજી સયોગવીર્ય ઉદ્દેક અનુગતનું સહાય છે તથા શ્રુતજ્ઞાનનું આલંબન છે ત્યાં સુધી અપવાદ છે માટે ક્ષીણમોહ ગુણસ્થાનકે એવંભૂતનય અપવાદે ભાવ સેવના જાણવી.

**ઉત્સર્ગે સમકિતગુણ પ્રગટ્યો, નૈગમ પ્રભુતા અંશેજી;**
**સંગ્રહ આતમ સત્તાલંબી, મુનિપદ ભાવ પ્રશંસેજી. - શ્રી. ૬**

- હવે ઉત્સર્ગ માર્ગે ભાવ સેવનાના સાતનયે કરી સાત ભેદ કહેવામાં આવે છે. અહીંયા જેટલું આત્મધર્મરૂપ કાર્ય નીપજે છે, તે ઉત્સર્ગ સેવા કહેવાય છે.

(૧) આત્માનો ક્ષાયિક આત્મિક તત્ત્વ નિર્ધારરૂપ શુદ્ધ સમકિતરૂપ ગુણ પ્રગટ્યો, ત્યારે એ સાધક આત્માનો અંશે પ્રભુતાનો ગુણ પ્રગટ્યો, તેથી આત્માનું અંશે કાર્ય થયું, તેને નૈગમનય ઉત્સર્ગ ભાવ સેવા કહેવાય છે. તન્મયપણે થઈ રહેવું એ સેવાનો અર્થ છે. હજી આત્માના અનંતાગુણમાંનો એક ગુણ પ્રગટ્યો છે માટે તેને સેવા (સેવના) કહે છે. ઉપાદાન નિષ્પતિ થવી તે ઉત્સર્ગ સેવા છે.

(૨) સમ્યક્ત્વ પ્રાપ્ત થવાથી ભાવમુનિપણું પ્રાપ્ત થાય છે એટલે આત્મસત્તાનો અંશે અનુભવ થયો છે. તેથી તે હવે સ્વસત્તાલંબી શુદ્ધ ધર્મમયી થયો તે જ આત્મસત્તા ભાસન રમણ, એકત્વ સત્તા સન્મુખ થકો રહે એટલે કે ઉપાદાન જાગ્રત થયું માટે સંગ્રહનયે ઉત્સર્ગ ભાવ સેવા કહીએ.

(૩) જ્યારે તે સાધક આત્મા અપ્રમત્ત સ્થિતિ મેળવીને ઉપાદાન



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કારણતા સર્વસ્વરૂપાવલંબી કરી, તે અવસ્થા આત્માની પરિણામ પ્રવૃત્તિ ગ્રાહકતા, વ્યાપકતા, ભોકતૃતા, કર્તૃતા આદિ સર્વ સ્વરૂપે જાણી, ત્યારે અંતરંગ વસ્તુગત જે વહેવાર, તે વસ્તુ સ્વરૂપે થયો, તે વ્યવહાર નયે ઉત્સર્ગ ભાવ સેવા છે.

**ઋજુ સૂત્રે જે શ્રેણિપદસ્થે, આત્મશક્તિ પ્રકાશેજી;**
**યથાખ્યાત પદ શબ્દ સ્વરૂપે, શુદ્ધધર્મ ઉલ્લસેજી. શ્રી. ૭**

(૪) જે આત્મા ક્ષપકશ્રેણિપદે રહ્યો થકો પોતાની આત્મશક્તિ પ્રગટ કરે તેને ઋજુસૂત્ર નયે ઉત્સર્ગ ભાવ સેવા કહે છે.

(૫) જ્યારે આત્માને યથાખ્યાત ક્ષાયિક ચારિત્ર પ્રગટ થાય ત્યારે જે ચારિત્ર સહકારી આત્મશક્તિ પ્રગટે, શુદ્ધ, અસંગ નિસ્પૃહરૂપ ધર્મ પ્રગટે, વીર્યાદિક પણ આત્મરમણતામાં જ સ્ફૂરે તે શબ્દનયે ઉત્સર્ગે ભાવસેવા જાણવી. જેટલું અન્ય અસહાયીપણું નીપન્યું તેટલું ઉત્સર્ગ સેવન જાણવું. ૭.

**ભાવ સયોગી અયોગી શૈલેશે, અંતિમ દુગ નય જાણોજી;**
**સાધનતાએ નિજગુણ વ્યક્તિ, તેહ સેવના વખાણોજી. શ્રી. ૮**

(૬) જ્યારે આત્માએ સર્વ ઘનઘાતિકર્મ ક્ષય કરીને અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અનંત વીર્ય, એ ચાર મોટા અનંતક પ્રગટ કર્યા. એ ચાર ગુણના સહકારીપણે તથા સંકરપણે બીજા વક્તવ્ય તથા અવક્તવ્ય અનંતા સ્વધર્મી ગુણ પ્રગટ થયા, આત્મિક આનંદી થયા તેને સમભિરૂઢ નયે ઉત્સર્ગ ભાવ સેવા કહેવામાં આવે છે.

(૭) જે સમયે શૈલેશીકરણ કરે, આત્મપ્રદેશને ઘન કરે, ત્યારે એવંભૂતનયે ઉત્સર્ગ ભાવસેવા થઈ જાણવી. અહીંયા પ્રશ્ન ઉઠે કે એવંભૂત મોક્ષને વિષે કેમ કહેતા નથી ? તેનું સમાધાન આ પ્રમાણે છે.

મુક્ત આત્મા તો સિદ્ધ છે, તેને કાંઈ નિપજાવવાનું બાકી નથી અને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અયોગીને સિદ્ધતા નિપજાવવી છે, માટે જેટલું કાર્ય અધૂરું, તેટલું સાધન કહીએ અને જે સાધના તે સેવા છે, માટે સાધનાનો અંત અયોગી કેવળી ગુણઠાણે છે, એટલે સાધનાનો એવંભૂત અયોગી કેવલી છે. તેથી ઉત્સર્ગ ભાવસેવા અયોગી ગુણઠાણે કહી અને સિદ્ધનો એવંભૂત તે મુક્ત આત્મા છે. એ રીતે સાધના ઓળખાવી.

જે સાધના કરતાં પોતાના આત્માના ગુણનું પ્રગટપણું થાય તેને આત્મસેવા કહેવામાં આવે છે. જેટલી સાધના તેટલી અપવાદ સેવા જાણવી. અને સાધના કરતાં કરતાં જેટલી જેટલી નવી આત્મશક્તિ પ્રગટે, તે ઉત્સર્ગ ભાવસેવા જાણવી અને શુદ્ધ નિષ્પન્ન સિદ્ધ અવસ્થા તે સાધ્ય છે.

જે પ્રગટ શુદ્ધ આત્મધર્મપણે આત્મ સંપૂર્ણતા માટે થતી સેવા, તે ઉત્સર્ગ ભાવસેવા જાણવી. જે ઉત્સર્ગ ભાવસાધના તે કાર્ય છે, અને નિમિત્ત અવલંબી અપવાદ ભાવસેવા તે કારણ છે.

**કારણ ભાવ તે અપવાદે, કાર્યરૂપ ઉત્સર્ગેજી;**
**આત્મભાવ તે ભાવ દ્રવ્ય પદ, બ્રાહ્ય પ્રવૃત્તિ નિઃસર્ગેજી. - શ્રી. ૯**

- જેટલો કારણભાવ, તે સર્વ અપવાદે જાણવો, અને જેટલું કાર્ય જે સ્વગુણ નિષ્પત્તિરૂપ તેને ઉત્સર્ગ જાણવો. જેટલું બાહ્ય પ્રવર્તન તે એટલે કે વંદન, પૂજન-ભક્તિ આદિ બાહ્ય પ્રવૃત્તિ ને દ્રવ્ય સેવા છે.

**કારણભાવ પરંપર સેવન, પ્રગટે કારજ ભાવોજી;**
**કારજ સિદ્ધે કારણતા વ્યય, શુચિ પારિણામિકભાવોજી. શ્રી. ૧૦**

- કારણભાવ એટલે શ્રી અરિહંતની પરંપરાયે દ્રવ્યભાવના કરતાં કરતાં ભાવસેવા પ્રગટે, ભાવસેવા પ્રગટવાથી ઉત્સર્ગ ધર્મનું આર્વિભાવપણું થાય. એટલે કે શુદ્ધ સ્વરૂપી એવા આત્માનો અનુભવ થાય અને જે કાર્ય નિપજાવવા માટે કારણતા હતી તે કાર્ય થતાં કારણતાનો નાશ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થાય. અને આમ થતાં પછી મળરહિત જે આત્માનો પારિણામિક ભાવ છે તે પ્રગટ થયો. એટલે સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ, સ્વભાવપણું જ પ્રાપ્ત થાય. અને પરમાનંદરૂપ અવિનાશી અવસ્થાને પામે.

**પરમ ગુણી સેવન તન્મયતા, નિશ્ચય ધ્યાને ધ્યાવેજી;**
**શુધ્ધાત્તમ અનુભવ આસ્વાદી, દેવચંદ્રપદ પાવેજી.- શ્રી. ૧૧**

- ઉત્કૃષ્ટ ગુણવાળા એવા અરિહંતની સેવા કરવી તે દુર્લભ છે. તે પામીને તેમાં તન્મય થઇને જે જીવ પોતાના સ્વરૂપને નિશ્ચય ધ્યાન દ્વારા અનુભવ કરે. તે અનુભવમાં રમણતા કરતાં કરતાં દેવોમાં ચંદ્ર સમાન એવા શુદ્ધ સિદ્ધ પદને પ્રાપ્ત કરે.

શ્રી અરિહંત ભગવંત - જ્ઞાની ભગવંતની સેવા કરવી, તેની આજ્ઞા પ્રમાણે ચાલવું તે મોક્ષ પ્રાપ્તિનો મુખ્ય હેતુ છે. આ સ્તવનમાં સાત મુખ્ય નયની અપેક્ષાએ મોક્ષ માર્ગ શું છે તેનું નિરુપણ શ્રીમદ્ દેવચંદ્રજી એ કર્યું છે.

## ૯. શ્રી સુવિધિનાથ જિન સ્તવન

**દીઠો સુવિધિ જિણંદ, સમાધિરસે ભર્યો હો લાલ, સ.**
**ભાસ્યું આત્મસ્વરૂપ, અનાદિનો વિસર્યો હો લાલ. અ.**
**સકલ વિભાવ ઉપાધિ, થકી મન ઓસર્યો હો લાલ, થ.**
**સત્તા સાધન માર્ગ, ભણી એ સંચર્યો હો લાલ. ભ. ૧**

પૂર્વના મહત્ પુણ્યોદયે હે સુવિધિનાથ ભગવાન, જેણે સંપૂર્ણપણે સમાધિરસમાં સ્થિત એવા જોયા. આપના દર્શન થતાં જે ઉપાધિ કહેતાં આત્મગુણનું વિપરિત પ્રવર્તન, વિષય-કષાયને અનુયાયી પ્રવર્તન અને સર્વ વિભાવ ભાવની નિવૃત્તિ થઈ અને મારું યથાર્થ સ્વરૂપ જાણવામાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આવ્યું, મારા આત્માનું શુદ્ધ ચિદાનંદરૂપ સ્વરૂપ તેને જાણ્યું. અને જેથી અનાદિકાળતી હું જે મારા સ્વરૂપને વીસરી ગયો હતો અને સર્વ પ્રકારના જે વિભાવ દોષ તેનાથી મારું મન-ચિત્ત પાછું ફરી ગયું અને તેથી હું મારી સત્તા, જે અનંત ગુણમય આત્માની સત્તા તેને સિદ્ધ કરવા માટે સાધન એટલે માર્ગ પ્રાપ્ત થયો. અને તેથી મેં મારી જે આત્મસત્તા જેનાથી પ્રગટ થાય તે માર્ગમાં ચાલવા માંડ્યું.

**તુમ પ્રભુ જાણંગ રીતિ, સરવ જગ દેખતા હો લાલ, સ.**
**નિજ સત્તાએ શુદ્ધ, સહુને લેખતા હો લાલ. સ.**
**પર પરિણતિ અદ્વેષ - પણે ઉવેખતા હો લાલ, પ.**
**ભોગ્યપણે નિજ શક્તિ, અનંત ગવેષતા હો લાલ. અ. ૨.**

હે પ્રભુ ! આપ કેવળજ્ઞાન, કેવળદર્શન વડે આત્માનો જે જ્ઞાયકતા ગુણ છે તેથી સર્વ જગત - સર્વ ભાવને રાગ-દ્વેષ રહિતપણે જાણી રહ્યા છો. આપ સર્વ દ્રવ્યને પોતાના સત્તાધર્મે શુદ્ધ, નિર્દોષ, નિઃસંગ લેખો છો. હે પ્રભુ ! આપ જીવપણાને મૂળ સત્તાએ જ ગણો છો, તેમાં જે પરપરિણતિ રૂપ ભાવ - અશુદ્ધતા તેને આત્મધર્મથી ભિન્ન અદ્વેષપણે છોડી દો છો. તેનો આદર કરતા નથી. દ્વેષથી જે વસ્તુને તજે તેને ત્યાગ કહેવામાં આવતો નથી, સમતા માટે ત્યાગ વર્ણવ્યો છે કેમ કે સમતા સામાયિક છે, સ્વરૂપમાં સ્થિરતા છે. જ્યારે દ્વેષીપણું પરપરિણતિ ભાવ છે. આપ નિજશક્તિ જે અનંત ગુણ પર્યાયરૂપ પરમ ચૈતન્યરૂપ સહજસુખરૂપ એવી જે તત્ત્વ વિલાસતા તેને જ ગવેષીને ભોગવવા યોગ્ય ગણો છો. તેથી આપ પરમ આત્મતારૂપ પરમ ધર્મના ભોગી છો - કર્તા છો.

**દાનાદિક નિજભાવ, હતા જે પરવશા હો લાલ, હ.**
**તે નિજ સન્મુખ ભાવ, ગ્રહી લહી તુજ દશા હો લાલ. ગ્ર.**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**પ્રભુનો અદ્‌ભૂત યોગ, સ્વરૂપતણી રસા હો લાલ, સ્વ.**
**વાસે ભાસે તાસ, જાસ ગુણ તુજ જિસા હો લાલ. જા. ૩**

દાનાદિક ગુણો જે આત્માના ભાવો છે તે ગુણો પરાધીનપણે એટલે કે કર્મની વર્ગણાથી અનાદિથી પુદ્‌ગલ અનુયાયી બની પ્રવૃત્તિ કરતા હતા, તે આપની દશા - વીતરાગ દશાનું આલંબન પામી આત્મ સન્મુખ થયા છે એટલે કે બાહ્ય નિમિત્ત અવલંબી દાનાદિક ગુણો સ્વરૂપ અવલંબી બન્યા છે. હે ભગવંત - પરમાત્મા તારો યોગ થવાથી, તારી ઓળખાણ થવાથી સ્વરૂપની રત્નત્રયીરૂપ રસા-ભૂમિકાની યથાર્થ ઓળખાણ અને પ્રતીતિ થઈ. આવી ઓળખાણ અને પ્રતીતિ તેને જ થઈ શકે કે જેનામાં હે પ્રભુ ! તારા જેવા ગુણ પ્રગટ્યા છે. અને તે જ તારો માર્ગ બતાવી શકે છે.

**મોહાદિકની ઘૂમિ, અનાદિની ઊતરે હો લાલ, અ.**
**અમલ અખંડ અલિપ્ત, સ્વભાવ જ સાંભરે હો લાલ. સ્વ.**
**તત્ત્વ રમણ શુચિ ધ્યાન, ભણી જે આદરે હો લાલ, ભ.**
**તે સમતારસ ધામ, સ્વામી મુદ્રા વરે હો લાલ. સ્વા. ૪**

તે વિભાવ-મોહની ઘૂમિ (મૂર્છારૂપ), વંટોળ એટલે મોહરૂપી વંટોળ નાશ થાય ત્યારે અમલ-રાગદ્વેષ રહિત, અખંડ-ખંડપણાને પામે નહીં તેવી, અલિપ્ત-પરસંગના લેપરહિત એવો જે સ્વભાવ છે તે ભાસે - અનુભવમાં આવે. આવો જે આત્મા ઓળખાય - અનુભવાય ત્યારે તે સાધક આત્મા, પોતાનું તત્ત્વ જે શુદ્ધ નિશ્ચયનયથી વસ્તુ સ્વભાવ તેમાં રમણતા કરે, પોતાના જ્ઞાનાદિ અનંત ગુણમાં રમણતા કરે, એ જ તત્ત્વ રમણતા (ચારિત્ર) પ્રગટે પછી શુચિ એટલે પવિત્ર નિર્મલ ધ્યાન દ્વારા ધર્મધ્યાન ધ્યાયીને સત્તાગત તિરોભાવીનું ભાસન એકત્વ શુકલ ધ્યાનને આદરે તે સાધક સર્વ વિભાવનો ક્ષય કરીને પરમ સમતારસને પામ્યા છે એવા ભગવંત તેમના જેવી વીતરાગ અવસ્થા-મુદ્રા પામી નિર્મલ થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**પ્રભુ છો ત્રિભુવનનાથ, દાસ હું તાહરો હો લાલ, દા.**
**કરુણાનિધિ અભિલાષ, અછે મુજ એ ખરો હો લાલ. અ.**
**આતમ વસ્તુ સ્વભાવ, સદા મુજ સાંભરો હો લાલ, સ.**
**ભાસન વાસન એહ, ચરણ ધ્યાને ધરો હો લાલ. ચ. ... ૫**

હે પ્રભુ આપ ત્રણે ભુવનના નાથ છો, સ્વામી છો અને હું આપનો દાસ છું. હે કરુણાસાગર ! મારો ખરેખરો મનોરથ છે કે મારે ! જે આત્મસ્વભાવ, જે વસ્તુ સ્વરૂપે શુદ્ધ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય આદિ ગુણમય છે તેનું મને સદા સ્મરણ રહો. હે પ્રભુ પ્રતીતિ, શ્રદ્ધા, વિશ્વાસ અને તન્મયતાપૂર્વક રમણતા પણ મારા સ્વભાવની જ થાઓ. એ જ મારો હવે સદાનો મનોરથ છે, તે મને ધ્યાનથી પ્રાપ્ત થાય. એ જ મારી એક અભિલાષા છે.

**પ્રભુ મુદ્રાને યોગ, પ્રભુ પ્રભુતા લખે હો લાલ, પ્ર.**
**દ્રવ્ય તણે સાધર્મ્ય, સ્વ સંપત્તિ ઓળખે હો લાલ. સ્વ.**
**ઓળખતા બહુ માન, સહિત રુચિ પણ વધે હો લાલ, સ.**
**રુચિ-અનુયાયી વીર્ય, ચરણધારા સધે હો લા. ચ. ...૬**

સંપૂર્ણપણે જ્ઞાનને પ્રાપ્ત કર્યું છે એવા ભગવંતની મુદ્રા જોવા વડે પ્રભુની પૂર્ણ શુદ્ધ ગુણ પર્યાયમય એવી પ્રભુતાની ઓળખાણ થાય છે. તેમ થતાં જીવ દ્રવ્યપણાના સાધર્મ્યથી તેને પોતાની સ્વસંપત્તિ-આત્મગુણોરૂપ સંપત્તિની પ્રતીતિ થાય છે, ઓળખાય છે. એટલે કે પ્રભુમાં જેટલા ગુણો પ્રગટ્યા છે તે મારામાં પણ રહેલા છે, અને પ્રભુ જેટલી સંપદાનો હું ધણી છું એમ ઓળખાણ થતાં તે સંપદા ઉપર બહુમાન આવે અને તેને પ્રાપ્ત કરવાની રુચિ પ્રગટે, કે તેવી સંપદા મને ક્યારે પ્રગટશે ? જેની રુચિ હોય તે પ્રમાણે કરવાનો પુરુષાર્થ થાય અને તેથી પોતાના વીર્યગુણનું સ્ફુરણ પણ તે રુચિને અનુસરીને થાય. એટલે તે પ્રમાણે રુચિ અને વીર્ય સ્ફુરે અને ચારિત્ર રમણતા તે સાધ્ય થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ક્ષાયોપશમિક ગુણ સર્વ, થયા તુજ ગુણ રસી હો લાલ, થ.**
**સત્તા સાધન શક્તિ, વ્યક્તતા ઉલ્લસી હો લાલ. વ્ય.**
**હવે સંપૂરણ સિદ્ધ, તણી શી વાર છે હો લાલ. ત.**
**દેવચંદ્ર જીનરાજ, જગત-આધાર છે હો લાલ. જ. ... ૭**

હે પ્રભુ ! મારા ક્ષાયોપશમિક ગુણો તમારા ગુણના રસિયા થયા ત્યારે આત્મસત્તાને પ્રગટ કરનારી જે પોતાની આત્મશક્તિ-આચ્છાદિતપણે રહેલી હતી તે વ્યક્તપણે - પ્રગટપણે ઉલ્લસિત થઈ છે. એટલે કે હે પ્રભુ ! તારા આલંબન દ્વારા મારું ઉપાદાન જાગૃત થઈ જાય છે. તેમ થતાં સંપૂર્ણ સિદ્ધિને પ્રાપ્ત કરવામાં શી વાર લાગવાની છે ! એટલે કે જ્ઞાનીપુરુષના પુષ્ટ નિમિત્તના આલંબનથી સ્વરૂપાવલંબી બનેલો સાધક નિશ્ચયથી સિદ્ધિને પામે છે. દેવોમાં ચંદ્ર સમાન એવા હે જિનેશ્વર ભગવંત આપ જ જગતના જીવોના આધાર છો, પ્રાણ છો, શરણ છો.

## ૧૦. શ્રી શીતલનાથ જિન સ્તવન

**શીતલ જિનપતિ પ્રભુતા પ્રભુની, મુજથી કહિય ન જાયજી;**
**અનંતતા નિર્મલતા પૂર્ણતા, જ્ઞાન વિના ન જણાયજી. ... શી. ૧**

હે શીતલનાથ જિનેશ્વર ભગવંત ! આપની પ્રભુતા એવી છે કે તે મારાથી કહી શકાય તેમ નથી. કારણ કે આપે પ્રાપ્ત કરેલી અનંતતા, નિર્મળતા, પૂર્ણતાનું પૂર્ણ સ્વરૂપ જ્ઞાન થયા વગર જાણી શકાતું નથી.

**ચરમજલધિ જલ મિણે અંજલિ, ગતિ જીપે અતિવાયજી;**
**સર્વ આકાશ ઓલંઘે ચરણે, પણ પ્રભુતા ન ગણાયજી. ... શી. ૨**

કોઈ ચરમ જલધિ એટલે સ્વયંભુરમણ સમુદ્ર, તેનું પાણી અંજલી વડે માપી શકે, અથવા કોઈ એવો પણ જે પ્રચંડ ગતિવાળા વાયુને જીતી શકે, કે પગે ચાલીને લોકાલોક રૂપ આકાશને ઓળંગી જાય,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ અશક્ય વાતો છે છતાં ધારો કે તે પ્રમાણે બની શકે પણ તારી પ્રભુતા જે અનંત છે તેને માપી શકાય નહીં અથવા તેની ગણત્રી કરી શકે નહીં. વચન દ્વારા કહી શકાય નહીં.

**સર્વ દ્રવ્ય પ્રદેશ અનંતા, તેહથી ગુણ પર્યાયજી;**
**તાસ વર્ગથી અનંત ગણું પ્રભુ, કેવળજ્ઞાન કહાયજી. ... શી. ૩**

સર્વ દ્રવ્યના પ્રદેશ અનંતા છે, તેથી વળી ગુણની અનંતતા ઘણી જ મોટી છે, તેથી પર્યાય અનંત ગણા છે. તેનો વર્ગ કરવાથી જે અનંતરાશી થાય તે અનંત રાશિથી પણ પ્રભુનું કેવળજ્ઞાન અનંતગણું અધિક કહેવાય છે.

**કેવળદર્શન એમ અનંતુ, ગ્રહે સામાન્ય સ્વભાવજી;**
**સ્વપર અનંતથી ચરણ અનંતુ, સ્વરમણ સંવર ભાવજી. ... શી. ૪**

જેમ કેવળજ્ઞાન છે તેમ જ કેવળ દર્શન પણ અનંત છે, જે વડે સર્વ દ્રવ્યને વિષે રહેલા સામાન્ય ધર્મ જે અનંતા છે તેને ગ્રહણ કરે છે. ચારિત્ર એટલે સ્વભાવ અને પરભાવ અનંત છે અને જે ચારિત્ર ગુણ પણ અનંતું છે. પોતાની જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ ગુણોની પરિણમન શક્તિને સર્વ પરભાવોથી પાછી વાળીને સ્વભાવમાં જ સ્થિર કરવી એ સંવરભાવ છે.

**દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ ભાવ ગુણ, રાજનીતિ એ ચારજી;**
**ત્રાસ વિના જડ ચેતન પ્રભુની, કોઈ ન લોપે કારજી. ... શી. ૫**

હે પ્રભુ આપે કહ્યું છે કે જગતમાં રહેલા જીવ, અજીવ તેના ગુણ-સ્વભાવ-પર્યાય વિગેરે ૧. દ્રવ્ય, ૨. ક્ષેત્ર, ૩. કાળ, ૪. ભાવ એ ચાર રીતે પરિણમનપણે છે. સ્વપરરૂપ ધર્મનું જાણપણું આ ચાર પ્રકારે કહે છે. ૧. સમુદાય તે દ્રવ્યધર્મ જાણવો, ૨. આધારતા તે ક્ષેત્રધર્મ જાણવો, ૩. વર્તના-ઉત્પાદ વ્યય રૂપ ભાવ તે કાળધર્મ જાણવો તેમાં દ્રવ્યાસ્તિકપણું



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નથી, તેથી દ્રવ્યની વર્તના તે કાળ, ૪. દ્રવ્યનો મૂળધર્મ તે ભાવ એ ચાર રાજનીતિ છે. એ વીતરાગ પ્રભુની ચાર પ્રકારની રાજનીતિ એટલે પ્રરૂપણા છે. હે પ્રભુ ! આપ આપના જ્ઞાનમાં જે રીતે સર્વ દ્રવ્યની પરિણતિ છે તે પ્રમાણે પરિણમન કરવાને આપ કોઇને કહેતા નથી કે ત્રાસ પણ આપતા નથી, ભય પમાડતા નથી, છતાં તેઓ આપની જે જ્ઞાન પરિણતિ છે તેને લોપીને પરિણમન કરતા નથી.

**શુદ્ધાશય થિર પ્રભુ ઉપયોગે, જે સમરે તુમ નામજી;**
**અવ્યાબાધ અનંતુ પામે, પરમ અમૃત સુખધામજી. ... શી. ૬**

જે સાધક શુદ્ધ આશય સહિત, મન, વચન, કાયાના યોગોને સ્થિર કરીને, શંકાદિ ચપળતા રહિત થઇને પોતાના ઉપયોગને પ્રભુના ગુણોમાં જોડીને પરમ સમતામયી એવા પ્રભુનું ધ્યાન કરે, તે અનંત અવ્યાબાધ પરમ સુખને પ્રાપ્ત કરે છે. આ સુખ પરમ ઉત્કૃષ્ટ અમૃત અવિનાશી સહજ જ્ઞાનાનંદાદિક અનંત સુખનું ધામ છે.

**આણા ઈશ્વરતા નિર્ભયતા, નિર્વાંછકતા રૂપજી;**
**ભાવ સ્વાધીન તે અવ્યય રીતે, ઈમ અનંતગુણ ભૂપજી. ... શી. ૭**

પ્રભુતાના લિંગ આણાદિક છે એટલે કે પ્રભુતા મેળવવી હોય તો આજ્ઞા આદિ તેના સાધનો છે.

હે પ્રભુ ! આપની આજ્ઞા, ઐશ્વર્યતા, નિર્ભયતા, નિસ્પૃહતા, અવિનાશતા વિગેરેમાં લીન છો. તે ભાવ જતા નથી, ખંડિત થતા નથી. આમ અનંત ગુણોના આપ રાજા છો.

**અવ્યાબાધ સુખ નિર્મળ તે તો, કરણ જ્ઞાને ન જણાયજી;**
**તેહજ એહનો જાણંગ ભોકતા, જે તુમ સમ ગુણરાયજી. ... શી. ૮**

પરમાત્માનું જે અવ્યાબાધ સુખ, નિર્મળતા વિગેરે ઇન્દ્રિય જ્ઞાનથી થતા પરોક્ષ જ્ઞાન દ્વારા અનુભવી કે જાણી શકાતું નથી. પરંતુ જે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રભુના જેવા ગુણો પ્રગટાવે છે તે જ આત્માના અવ્યાબાધ સુખને જાણે છે કે ભોગવે છે.

**એમ અનંત દાનાદિક નિજગુણ, વચનાતીત પંડુરજી;**
**વાસન ભાસન ભાવે દુર્લભ, પ્રાપ્તિ તો અતિ દૂરજી. ... શી. ૯**

એમ અનંત દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય વિગેરે મુખ્ય ગુણો હે પ્રભુ આપે પ્રગટ કર્યા છે. જે વચનથી કહી શકાય તેમ નથી. (પંડુર એટલે મોટા-મુખ્ય) આપની શ્રદ્ધા, જાણપણું તે પામવું દુર્લભ છે તેથી પ્રગટપણે એવી સિદ્ધતા મેળવવી તે તો ઘણી જ દૂર છે.

**સકલ પ્રત્યક્ષપણે ત્રિભુવન-ગુરુ, જાણું તુજ ગુણગ્રામજી;**
**બીજું કાંઈ ન માંગુ સ્વામી, એહિ જ છે મુજ કામજી. ... શી. ૧૦**

હે ભગવંત ! પ્રત્યક્ષ એવા ત્રણે લોકના ગુરુ મારી આપને એક પ્રાર્થના છે કે “આપના સર્વ ગુણોને હું પ્રત્યક્ષપણે જાણી શકું” તેમ કરો.

**એમ અનંત પ્રભુતા સદ્દહતાં, અર્ચે જે પ્રભુરૂપજી;**
**દેવચંદ્ર પ્રભુતા તે પામે, પરમાનંદ સ્વરૂપજી.... શી. ૧૧**

એ પ્રમાણે શ્રી અરિહંત પ્રભુજીની અનંત પ્રકારની પ્રભુતાને શ્રદ્ધીને આદર બહુમાનપૂર્વક જે દ્રવ્યથી અને ભાવથી ભક્તિ કરે છે તે અવશ્ય દેવોમાં ચંદ્ર સમાન ઉજ્જવળ અને પરમાનંદમય એવી પ્રભુતાને પામે છે એમ દેવચંદ્રજી મ.સા. ફરમાવે છે.

## ૧૧. શ્રી શ્રેયાંસ જિન સ્તવન

**શ્રી શ્રેયાંસ પ્રભુ તણો, અતિ અદ્‌ભુત સહજાનંદ રે;**
**ગુણ એક વિધ ત્રિક પરિણમ્યો, એમ ગુણ અનંતનો વૃંદ રે.**
**મુનિચંદ જિણંદ અમંદ દિણંદ પરે, નિત્ય દીપતો સુખકંદ રે.... ૧**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી શ્રેયાંસ ભગવંત અત્યંત અદ્‌ભુત, આશ્ચર્યકારી, સહજાનંદ સહજ સ્વભાવના આનંદરૂપ છો. જે ગુણ છે તે ત્રિવિધે પરિણમે છે. તે દા.ત. જ્ઞાનગુણ તે કરણ જાણવું. ઉપાદાનપણે જ્ઞાનગુણથી જે જ્ઞેયપદાર્થોનું જ્ઞાન થાય તે એનું સાધ્ય ફળ છે માટે એ કાર્ય જાણવું, તથા તે કાર્ય જાણવાને જે જ્ઞાનની સ્ફુરણા એટલે પ્રવૃત્તિ તે ક્રિયા જાણવી. એ ત્રણે આત્માની છે અને અભેદ છે. આ અભેદરૂપ ગુણ જે ત્રિવિધ પરિણામે જેના પરિણમી રહ્યા છે, એવા શ્રેયાંસનાથ પ્રભુ અનંત ગુણના વૃંદ (સમુહ) છે.

જેમ કારણ-કાર્ય-ક્રિયાની અભેદતા છે તેમ ભેદતા પણ છે. સત્ત્વ, પ્રમેયત્ત્વે અભેદતા છે અને સંજ્ઞા સંખ્યા લક્ષણે ભેદતા છે. મુનિચંદ એટલે મુનિ જે ત્રિકાળ તત્ત્વ રમણતામાં ચંદ્રમા સમાન છે અથવા મુનિચંદ જિણંદ-જિન તે જિન સામાન્ય કેવળીમાં ચંદ્રમા સમાન, અમંદ એટલે દેદીપ્યમાન, દિણંદ સૂર્ય તેની પરે શોભી રહ્યું છે તેજ જેનું તથા સુખનો જ સમૂહ છે.

આત્માના અનંત ગુણો છે, તેમાં મુખ્ય ગુણ - અસાધારણ ગુણ તે ઉપયોગ છે. તે ઉપયોગમાં પ્રથમ જ્ઞાન ગુણ છે. માટે તેની પ્રથમ ત્રિવિધતા કહે છે.

**નિજજ્ઞાને કરી જ્ઞેયનો, જ્ઞાયક જ્ઞાતા પદ ઈશ રે;**
**દેખે નિજ દર્શન કરી, નિજ દશ્ય સામાન્ય જગીશ રે. ... મુ. ૨**

આત્માના અસંખ્યાત પ્રદેશ નિષ્ઠિત જ્ઞાનગુણ, કેવળજ્ઞાન તે આત્માનો સ્વગુણ છે, સર્વ વિશેષનો જાણંગ છે, તેથી પોતાના જ્ઞાન ગુણે કરીને જાણે એટલે જ્ઞાન-જાણવારૂપ કાર્યનું કારણ થયું, સર્વ જ્ઞેય પદાર્થોના જ્ઞાયક છે, તેથી જ્ઞાતાપદના સ્વામી છો. તે જ પ્રમાણે નિજ દર્શન - કેવળદર્શન દ્વારા જોવા યોગ્ય પોતાની સર્વ સંપદા - જેમ કે અસ્તિત્વ, દ્રવ્યત્વ, વસ્તુત્વ આદિને જુએ છે. ઉપલક્ષણથી સર્વ દ્રવ્યોમાં રહેલા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સામાન્ય સ્વભાવને પણ દેખે છે.

**નિજ રમ્યે રમણ કરો, પ્રભુ ચારિત્રે રમતા રામ રે;**
**ભોગ્ય અનંતને ભોગવો, ભોગે તેણે ભોકતા સ્વામ રે. ... મુ. ૩**

ચારિત્ર ગુણ વડે શુદ્ધાત્મ પરિણતિમાં નિરંતર રમણતા કરનારા હોવાથી હે પરમાત્મા આપ રમતા રામ છો. તેમજ ભોગ ગુણ વડે આત્માના અનંત જ્ઞાનાદિ ગુણો તેને ભોગવી રહ્યા છો માટે ભોકતા છો. તેના સ્વામી છો.

**દેય દાન નીત દીજતે, અતિ દાતા પ્રભુ સ્વયંમેવ રે;**
**પાત્ર તુમ્હે નિજ શક્તિના, ગ્રાહક વ્યાપકમય દેવ રે. ... મુ. ૪**

હવે અહીંયા દાનગુણ જે દાનાતરાય કર્મના ક્ષયથી પ્રગટ્યો છે માટે તે દાન ગુણ તથા તેને કારણે પ્રગટેલ વ્યક્ત ગુણની ત્રિવિધ પરિણતિ કરે છે. હે પ્રભુ આપ સ્વયં અનંતદાન આપી રહ્યા છો. વળી આપ નિજ શક્તિ - અનંતગુણ પર્યાયરૂપ તેના પાત્ર છો, તેના જ ગ્રાહક છો તેમજ તેમાં તન્મયતા રૂપ આત્મશક્તિના વ્યાપક પણ છો.

**પરિણામિક કારજ તણો, કર્તા ગુણ કરણે નાથ રે;**
**અક્રિય અક્ષય સ્થિતિમયી, નિઃકલંક અનંતી આથ રે. ... મુ. ૫**

હે ભગવાન ! આપ જ ગુણકરણ વડે પરિણામી કાર્યના કર્તા છો, તેથી તેના નાથ છો. વળી આપ પરભાવ અપેક્ષાએ અક્રિય છો. અક્ષય સ્થિતિને પ્રાપ્ત કરવાવાળા છો, નિષ્કલંક - સર્વ કર્મ કલંક રહિત અને અનંત જ્ઞાનાદિ સંપત્તિના સ્વામી છો.

**પરિણામિક સત્તા તણો, આવિર્ભાવ વિલાસ નિવાસ રે;**
**સહજ અકૃત્રિમ અપરાશ્રયી, નિર્વિકલ્પ ને નિઃપ્રયાસ રે. ... મુ. ૬**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ભગવાન ! આપ સંપૂર્ણપણે પ્રગટેલ પારિણામિક ભાવરૂપ અનુભવના ભંડાર સમાન છો. એટલે કે સંપૂર્ણ આનંદને પામેલા છો. તેમજ સહજ, સ્વાભાવિક, સ્વતંત્ર, નિર્વિકલ્પ આત્મસત્તાને કોઇપણ જાતના પ્રયાસ વગર સંપૂર્ણપણે અનુભવી રહ્યા છો.

**પ્રભુ પ્રભુ સંભારતાં, ગાતાં કરતાં ગુણગ્રામ રે;**
**સેવક સાધનતા વરે, નિજ સંવર પરિણતિ પામ રે. ... મુ. ૭**

હે પ્રભુ ! આપે મેળવેલ પ્રભુતાને સંભારવાથી, તેના ગુણગ્રામ કરવાથી સાધક નિજ સંવર પરિણતિરૂપ - સ્વભાવ રમણતા રૂપ સ્થિતિને પ્રાપ્ત કરી શકે છે.

**પ્રગટ તત્ત્વતા ધ્યાવતાં, નિજ તત્ત્વનો ધ્યાતા થાય રે;**
**તત્ત્વરમણ એકાગ્રતા, પૂરણ તત્ત્વે એહ સમાય રે. ... મુ. ૮**

હે પ્રભુ ! આપે પ્રગટાવેલ તત્ત્વતાનું ધ્યાન કરવાથી સાધક પોતાના તત્ત્વનો ધ્યાતા થાય છે અને એમ કરીને ધ્યાતા આત્મ તત્ત્વમાં રમણતારૂપ એકાગ્રતાને મેળવીને સંપૂર્ણ-પૂર્ણ તત્ત્વને પામીને શુદ્ધ સ્વરૂપમાં સમાય છે.

**પ્રભુ દીઠે મુજ સાંભરે, પરમાતમ પૂર્ણાનંદ રે;**
**દેવચંદ્ર જિનરાજના, નિત્ય વંદો પય અરવિંદ રે. .. મુ. ૯**

પ્રભુની, જિનેશ્વર ભગવંતની મૂર્તિના દર્શન કરતાં ભગવંતે પ્રાપ્ત કરેલ પરમાત્મપદ તથા પૂર્ણ આનંદની યાદ આવે છે, સાંભરે છે, તે જ પ્રભુ સ્વરૂપાશ્રિત ચેતના કરવી તે જ પોતાના આત્મસ્વરૂપને સાધવાનો પરમ ઉપાય છે. તે માટે દેવોમાં ચંદ્ર સમાન એવા જિનેશ્વર ભગવંતનાં ચરણમાં નિત્ય વંદન કરો અને તેઓના ચરણકમળનું નિત્ય સેવન કરો એટલે કે તેના આશ્રયમાં રહો, જે પૂર્ણાનંદી બનવાનો એક માત્ર ઉપાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૨. શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન

**પૂજના તો કીજે રે બારમા જિનતણીરે, જસુ પ્રગટ્યો પૂજ્યસ્વભાવ;**
**પરકૃત પૂજારે જે ઇચ્છે નહિ રે, સાધક કારજ દાવ.... પૂજના. ૧**

શ્રી દેવચંદ્રજી મ.સા. આ સ્તવનમાં શ્રી વાસુપૂજ્ય સ્વામીની સ્તવના કરતા કહે છે કે હે ભવ્ય જીવો ! તમારે જો આત્મિક સુખ મેળવવું હોય તો બારમા જિનેશ્વર શ્રી વાસુપૂજ્ય સ્વામીની પૂજા કરો કારણ કે તેમનો પૂર્ણ શુદ્ધ સ્વભાવ પ્રગટ્યો છે અને જે પરકૃત એટલે બીજા પાસે પોતાની પૂજા કરાવવાની ઇચ્છાવાળા નથી, છતાં સાધક માટે સિદ્ધિને મેળવવા માટે એ જ પરમ સાધન છે.

**દ્રવ્યથી પૂજા રે કારણ ભાવનું રે, ભાવ પ્રશસ્ત અને શુદ્ધ;**
**પરમ ઇષ્ટ વલ્લભ ત્રિભુવન ધણી રે, વાસુપૂજ્ય સ્વયંબુદ્ધ. ... પૂ. ૨**

શ્રી જિનેશ્વરની પૂજાના બે પ્રકાર છે. દ્રવ્યપૂજા અને ભાવપૂજા. બાહ્ય પદાર્થો દ્વારા જેમ કે-ફુલ, કેસર, ધૂપ વિગેરે દ્વારા કરવામાં આવતી પૂજા દ્રવ્યપૂજા છે અને તે ભાવપૂજા માટેનું કારણ છે. માટે તે પૂજા કરો. ભાવપૂજાના બે પ્રકાર છે. શુદ્ધ અને પ્રશસ્ત પૂજા. ગુણી ઉપરના રાગને પ્રશસ્ત ભાવપૂજા કહેવામાં આવે છે. ત્રણ ભુવનના સ્વામી એવા ભગવાન જ મારે માટે પરમ ઇષ્ટ છે, પ્રિય છે તેવા ભાવ તે પ્રશસ્ત ભાવપૂજા છે. આપનો છેલ્લો ભવ હોવાથી આપ સ્વયંબુદ્ધ છો. સ્વયંપણે કેવળજ્ઞાન પ્રાપ્ત કરેલ છે.

**અતિશય મહિમા રે અતિ ઉપગારતા રે, નિર્મલ પ્રભુગુણ રાગ;**
**સુરમણિ સુરઘટ સુરતરુ તુચ્છ તે રે, જિનરાગી મહાભાગ. ... પૂ. ૩**

આપનો મારા પર અતિશય મહિમા અને ઉપકાર છે. અને આપના નિર્મળ ગુણો તરફ રાગ હોવાથી સુરમણિ, સુરઘટ, કલ્પવૃક્ષ મળે તો પણ મારા માટે તુચ્છ છે. કારણ કે, આપના પ્રત્યે રાગી હોવાને લીધે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હું મહાભાગ્ય-શાળી થયો છું.

**દર્શન જ્ઞાનાદિક ગુણ આત્મના રે, પ્રભુ પ્રભુતા લયલીન;**
**શુદ્ધસ્વરૂપી રૂપે તન્મયી રે, તસુ આસ્વાદન પીન. .. પૂ. ૪**

હવે શુદ્ધ ભાવપૂજાની વાત કરે છે. પોતાના આત્માના ક્ષયોપશમભાવી દર્શનગુણ, જ્ઞાનાદિગુણ તે સર્વ પ્રભુની આંતરિક પ્રભુતામાં લીન કરવા, શુદ્ધ સ્વરૂપી પરમાત્માના સ્વરૂપમાં તન્મય થઈ જઇને અનુભવરૂપી અમૃતના આસ્વાદથી આત્માને પુષ્ટ બનાવવો તે ભાવપૂજા છે.

**શુદ્ધ તત્ત્વરસરંગી ચેતનારે, પામે આત્મસ્વભાવ;**
**આત્માલંબી નિજગુણ સાધતો રે, પ્રગટે પૂજ્ય સ્વભાવ. .. પૂ. ૫.**

આ પ્રમાણે શુદ્ધ, સંપૂર્ણ રીતે તત્ત્વને પામેલા એવા ભગવાનની સાથે પોતાની ચેતનાને તેના ગુણની ભોગી બનાવી દે ત્યારે આત્મસ્વભાવને મેળવે, પ્રગટ કરે. આમ આત્મ અવલંબી બનીને સાધના કરતો સાધક પોતાના ગુણોને પ્રાપ્ત કરે છે. અને તેમ કરીને આત્મા આત્મગુણોને સાધીને પૂજ્ય સ્વભાવને પ્રગટ કરે છે.

**આપ અકર્તા સેવાથી હુવે રે, સેવક પૂરણ સિદ્ધિ;**
**નિજ ધન ન દિયે પણ આશ્રિત લહે રે, અક્ષય અક્ષર રિદ્ધિ. પૂ. ૬**

હે ભગવંત આપે અકર્તાભાવ પણ શુદ્ધ સેવનાથી જ પ્રાપ્ત કર્યો છે. તેથી આપની સેવાથી મારી પણ આપે મેળવી છે તેવી સિદ્ધિ થશે. તેથી પ્રભુની સેવા કરવાથી સાધક સંપૂર્ણ સિદ્ધતાને મેળવી શકે છે. કોઇપણ જીવ પોતાના ગુણ બીજા જીવને આપી શકતો નથી. પણ જે પ્રભુનો આશ્રિત થઇને સેવા ભક્તિ કરે છે તે અક્ષય-નાશ ન પામે તેવી, અક્ષર- અવિનાશી એવી અનંત આત્મસંપત્તિ, પૂર્ણાનંદ સહિત મળે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**જિનવર પૂજા રે તે નિજ પૂજના રે, પ્રગટે અન્વય શક્તિ;**
**પરમાનંદ વિલાસી અનુભવે રે, દેવચંદ્ર પદ વ્યક્તિ. ... પૂ. ૭.**

જે શ્રી જિનેશ્વરની પૂજા છે તે પોતાના આત્માની જ પૂજા છે. આમ કરવાથી જીવ આત્મગુણ, આત્મસંપદારૂપ જ્ઞાનાનંદાદિક અનંત શક્તિને પ્રગટાવે છે. તે અવિનાશી શક્તિ છે અને તેથી તે પરમાનંદરૂપ સુખને અનુભવે છે. દેવોમાં ચંદ્ર સમાન એવા ભગવાને જે પદ વ્યક્ત કર્યું છે તેને સાધક જીવ મેળવે છે.

## ૧૩. શ્રી વિમલનાથ જિન સ્તવન

**વિમલજિન, વિમલતા તાહરીજી, અવર બીજે ન કહાય;**
**લઘુ નદી જિમ તિમ લંઘિયેજી, સ્વયંભુરમણ ન તરાય. .. વિ. ૧.**

હે વિમલનાથ સ્વામી આપની નિર્મળતા કેવી છે ? સમસ્ત દ્રવ્યકર્મ, ભાવકર્મ દોષરહિતપણે છેં. આ નિર્મળતા છદ્મસ્થ જીવોથી કહી શકાય નહીં તેવી છે. નાની નદીને જેમ તેમ કરીને પાર ઉતરી જવાય, પણ સ્વયંભુરમણ સમુદ્ર કાંઈ જેમ તેમ કરી તરી શકાય નહીં. એવી જ રીતે પ્રભુના ગુણ સ્વયંભુરમણ સમુદ્રથી પણ અનંતગણા છે તે સર્વ વાણી દ્વારા કહી શકાય નહીં.

**સયલ પુઢવી ગિરિ જલ તરુજી, કોઈ તોલે એક હથ્થ;**
**તેહ પણ તુજ ગુણગણ ભણીજી, ભાખવા નહીં સમરથ. ... વિ. ૨**

કોઈ બળવંત પોતાના એક હાથે આખી પૃથ્વી, પર્વત, જળ, ઝાડ વનસ્પતિ સહિત તોલી શકે, ઉપાડી શકે તે પણ આપના ગુણોના સમૂહને કહી શકવાને સમર્થ થઈ શકતો નથી કારણ આપનું નિર્મળ સ્વરૂપ કેવળીને ગમ્ય છે, છતાં સંપૂર્ણપણે વચન દ્વારા કહી શકાતું નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**સર્વ પુદ્ગલ નભ ધર્મનાજી, તેમ અધર્મ પ્રદેશ;**
**તાસ ગુણ ધર્મ પજજવ સહુજી, તુજ ગુણ એકતણો લેશ. ... વિ. ૩**

સર્વ પુદ્ગલ દ્રવ્ય, આકાશ દ્રવ્ય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયના પ્રદેશ. આ બધાના ગુણ પર્યાય અનંતા છે. તે સર્વનો સરવાળો કરીએ તો પણ હે ભગવાન ! તે આપના એક ગુણનો લેશ પણ ન થાય.

**એમ નિજભાવ અનંતનીજી, અસ્તિતા કેટલી થાય;**
**નાસ્તિતા સ્વપરપદ અસ્તિતાજી, તુજ સમકાલ સમાય. ... વિ. ૪.**

જેમ કેવળજ્ઞાન ગુણ અનંત પર્યાયી છે. તેમજ કેવળ દર્શનાદિક, ભાવ ગુણના પર્યાય અનંતા છે. સ્વદ્રવ્યનું, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી અસ્તિપણું પણ અનંત છે. તેમ સ્વદ્રવ્ય વડે પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જે પણ અનંતા છે તેમાં આપનું અસ્તિપણું નથી તે પણ અનંતુ છે. એટલે કે પરદ્રવ્યની અપેક્ષાએ નાસ્તિપણું પણ આપનામાં છે. જીવને વિષે જ્ઞાનાદિક ગુણની અસ્તિતા તેમ વર્ણ, રૂપ, ગંધ, સ્પર્શાદિની નાસ્તિતા છે. વર્ણાદિકપણું તે જીવમાં નથી પણ તેની નાસ્તિતા જીવમાં રહી છે. તે સર્વ હે વિમલનાથ જિનેશ્વર આપની પારિણામિકતા મધ્યે તથા કર્તૃતા મધ્યે, ભોકર્તૃતા મધ્યે પ્રતિસમયે સમાયેલી છે.

હે પ્રભુ ! આપની નિર્મળતા તે સમકિતી જીવને શ્રદ્ધાગોચર છે, પૂર્વધરને પરોક્ષ ભાસન ગોચર છે અને કેવળીને પ્રત્યક્ષ છે. માટે હે નાથ ! આપના જ્ઞાન, દર્શનાદિની અનંતતા તે જે ભવ્યજીવને સ્યાદ્વાદોપેત ભાસન પ્રતીત ગોચર થઈ તે જીવને ધન્ય છે. તો હે પ્રભુજી ! આપની શી વાત કરું ? આપ તો મહાન છો. મોટા છો.

**તાહરા શુદ્ધ સ્વભાવને જી, આદરે ધરી બહુમાન;**
**તેહને તેહીજ નીપજેજી, એ કોઈ અદ્ભુત તાન. ... વિ. ૫.**

હે ભગવાન ! આપનો જે શુદ્ધ નિર્દોષ સ્વભાવ તેને જે અંગીકાર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરે, વંદન, સેવન, સ્મરણ, અતિ આદર સત્કારપૂર્વક જે ગ્રહણ કરે તે તો તેવો જ શુદ્ધ સ્વભાવ પોતાનો પ્રગટ કરે. કર્મરહિતપણું પ્રાપ્ત થાય. જે શ્રી અરિહંત પ્રભુનું શુદ્ધ સ્વરૂપ ચિંતવતા, ધ્યાન કરતા પોતાનું સ્વરૂપ નીપજે એ કોઈ અદ્‌ભુત લીનતા છે.

**તુમ પ્રભુ તુમ તારક વિભુજી, તુમ સમો અવર ન કોઈ;**
**તુમ દરિસણ થકી હું તર્યોજી, શુદ્ધ આલંબન હોય. .. વિ. ૬**

માટે હે વિમલનાથ ! આપ મારા પ્રભુ-અધિપતિ જ છો, વળી મને સંસારમાંથી તારવાવાળા આપ પરમ નિર્યામક, પરમ સામર્થ્યવંત છો. આપ સમાન મારે બીજો કોઈ નથી. હે પ્રભુ ! આપનું દર્શન થતાં એટલે કે સમકિતને પ્રાપ્ત થતાં હું સંસાર સમુદ્રને તરવાની શક્તિવાળો થયો. એથી મને શુદ્ધ આલંબન પ્રાપ્ત થયું.

**પ્રભુ તણી વિમલતા ઓળખીજી, જે કરે થિર મન સેવ;**
**દેવચંદ્ર પદ તે લહેજી, વિમલ આનંદ સ્વયંમેવ. ... વિ. ૭.**

આ રીતે પ્રભુએ પ્રાપ્ત કરેલ નિર્મળતાને જે જીવ ઓળખીને, સમજીને દૃઢ મન કરીને સેવા ભક્તિ કરે તે સર્વ દેવોમાં ચંદ્ર સમાન એવા પરમાત્મપદને પામે એટલે કે યોગી અનાદિ સંતતિ ભાવકર્મરૂપ ઉપાધિનો ક્ષય કરીને, તેથી નિર્મળ આનંદરૂપ તે સ્વયંમેવ પોતે થાય.

## ૧૪. શ્રી અનંતનાથ જિન સ્તવન

**મૂરતિ હો પ્રભુ, મૂરતિ અનંત જિણંદ,**
**તાહરી હો પ્રભુ, તાહરી મુજ નયણે વસીજી;**
**સમતા હો પ્રભુ, સમતા રસનો કંદ,**
**સહેજે હો પ્રભુ, સહેજે અનુભવ રસ લસીજી... ૧**

હે અનંતનાથ જિનેશ્વર ભગવંત ! તારી મૂર્તિ જોતાં તે મારા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નયનમાં વસી ગઈ છે. તે મૂર્તિ સમતા રસનું મૂળ છે અને સહેજે પ્રયાસ વિના અનુભવ સ્વભોગીપણાનું જ્ઞાન, તેના રસથી લીન છે, તન્મય છે.

**ભવદવ હો પ્રભુ, ભવદવ - તાપિત જીવ,**
**તેહને હો પ્રભુ, તેહને અમૃતઘન સમીજી;**
**મિથ્યા હો પ્રભુ, મિથ્યાવિષની ખીવ,**
**હરવા હો પ્રભુ, હરવા જાંગુલિ મન રમીજી... ૨**

હે પ્રભુ ! ચારગતિમાં ભવભ્રમણરૂપ સંસાર દાવાનળમાં બળી રહેલા આકુળ થયેલા જીવોને પરમ શીતળતા કરવાને માટે આપની મૂર્તિના દર્શન અમૃતના મેઘ સમાન છે. વળી હે ભગવાન આપની મૂર્તિ મિથ્યાત્વરૂપી વિષની મૂર્છાને હરવાને માટે જાંગુલિ મંત્ર (ગારૂડીના મંત્ર) સમાન છે.

**ભાવ હો પ્રભુ, ભાવ ચિંતામણિ એહ,**
**આતમ હો પ્રભુ, આતમ સંપત્તિ આપવાજી;**
**એહિ જ હો પ્રભુ, એહિજ શિવસુખગેહ,**
**તત્ત્વ હો પ્રભુ, તત્ત્વાલંબન થાપવાજી. ... ૩**

હે પ્રભુ ! આપની મુદ્રા ભાવ ચિંતામણિ રત્ન સમાન છે. એટલે કે આતમ સંપત્તિને પ્રાપ્ત કરાવે તેવી છે. મોક્ષ સુખની હેતુભૂત છે. માટે એ જ શિવસુખનું ઘર છે. તત્ત્વ એટલે વસ્તુનો મૂળધર્મ પામવાને માટે આપની મૂર્તિ આલંબન રૂપ છે.

**જાયે હો પ્રભુ, જાયે આશ્રવચાલ,**
**દીઠે હો પ્રભુ, દીઠે સંવરતા વધેજી;**
**રત્ન હો પ્રભુ, રત્નત્રયી ગુણમાલ,**
**અધ્યાતમ હો પ્રભુ, અધ્યાતમ સાધન સધેજી ... ૪.**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે પ્રભુ ! આપનું દર્શન થતાં જ આશ્રવ કહેતાં નવા કર્મ આવવાના દ્વાર બંધ થઈ જાય છે અને આત્મરમણતારૂપ સંવરની વૃદ્ધિ થાય છે. તેમજ રત્નત્રયી-સમ્યક્દર્શન-જ્ઞાન- ચારિત્રરૂપ ગુણની નિર્મળ શ્રેણીરૂપ અધ્યાત્મ -આત્મસ્વરૂપના સાધનનો ઉપાય પ્રાપ્ત થાય છે.

**મીઠી હો પ્રભુ, મીઠી સૂરત તુજ,**
**દીઠી હો પ્રભુ, દીઠી રુચિ બહુમાનથીજી,**
**તુજ ગુણ હો પ્રભુ, તુજ ગુણ ભાસન યુક્ત**
**સેવે હો પ્રભુ, સેવે તસુ ભવ ભય નથીજી. ... ૫**

હે પ્રભુ ! આપની નજર બહુ જ મીઠી લાગી છે. તેને જોતાં મારામાં પણ આપે પ્રાપ્ત કરેલી સુરતાને પ્રાંપ્ત કરવાની રુચિ જાગી છે. અને તેમ થતાં આપે મેળવેલ કેવળ જ્ઞાનાદિક ગુણ રૂપ ઓળખવા માટે મદદરૂપ થાય છે. આપની ભક્તિ, ભાવથી કરે તેને હે પ્રભુ ! સંસાર પરિભ્રમણનો ભય રહેતો નથી. એટલે કે જે અરિહંત ભગવાનની ભક્તિ કરે તેને સંસાર પરિભ્રમણ હોય નહીં.

**નામે હો પ્રભુ, નામે અદ્દભુત રંગ,**
**ઠવણા હો પ્રભુ, ઠવણા દીઠે ઉલ્લસેજી;**
**ગુણ આસ્વાદ હો પ્રભુ, ગુણ આસ્વાદ અભંગ,**
**તન્મય હો પ્રભુ, તન્મયતાએ જે ધસેજી. .. ૬**

હે પ્રભુ ! આપનું નામ સાંભળતા જ સાધનાનો અદ્દભુત રંગ ઉત્પન્ન થાય છે. આપની મૂર્તિને જોતાં જ ઉલ્લાસ આવે છે. આપે મેળવેલ ગુણોનો આસ્વાદ એક વખત થઈ જાય તો પછી તે આસ્વાદ અભંગ રહે છે. જે તારી સાધનામાં રચ્યોપચ્યો રહે છે તેને આ પ્રાપ્ત થાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ગુણ અનંત હો પ્રભુ, ગુણ અનંતનો વૃંદ,**
**નાથ હો પ્રભુ, નાથ અનંતને આદરેજી;**
**દેવચંદ્ર હો પ્રભુ, દેવચંદ્રને આનંદ,**
**પરમ હો પ્રભુ, પરમ મહોદય તે વરેજી. ... ૭**

હે પ્રભુ ! આપ જ્ઞાનાદિક અનંત ગુણના સમુહ છો, એવા આપને જે આદરે, આરાધના કરે તે પ્રાણી પરમાનંદમયી એવું જે મોક્ષરૂપ સ્થાનક તેને મેળવે. આપની સેવા કરતા સર્વ કર્મ- ક્લેશથી રહિત થાય. ઉત્કૃષ્ટ મહોદયને પ્રાપ્ત કરે એટલે મોક્ષને પામે. એ જાણીને દેવચંદ્રજી મ.સા.ને આનંદ થાય છે.

## ૧૫. શ્રી ધર્મનાથ જિન સ્તવન

**ધર્મ જગનાથનો ધર્મ શુચિ ગાઇએ,**
**આપણો આતમા તેહવો ભાવિયે;**
**જાતિ જસુ એકતા તેહ પલટે નહીં,**
**શુદ્ધ ગુણ પજ્જવા વસ્તુ સત્તામયી. ... ૧**

શ્રી ધર્મનાથ જિનેશ્વર ભગવંત જે ધર્મને પામ્યા છે તે શુદ્ધ સ્વભાવરૂપ છે. તેનું ગાન, સ્મરણ, ધ્યાન કરીને આપણા આત્માને પણ તેમના જેવો જ પરમાત્મારૂપે ભાવવો જોઇએ, કારણ કે બધા જીવોની જાતિ સંગ્રહનયની અપેક્ષાએ એક જ છે. એટલે કે શુદ્ધ સંગ્રહનયે વસ્તુ-આત્માની સત્તા શુદ્ધ ગુણ પર્યાયમયી છે. તેથી સંગ્રહનય સર્વ જીવોને સિદ્ધ સમાન માને છે. તેથી આપણા આત્મસ્વરૂપને શ્રી ધર્મનાથ સ્વામીના જેવું જ વિચારવું એ જ તત્ત્વાલંબની થવાનો માર્ગ છે.

**નિત્ય નિરવયવ વળી એક અક્રિયપણે,**
**સર્વ ગત તેહ સામાન્ય ભાવે ભણે;**
**તેહથી ઇતર સાવયવ વિશેષતા,**
**વ્યક્તિ ભેદે પડે જેહની ભેદતા. ... ૨**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સામાન્યરૂપે આત્મા નિત્ય, નિરવયવ (અંગરહિત) એક, અક્રિય અને સર્વપ્રદેશ ગુણપર્યાયમાં વ્યાપક છે. જ્યારે આત્મા વિશેષરૂપે અનિત્ય, સાવયવ, અનેક, સક્રિય, દેશગત છે. પણ વ્યક્તિ, જે પદાર્થ તથા ગુણાંતર તેના ભેદે જેનું જુદાપણું પડે, એટલે કે સર્વ વ્યક્તિને વિષે વિશેષપણું જુદું જુદું છે. તે વિશેષ સ્વભાવમાં જ્ઞાનાદિક ગુણના ભેદ સમજવા. આમ આત્માનું સામાન્ય તથા વિશેષરૂપ સમજાવ્યું.

**એકતા પિંડને નિત્ય અવિનાશતા,**
**અસ્તિ નિજ ઋદ્ધિથી કાર્યગત ભેદતા;**
**ભાવ શ્રુત ગમ્ય અભિલાપ્ય અનંતતા,**
**ભવ્ય પર્યાયની જે પરાવર્તિતા. ... ૩**

એકતા, નિત્યતા, અસ્તિતા, ભેદતા, અભિલાપ્યતા અને ભવ્યતા એ સામાન્ય સ્વભાવ છે અને આ દરેક દ્રવ્ય-ગુણમાં હોય છે.

**૧. એકતા સ્વભાવ :** એક સ્વભાવ પિંડપણુ એટલે કે દ્રવ્યના સર્વ પ્રદેશ, ગુણ, પર્યાય તેનો સમુદાય તે એક પિંડરૂપ છે. આને એકતા સ્વભાવ કહે છે.

**૨. નિત્યતા (નિત્ય અવિનાશતા) :** દ્રવ્યનું ધ્રુવપણું એટલે ત્રણે કાળ રહેવાપણું.

**૩. અસ્તિ સ્વભાવ :** સ્વભાવથી જ સર્વ દ્રવ્યો સત્ છે. તેઓ ક્યારે પણ પોતાની ઋદ્ધિ (ગુણરૂપ) ને મુકતા નથી. તે અસ્તિ સ્વભાવ છે.

**૪. ભેદ સ્વભાવ (ભેદતા) :** આ ભેદ કાર્યગત છે એટલે કે જ્ઞાનાદિક ગુણ તે સર્વ પોતપોતાના કાર્યને કરે છે અને તે બીજા ગુણના કાર્યને કરતા નથી તેથી કાર્ય ભેદે આ ભેદ સ્વભાવ છે.

**૫. અભિલાપ્ય સ્વભાવ :** (અભિલાપ્યતા) વચન દ્વારા કહી શકાય તેવા આત્મદ્રવ્યના અનંતા ધર્મ છે. જે ભાવ શ્રુતજ્ઞાનથી જાણી શકાય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે તેને અભિલાપ્ય સ્વભાવ કહેવામાં આવે છે.

**૬. ભવ્ય સ્વભાવ (ભવ્યતા) :** સર્વ દ્રવ્યમાં પર્યાયની પરાવર્તિતા એટલે કે પર્યાયો બદલાય છે તેને ભવ્ય સ્વભાવ કહેવામાં આવે છે.

આ છ સ્વભાવ દ્રવ્યમાં, ગુણમાં છે માટે એ છને સામાન્ય સ્વભાવ કહીએ છીએ.

**ક્ષેત્ર-ગુણ ભાવ અવિભાગ અનેકતા,**
**નાશ ઉત્પાદ અનિત્ય પરનાસ્તિતા;**
**ક્ષેત્ર વ્યાપ્યત્વ અભેદ અવક્તવ્યતા,**
**વસ્તુ તે રૂપથી નિયત અભવ્યતા... ૪**

ત્રીજી કડીમાં કહેવામાં આવેલ છ સામાન્ય સ્વભાવના વિરોધાભાસી છ સામાન્ય સ્વભાવ અહીંયા બતાવે છે.

**૧. અનેકતા :** ક્ષેત્ર, ગુણ, ભાવ (પર્યાય)ના અવિભાગ વડે અનેકતા છે. એક એક દ્રવ્યમાં અનંતા ગુણ છે, તે એકેકા ગુણમાં અનંતા ગુણ અવિભાગ છે તે અનેક સ્વભાવતા છે. તથા ભાવ અવિભાગે જે પર્યાય ધર્મ તે જ્ઞાનાદિક ગુણના અનંતા પર્યાયની સુક્ષ્મતા ગહન છે તે પણ અનેક સ્વભાવ છે. ક્ષેત્રથી પ્રદેશરૂપ અવિભાગ પદાર્થમાં અનેક હોવાથી અનેકતા છે. ક્ષેત્રે તથા ગુણે અને પર્યાયે સર્વ રીતે દ્રવ્યમાં અનેકતા છે.

**૨. અનિત્યતા :** પર્યાય અપેક્ષાથી વ્યય તથા ઉત્પાદ પરિણતિ એ સર્વ દ્રવ્યમાં અનિત્યતા છે.

**૩. નાસ્તિતા :** આપણાથી બીજા જે દ્રવ્ય તેના ધર્મ તે અન્ય દ્રવ્યમાં નથી. અથવા આપણા દ્રવ્યમાં નથી તે નાસ્તિતા છે. પરદ્રવ્ય (પુદ્‌ગલ દ્રવ્ય)માં આત્મદ્રવ્યનું અસ્તિત્વ નથી તે નાસ્તિતા છે.

**૪. અભેદતા :** આત્માના સર્વ ગુણ-પર્યાય તે ભિન્ન ભિન્ન કાર્ય કરે છે. પરંતુ ક્ષેત્ર એટલે ભાજન તે સર્વનો આત્મા છે. ગુણ પર્યાયની



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અનંતતા છતાં કોઈ પણ મૂળ દ્રવ્યને તજી શકતો નથી. એક ક્ષેત્રે એકાધારપણે વ્યાપ્યત્વ કહેતાં અવગાહી રહ્યા છે તે દ્રવ્યમાં અભેદતા સ્વભાવ છે.

**૫. અનભિલાપ્યતા :** વસ્તુ સ્વરૂપે કેવળજ્ઞાન ગમ્યપણે વચને અગોચર. અનંત ધર્માત્મકપણે દ્રવ્યનું અનભિલાપ્યપણું તે અવકતવ્ય સ્વભાવ છે.

**૬. અભવ્યતા :** દ્રવ્ય અનેક પર્યાયનો પરાવર્ત છે. પણ મૂળ વસ્તુના મૂળ રૂપથી પલટે નહીં. તે રૂપે જ રહે છે. એ નિયતપણા માટે વસ્તુમાં અભવ્યતા સ્વભાવ છે.

આ બધા સ્વભાવ એક જ સમયે દ્રવ્યમાં વર્તી રહ્યા હોય છે. સામાન્ય સ્વભાવ એ સર્વ પદાર્થોનો (દ્રવ્યાસ્તિક) મૂળધર્મ છે. સર્વ પદાર્થોમાં એનું પરિણમન થતું હોવાથી સર્વ પદાર્થ સ્યાદ્વાદમય છે.

**ધર્મ પ્રાગ્ભાવતા સકલ ગુણ શુદ્ધતા,**
**ભોગ્યતા કર્તૃતા રમણ પરિણામતા;**
**શુદ્ધ સ્વપ્રદેશતા તત્ત્વ ચૈતન્યતા,**
**વ્યાપ્ય-વ્યાપક તથા ગ્રાહ્ય ગ્રાહકતા... ૫**

હવે વિશેષ સ્વભાવ કહે છે જે દરેક દ્રવ્યમાં જુદા જુદા હોય છે. જીવ દ્રવ્યના કેટલાક વિશેષ સ્વભાવનું સ્વરૂપ અહીં બતાવે છે.

**૧. આવિર્ભાવતા :** જ્ઞાનાદિક ગુણોનું પ્રગટ થવું તે આવિર્ભાવ ગુણ છે.

**૨. ભોગ્યતા-ભોકર્તૃતા :** સમગ્ર શુદ્ધ ગુણોનું ભોક્તાપણું છે અને આત્મા તે શુદ્ધ ગુણોનો ભોકતા છે માટે તેનો ભોકતૃતા સ્વભાવ છે.

**૩. કર્તૃતા :** જીવ દ્રવ્યનું સ્વભાવ પરિણતિરૂપ કાર્ય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૪. **રમણતા :** સ્વગુણ પર્યાયમાં રમણ કરવું તે આત્માનો રમણતા નામનો સ્વભાવ છે.

૫. **પારિણામિકતા :** શુદ્ધ સ્વપ્રદેશતા એટલે કે પ્રદેશોની પૂર્ણ શુદ્ધતા થવી. એ પણ વિશેષ સ્વભાવ છે.

૬. **ચૈતન્યતા :** ચેતન ગુણવાળો આત્મા છે.

૭. **વ્યાપ્ય-વ્યાપકતા :** આત્મા વ્યાપક છે અને તેના ગુણો વ્યાપ્ય છે. તેથી વ્યાપ્ય-વ્યાપકતા સ્વભાવ છે.

૮. **ગ્રાહ્ય-ગ્રાહકતા :** સ્વગુણોનું ગ્રાહ્યપણું છે, આત્મા તેનો ગ્રાહક છે. તેથી ગ્રાહ્ય-ગ્રાહકતા ભાવ આત્માનો સ્વભાવ છે.

આ પ્રમાણે આત્માના વિશેષ સ્વભાવો છે. જેમ કે આધાર-આધેયપણું, સંરક્ષણપણું, સ્વસ્વામિ ભાવાદિક એ સર્વ વિશેષ સ્વભાવ જાણવા.

હે ધર્મનાથ ભગવાન ! આપ આપના સામાન્ય તથા વિશેષ સ્વભાવ પ્રગટાવી નિરામય થયા છો.

**સંગ પરિહારથી સ્વામી નિજ પદ લહ્યું,**
**શુદ્ધ આત્મિક આનંદપદ સંગ્રહ્યું;**
**જહવિ પરભાવથી હું ભવોદધિ વસ્યો,**
**પરતણો સંગ સંસારતાએ ગ્રસ્યો. ... ૬**

હે ભગવાન ! પરના સંગનો પરિહાર કરીને - પરસંગથી નિવર્તીને આપે શુદ્ધ આત્મિક આનંદરૂપ જે પોતાનું પદ તેને પ્રાપ્ત કર્યું. જ્યારે હે ભગવાન ! હું તો પરભાવમાં રમણતા કરતો કરતો ચાર ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છું. આ પરનો સંગ કરવાથી જ આ કર્મે મને સંસારમાં પકડી રાખ્યો છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**તહવિ સત્તાગુણે જીવ એ નિર્મલો,**
**અન્ય સંશ્લેષ જિમ સ્ફટિક નવિ શામલો;**
**જે પરોપાધિથી દુષ્ટ પરિણતિ ગ્રહી,**
**ભાવ તાદાત્મ્યમાં માહરું તે નહીં ... ૭**

દ્રવ્યાસ્તિક-સંગ્રહનય અપેક્ષાએ વિચારતા જણાય છે કે મારો આત્મા નિર્મલ, અસંગ, અરૂપી છે. પણ જેમ સ્ફટિક પાછળ કાળો પદાર્થ મુકવાથી તે સ્ફટિક કાળો નહીં હોવા છતાં કાળો દેખાય છે તેમ આત્મા પર ઉપાધિથી દુષ્ટપણે રાગદ્વેષરૂપ પરિણતિ ગ્રહીને પરપદાર્થનું કર્તાપણું કરીને તેનું અભિમાન કરે છે. પણ આ બધા ભાવો મારા તાદાત્મ્ય ભાવથી નથી. (એમ ભાવના ભાવવાની છે.)

**તિણે પરમાત્મપ્રભુ-ભક્તિરંગી થઈ,**
**શુદ્ધ કારણ રસે તત્ત્વપરિણતિમયી;**
**આત્મગ્રાહક થયે તજે પરગ્રહણતા,**
**તત્ત્વભોગી થયે ટળે પરભોગ્યતા. ... ૮**

વિભાવ પરિણતિ એ મારો મૂળ સ્વભાવ નથી. સાધક, પરમાત્માની ભક્તિમાં તલ્લિન થઈ શુદ્ધ નિમિત્ત કારણ મેળવીને તે દ્વારા તત્ત્વની પરિણતિનો ગ્રાહક આત્મા થાય એટલે પરપરિણતિને પરભાવને તજી દે છે. આત્મતત્ત્વનો ભોગવટો કરનાર થવાથી પરભાવનું ભોકતાપણું ટળી જાય છે.

**શુદ્ધ નિઃપ્રયાસ નિજભાવભોગી યદા,**
**આત્મક્ષેત્રે નહીં અન્ય રક્ષણ તદા;**
**એક અસહાય નિસ્સંગ નિર્દ્વંદ્વતા,**
**શક્તિ ઉત્સર્ગની હોય સહુ વ્યકતતા. ... ૯**

જ્યારે આત્મા સહજપણે શુદ્ધ આત્મસ્વભાવનો ભોકતા બને છે ત્યારે સર્વ આત્મપ્રદેશોમાં સંયોગ સંબંધે રહેલા સર્વ કર્મ પુદ્ગલો નાશ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પામી જાય છે, ખરી જાય છે. અને તે સમયે એક નિઃસંગ, નિર્દ્વંદ્વ સહાયની જરૂરિયાત વગરની ઉત્સર્ગ શક્તિ એટલે આત્મશક્તિ સંપૂર્ણપણે વ્યક્ત થઈ જાય છે, પ્રગટ થઈ જાય છે.

**તેણે મુજ આતમા થકી નિપજે,**
**માહરી સંપદા સકલ મુજ સંપજે;**
**તેણે મનમંદિરે ધર્મપ્રભુ ધ્યાઇએ,**
**પરમ દેવચંદ્ર નિજ સિદ્ધિ સુખ પાઇએ... ૧૦**

આ રીતે અરિહંત પરમાત્માના આલંબનથી મારું આત્મતત્ત્વ પ્રગટે છે, મારામાં-સત્તામાં રહેલી એવી આત્મલક્ષ્મી પ્રાપ્ત થાય છે. તે માટે મારે સાધક બનીને પોતાની અંદર પોતાના મનમંદિરમાં ધર્મનાથ પ્રભુનું ધ્યાન કરવું રહ્યું જેથી દેવોમાં ચંદ્ર સમાન નિર્મલ એવા પોતાના શુદ્ધ આત્માની સિદ્ધિનું સુખ મેળવી શકું.

આ સ્તવનમાં આત્માના સામાન્ય સ્વભાવ અને વિશેષ સ્વભાવના લક્ષણો બતાવી અધ્યાત્મ સાધનામાં ઉપયોગી એવી માહિતી આપી છે. ધ્યાન દશામાં સામાન્ય સ્વભાવનો ઉપયોગ કરવાનો છે. જ્યારે વ્યવહાર ભૂમિકામાં વિશેષ સ્વભાવનો ઉપયોગ કરવાનો છે.

## ૧૬. શ્રી શાંતિનાથ જિન સ્તવન

**જગત દિવાકર જગત કૃપાનિધિ,**
**વાહલા મારા સમવસરણમાં બેઠા રે,**
**ચઉમુખ ચઉવિહ ધર્મ પ્રકાશે તે મેં નયણે દીઠા રે.**
**ભવિક જન હરખો રે, નિરખી શાંતિજિણંદ ભ.**
**ઉપશમરસનો કંદ નહિ ઇણ સરિખો રે. ... ૧**

આપ જગત માટે જ્ઞાનનાં સૂર્ય છો. જગતનાં જીવો ઉપર પરમ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરુણા વરસાવનાર છો. મારા માટે પરમ પૂજ્ય, વંદનીય, આદરવા જોગ એવા હે ભગવાન આપ સમવસરણમાં બિરાજમાન છો. મેં ચારમુખ વડે ચાર પ્રકારની ધર્મદેશના દેતા એવા શ્રી અરિહંત ભગવાનનું દર્શન કર્યું છે માટે હે ભવ્ય જીવો તમો પણ શાંતિનાથ ભગવાનને જુઓ અને હર્ષ પામો. આ ભગવાન કેવા છે ? પરમાત્મા, ઉપશમ-શાંતિ રસના મૂળ છો. એમની સરખામણીમાં આવી શકે તેવો બીજો કોઈ આ જગતમાં નથી.

**પ્રાતિહારજ અતિશય શોભા વા. તે તો કહિય ન જાવે રે;**
**ધૂક બાલકથી રવિકરભરનું, વર્ણન કેણીપરે થાવે રે. ભ.૨**

જેમ ઘુવડના બચ્ચાથી સૂર્યના તેજસ્વી કિરણોના સમૂહનું વર્ણન થઈ શકતું નથી તેમ શ્રી અરિહંત ભગવંતના આઠ પ્રતિહારો તથા ચોત્રીસ અતિશયો યુક્ત વાણીનીં શોભાનું વર્ણન મારા જેવા બાળથી થઈ શકે તેમ નથી.

**વાણી ગુણ પાંત્રીસ અનોપમ વા. અવિસંવાદ સરૂપે રે;**
**ભવદુઃખવારણ શિવસુખકારણ, શુદ્ધ ધર્મ પ્રરૂપે રે. ભ.૩**

આપની વાણી પાંત્રીસ અનુપમ ગુણોથી યુક્ત અને પરસ્પર વિરોધ ન આવે એવા સ્વરૂપવાળી છે. આ વાણી ભવ્ય જીવોના ભવદુઃખ કાપનાર છે અને મોક્ષ સુખ આપનાર એવા શુદ્ધ ધર્મની પ્રરૂપણા કરનારી છે.

**દક્ષિણ પશ્ચિમ ઉત્તર દિશિ મુખ વા. ઠવણા જિન ઉપગારી રે;**
**તસુ આલંબન લહિય અનેક, તિંહા થયા સમકિત ધારી રે. ભ. ૪**

સમવસરણમાં શ્રી અરિહંત ભગવાન પૂર્વ સન્મુખ બેસીને દેશના આપે છે પણ બાકીની દિશામાં પણ પ્રભુ મુખ રાખીને બેઠા હોય તેમ દેખાય છે. પૂર્વ દિશા સિવાયની દિશાના જિનને સ્થાપના જિન કહેવામાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આવે છે. આ સ્થાપના જિનના આલંબન વડે પણ અનેક ભવ્યાત્માઓએ સમ્યક્દર્શનને પ્રાપ્ત કરેલ છે, મેળવેલ છે. એટલે ઉપકારી છે.

**ષટનય કારજરૂપે ઠવણા વા. સગ નય કારણ ઠાણી રે;**
**નિમિત્ત સમાન થાપના જિનજી, એ આગમની વાણી રે. ભ. ૫**

સ્થાપનામાં અરિહંતતારૂપ, સિદ્ધતારૂપ કાર્ય નૈગમાદિ ષડ્નયની અપેક્ષાએ રહેલું છે, તેમજ સાતે નયની અપેક્ષાએ તેમાં મોક્ષની નિમિત્ત કારણતા રહેલી છે. ભવ્ય જીવોને મોક્ષ પ્રાપ્તિમાં સાક્ષાત્ શ્રી અરિહંત અને સ્થાપના અરિહંતનું આલંબન નિમિત્ત કારણે સમાન છે. આમ આગમમાં કહેવામાં આવ્યું છે.

**સાધક તીન નિક્ષેપા મુખ્ય વા. જે વિણ ભાવ ન લહિયે રે;**
**ઉપકારી દુગ ભાષ્યે ભાખ્યા, ભાવ વંદકનો ગ્રહીએ રે. ભ. ૬**

નામ, સ્થાપના અને દ્રવ્ય નિક્ષેપાથી ભાવ નિક્ષેપાની પ્રાપ્તિ થાય છે. વિશેષ આવશ્યક ભાષ્યમાં નામ અને સ્થાપનાને જ ઉપકારી કહ્યા છે. ભાવ અરૂપી હોવાથી આલંબન માટે આ બેની જરૂર પડે છે. સમવસરણમાં બિરાજમાન સાક્ષાત્ શ્રી અરિહંતના નામ અને સ્થાપના જ છદ્મસ્થ જીવોને ગ્રાહ્ય બને છે માટે ઉપકારી છે. વંદન કરતી વખતે આ ભાવ ગ્રહણ કરવો.

**ઠવણા સમવસરણે જિનસેંતી વા. જો અભેદતા વાધી રે;**
**એ આતમના સ્વસ્વભાવગુણ, વ્યક્ત યોગ્યતા સાધી રે. ભ. ૭**

સમવસરણમાં પ્રત્યક્ષ બિરાજમાન શ્રી જિનના આલંબનથી મારી ચેતનાની અભેદતા વૃદ્ધિ પામી છે. તેથી એમ નક્કી લાગે છે કે મારા આત્મામાં સંપૂર્ણ શુદ્ધ સ્વભાવને પ્રગટ કરવાની યોગ્યતા છે એટલે કે આ આલંબન દ્વારા અલ્પકાળમાં આત્મસ્વભાવમાં પૂર્ણ રમણતા- તન્મયતા પ્રાપ્ત થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ભલું થયું મે પ્રભુગુણ ગાયા વા. રસનાનો ફલ લીધો રે;**
**દેવચંદ્ર કહે મારા મનનો, સકલ મનોરથ સીધો રે. ભ. ૮**

સારું થયું કે મેં આપના ગુણોની ભક્તિ કરી અને તેથી કરીને મારી જીહ્વા વડે સ્તુતિ કરતાં મારી સાધના સફળ થઈ. દેવચંદ્રજી મહારાજ કહે છે કે, આમ થવાથી મારા સકળ મનોરથો સિદ્ધ થઈ ગયા.

## ૧૭. શ્રી કુંથુનાથ જિન સ્તવન

**સમવસરણ બેસી કરી રે, બારહ પરિષદમાંહે;**
**વસ્તુસ્વરૂપ પ્રકાશતા રે, કરુણાકર જગનાહો રે કુંથુજિનેસરુ.**
**નિર્મલ તુજ મુખ વાણી રે, જે શ્રવણે સુણે,**
**તેહિ જ ગુણમણિ ખાણી રે... કું. ૧**

હે કુંથુનાથ જિનેશ્વર, કરુણાના સાગર સમવસરણમાં બિરાજીને બાર પ્રકારની પર્ષદાની સામે વસ્તુસ્વરૂપ-આત્મદ્રવ્યાદિને મૂળ સ્વરૂપે પ્રકાશિત કરો છો. હે પ્રભુ ! આપના મુખમાંથી નીકળતી વાણી નિર્મળતાથી ભરેલી છે. જે આ વાણીને સાંભળે છે તે સર્વગુણ સંપન્નતાને પ્રાપ્ત કરે છે.

**ગુણ પર્યાય અનંતતા રે, વલી સ્વભાવ અગાહ;**
**નય ગમ ભંગ નિક્ષેપના રે, હેયાદેય પ્રવાહો રે. .. કું. ૨**

ગુણ તે વસ્તુના સહભાવી ધર્મ છે, તથા ક્રમભાવી ઉભયાશ્રિત તે પર્યાય છે. દ્રવ્ય, ગુણ, પર્યાય જેમાં વર્તે તેને સ્વભાવ કહીએ. ગુણ અનંતતા, પર્યાય અનંતતા, અને સ્વભાવ - અગાહ કહેતા અગાધ છે. અનેક ધર્માત્મક વસ્તુને વિષે એક ધર્મ અવલંબન તેને નય કહેવામાં આવે છે. સ્યાત અસ્તિ પ્રમુખ તથા નામ નિક્ષેપ નામાદિક તેની અનેક પ્રવાહ, અનેક ભાતિના વસ્તુ ધર્મે, ઉપચાર ધર્મે, કારણ ધર્મે, સ્વરૂપ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપદેશે, હેય ધર્મના નય, નિક્ષેપા, ભાંગા તે હેયરૂપ અને ઉપાદેય રૂપ ધર્મના નય નિક્ષેપા તે ઉપાદેયરૂપ પ્રરૂપતી એવી શ્રી કુંથુનાથ ભગવાનની દેશનાનો પ્રવાહ છે.

**કુંથુનાથ પ્રભુ દેશના રે, સાધન સાધક સિદ્ધિ;**
**ગૌણ મુખ્યતા વચનમાં રે, જ્ઞાન તે સકલ સમૃદ્ધિ રે. .. કું. ૩**

શ્રી કુંથુનાથ ભગવાનનો ઉપદેશ એવો છે કે જેના વડે સાધન કહેતાં રત્નત્રયી પૂર્ણ અભેદતારૂપ નિપજાવવાના ઉપાય છે. વળી ઉપદેશ એવો કરે છે કે જે વખતે જે ગુણને મુખ્યતાએ કહેવાનો હોય તે કહે, બાકીના તે વખતે ગૌણતાએ અનંતા ધર્મનું પરિણમન પોતાની અંદર હોય છે જ. પણ જ્ઞાન તો સકલ જ્ઞેયને જાણનાર સમૃદ્ધ છે. પણ વાણીમાં બોલતાં એક મુખ્ય અને બાકીના ભાવ ગૌણતાએ રહે છે.

**વસ્તુ અનંત સ્વભાવ છે રે, અનંત કથક તસુ નામો;**
**ગ્રાહક અવસર બોધથી રે, કહેવે અર્પિત કામો રે. .. કુ. ૪**

વસ્તુ એટલે દ્રવ્યો અનંત સ્વભાવવાળા છે. સર્વ દ્રવ્યો અનંતતા યુક્ત છે. તેમજ વસ્તુનું નામ જીવ અથવા પુદ્ગલ છે તે પણ અનંતતાને કહે છે. એટલે કે જીવ શબ્દ બોલતાની સાથે જીવના અનંતા ધર્મ છે તે સર્વ બોલાયા તેમ સમજવું જોઇએ. પરંતુ ગ્રાહક (શ્રોતા)નું જેવું જાણપણું હોય તેવો ઉપદેશ ભગવાન કરે છે. તેઓ તો એક સમયના જ્ઞાનમાં સર્વને જાણે છે. પણ સામે જેવો શ્રોતા હોય તે પ્રમાણે કહે છે. જે સમયે જે ધર્મ કહેવાનું પ્રયોજન હોય તે અવસરે તે ધર્મને વચનને વિષે અર્પિત કહેવાય એટલે ગ્રહણ કરે જ્યારે બાકીના અનંતા ધર્મ છે તો પણ પ્રયોજન વિના ગવેષે નહીં, પણ શ્રદ્ધામાં છે તેને અનર્પિત કહેવાય છે.

**શેષ અનર્પિત ધર્મને રે, સાપેક્ષ શ્રદ્ધાબોધ;**
**ઉભય રહિત ભાસન હુવે રે, પ્રગટે કેવલ બોધ રે. .. કુ.૫**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે વચન બોલાયા નહીં તે અનર્પિત ધર્મ રહ્યા કહેવાય તેને સાપેક્ષ શ્રદ્ધા, સમ્યક્ સદ્દહણા રાખવી, બોધજ્ઞાન પણ રાખવું એ ક્ષીણમોહ પર્યંત એમ જાણવું. ઉભય એટલે અર્પિત અનર્પિત તે બન્નેથી રહિત જે ભાસન હોય તે બોધ કહેતાં કેવળીનું જ્ઞાન તે સર્વનો જ્ઞાયક સમકાળે છે તેથી તેમાં અર્પિત-અનર્પિતપણું નથી પણ વચનમાં છે કારણ સંપૂર્ણ ધર્મોને એક સાથે કહી શકાતા નથી ત્યાં મુખ્યતા ગ્રહીને બોલવામાં આવે છે. કેવળજ્ઞાનમાં આમ નથી.

**છતિ પરિણતિ ગુણવર્તના રે, ભાસન ભોગ આનંદ;**
**સમકાળે પ્રભુ તાહરે રે, રમ્યરમણ ગુણવૃંદો રે. .. કુ. ૬**

હે ભગવાન ! આપનામાં બધા જ ગુણો સ્પષ્ટપણે વર્તી રહ્યા છે. જેમ કે જ્ઞાનથી જાણે, દર્શનથી દેખે, ચારિત્રથી રમણતા કરે - ભોગવે એમ સર્વગુણ પોતપોતાની વર્તનાએ વર્તતા પોતપોતાના કાર્યને કરે છે, તે વર્તના જાણવી. આ બધું જ હે પ્રભુ આપનામાં છે. સર્વ- ગુણ-પર્યાયનું જાણપણું અને તેનો આનંદ પણ ભોગવી રહ્યા છો. એટલે કે એક સમયમાં વર્તના, ભાસન ભોગ અને આનંદનું પરિણમન થઈ રહ્યું છે. આપ તે ગુણના વૃંદમાં આપ રમણતા કરી રહ્યા છો.

**નિજ ભાવે સીય અસ્તિતા રે, પરનાસ્તિત્વ સ્વભાવ;**
**અસ્તિપણે તે નાસ્તિતા રે, સીય તે ઉભય સ્વભાવો રે. .. કુ. ૭**

હવે સપ્તભંગીરૂપે પ્રભુતાનું વર્ણન કરે છે.

સ્યાત્ અસ્તિ, સ્યાત નાસ્તિ, સ્યાત્ અવકતવ્યં એ ત્રણ સકલાદેશી છે અને તે દ્રવ્યાસ્તિક નયથી છે. સ્યાત્ અસ્તિ નાસ્તિ, સ્યાત્ અસ્તિ અવકતવ્યં, સ્યાત્ નાસ્તિ અવકતવ્યં, સ્યાત્ અસ્તિ નાસ્તિ અવકતવ્યં એ પર્યાયને ગ્રહણ કરે છે એટલે કે અંશને ગ્રહણ કરે છે.

**૧. સ્યાત્ અસ્તિ :** સ્વદ્રવ્ય અપેક્ષાએ આત્મદ્રવ્યની અસ્તિતા છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**૨. સ્યાત્ નાસ્તિ :** પર દ્રવ્ય અપેક્ષાએ આત્મદ્રવ્યનું અસ્તિત્વ નથી.

**૩. સ્યાત્ અવકતવ્યં :** કેટલાક અસ્તિ ધર્મ એવા છે કે જે વચનથી અગોચર છે તે આ ભાંગામાં આવે છે.

આ ત્રણે ભાંગા દ્રવ્યાર્થિક નયથી છે.

**૪. સ્યાત્ અસ્તિ નાસ્તિ :** સ્વદ્રવ્ય અપેક્ષાએ અસ્તિત્વ છે, પરદ્રવ્ય અપેક્ષાએ અસ્તિત્વ નથી.

**૫. સ્યાત્ અસ્તિ અવક્તવ્યં :** સ્વદ્રવ્ય અપેક્ષાએ અસ્તિત્ત્વ છે પણ તે વચનથી અગોચર છે, કહી શકાતું નથી.

**૬. સ્યાત્ નાસ્તિ અવક્તવ્યં :** પરદ્રવ્ય અપેક્ષાએ નાસ્તિત્વ છે પણ તે વચનથી અવક્તવ્ય છે.

**૭. સ્યાત્ અસ્તિ-નાસ્તિ અવક્તવ્યં :** સ્વ અપેક્ષાએ અસ્તિત્ત્વ છે, પરદ્રવ્ય અપેક્ષાએ અસ્તિત્ત્વ નથી. તેના કેટલાક ભાગો વચનથી અગોચર છે એટલે કે વ્યક્ત કરી શકાતા નથી.

પોતાના ભાવથી સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવપણે અસ્તિ છે. તે જ દ્રવ્ય પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ, પરભાવપણે નાસ્તિ છે. આ સ્યાદ્વાદ પરિણતિ હે ભગવાન આપે પ્રત્યક્ષ જ્ઞાને સર્વ દ્રવ્યને જાણીને ઉપદેશ કર્યો તેવી આપની વાણી છે.

**અસ્તિભાવ જે આપણો રે, રુચિ વૈરાગ્ય સમેત;**
**પ્રભુ સન્મુખ વંદન કરી રે, માગીશ આતમ હેત રે. .. કું. ૮.**

હવે સાધક પોતાનો મનોરથ જણાવે છે કે જે અસ્તિ સ્વભાવ અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર- અવ્યાબાધ પૂર્ણાનંદતારૂપ જે મારો સત્તાગત સ્યાદ્વાદ ઉપયોગ ગ્રહણ કર્યો તેની રુચિ કરીને વૈરાગ્ય વડે પરભાવોથી ઉદાસીન થયો. હે ભગવાન આપની સન્મુખ ઊભો રહી વંદના કરીને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માંગુ છું કે મને આપના જેવો આત્મા પ્રાપ્ત કરાવો. તેના પ્રત્યે પ્રેમ ઉપજાવો. આપના જેવો જ્યારે થઇશ ત્યારે તે દિવસને ધન્ય માનીશ.

**અસ્તિ સ્વભાવ રુચિ થઈ રે, ધ્યાતો અસ્તિ સ્વભાવ;**
**દેવચંદ્ર પદ તે લહે રે, પરમાનંદ જમાવો રે. .. કું. ૯**

હે પ્રભુ ! અસ્તિ સ્વભાવની રુચિ થઈ તેથી અસ્તિ સ્વભાવનું ધ્યાન કરું છું. દેવોમાં ચંદ્ર સમાન જે આપનું પદ તે મને પ્રાપ્ત થશે અને પરમાનંદ પ્રાપ્ત થશે.

## ૧૮. શ્રી અરનાથ જિન સ્તવન

**પ્રણમો શ્રી અરનાથ, શિવપુર સાથ ખરોરી;**
**ત્રિભુવન જન આધાર, ભવનિસ્તાર કરોરી. ... ૧**

શ્રી અરનાથ પ્રભુને વંદન કરો. વારંવાર વંદન કરો, કારણ કે તેઓ જ શિવપુર પહોંચાડવાને માટે ખરા સાથ આપનાર છે. આપ ત્રણે ભુવનના લોકોના આધાર છો, ચાર ગતિરૂપ સંસાર પરિભ્રમણ મારું થઈ રહ્યું છે તેનો નાશ કરો. ભવ ચોરાસીમાં રખડવાની મદદ કરો. મને મોક્ષમાર્ગ બતાવો કે જેથી આપના જેવો થઈ શકું.

**કર્તા કારણ યોગ, કારજ સિદ્ધિ લહેરી;**
**કારણ ચાર અનુપ, કાર્યાર્થી તેહ ગ્રહેરી. ... ૨**

મોક્ષ માટે કારણ કાર્યની વાત આ કડીમાં કહે છે. જેમ જ્ઞાનનો કર્તા આત્મા છે તેમ સંપૂર્ણ સિદ્ધત્ત્વનો કર્તા પણ આત્મા જ છે. તે કર્તા જ્યારે કારણરૂપી યોગને મેળવે ત્યારે તેના કાર્યની સિદ્ધિ થાય છે. એકલો કર્તા તે કારણ સામગ્રી વગર કાર્યને મેળવી શકે નહીં, કરી શકે નહીં. કારણરૂપી સામગ્રી મળે ત્યારે જ કાર્ય નીપજે છે. તે કારણના



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચાર ભેદ કહે છે. ૧. ઉપાદાન, ૨. અસાધારણ, ૩. નિમિત્ત, ૪. અપેક્ષા. કોઈ જગ્યાએ બે કારણ કહ્યા છે ઉપાદાન અને નિમિત્ત કારણ. કોઈ જગ્યાએ ચાર કારણ કહ્યા છે તે ઉપરના બે ભેદના જ ભાગ છે. ઉપાદાન, અસાધારણ (અસમવાયી કારણ તે અસાધારણ), નિમિત્ત અને અપેક્ષા. આ ચારે કારણથી કર્તા, કાર્યરુચિ પ્રવર્તાવે ત્યારે કારણ કહેવાય પણ કર્તાના પ્રયોગ વિના કારણતા નથી હોતી.

**જે કારણ તે કાર્ય, થાયે પૂર્ણ પદેરી;**
**ઉપાદાન તે હેતુ, માટી ઘટ તે વદેરી. ... ૩**

જે કર્તાના કાર્યને સન્મુખ થાય તથા પૂર્ણતાના અવસરે કાર્યરૂપ થાય તે ઉપાદાન હેતુ કહેતાં કારણ કહીએ. ઘટરૂપ કાર્ય તેને માટી તે ઉપાદાન કારણ છે. એટલે કે કારણ તે જ કાર્યપણાને પામ્યું.

**ઉપાદાનથી ભિન્ન, જે વિણ કાર્ય ન થાયે;**
**ન હુવે કારજરૂપ, કર્તાને વ્યવસાયે.... ૪**

**કારણ તેહ નિમિત્ત, ચક્રાદિક ઘટ ભાવે;**
**કાર્ય તથા સમવાય, કારણ નિયતને દાવે. ... ૫**

જે કારણ ઉપાદાન કારણથી જુદું છે, જે મળ્યા વિના કાર્ય ન થાય તેને નિમિત્ત કારણ કહીએ. દા.ત. ઘટમાં માટી તે ઉપાદાન કારણ છે. ચક્ર, ચીવર (કુંભાર), દંડાદિક નિમિત્ત કારણ છે તે ઉપાદાન કારણથી ભિન્ન હોવા છતાં તે જ્યાં સુધી મળે નહીં ત્યાં સુધી ઘટ થાય નહીં.

માટે કાર્યનો જે કર્તા તે ઉપાદાન કારણને કાર્યરૂપ કરતાં જે જે ઉપકરણ પ્રવર્તાવે તે તે નિમિત્ત કારણ જાણવું.

એકલા ઉપાદાન કારણથી કાર્ય થાય નહીં તેમજ એકલા નિમિત્તથી પણ કાર્ય થાય નહીં. જેમ કે માટી ઉપાદાન કારણ હોવા છતાં ચક્રાદિક ન મળે તો ઘટ થાય નહીં તેમજ ચક્રાદિક હોય પણ માટી ન



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હોય તો પણ ઘટ ન થાય.

**વસ્તુ અભેદ સ્વરૂપ, કાર્યપણું ન ગ્રહેરી;**
**તે અસાધારણ હેતુ, કુંભે સ્થાસ લહેરી. ... ૬**

હવે અસાધારણ કારણ કહે છે. વસ્તુ જે ઉપાદાન કારણ તેથી અભેદ સ્વરૂપે છે અને કાર્યપણું પામતો નથી એટલે કે કાર્ય થઈ ગયા પછી જે રહેતો નથી, જેમ કે ઘટ થઈ જવા છતાં પણ તેમાં માટીપણું રહ્યું છે, તેની પરે તે રહેતો નથી એટલે કે કોશ વિગેરે અસાધારણ કારણ છે.

**જેહનો નવિ વ્યાપાર, ભિન્ન નિયત બહુ ભાવી;**
**ભૂમિ કાલ આકાશ, ઘટ કારણ સદ્ભાવી ... ૭**

જે કારણનો વ્યાપાર પ્રવર્તન નથી તથા કર્તાને તે મેળવવાનો પ્રયાસ કરવો પડતો નથી અને કાર્યથી જુદો છે. તથા નિશ્ચે તે જોઇએ અને અનેક બીજા સર્વ કાર્યમાં ભાવી છે, એ રીતે કારણિક છે, તેને અપેક્ષા કારણ કહેવાય છે. ભૂમિ, કાલ, આકાશ એ વગર કોઈ ઘટાદિ કાર્ય થતું નથી અને ભૂમિ જેમ ઘટનું કારણ છે તેમ બીજા અન્ય કાર્યોનું પણ કારણ છે પણ ઘટનું કારણપણું દેખાય તેવું છે.

**એહ અપેક્ષા હેતુ, આગમ માંહી કહ્યોરી;**
**કારણ પદ ઉત્પન્ન, કાર્ય થયે ન લહ્યોરી. ... ૮**

તેથી એ અપેક્ષા હેતુ આગમમાં તથા તત્ત્વાર્થાદિક ગ્રંથોમાં કહેવામાં આવ્યો છે. જેમ અનાદિ મિથ્યાત્વી જીવ સત્તાવંત છે તેમજ અભવ્ય જીવ પણ સત્તાવંત છે પરંતુ તેનું ઉપાદાન સિદ્ધતાના કાર્યનું કારણહાર નથી, તેથી કાર્ય થતું નથી. જ્યારે કોઇક જીવનું ઉપાદાન અરિહંતાદિક નિમિત્ત પામીને કારણતાપણે પરિણમે, તે કાર્ય કરે, માટે તે ઉત્પન્ન છે અને તે કાર્ય સિદ્ધ થયા પછી તે કારણ રહે નહીં. એટલે હવે તે કાર્ય થઈ જવાથી તેની લેવાની જરૂર રહે નહીં.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**કર્તા આતમ દ્રવ્ય, કારજ સિદ્ધિપણોરી;**
**નિજ સત્તાગત ધર્મ, તે ઉપાદાન ગણોરી. ... ૯**

**સિદ્ધતારૂપ કાર્યના ચાર કારણ :** સિદ્ધતારૂપ કાર્ય તે આત્માનું અભેદ સ્વરૂપ છે, માટે એનો કર્તા આત્મા પોતે જ છે અને સિદ્ધપણું તે આત્માનું કાર્ય છે. મારે પરમાનંદરૂપ આત્માની સિદ્ધતાને મેળવવાની છે, માટે મૂળધર્મને-સિદ્ધતાને મેળવવા માટે ચેતના, વીર્યને ફોરવીને સિદ્ધતાને નિપજાવવી જોઇએ. તે આવી રીતે અંશે કર્તા થયો, પછી ગુણ વૃદ્ધિ થયે સંપૂર્ણ કર્તાપણું પામીને કાર્ય નીપજાવે. જે પોતાનો સત્તાગત ધર્મ તે સિદ્ધિરૂપ થાય છે, તે જ ઉપાદાન કારણ છે. ઉપાદાન તે વસ્તુનો મૂળધર્મ, તે જ સિદ્ધ થાય છે. એટલે સિદ્ધતાનું કારણ ગણવું.

**યોગ સમાધિ વિધાન, અસાધારણ તે વદેરી;**
**વિધિ આચરણા ભક્તિ, જેણે નિજ કાર્ય સધેરી. ... ૧૦**

સિદ્ધતારૂપ કાર્યનું અસાધારણ કારણ મન, વચન, કાયાના યોગોને દ્રવ્યથી અને ભાવથી સ્વગુણ રમણતામાં પ્રવર્તાવવા તે જ આત્મસમાધિ છે. તે મેળવવા માટેના કારણો વડે ચોથા ગુણસ્થાનકથી માંડીને સિદ્ધ પર્યંતના ગુણોની વૃદ્ધિ કરવી. સર્વ જ્ઞાન-દર્શન-ચારિત્ર- શ્રેણીગત ધ્યાન, ક્ષયોપશમી ભાવ, ભક્તિ વિધિ સહિત આચરવા જેથી પોતાના કાર્યની સિદ્ધિ નીપજે. તે જ્ઞાન ક્રિયારૂપ સાધક અવસ્થાની તરતમતાએ અસાધારણ કારણ કહેવાય છે.

**નરગતિ પઢમ સંઘયણ, તેહ અપેક્ષા જાણો;**
**નિમિત્તાશ્રિત ઉપાદાન, તેહને લેખે આણો.... ૧૧**

મનુષ્ય ગતિ, વજ્ર ઋષભ નારાચ સંઘયણ, સિદ્ધતારૂપ કાર્યનું અપેક્ષા કારણ છે. અહીં કર્તાનો વ્યાપાર નથી પણ એ નિશ્ચયથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જોઇએ છે. કારણ તેના વિના મોક્ષ સાધના થતી નથી. તેથી તેને અપેક્ષા કારણ કહેવામાં આવ્યું છે. તેમજ ઉપાદાન સિદ્ધિ માટે જરૂરી નિમિત્ત કારણ સત્‌દેવ, સત્‌ધર્મ, સત્‌શાસ્ત્ર તેને આશ્રયે રહો અને ઉપયોગ કરીને મનુષ્ય ગતિ સફળ કરો.

**નિમિત્ત હેતુ જિનરાજ, સમતા અમૃત ખાણી;**
**પ્રભુ અવલંબન સિદ્ધિ, નિયમા એહ વખાણી.... ૧૨**

આત્મા માટે પુષ્ટતારૂપ નિમિત્ત કારણ શ્રી જિનરાજ છે, વીતરાગ છે. તે વીતરાગ સમતારૂપ અમૃતની ખાણ છે, ખજાનો છે. ઇષ્ટ-અનિષ્ટતા રહિત સમતાના નાથ છે. શુદ્ધ ચારિત્ર પરિણામ તે અમૃત છે માટે તેઓના અવલંબન વડે પોતાના સર્વ ગુણને મેળવવા પુરુષાર્થ કરે તો નિયમા સિદ્ધિ પ્રાપ્ત થાય. એને જિનેશ્વરે વખાણી છે.

**પુષ્ટ હેતુ અરનાથ, તેહને ગુણથી હળીએ;**
**રીઝ ભક્તિ બહુમાન, ભોગ ધ્યાનથી મળીએ.... ૧૩**

માટે પુષ્ટ આલંબન એવા શ્રી અરનાથ ભગવાન તેમના ગુણો જે કેવળજ્ઞાન, દર્શન, અનંત આનંદ છે તેથી એકમેક થાઓ એટલે તેને તેઓના આલંબનથી પુરુષાર્થ કરીને મેળવીએ. તે ભગવાન યથાતથ્ય ભક્તિથી રીઝવાવાળા છે, અને તે માટે ધ્યાનરૂપી અગ્નિ સળગાવીને તેઓને ધ્યાનમાં મેળવીને તે આનંદરૂપ આત્મારૂપ ભગવાનનો ભોગવટો કરીએ.

**મોટાને ઉત્સંગ, બેઠાને શી ચિંતા;**
**તિમ પ્રભુ ચરણં પસાય, સેવક થયા નિચિંતા. ... ૧૪**

જેમ સંસારમાં મોટા માણસ ખોળામાં બેઠા હોઇએ તો કોઈ જાતની ચિંતા રહેતી નથી તેવી જ રીતે હે ભગવાન ! આપના ચરણમાં બેસીને સેવકો નિશ્ચિંત થાય છે. કારણ ભગવાન પુષ્ટ આલંબન છે જેથી તેના આશ્રયમાં રહેવાથી તેના જેવો બની જવાનો છે તો પછી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવે ચિંતા શા માટે રાખે ? ન જ રાખે. એટલે કે સાધક પુષ્ટ આલંબન ગ્રહીને નિશ્ચિંત થઈ શકે છે.

**અરપ્રભુ પ્રભુતા રંગ, અંતર શક્તિ વિકાસી;**
**દેવચંદ્રને આનંદ, અક્ષય ભોગ વિલાસી... ૧૫**

જેણે અરનાથ પ્રભુના પ્રભુતારૂપ ગુણોનો રંગ લગાડીને પોતાનો આંતરિક વિકાસ કર્યો છે તે દેવોમાં ચંદ્ર સમાન એવા અરનાથ ભગવાને મેળવેલ આનંદનો અક્ષય ભોગમાં વિલાસ કરી શકે છે.

## ૧૯. શ્રી મલ્લિનાથ જિન સ્તવન

**મલ્લિનાથ જગનાથ, ચરણયુગ ધ્યાઇએ રે, ચ.**
**શુદ્ધાતમ પ્રાગ્ભાવ, પરમપદ પાઇએ રે; પ.**
**સાધક કારક ષટ્ક, કરે ગુણ સાધના રે, ક.**
**તેહિ જ શુદ્ધ સ્વરૂપ, થાયે નિરાબાધના રે થા. ૧**

શ્રી મલ્લિનાથ પરમેશ્વર જગતના નાથના ચરણ કમળોને ધ્યાઇએ કારણ કે તેઓ અંતરંગ શત્રુઓથી છોડાવવાના પરમ કારણ છે. તેઓને ધ્યાવવાથી શુદ્ધ આત્મભાવ, પરમાત્મભાવ, અનંતગુણનું પ્રગટપણું થાય એટલે કે પોતાનો આત્મા નિર્મળપણાને ભજે. આ આત્મસિદ્ધિરૂપ કાર્ય કરવાને માટે છ કારક છે. સર્વ કાર્યમાં કારક પ્રવૃત્તિની કારણતા છે. કારક ચક્ર વિના કાર્યની નિષ્પત્તિ થતી નથી. (૧) કર્તા (૨) કાર્ય (૩) કારણ (૪) સંપ્રદાન (૫) અપાદાન (૬) આધાર આ કારક આત્માને અનાદિકાળથી બાધકરૂપે પરિણમ્યા છે તે આ પ્રમાણે છે.

(૧) આત્મા - પરભાવાદિ કારણોથી દ્રવ્યકર્મનો **કર્તા** થયો છે.

(૨) ભાવકર્મ - દ્રવ્યકર્મને જે આત્મા કરે તે **કાર્ય**.

(૩) અશુદ્ધ - વિભાવ પરિણતિરૂપ ભાવાશ્રવ અને હિંસા આદિ દ્રવ્યાશ્રવ એનાથી કર્મ બંધાયા માટે એ **કારણ (કરણ)**.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૪) અશુદ્ધતાનો તથા દ્રવ્યકર્મનો લાભ તે **સંપ્રદાન.**

(૫) સ્વરૂપરોધ, ક્ષયોપશમની હાનિ તથા પરઅનુયાયિતા તે **અપાદાન.**

(૬) અનંતી અશુદ્ધ વિભાવતા તથા જ્ઞાનાવરણાદિ કર્મને રાખવારૂપ જે શક્તિ તે **આધાર.**

જ્યારે સાધક આત્મા પોતાના સ્વધર્મની પરિણતિને પામવા માટે પુરુષાર્થ આદરે ત્યારે આ છ કારક સાધકપણે પરિણમવાથી કાર્ય - શુદ્ધ સ્વરૂપ થવારૂપ થાય. એટલે નિરાબાધપણે નિપજે.

આ છ કારક બાધક જીવોને બાધકપણે પરિણમે છે તથા સમકિત ગુણસ્થાનકથી માંડીને અયોગી ગુણસ્થાનક પર્યંત સાધકપણે પરિણમે છે.

માટે સાધકપણે કારક પરિણમવાથી નિરાબાધ જે સિદ્ધતા - તેના કર્તાનો શુદ્ધ પારિણામિક ભાવ - શુદ્ધ સ્વરૂપે પરિણમે છે. એટલે ભાવ શુદ્ધપણે સ્વસ્વરૂપ કર્તૃત્વપણે પરિણમે છે.

**કર્તા આતમદ્રવ્ય, કારજ નિજ સિદ્ધતા રે, કા.**
**ઉપાદાન પરિણામ, પ્રયુક્ત તે કરણતા રે; પ્ર.**
**આતમ સંપદ્ દાન, તે સંપ્રદાનતા રે, તે.**
**દાતા પાત્ર ને દેય, ત્રિભાવ અભેદતા રે. ત્રિ. ૨**

૧. **કર્તા** આતમ દ્રવ્ય તે આત્મ શુદ્ધતા નિપજાવવારૂપ કાર્યે પ્રવર્ત્યુ પોતે પોતાનો કર્તા થયો.

૨. આત્મા પોતાની સિદ્ધતા સર્વ ગુણ પૂર્ણતારૂપ કાર્યને નિપજાવવાની ક્રિયાનું પ્રવર્તન તે **કારકતા** થયું. કાર્ય થઈ ગયા પછી કારકતા કાર્યમાં રહેતી નથી.

૩. આત્મા સ્વગુણની પરિણતિ ચેતના સ્વરૂપ પ્રગટાવવા અનુરૂપ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વીર્ય તે ઉપાદાન કારણ તે **કરણ** નામનું ત્રીજું કારક કહેવાય.

૪. આત્માની સંપત્તિ જ્ઞાન-દર્શન-ચારિત્રમય પર્યાય તેનું દાન આત્માને આત્મગુણ પ્રગટ કરવારૂપ દેવું તેથી જે જે આત્મધર્મ નિપજતા જાય, તે **સંપ્રદાન** કહીએ. અહીંયા દાતા આત્મા, પાત્ર પણ આત્મા અને દેવા યોગ્ય તે આત્મધર્મ એ ત્રણે ભાવની અભેદતા થાય છે.

ગુણનું પ્રગટ કરવું તે દેય, આત્મા દાતા તથા આત્મગુણને પ્રગટ કરે તે દાતાપણું અને ગુણનું પાત્ર પણ આત્મા એટલે દાન, દાતા અને ગ્રાહક એ ત્રણે અભેદ છે.

**સ્વપર વિવેચન કરણ, તેહ અપાદાનથી રે, તે.**
**સકલ પર્યાય આધાર, સંબંધ આસ્થાનથી રે; સં.**
**બાધક કારક ભાવ, અનાદિ નિવારવા રે, અ.**
**સાધકતા અવલંબી, તેહ સમારવા રે. તે. ૩**

૫. આત્માથી સમવાયે રહેવું તે સ્વધર્મ - આત્મધર્મ છે. મોહાદિકે કરી અશુદ્ધ પ્રવૃત્તિ કરવી તે પરભાવ છે. આ અનાદિ સંસારનું કર્તાપણું તથા ભોક્તાપણું છે તેને તજીને આત્મસ્વરૂપી કર્તાપણું તથા ભોકતાપણું પ્રગટ કરવું તેને **અપાદાન** કારક કહેવામાં આવે છે.

૬. સકલ પર્યાય તેનો આધાર આત્મા છે. આત્માને આત્મપર્યાયથી સ્વસ્વામીત્વ સંબંધ છે, વ્યાપ્ય વ્યાપક સંબંધ છે, ગ્રાહ્ય ગ્રાહક સંબંધ છે, આધારાધેય સંબંધ છે. એ સર્વનું આસ્થાન કહેતાં તે કારણરૂપ ક્ષેત્ર તે આત્મા છે. તે આસ્થાનતા માટે આત્મા આધાર છે, એ **આધાર** નામનું છઠ્ઠુ કારક છે.

આ પ્રમાણે છ કારક સાધકપણાના કહ્યા. એ સાધકપણું કેમ પ્રાપ્ત થાય ? તો કહે છે કે બાધક-પરભાવ-મિથ્યાત્વ, અવિરતિ, કષાયને કારણે અશુદ્ધ કર્તાપણું થયું તેને નિવારવું. જ્યાં સુધી કર્તા પરભાવમાં છે ત્યાં સુધી સાધકતા નથી, માટે બાધક કારણોથી પાછા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ફરી સાધકતાનું અવલંબન લઇને કારક ચક્રને સ્વરૂપ અનુયાયી બનાવવું અને એમ વિચારવું કે હે ચેતન, તું પરભાવનો કર્તા, ભોકતા તથા ગ્રાહક નથી. તું પોતે જ સંપૂર્ણાનંદ શુદ્ધ વિલાસવાળો છે માટે તેને પ્રાપ્ત કર. તેને પ્રાપ્ત કરવા માટે હે ચેતન ! તું યથાર્થ વાણીરૂપ અમૃતપાન કરીને અનાદિ વિભાવ ભાવને તજીને પોતાના તત્ત્વને સંભારીને સ્વપરનો વિવેક કરી પોતાના સહજાનંદને પ્રાપ્ત કરી લે. હે ચેતન ! તારે જ અશુદ્ધ પરિણામનો ત્યાગ કરવાનો છે કારણ તારી સત્તાનો આધાર પણ તું જ છો. આમ સાધકપણાને આદરવું, સાધકતાને આદરી આત્માના સ્વકાર્યને નીપજાવવું જેથી આત્મા સિદ્ધતાને પામે. આજ સાધનાનો માર્ગ છે. સાધન આદરવાથી કાર્યની સિદ્ધિ થાય. આ ક્રમ છે.

**શુદ્ધપણે પર્યાય, પ્રવર્તન કાર્યમેં રે, પ્ર.**
**કર્તાદિક પરિણામ, તે આતમ ધર્મમેં રે; તે.**
**ચેતન ચેતન ભાવ, કરે સમવેતમેં રે, ક.**
**સાદિ અનંતો કાલ, રહે નિજ ખેતમેં રે. ૨.... ૪**

૧. શુદ્ધપણે નિષ્પન્ન આત્માના જ્ઞાનાદિ પર્યાયનું જાણવા દેખવારૂપ કાર્યનું પ્રવર્તન, ઉત્પાદ- વ્યયરૂપ પરિણમન, તે કાર્યનો **કર્તા** આત્મા છે. ૨. આત્મગુણનું પરિણમન તે **કાર્ય**, ૩. આત્મગુણ જ્ઞાનાદિક તે **કરણ**, ૪. આત્મગુણનો લાભ તે **સંપ્રદાન**, ૫. પરભાવ ત્યાગરૂપ પરિણતિ તે **અપાદાન**, ૬. અનંતગુણ જેમાં રહે તે **આધાર**. આ ષટ ચક્ર સિદ્ધ અવસ્થામાં સદા સ્વાધીનપણે ફરી રહ્યું છે, તેથી શુદ્ધ નિષ્પન્નપણે જે સ્વપર્યાયનું પ્રવર્તન તે આત્મધર્મમાં જ છે તે સ્વરૂપમાં જ આવેલા છે. ચેતન-આત્મા પોતાના આત્મભાવમાં રહે એટલે સમવાય સંબંધમાં રહે એટલે કે આત્મા, આત્મભાવનો કર્તા છે તે હવે અનંતાકાળ પર્યંત અસંખ્યાતા પ્રદેશરૂપ ક્ષેત્ર મધ્યે આત્મધર્મમાં નિષ્પન્ન સિદ્ધતાપણે રહે. સિદ્ધિની આદિ છે પરંતુ અંત નથી માટે હવે તે સાદિ અનંતકાળ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્વક્ષેત્ર સ્વરૂપમાં આત્મા રહે. સ્વક્ષેત્ર એટલે શુધ્ધ અવસ્થાની અવગાહના

**પરકર્તવ્ય સ્વભાવ, કરે તાંલગી કરે રે, ક.**
**શુદ્ધકાર્ય રુચિ ભાસ, થયે નવિ આદરે રે; થ.**
**શુદ્ધાતમ નિજ કાર્ય, રુચિકારક ફિરે રે, રુ.**
**તેહિ જ મૂલ સ્વભાવ, ગ્રહે નિજ પદ વરે રે. ગ્ર.... ૫**

પરભાવ-ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મ તેને કર્તાપણાથી કરે છે ત્યાં સુધી તે પરનો રાગી, પરનો ભોગી છે. પણ જ્યારે શુદ્ધભાવ-સ્વભાવ પ્રગટ કરવારૂપ રુચિ થાય ત્યારે પરકર્તાપણાને છોડી દે, આચરે નહીં. જેવું ભેદજ્ઞાન ધારાથી આત્માને પરભાવથી છોડાવી પોતાના આત્મસ્વરૂપ ધર્મમાં લાવવામાં હિત માન્યું તેવી જ આત્મિક ધર્મની રુચિ પ્રગટ થાય. અને જેને જેની રુચિ ઉપજે તે તેજ કાર્ય કરે, ત્યારે કર્તા સ્વકાર્યને જ કરે, સર્વ કારક ચક્ર સ્વકાર્ય આશ્રિત થાય. આમ થવાથી તે પોતાનો અચલ, અખંડ, અવિનાશી, નિઃપ્રયાસી સ્વપરિણમનરૂપ જે મૂળ સ્વભાવ તેને ગ્રહણ કરે અને પોતાના પરમાત્મપદ પૂર્ણપદને વરે, અને એમ કરીને સંપૂર્ણ અવ્યાબાધ એવા સુખને આત્મા પ્રાપ્ત થાય.

**કારણ કારજરૂપ, અછે કારક દશા રે, અ.**
**વસ્તુ પ્રગટ પર્યાય, એહ મનમેં વસ્યા રે; એ.**
**પણ શુદ્ધ સ્વરૂપધ્યાન, તે ચેતનતા ગ્રહે રે, તે.**
**તવ નિજ સાધક ભાવ, સકલ કારક લહે રે. સ. ... ૬**

એ છ કારક તે કારણ તથા કાર્યરૂપ છે, કાર્યને નિપજાવવા રૂપ છે માટે કારણના જ ભેદ છે, સર્વ કાર્ય કર્તાને આધીન છે, કર્તા જે કાંઇપણ કરે તે કારણ વિના થાય નહીં. માટે આત્મપદાર્થ તેના છ કારક તે પ્રગટ નિરાવરણ પર્યાય છે. એમ મનમાં વસે તેને કર્તાપણું આવરણરૂપ નથી. પણ ચેતન વિકારી સ્વરૂપથી પલટનપણું કરે તો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થઈ શકે. ચેતન-ચેતના સાકાર-અનાકારને યથાર્થ જોઇને, સમજીને પોતાના શુદ્ધ સ્વભાવને ગ્રહે, તેના પ્રતિ- આચરણરૂપ રુચિને અંગીકાર કરે ત્યારે છએ કારક પોતાના સાધકભાવ, કર્મ વિદારણ સ્વરૂપ પ્રગટ કરવા રૂપ ભાવ તેને મેળવે અને તેના દ્વારા સિદ્ધિને મેળવે.

**માહરું પૂર્ણાનંદ, પ્રગટ કરવા ભણી રે, પ્ર.**
**પુષ્ટાલંબનરૂપ, સેવ પ્રભુજી તણી રે; સે.**
**દેવચંદ્ર જિનચંદ્ર, ભક્તિ મનમેં ધરો રે, ભ.**
**અવ્યાબાધ અનંત, અક્ષય પદ આદરો રે. અ. ... ૭**

મારું પૂર્ણ આનંદરૂપ સ્વરૂપ જે પ્રગટ કરવા માટે શ્રી અરિહંત ભગવાન તે પુષ્ટ અવલંબન રૂપ છે. તેમની સેવા ભક્તિ કરવાથી તેમના જેવા થઈ શકાય એમ જાણીને તેમની સેવા કરવાનો નિર્ધાર કરો.

માટે દેવોમાં ચંદ્ર સમાન શ્રી જિનેશ્વર ભગવંતની, વીતરાગ ભગવંતની ભક્તિ, સેવા-આજ્ઞા માનવારૂપ કાર્ય કરવાનું મનમાં નક્કી કરો અને તે પ્રમાણે વર્તીને, ચાલીને અવ્યાબાધ, અનંતકાળ ટકે એવા અક્ષય પદને મેળવવા પુરુષાર્થ આદરો.

## ૨૦. શ્રી મુનિસુવ્રત જિન સ્તવન

**ઓલગડી તો કીજે શ્રી મુનિસુવ્રત સ્વામીની રે,**
**જેહથી નિજપદ સિદ્ધિ;**
**કેવલ કેવલ જ્ઞાનાદિક ગુણ ઉલ્લસે રે,**
**લહીએ સહજ સમૃદ્ધિ. .. ઓ. ૧**

મુનિ એટલે નિર્ગ્રંથ અને સુવ્રત કહેતાં યથાતથ્ય વ્રતવાળા એવા શ્રી મુનિસુવ્રત પ્રભુ તેની સેવા કરો, ગુણગ્રામ કરો કે જેથી પોતાનું



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પદ જે પરમાનંદ પદ તેની સિદ્ધિ થાય. વળી કેવળજ્ઞાનાદિક ગુણ પ્રગટે અને જ્ઞાનામૃત રસનો ભોગી થાય. સહજગુણરૂપ સમૃદ્ધિ મળે.

**ઉપાદાન ઉપાદાન નિજ પરિણતિ વસ્તુની રે,**
**પણ કારણ નિમિત્ત આધીન;**
**પુષ્ટ અપુષ્ટ દુવિધ તે ઉપદિશ્યો રે,**
**ગ્રાહક વિધિ આધીન. .. ઓ. ૨**

ઉપાદાન તે વસ્તુનો મૂળધર્મ છે. એટલે કે આત્મસત્તા પ્રગટે છે તે ઉપાદાન કારણ છે, પણ તે નિમિત્ત કારણને આધીન છે. નિમિત્ત કારણના બે ભેદ છે એક પુષ્ટ અને બીજું અપુષ્ટ નિમિત્ત. તેને ગ્રાહક જે કાર્યનો કર્તા, તે જે રીતે કાર્ય થાય તે રીતે ગ્રહી પ્રવર્તાવે તો તે નિમિત્ત કારણ કાર્યનો હેતુ થાય, પણ અવિધિએ ગ્રહણ કરે તો નિમિત્ત કારણ કાર્ય કરે નહીં. સાધક આશાતના ટાળી પુદ્ગલ આશંસા રહિત કેવળ જ્ઞાનાદિ ગુણની ઓળખાણ સહિત જો સેવે તો મોક્ષનું નિમિત્ત કારણ થાય, માટે ગ્રાહકે વિધિસહિત કારણ ગ્રહવું તો તે કાર્યને કરે.

**સાધ્ય સાધ્ય ધર્મ જે માંહી હુવે રે, તે નિમિત્ત અતિ પુષ્ટ;**
**પુષ્પ પુષ્પ માંહી તિલવાસક વાસના રે, નવિ પ્રધ્વંસક દુષ્ટ... ઓ. ૩**

સાધ્ય-કરવા યોગ્ય જે કાર્ય ધર્મ, તે જે કારણમાં હોય તે તેનું પુષ્ટ કારણ કહીએ. જેમ તેલને સુગંધી કરવા રૂપ કાર્ય, તેનું કારણ પુષ્પ છે, પરંતુ વાસના કરવી તે સાધ્ય છે, તે વાસના ફુલમાં છે, અને તે ફુલ તથા તેલની વાસનાનો ધ્વંસક નથી તે માટેતે પુષ્ટ નિમિત્ત છે. શ્રી અરિહંતદેવ તે મોક્ષરૂપ કાર્યના પુષ્ટ નિમિત્ત છે, જે માટે સાધ્ય એટલે નિરાવરણ, પરમાત્મપદ તે શ્રી અરિહંતને વિષે છે, માટે જ શ્રી અરિહંત-પ્રત્યક્ષ સત્પુરુષ પુષ્ટ નિમિત્ત છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દંડ દંડ નિમિત્ત અપુષ્ટ ઘડા તણો રે, નવિ ઘટતા તસુમાંહી;**
**સાધક સાધક પ્રધ્વંસકતા અછે રે, તિણે નહિ નિયત પ્રવાહ... ઓ. ૪**

જે નિમિત્ત નિપજાવવાનું પણ કારણ હોય તેમજ તેનો નાશ કરવા માટે તે જ નિમિત્તનો ઉપયોગ કરી શકાય તે અપુષ્ટ નિમિત્ત કહેવાય છે. દા.ત. દંડ છે તે ઘડો બનાવવા માટે પણ વપરાય અને તેનો નાશ કરવા માટે પણ વપરાય.જ્યારે પુષ્ટ નિમિત્ત શ્રી અરિહંત પરમાત્માનું સેવન તે નિશ્ચે સિદ્ધતાનું કારણ છે, જે સિદ્ધતા માટે તેની સેવના કરે તેને નિયમા સિદ્ધિ નીપજે.

**ષટકારક ષટકારક તે કારણ કાર્યનો રે, જે કારણ સ્વાધીન;**
**તે કર્તા તે કર્તા સહુ કારક તે વસુ રે, કર્મ તે કારણ પીન... ઓ. ૫**

કારણની પુષ્ટતા કહેવા નિમિત્તે છ કારક કહે છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ-આધાર. એ છ કારક છે. એ છ કારક છે તે દરેક કાર્ય કરવા માટેના કારણ છે. જ્યાં કર્તા ક્રિયા કરે, ત્યાં સહજપણે એ છ કારક જાણવાં. કર્તાનું લક્ષણ બતાવેલ છે. જે કાર્ય નિપજવાનું સ્વાધીન કારણ એટલે સર્વ કારક તેને આધીન હોય તે કર્તા કારક કહીએ. સર્વ કારક તે કર્તાને વશ છે, આધીન છે.

**કાર્ય કાર્ય સંકલ્પે કારક દશા રે, છતી સત્તા સદ્ભાવ;**
**અથવા અથવા તુલ્ય ધર્મને જોયવે રે, સાધ્યારોપણ દાવ... ઓ. ૬**

સત્ભાવ જે કારણ ઉપાદાન નિમિત્ત તે સર્વ નજીક કરે, કાર્યને અર્થે કરે તે કારણનું સત્ભાવ છતાંપણું તે કાર્ય બુદ્ધિએ મેળવે, તે માટે તે કાર્યને કારણ કહે અથવા તુલ્ય ધર્મનું જોવું જે મુજને એવું કાર્ય નિપજાવવું છે. જેમ કોઈ આત્મા મોક્ષ પુર્ણાનંદ કરવા ઉદ્યમી થયો, તે સિદ્ધિરૂપ નિષ્પન્ન તત્ત્વને જુએ અને વિચારે કે મારે એવું તત્ત્વ નિપજાવવું છે, એમ સંકલ્પ કરવો તે તુલ્ય ધર્મ જોઈ કાર્યનો ઉદ્યમ ઘણો થાય તે માટે કાર્યને પણ કારણ કહેવું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અતિશય અતિશય કારણ કારક કરણતા રે, નિમિત્ત અને ઉપાદાન;**
**સંપ્રદાન સંપ્રદાન કારણ પદ ભવનથી રે, કારણ વ્યય અપાદાન... ઓ. ૭**

અતિશય ઉત્કૃષ્ટપણે જે કારણ તે કરણ કારક છે. તેના બે ભેદ છે. ઉપાદાન અને નિમિત્ત કારણ. ઉપાદાન તે આત્માનો સત્તાધર્મ અને નિમિત્ત કારણ તે અરિહંતાદિક અને કારણ પદનું ઉત્પન્ન થવું તેથી ઉપાદાન અધિક કારણતા પામે તે કારણ પર્યાયનો લાભ તે સંપ્રદાન છે. જે ઉપાદાન કારણમાં નવું નવું કારણ પર્યાય પામે તે ચોથું સંપ્રદાન છે.

નવા કાર્યપદનું ઉત્પન્ન થવું તે સંપ્રદાન અને પાછલા કારણ પર્યાયનો વ્યય થવો તે અપાદાન પાંચમું કારક છે. જીર્ણ કારણ પર્યાયનો નાશ અને નવા કારણતાનું નીપજવું તે કાર્યની નિષ્પત્તિ છે.

**ભવન ભવન વ્યય વિણુ કારજ નવિ હુવે રે, જિમ દૃષદે ન ઘટત્વ;**
**શુદ્ધાધાર શુદ્ધાધાર સ્વગુણનું દ્રવ્ય છે રે, સત્તાધાર સુતત્ત્વ... ઓ. ૮**

સંપ્રદાન અને અપાદાન તેમાં શી કારણતા છે ? તેનો ઉત્તર આ કડીમાં આપે છે.

નવા પર્યાયનું ઉત્પન્ન થવું અને પૂર્વ પર્યાયનો નાશ થવો તે વ્યય, એ થયા વિના કાર્ય નીપજે નહીં. દા.ત. માટીના પિંડ પર્યાયનો નાશ તે ઘટ પર્યાયનો ઉત્પાદ એ રીતે કાર્યની ઉત્પત્તિ છે. તેમ સિદ્ધતા નિપજાવવા માટે મિથ્યાત્વ પર્યાયનો વ્યય અને સમકિત પર્યાયનો ઉત્પાદ થવો જોઇએ. પથ્થરમાંથી ઘડો ન થાય. તથાપિ કર્તા ચક્રાદિક વ્યાપાર કરે તો પણ પથ્થરમાંથી ઘડો ન થાય.

સ્વગુણ જે જ્ઞાનાદિક તેનો શુદ્ધ આધાર દ્રવ્ય પદાર્થ છે. જેમ કે જીવ દ્રવ્ય જ્ઞાન-દર્શન- ચારિત્ર-વીર્ય-અખંડતા-નિર્મળતા- કર્તૃતા- પારિણામિકતાદિ મૂળ ગુણનો આધાર જીવ દ્રવ્ય છે. એમ ધર્માસ્તિકાયાદિ સર્વ દ્રવ્ય પોતપોતાના ગુણના આધાર છે. શુદ્ધ તત્ત્વને સત્તાનો આધાર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે. સત્તા તે આત્માનો મૂળધર્મ જે નિરામય, તેનો આધાર સુતત્ત્વ છે.

**આતમ આતમ કર્તા કારજ સિદ્ધતા રે, તસુ સાધન જિનરાજ;**
**પ્રભુ દીઠે પ્રભુ દીઠે કારજ રુચિ ઉપજે રે, પ્રગટે આત્મ સમાજ... ઓ. ૯**

જે સ્વરૂપનું કર્તાપણું વિરતિપણું, તત્ત્વધ્યાન, તત્ત્વ તન્માદિક **કર્તા** છે તેનાથી સમ્યગ્દર્શન ગુણ પ્રગટે. આ કાર્ય સિદ્ધતા સકલ ગુણ પ્રગટવાપણું સાધન નિમિત્ત કારણ શ્રી જિનેશ્વર ભગવંત છે, જે સર્વજ્ઞ છે. સ્વસત્તાનો પ્રાગ્ભાવ તે કાર્યની રુચિ ઉત્પન્ન થવાનું કારણ છે, તેથી મોક્ષનો કર્તા આત્મા ખરો પણ મોક્ષ કાર્યની રુચિ વિનાનું કર્તાપણું પ્રગટે નહીં અને તે રુચિ શ્રી અરિહંતનો મેળાપ થવાથી ઉત્પન્ન થાય છે, તે જ રુચિ મોક્ષનું કારણ છે. અને તેમનો મેળાપ થવાથી આત્મસંપત્તિનો ખજાનો પ્રગટ થાય છે.

**વંદન વંદન સેવન વળી પૂજના રે, સ્મરણ સ્તવન વળી ધ્યાન;**
**દેવચંદ્ર દેવચંદ્ર કીજે જિનરાજની રે, પ્રગટે પૂર્ણ નિધાન... ઓ. ૧૦**

તે માટે વંદન, નમન, સેવાભક્તિ આજ્ઞાપાલન સાથેની, પ્રભુપૂજા, તેમના ગુણો સંભારવારૂપ સ્મરણ, તેઓના ગુણોનું સ્તવન કરવું અને તેમનું ધ્યાન ચિત્તની એકાગ્રતાથી કરવું. શ્રી દેવચંદ્ર સ્વામી સ્તુતિ કરતા કહે છે કે શ્રી જિનરાજ પરમાત્માની સેવા ભક્તિ કરતાં પોતાની પૂર્ણ પરમાત્મતા નીપજે, ઉત્પન્ન થાય અને પોતાની અવિનાશી એવી આત્મસંપત્તિ પ્રગટે.

## ૨૧. શ્રી નમિનાથ જિન સ્તવન

**શ્રી નમિ જિનવર સેવ, ઘનાઘન ઉનમ્યો રે, ઘ.**
**દીઠાં મિથ્યારોર, ભાવિક ચિત્તથી ગમ્યો રે; ભા.**
**શુચિ આચરણા રીતિ, તે અભ્ર વધે વડા રે, તે.**
**આતમ પરિણતિ શુદ્ધ, તે વીજ ઝબુકડા રે, તે. ૧**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જેમ મેઘ ચારે દિશાથી ચડી આવે તેમ મન, વચન, કાયા અને અધ્યાત્મ પરિણતિ વડે શ્રી નમિ પ્રભુનો બહુમાન નમન ગુણની અદ્ભુતતા પ્રગટી તે તેને મેઘરૂપ જાણવી. શ્રી અરિહંતની સેવનારૂપ મેઘ જ્યારે પ્રગટ્યો ત્યારે અનાદિ કાળનો જે મિથ્યાત્વરૂપી દુકાળ હતો તે ભવિક જીવોના ચિત્તમાંથી ટળી ગયો. એ પ્રભુ ભક્તિરૂપ મેઘને વિષે શુચિ, પવિત્રતારૂપ આચરણા જીવને થાય એટલે શુચિ-પવિત્રતારૂપ વાદળાના સમુહ વધતા જાય. જેમ મેઘમાં વીજળીના ઝબકારા થાય તેમ અહીં પ્રભુ સેવા કરતાં આપણા આત્માની પરિણતિ શુદ્ધ થાય તે જ વીજળીના ઝબકારા ગણવા.

**વાજે વાય સુવાય, તે પાવન ભાવના રે, તે.**
**ઇંદ્ર ધનુષ ત્રિક યોગ, તે ભક્તિ ઇકમના રે; તે.**
**નિર્મળ પ્રભુ સ્તવઘોષ, ધ્વનિ ઘનગર્જના રે ધ્વ.**
**તૃષ્ણા ગ્રીષ્મ કાળ, તાપની તર્જના રે. તા. ૨**

જિન ભક્તિરૂપ મેઘને વિષે જિનગુણની બહુમાન સહિત ભાવના ભાવવી તે જ સુવાયુ વાય છે. મન, વચન, કાયાના ત્રણ યોગ ભક્તિને વિષે એકમના થયો તે રૂપ ઇંદ્રધનુષ્ય છે. નિર્મળ ઉજ્જવળ પ્રભુના ગુણ તેમની સ્તવના શબ્દરૂપે તે જ મેઘની ગર્જના જાણવી. પ્રભુ સેવનથી તૃષ્ણારૂપ ગ્રીષ્મની પિપાસાનો જે અંતરંગ તાપ હોય તે ટળી જાય છે. એટલે કે આત્માને આત્મસુખ ઉપર જે તૃષ્ણારૂપ ગ્રીષ્મનો મહાતાપ હોય તે ટળી જાય, મટી જાય.

**શુભ લેશ્યાની આલિ, તે બગપંક્તિ બની રે તે.**
**શ્રેણી સરોવર હંસ, વસે શુચિ ગુણ મુનિ રે વ;**
**ચઉગતિ મારગ બંધ, ભવિક જન ઘર રહ્યા રે, ભ.**
**ચેતન સમતા સંગ, રંગમે ઉમહ્યા રે, રં. ૩**

પ્રશસ્ત શુભ લેશ્યા - પદ્મ શુકલ લેશ્યાના પરિણામ એવી શુભ લેશ્યાની ઉજ્જવલતા રૂપ બગપંક્તિ ખીલે છે. જિનભક્તિના યોગથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હંસ પક્ષી જેવા મુનિ તે ધ્યાનારૂઢ થઈ શ્રેણીમાં જઇને વસે છે. જિન ભક્તિના યોગથી ચારગતિના પરિભ્રમણ રૂપ માર્ગ બંધ થઈ જાય છે અને ભવ્ય જીવ પોતાના સ્વભાવ ઘરમાં બેસી જાય છે. અને ચેતન સમતાના સંગમાં સમતામાં જ રમી રહે છે એટલે કે સ્વાત્મ સ્વભાવમાં અનુભવના રંગે રમી રહે છે.

**સમ્યગ્દષ્ટિ મોર, તિહાં હરખે ઘણું રે, તિ.**
**દેખી અદ્ભુત રૂપ, પરમ જિનવરતણું રે; પ.**
**પ્રભુ ગુણનો ઉપદેશ, તે જલધારા વહી રે, તે.**
**ધરમ રુચિ ચિત્ત ભૂમિ, માંહિ નિશ્ચલ રહી રે. માં. ... ૪**

અનુભવ થવાથી સમ્યગ્દષ્ટિ રૂપ મોર અત્યંત હર્ષને પામે છે. કારણ પરમ જિનેશ્વર ભગવંતનું રૂપ અદ્ભુત-વર્ણવી ન શકાય તેવું હોય છે. તે રૂપ કેવું પરમ શીતલ, પરમ નિર્વિકારી છે. પ્રભુએ જે ઉપદેશ આપ્યો તે ઉપદેશની જલધારા સાધકના અંતરમાં વહેવા માંડે છે. અને તે જલધારાથી ચિત્ત અંદર નિશ્ચલ થઇને રહે છે. તત્ત્વ રુચિવંત જીવના ચિત્તરૂપી ભૂમિમાં પ્રભુના ગુણ સમાઈ જાય છે.

**ચાતક શ્રમણ સમૂહ, કરે તવ પારણો રે, ક.**
**અનુભવ રસ આસ્વાદ, સકલ દુઃખ વારણો રે; સ.**
**અશુભાચાર નિવારણ, તૃણ અંકુરતા રે, તૃ.**
**વિરતિતણાં પરિણામ, તે બીજની પૂરતા રે. તે. ... ૫**

સમ્યક્દર્શન કરવા માટે જે તત્ત્વ સ્વરૂપે પોતાના અનુભવની પિપાસા ઉત્પન્ન થઈ હતી તે પિપાસા આત્મસ્વરૂપનું યથાર્થ જ્ઞાન-અનુભવ જ્ઞાન તેના રસનું આસ્વાદન કરી તે અનુભવને ભોગવટારૂપ પારણું કરે છે અને તેમ થવાથી જે સકલ સાંસારિક વિભાવ ભાવ, કર્મભાર, ઉગ્રતા, ગુણ આવરણાદિક તેનું નિવારણ થઈ જાયછે. અશુભ આચારરૂપ અંકુર ઉગેલા હતા તેનો નાશ થઈ જાય છે અને આશ્રવ-



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિરમવારૂપ વિરતિ પરિણામ ઉત્પન્ન થાય છે એટલે કે ગુરુએ બીજ વાવ્યું હતું તેના અંકુરા ઉગવાથી અવિરતિ પલાયન થઈ ગઈ.

**પંચ મહાવ્રત ધાન્ય, તણાં કર્ષણ વધ્યાં રે, ત.**
**સાધ્યભાવ નિજ થાપી, સાધનતાએ સધ્યાં રે; સા.**
**ક્ષાયિક દરિસણ જ્ઞાન, ચરણ ગુણ ઉપન્યા રે, ચ.**
**આદિક બહુ ગુણ સસ્ય, આતમ ઘર નીપન્યા રે. આ. ... ૬**

પંચ મહાવ્રત ધાન્ય ઉગીને ઉત્સર્ગાવલંબી મહાવ્રત તે નિરતિચાર થયા અને તેના ધાન્યના કણસલાં વૃદ્ધિ પામ્યા એટલે કે આત્માની સત્તા સંપૂર્ણ પ્રાગ્ભાવ કરવારૂપ મહાવ્રતની પરિણતિરૂપ સાધન પરિણમ્યાં અને તેનાથી ક્ષાયિક જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણ ઉત્પન્ન થયા. ઇત્યાદિક સ્વગુણની અનંતતારૂપ ધાન્ય પોતાના આત્મપ્રદેશમાં ઉત્પન્ન થયું.

**પ્રભુ દરિસણ મહામેહ, તણે પરવેશમેં રે, ત.**
**પરમાનંદ સુભિક્ષ, થયા મુજ દેશમેં રે; થ.**
**દેવચંદ્ર જિનચંદ્ર, તણો અનુભવ કરો રે, ત.**
**સાદિ અનંતો કાળ, આતમસુખ અનુસરો રે, આ. ... ૭**

પ્રભુરૂપી મહામેઘના દર્શન થવાથી પરમાનંદ આત્મિક આનંદરૂપ સુભિક્ષ એટલે સુકાળ થયો. દેવચંદ્ર મ.સા. કહે છે કે જિનચંદ્ર એવા શ્રી વીતરાગ સર્વજ્ઞ, તેના અનુભવ ગુણ જ્ઞાનાદિકનું આસ્વાદન કરો અને અવિનાશી એવું આત્મિક સુખ પામીને સાદિ અનંતકાળ સુધી આત્મસુખનો ભોગવટો કરો.

આ જ આત્મિક સંપદા પ્રાપ્ત કરવાનો નિયમા પુષ્ટ ઉપાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૨૨. શ્રી નેમિનાથ જિન સ્વતન

**નેમિ જિણેસર નિજ કારજ કર્યું, છાંડ્યો સર્વ વિભાવોજી;**
**આતમ શક્તિ સકલ પ્રગટ કરી, આસ્વાદ્યો નિજ ભાવોજી. ... ને. ૧**

હે શ્રી નેમિનાથ જિનેશ્વર ભગવંત ! આપે આપનું કાર્ય કરી લીધું. કયાંય પણ આત્માને ખરડાવા દીધો નહીં. આંતર તેમજ બાહ્ય ભાવથી સર્વ વિભાવ ભાવને છાંડી દીધો અને આત્મસમાધિરૂપ સર્વ શક્તિ તેને પ્રગટ કરી અને નિરાવરણ આત્મધર્મ તેનું આસ્વાદન કર્યું. પોતે પોતાના જ ભાવનો ભોગવટો કર્યો.

**રાજુલ નારી રે સારી મતિ ધરી, અવલંબ્યા અરિહંતોજી;**
**ઉત્તમ સંગે રે ઉત્તમત્તા વધે, સધે આનંદ અનંતોજી. ... ને. ૨**

રાજીમતિજીએ પણ રૂડી બુદ્ધિને અંગીકાર કરી, સર્વ પરિગ્રહનો પરસંગનો ત્યાગ કરીને, શ્રી અરિહંત ભગવંતનું અવલંબન અંગીકાર કર્યું, એમ સમજીને કે ઉત્તમ વસ્તુનો સંગ કરવાથી આપણી પણ ઉત્તમતા વધે કારણ કે શ્રી નેમિશ્વર ભગવાન સર્વોત્તમ છે તો તેના સંગથી મારી પણ ઉત્તમતા એટલે સિદ્ધતા પૂર્ણતા વધે, નીપજે અને અનંત આનંદને સિદ્ધ કરી શકાય.

**ધર્મ અધર્મ આકાશ અચેતના, તે વિજાતિ અગ્રાહ્યોજી;**
**પુદ્ગલ ગ્રહવે રે કર્મ કલંકતા, વાધે બાધક બાહ્યોજી. .. ને. ૩**

પંચાસ્તિકાયમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય, એ ત્રણે દ્રવ્ય અચેતન છે તથા વિજાતિય છે અને જીવ માટે અગ્રાહ્ય છે તેનાથી પણ મારે કામ નથી. પુદ્ગલ અથવા તેના ભાવોને ગ્રહણ કરવાથી આત્માને નવા કર્મનું બંધન થાય છે અને બાહ્ય ભાવોનો વધારો થાય છે જે બાધક ભાવ છે માટે તેને પણ ગ્રહણ કરવા યોગ્ય નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**રાગી સંગે રે રાગ દશા વધે, થાયે તિણે સંસારોજી;**
**નીરાગીથી રે રાગનું જોડવું, લહીએ ભવનો પારોજી. .. ને. ૪**

સંસારી જીવ રાગદ્વેષ યુક્ત હોય છે માટે તેનો સંગ કરવાથી રાગમાં વધારો થાય અને તેના કારણે સંસાર પરિભ્રમણ પણ વધી જાય. જ્યારે આત્મધર્મનો વિચાર કરતાં રાગ તો તજવા યોગ્ય છે. ભવનો પાર પામવા માટે નીરાગીથી, વીતરાગ ભગવંતથી જો રાગ જોડીએ તો ભવનો પાર પામી શકાય.

**અપ્રશસ્તતા રે ટાળી પ્રશસ્તતા, કરતાં આશ્રવ નાસેજી;**
**સંવર વાધે રે સાધે નિર્જરા, આતમભાવ પ્રકાશેજી. .. ને. ૫**

અપ્રશસ્તભાવ એટલે કે પરભાવ-વિભાવ હતો તેને ટાળીને શ્રી અરિહંત ભગવાન ઉપર રાગ કરવો તેને પ્રશસ્ત રાગ કહેવામાં આવે છે. તે પ્રશસ્ત રાગ કરવાથી આશ્રવનો નાશ થાય છે. પાપ-પુણ્ય કર્મનો નાશ થઈ જાય છે અને પ્રશસ્ત રાગ દ્વારા સાધક જીવ સ્વગુણ એકત્ત્વતા પરિણામથી સંવર પરિણતિને વધારે છે અને તેથી પૂર્વ કર્મની નિર્જરા થઈ જાય છે અને પોતાના આત્માના ભાવધર્મને પ્રગટ કરે છે.

**નેમિ પ્રભુ ધ્યાને રે એકત્ત્વતા, નિજ તત્ત્વે એકતાનોજી;**
**શુકલ ધ્યાને રે સાધી સુસિદ્ધતા, લહિયે મુક્તિ નિદાનોજી. .. ને. ૬**

આમ વિચાર કરી શ્રી નેમિનાથ પ્રભુનું ધ્યાન કરી અને તેમ કરતાં એકત્ત્વતામાં તન્મયતા કરીને પોતાના તત્ત્વરૂપ આત્મસ્વરૂપમાં એકત્ત્વપણું ઉપજાવવું. એકત્ત્વપણું ઉપજ્યા પછી શુકલ ધ્યાન પ્રગટાવીને પોતાની મુક્તિરૂપ સાધનાને સિદ્ધ કરી, એમ કરીને સકલ કર્મ રહિત થઇને મુક્તિને મેળવીએ.

**અગમ અરૂપી રે અલખ અગોચર, પરમાતમ પરમીશોજી;**
**દેવચંદ્ર જિનવરની સેવના, કરતાં વાધે જગીશોજી. .. ને. ૭**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અગમ-ગમ ન પડે તેવું, અરૂપી, અલખ-લક્ષમાં ન આવે તેવું, અગોચર-ઇંદ્રિય ગોચર ન થાય તેવો, પરમોત્કૃષ્ટ સર્વ વિભાવ રહિત, અનંત ગુણ પર્યાય ધર્મના ઈશ્વર એવા ભગવાન સર્વમાં ચંદ્રમા સમાન નાયક તેની સેવના-આજ્ઞારૂપ ધર્મ આરાધતા પોતાના આત્માની સંપદા-સિદ્ધતારૂપ સંપદામાં વધારો કર્યે જ જાય.

## ૨૩. શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

**સહજ ગુણ આગરો, સ્વામી સુખ સાગરો,**
**જ્ઞાન વયરાગરો પ્રભુ સવાયો;**
**શુદ્ધતા, એકતા, તીક્ષ્ણતા ભાવથી,**
**મોહરિપુ જીતી જય પડહ વાયો. .. સ. ૧**

શ્રી પાર્શ્વનાથ ભગવાન કેવા છે ? સહજ જ્ઞાનાદિક ગુણ તેના ઘર છો. સ્વસંપદાના અધિપતિ છે, સુખના સાગર છે. કેવળજ્ઞાનરૂપ હીરાના સાગર (ધામ) છે. હે પ્રભુ ! આપ બધાથી સવાયા છો. આપ શુદ્ધતા, એકતા, તીક્ષ્ણતાના ભાવથી સ્વામી છો અને તેના દ્વારા આપે મોહરૂપી શત્રુને જીતીને જયનો પડહ વગડાવ્યો છે.

**વસ્તુ નિજ ભાવ, અવિભાસ નિકલંકતા,**
**પરિણતિ વૃત્તિતા કરી અભેદે;**
**ભાવ તાદાત્મ્યતા શક્તિ ઉલ્લાસથી**
**સંતતિ યોગને તું ઉચ્છેદે. સ. ૨**

વસ્તુ એટલે દ્રવ્યના પોતાના ભાવ, ગુણ-પર્યાય, ઉત્પાદ, વ્યય પરિણતિને જાણવા (અવિભાસ) તે પણ કોઇપણ જાતના કર્મના કલંક વગર તે શુદ્ધતા છે. પરિણતિ જે જીવનું શુદ્ધ મૂળ પરિણામ તે સ્વરૂપને વિષે એકત્વપણું પરભાવમાં પેસે નહીં. એ આત્માની પરિણતિ છે. હવે ઔપાધિક પ્રવૃત્તિનો અંશ પણ રહ્યો નથી. તેથી પરિણતિ તથા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રવૃત્તિ બન્ને એકપણે અભેદે કરી તેને એકતા કહી છે. જ્ઞાનાવરણાદિ પુદ્ગલકર્મ તે સંયોગથી છે, જ્યારે શુદ્ધ ક્ષાયિક વીર્યાદિક સ્વગુણ તે તાદાત્મ્ય સંબંધે છે. તે તાદાત્મ્ય સંબંધની જે આત્મિક શક્તિ વડે પરંપરાનો જે સંયોગ કર્મ સંબંધ તેને ઉચ્છેદે એટલે નાશ કરી નાખી. એટલે કે હે પ્રભુ ! આપે જ્ઞાન, દર્શન, ચારિત્ર વીર્યના બળે અનાદિ કર્મ સંબંધનો વિનાશ કર્યો. એ શક્તિ આપની છે.

**દોષ ગુણ વસ્તુની, લખિય યથાર્થતા,**
**લહી ઉદાસીનતા અપર ભાવે;**
**ધ્વંસિ તજ્જન્યતા ભાવ કર્તાપણું,**
**પરમ પ્રભુ તું રમ્યો નિજ સ્વભાવે. સ. ૩**

વસ્તુ જે પુદ્ગલાશ્રિત તેના દોષ જાણીને એટલે અશુભ દોષ સહિત વસ્તુને અશુભ દોષીપણે જાણે, શુભ ગુણવંત વસ્તુને શુભ જાણે. જડને જડપણે, ચેતનને ચેતનપણે જાણે, યથાર્થ સ્યાદ્વાદપણે જાણે એ શુદ્ધતા. આ જ વસ્તુઓને ઇષ્ટતા અનિષ્ટતા રહિત જાણે તે ઉદાસીનતા કહેવાય. તે ઉદાસીનપણાને પામીને અન્ય ભાવથી સર્વથી ઉદાસપણે સર્વના અગ્રાહક થઇને સર્વ ચારિત્ર પરિણતિને પામ્યા તે રૂપ એકતા જે વિભાવ કર્તાપણું તેને ધ્વંસિ એટલે ઉચ્છેદી નાખવું તે તીક્ષ્ણતા જાણવી. હે પ્રભુ આ કાર્ય કરીને આપ પોતાના સ્વભાવમાં રમણતા કરી રહ્યા છો.

**શુભ અશુભ ભાવ, અવિભાસ તહકીકતા,**
**શુભ અશુભ ભાવ તિહાં પ્રભુ ન કીધો;**
**શુદ્ધ પરિણામતા, વીર્ય કર્તા થઈ,**
**પરમ અક્રિયતા અમૃત પીધો. સ. ૪**

શુભ-પ્રશસ્ત, અશુભ-અપ્રશસ્ત ભાવો તેની ઓળખાણ કરીને તેને નિર્ધારે શુદ્ધતાપણે આપે સર્વને જાણ્યું. પરંતુ હે પ્રભુ ! આપે ત્યાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રાગદ્વેષ-શુભ અશુભ ભાવ વિગેરે કાંઈ ન કર્યું. શુદ્ધ પરિણામને પારિણામિક ભાવે વીર્યગુણને ફોરવી સ્વ પારિણામિકતાના કર્તા થઈને પરમ ઉત્કૃષ્ટ અક્રિયપણારૂપ અમૃતનું પાન આપે કર્યું.

**શુદ્ધતા પ્રભુ તણી આત્મભાવે રમે,**
**પરમ પરમાત્મતા તાસ થાયે;**
**મિશ્ર ભાવે અછે ત્રિગુણની ભિન્નતા,**
**ત્રિગુણ એકત્વ તુજ ચરણ આયે. સ. ૫**

નિરાવરણતા તથા અનંતગુણ ભોગીપણારૂપ જે પ્રભુતા તેને આત્મભાવે, પોતાને આત્મભાવે રમણતા કરે અને એમ કરીને પરમાત્માપણું આપને પ્રાપ્ત થાય. મિશ્ર ભાવે-ક્ષયોપશમ ભાવે ત્રિગુણ-સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર તેની ભિન્નતા છે. સાધક સવિકલ્પ હોવાથી તેની ભિન્નતા છે. તેનું એકત્ત્વપણું-અભેદતા હે ભગવંત ! આપના ચરણના આશ્રયે આવવાથી જ થાય.

જ્ઞાનમાં જ સ્થિરત્વ પરિણતિ તે અભેદતા છે. ક્ષયોપશમ ચલ વીર્યતાએ ચેતના પર્યાયની પ્રવૃત્તિ અસંખ્ય સમયી હતી તે ભાસન પ્રવૃત્તિ પછી ક્રમે કારણ કાર્યમાં સ્થિરતા પરિણતિએ હતી તે ક્ષીણ મોહ કાળે કેવળજ્ઞાન થયે નિરાવરણતાએ એક સમયી થઈ.

**ઉપશમ રસ ભરી, સર્વ જન શંકરી,**
**મૂર્તિ જિનરાજની આજ ભેટી;**
**કારણે કાર્ય નિષ્પત્તિ શ્રદ્ધાન છે,**
**તિણે ભવભ્રમણની ભીડ મેટી. સ. ૬**

ઉપશમરસથી ભરપૂર સર્વ લોકને કલ્યાણકારી એવી જિનેશ્વર ભગવંતની મૂર્તિનો ભેટો થઈ ગયો. તેથી કાર્યનું કારણ પ્રાપ્ત થવાથી, શ્રદ્ધારૂપે પરિણમવાથી ભવભ્રમણની ભીડ મટી એટલે કે આત્મસિદ્ધતા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રાપ્ત થઈ, અને પરિભ્રમણ ટળી જવા રૂપ સ્થિતિ પ્રાપ્ત કરી.

**નયર ખંભાયતે, પાર્શ્વ પ્રભુ દર્શને,**
**વિકસતે હર્ષ ઉત્સાહ વાધ્યો;**
**હેતુ એકત્વતા, રમણ પરિણામથી;**
**સિદ્ધિ સાધકપણો આજ સાધ્યો. સ. ૭**

ખંભાતનગરમાં પાર્શ્વ પ્રભુના દર્શન કરતાં કરતાં પ્રભુની પ્રભુતા ઉપર અપૂર્વ રાગ ઉત્પન્ન થતાં હર્ષથી ઉલ્લાસમાં વર્ધમાનતા થઈ તેનું કારણ શ્રી અરિહંત દેવ તેમની સાથે એકત્ત્વપણે અત્યંત રાગે રમ્યા. માટે એવું માન્યું કે આજે હું પ્રભુને ભેટ્યો એટલે કે સિદ્ધિ સાધકપણું થયું.

**આજ કૃતપુણ્ય ધન્ય દિન મારો થયો,**
**આજ નરજન્મ મેં સફલ ભાવ્યો;**
**દેવચંદ્ર સ્વામી ત્રેવીશમો વંદીઓ,**
**ભક્તિભર ચિત્ત તુજ ગુણ રમાવ્યો. સ. ૮**

આજે હું કૃતકૃત્ય થયો, મારું પુણ્ય ફળ્યું. મારો આજનો દિવસ ધન્ય થઈ ગયો. આજે આ મારો મનુષ્ય ભવ સફળ થયો તેમ લાગ્યું કારણ કે આજે હું દેવચંદ્રના સ્વામી એવા તેવીસમા શ્રી પાર્શ્વનાથ ભગવાનને ભેટ્યો તેમને વાંદ્યા અને સ્તવના કરી, ભક્તિભર થઇને મનને તારા ગુણમાં રમણ કરાવ્યું. આ સ્થિતિ આવે ત્યારે જન્મ કૃતકૃત્ય થયો કહેવાય.

## ૨૪. શ્રી મહાવીર જિન સ્તવન

**તાર હો તાર પ્રભુ, મુજ સેવક ભણી,**
**જગતમાં એટલું સુજશ લીજે;**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દાસ અવગુણ ભર્યો, જાણી પોતા તણો,**
**દયાનિધિ દીન પર દયા કીજે. તા. ૧**

હે નાથ ! હે પ્રભુજી ! મારા જેવા અબુધ સેવક કે જે આજ્ઞા પાલનમાં પણ અસમર્થ છે, તેને નામથી સેવક જાણીને આ સંસારમાંથી ઉગારી લે, ભવભ્રમણના દુઃખથી છોડાવી દે, તારા વિના બીજા કોને કહેવું ? આ નામ માત્રના સેવકને તારવા રૂપ સુયશ જગતમાં લ્યો એમ કહું છું. હે પ્રભુ ! આ જીવને પોતાનો માન અને હું તો અવગુણ, દોષોથી ભરેલો છું. એમ જાણવા છતાં હે દયાના સાગર આ દીન પર તારી કૃપા વરસાવ કે જેથી ભવનો નિસ્તાર થઈ જાય.

**રાગ-દ્વેષે ભર્યો, મોહ વૈરી નડ્યો,**
**લોકની રીતિમાં ઘણુંયે રાતો;**
**ક્રોધવશ ધમધમ્યો, શુદ્ધ ગુણ નવિ રમ્યો,**
**ભમ્યો ભવમાંહી હું વિષયમાતો. તા. ૨**

હે પ્રભુ ! હું રાગદ્વેષથી ભરેલો છું. તેથી મોહનીય કર્મરૂપી વૈરી મને નડેલો છે. લૌકિક નિયમોમાં રક્તમાનપણું થઈ રહ્યું છે, લોકના પ્રવાહમાં જ ચાલતો રહ્યો છું, તેનાથી ક્રોધ આદિ કષાયથી ધમધમી રહ્યો છું અને આત્માના શુદ્ધ ગુણ જેવા કે સમ્યક્જ્ઞાન-દર્શન- ચારિત્ર આદિ તેમાં રમણતા કરી નહીં અને ભવભ્રમણમાં લઈ જનારા એવા પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં મદમાતો થઇને રાચી રહ્યો છું.

**આદર્યું આચરણ લોક ઉપચારથી,**
**શાસ્ત્ર અભ્યાસ પણ કાંઈ કીધો;**
**શુદ્ધ શ્રદ્ધાન વલી, આત્મ અવલંબવિનું,**
**તેહવો કાર્ય તિણે કો ન સીધો. તા. ૩**

લોકોના આચરણ તરફ નજર કરીને વિષ, ગરલ, અન્યોન્ય અનુષ્ઠાનનું જ આચરણ કર્યું, તેમજ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કારણે શાસ્ત્રો પણ ભણ્યો. વળી આત્માનું સ્વરૂપ પ્રગટ કરવારૂપ રુચિ તથા આત્માના સ્વગુણના આલંબન વિના આચરણ કર્યું, જેથી આત્માનું કાર્ય સિદ્ધ કાંઈ થઈ શક્યું નહીં. આત્મગુણ પ્રગટ થયો નહીં. હે પ્રભુ ! જો તારી કૃપા થાય તો જ આ સંસારથી પાર ઉતરી શકાય.

**સ્વામી દરિસણ સમો, નિમિત્ત લહી નિર્મલો,**
**જો ઉપાદાન એ શુચિ ન થાશે;**
**દોષ કો વસ્તુનો, અહવા ઉદ્યમ તણો,**
**સ્વામી સેવા સહી નિકટ લાશે. તા. ૪**

હે વીતરાગ ભગવાન મારા સ્વામી, આપના દર્શન જેવું નિર્મલ નિમિત્ત પામીને જો આ આત્માનું ઉપાદાન મૂળ પરિણતિ તરફ વળીને શુચિ-પવિત્ર નહીં થાય તો વસ્તુ એટલે આત્માનો જ કોઈ દોષ છે અથવા પોતાના પુરુષાર્થમાં જ કાંઇક ખામી છે. માટે હે પ્રભુ ! આ માટે સરળ રસ્તો એક જ છે કે તારી સેવા-ભક્તિ-આજ્ઞા માનવારૂપ કરવામાં આવશે તો જ આત્મા પોતાના સ્વરૂપ તરફ આગળ વધી તેની નિકટ આવી જશે. ભવ નિસ્તાર કરી શકશે.

**સ્વામી ગુણ ઓળખી, સ્વામીને જે ભજે,**
**દરશન શુદ્ધતા તેહ પામે;**
**જ્ઞાન ચારિત્ર તપ વીર્ય ઉલ્લાસથી,**
**કર્મ ઝીપી વસે મુક્તિધામે. તા. ૫**

સ્વામી એટલે ભગવાનને અને તેના ગુણોને ઓળખીને જે યથાર્થ રીતે ભજવાની રીત છે તે પ્રમાણે ભજે તો સમ્યક્જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ શુદ્ધતાને તે પામશે અને તેના વડે આગળનો પુરુષાર્થ ઉલ્લાસ વધારીને કરશે તો બધા જ કર્મોને બાળીને મુક્તિપદને પામશે. એટલે કે ઉત્સર્ગ માર્ગને આરાધી મુક્તિને મેળવશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**જગત વત્સલ મહાવીર જિનવર સુણી,**
**ચિત્ત પ્રભુ ચરણને શરણ વાસ્યો;**
**તારજો બાપજી બિરુદ નિજ રાખવા,**
**દાસની સેવના રખે જોશો. તા. ૬**

જગત વત્સલ-જગતમા હિતકારી એવા મહાવીર સ્વામી-જિનેશ્વર ભગવંતની વાણી સાંભળતા મારું મન પ્રભુના ચરણમાં - આશ્રયમાં સ્થિર થયું છે, માટે હે પ્રભુ ! મારો આત્મા આપને મેળવવા માટેના યથાર્થ સાધનો પામે અને આપનું તારકતાનું બિરૂદ પણ જળવાઈ રહે એ માટે આ સેવકની ભક્તિ સામું જોયા વિના, હું સંસારનો પાર પામી જાઉં તેમ કરશો.

**વિનતિ માનજો શક્તિ એ આપજો,**
**ભાવ સ્યાદ્વાદતા શુદ્ધ ભાસે;**
**સાધી સાધક દશા સિદ્ધતા અનુભવી,**
**દેવચંદ્ર વિમલ પ્રભુતા પ્રકાશે. તા. ૭**

હે પ્રભુ ! મારી આટલી વિનંતી સ્વીકારજો અને એવી શક્તિ આપજો કે ભાવથી સ્યાદ્વાદપણાને શુદ્ધપણાને જોઈ શકું, તેવો બની શકું. મારી સાધક દશાને સિદ્ધ કરીને દેવોમાં ચંદ્રમા સમાન એવા ભગવાનની નિર્મલ-મલ રહિત પ્રભુતાઈ મારામાં પ્રકાશે - પ્રગટ થાય એમ ભાવના ભાવું છું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ॐ

## વિભાગ-૩

# મહોપાધ્યાય શ્રી યશોવિજયજીની ચોવીશી ભાવાર્થ સાથે

### ૧. શ્રી ઋષભદેવ સ્વામી

જગજીવન જગવા'લહો, મરુદેવીનો નંદ લાલ રે;
**મુખ દીઠે સુખ ઊપજે, દર્શન અતિહિ આનંદ લાલ રે. જગ. ૧**

**અર્થ :** હે મરૂદેવી માતાના સુપુત્ર ઋષભદેવ ભગવાન ! આપ જગતને વહાલા છો, અને જગતના જીવન છો. આપના મુખનાં દર્શન કરવાથી સુખ ઉપજે છે અને ઘણો આનંદ થાય છે.

**આંખડી અંબુજ પાંખડી, અષ્ટમી શશીસમ ભાલ લાલ રે;**
**વદન તે શારદ ચાંદલો, વાણી અતિહિ રસાલ લાલ રે. જગ. ૨**

**અર્થ :** આપની આંખ તો કમળની પાંદડી જેવી છે. આપનું કપાળ શુકલપક્ષની આઠમના ચંદ્ર સમાન છે. આપનું વદન શરદઋતુના પૂર્ણ ચંદ્ર જેવું છે અને આપની વાણી ઘણી રસાળ છે.

**લક્ષણ અંગે વિરાજતાં, અડહિય સહસ ઉદાર લાલ રે;**
**રેખા કર - ચરણાદિકે, અભ્યંતર નહિ પાર લાલ રે. જગ. ૩**

**અર્થ :** આપના અંગમાં ૧૦૦૮ ઉત્તમ લક્ષણો બિરાજે છે. આપના હાથ, પગ વગેરેમાં જે રેખાઓ છે તે ઘણી સારી છે અને આપના અભ્યંતર ગુણોનો તો કોઈ પાર નથી.

**ઇંદ્ર, ચંદ્ર, રવિ, ગિરિતણા, ગુણ લઈ ઘડિયું અંગ લાલ રે;**
**ભાગ્ય કિહાં થકી આવીયું, અચરિજ એહ ઉત્તંગ લાલ રે. જગ. ૪**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ :** એમ લાગે છે કે જાણે ઇંદ્ર, ચંદ્ર, સૂર્ય અને પર્વતના ગુણો લઇને આપનું શરીર ઘડ્યું હોય પરંતુ આપને આવું ઉત્કૃષ્ટ ભાગ્ય શાથી મળ્યું એ અમને આશ્ચર્ય થાય છે.

**ગુણ સઘળા અંગે કર્યા, દૂર કર્યા સવિ દોષ લાલ રે;**
**વાચક યશવિજયે થુણ્યો, દેજો સુખનો પોષ લાલ રે. જગ. ૫**

**અર્થ :** હે ભગવાન, આપે બધા ગુણોને મેળવ્યા અને બધા દોષો દૂર કર્યા છે. તેથી હું, યશોવિજય આપની સ્તુતિ કરું છું અને વિનંતિ કરું છું કે અમને અખૂટ આત્મિક સુખ આપજો.

## ૨. શ્રી અજિતનાથ સ્વામી

**અજિત જિણંદશું પ્રીતડી, મુજને ન ગમે હો બીજાનો સંગ કે;**
**માલતી ફૂલે મોહિયો, કિમ બેસે હો બાવળતરુ ભૃંગ કે... ૧**

**અર્થ :** શ્રી અજિતનાથ જિનેશ્વર સાથે મને પ્રીત થઈ ગઈ છે. તેથી બીજા કોઈનો સંગ મને ગમતો નથી. જે ભમરાએ માલતીના ફૂલની સુગંધ માણી હોય તે બાવળના ઝાડ પર કેમ બેસે ? ન જ બેસે.

**ગંગાજળમાં જે રમ્યા, કિમ છીલ્લર હો રતિ પામે મરાળ કે;**
**સરોવર જળધર જળ વિના, નવિ ચાહે હો જગ ચાતકબાળ કે... ૨**

**અર્થ :** જે રાજહંસે ગંગાના નિર્મળ જળમાં મઝા કરી હોય તે ખાબોચિયાનાં ગંદા પાણીમાં સુખ કેમ માને ? ચાતક પક્ષીનું બચ્ચું મેઘના જળને બદલે સરોવરના જળને ચાહી શકે નહીં.

**કોકિલ કલકૂજિત કરે, પામી મંજરી હો પંજરી સહકાર કે;**
**ઓછાં તરૂવર નવિ ગમે, ગિરૂઆશું હો હોયે ગુણનો પ્યાર કે... ૩**

**અર્થ :** કોયલ આંબાનો મોર ખાઈને ટહૂકા કરતી હોય છે તેને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઓછાં વૃક્ષ ગમતાં નથી. તેવી રીતે ગુણજ્ઞ લોકોને પણ મોટા માણસોના ગુણ જોઈને પ્યાર થાય છે.

**કમલિની દિનકર-કર ગ્રહે, વળી કુમુદિની હો ધરે ચંદશું પ્રીત કે;**
**ગૌરી ગિરીશ ગિરિધર વિના, નવિ ચાહે હો કમલા ચિત્ત કે... ૪**

**તિમ પ્રભુશું મુજ મન રમ્યું, બીજાશું હો નવિ આવે દાય કે;**
**શ્રી નયવિજય સુગુરુતણો, વાચક યશ હો નિત નિત ગુણ ગાય કે... ૫**

**અર્થ :** જે કમળ છે તે સૂર્યના કિરણને ગ્રહે છે અને કુમુદિની ચંદ્ર સાથે જ પ્રીત કરે છે. વળી પાર્વતી શંકર વિના, લક્ષ્મી વિષ્ણુ વિના બીજાને પોતાના ચિત્તથી ચાહતી નથી. એવી રીતે ભગવાનની સાથે મારું મન રમ્યું છે. તેથી બીજા કોઈ પ્રત્યે કાંઈ ભાવ થતો નથી. એટલે શ્રી નયવિજય સુગુરુનો શિષ્ય હું - યશોવિજય હંમેશાં પ્રભુના ગુણ ગાઉં છું.

## ૩. શ્રી સંભવનાથ સ્વામી

**સંભવ જિનવર વિનંતિ, અવધારો ગુણજ્ઞાતા રે;**
**ખામી નહિ મુજ ખીજમતે, કદીય હોશો ફળદાતા રે. ૧**

**અર્થ :** હે સંભવ જિનેશ્વર ભગવાન ! આપ તો ગુણના જાણકાર છો. આપની ભક્તિ કરવામાં મારી કાંઈ ખામી નથી. તો આપ કોઈક દિવસ ભક્તિનું ફળ આપનાર થજો એટલી મારી વિનંતિ સાંભળો.

**કર જોડીને ઊભો રહું, રાતદિવસ તુમ ધ્યાનો રે;**
**જો મનમાં આણો નહીં, તો શું કહીએ છાનો રે. ૨**

**અર્થ :** હે ભગવાન ! હું તો બે હાથ જોડીને રાત ને દિવસ આપના ધ્યાનમાં ઊભો રહું છું. આ બધું જો આપ મનમાં લાવો નહીં, તો મારે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવે છાનું આપને વધારે શું કહેવું ?

**ખોટ ખજાને કો નહીં, દીજીએ વાંછિત દાનો રે;**
**કરૂણાનજર પ્રભુજી તણી, વાધે સેવક વાનો રે. ૩**

અર્થ : હે ભગવાન ! આપના ખજાનામાં કોઈ ખોટ નથી તો મેં જે ઇચ્છા કરી છે એ દાન આપો. મારા પ્રભુ ! આપની કરૂણા નજર મારા તરફ રહે તો આ સેવકનો આત્મિક પ્રભાવ વધે.

**કાળલબ્ધિ મુજ મતિ ગણો, ભાવલબ્ધિ તુમ હાથે રે;**
**લડથડતું પણ ગજબચ્ચું, ગાજે ગયવર સાથે રે. ૪**

**અર્થ :** હે ભગવાન ! આ બાબતમાં આપ કાળલબ્ધિ ગણશો નહીં અને ભાવલબ્ધિ તો આપના હાથમાં રહેલી છે. નાનું હાથીનું બચ્ચું લથડિયા ખાતું હોય તો પણ મોટા હાથી સાથે એ ગાજે છે.

**દેશો તો તુમ હી ભલા, બીજા તો નવિ જાચું રે;**
**વાચકયશ કહે સાંઈશું, ફળશે એ મુજ સાચું રે. ૫**

**અર્થ :** હે ભગવાન ! જો મારું ઇચ્છિત ફળ તમે મને આપશો તો સારું. નહીં તો બીજા કોઈની પાસે તો હું માગણી કરીશ નહીં. શ્રી યશોવિજયજી મહારાજ સાહેબ ભગવાનને કહે છે કે મારી આ અરજનું ફળ મને મળશે જ એવો મને વિશ્વાસ છે.

## ૪. શ્રી અભિનંદન સ્વામી

**દીઠી હો પ્રભુ ! દીઠી જગગુરુ ! તુજ,**
**મૂરતિ હો પ્રભુ ! મૂરતિ મોહન વેલડી જી !**
**મીઠી હો પ્રભુ ! મીઠી તાહરી વાણ,**
**લાગે હો પ્રભુ ! લાગે જેસી સેલડી જી. ૧**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ :** હે જગતગુરુ ! મેં આજે મોહનવેલ જેવી તમારી મૂર્તિનાં દર્શન કર્યાં. હે પ્રભુ ! તમારી વાણી મને શેરડીના રસ જેવી મીઠી લાગે છે.

**જાણું હો પ્રભુ ! જાણું જન્મ કયત્થ,**
**જો હું હો પ્રભુ ! જો હું તુમ સાથે મિલ્યો જી;**
**સુરમણિ હો પ્રભુ ! સુરમણિ પામ્યો હત્થ,**
**આંગણે હો પ્રભુ ! આંગણે મુજ સુરતરૂ ફળ્યો જી. ૨**

**અર્થ :** હે પ્રભુ ! તમે મને મળ્યા તેથી હું મારો જન્મ કૃતાર્થ જાણું છું. ભગવાન ! મને તો એમ લાગે છે કે મારા હાથમાં સુરમણિ-ચિંતામણિ રત્ન આવ્યું અને આંગણામાં કલ્પવૃક્ષ ફળ્યું.

**જાગ્યા હો પ્રભુ ! જાગ્યા પુણ્ય અંકુર,**
**માગ્યા હો પ્રભુ ! મુહમાગ્યા પાસા ઢળ્યા જી;**
**વૂઠ્યા હો પ્રભુ ! વૂઠ્યા અમીરસ મેહ,**
**નાઠા હો પ્રભુ ! નાઠા અશુભ, શુભ દીન વળ્યા જી. ૩**

**અર્થ :** હે ભગવાન ! હું શું કહું ! જાણે મારા પુણ્યના અંકૂરો ફૂટ્યા. મારા મોં માંગ્યા પાસા પડ્યા. મારે ત્યાં અમીરસના મેઘ વરસ્યા. તેથી મારા બધા અશુભ દિવસો ગયા અને શુભ દિવસો આવ્યા એમ મને લાગે છે.

**ભૂખ્યાં હો પ્રભુ ! ભૂખ્યાં મળ્યા ઘૃતપૂર,**
**તરસ્યાં હો પ્રભુ ! તરસ્યા દિવ્ય ઉદક મિલ્યાં જી;**
**થાક્યાં હો પ્રભુ ! થાક્યાં મળ્યાં સુખપાલ,**
**ચાહતાં હો પ્રભુ ! ચાહતાં સજ્જન હેજે હળ્યા જી. ૪**

**દીવો હો પ્રભુ ! દીવો નિશા, વન ગેહ,**
**સાખી હો પ્રભુ ! સાખી થળે, જળ નૌકા મળી જી;**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કલિયુગે હો પ્રભુ ! કલિયુગે દુલ્લહો મુજ,
દરિશન હો પ્રભુ ! દરિશન લહ્યું આશા ફળી જી. ૫

**અર્થ :** હે પ્રભુ ! વિશેષ શું કહું ? અતિ ભૂખ લાગી હોય ત્યારે ઘેબર-મિઠાઈ મળવાથી, ખૂબ તરસ લાગી હોય ત્યારે પીવા માટે પાણીને બદલે અમૃત મળ્યાથી, થાક્યા હોય ત્યારે પાલખી મળવાથી, અને જે સંત પુરુષને ચાહતા હોય એ સજ્જન હેતથી ભેટ્યાથી. વળી હે પ્રભુ ! અંધારી રાત્રીએ જંગલમાં ભૂલા પડેલાને કોઈ ઘરમાં બળતા દીવાના પ્રકાશે માર્ગ સૂઝી જવાથી, મરૂભૂમિમાં આમ્રવૃક્ષ મળવાથી અને સમુદ્રમાં તરવાને નૌકા મળવાથી જે આનંદ થાય તેવો આનંદ હે ભગવાન ! આ કળિયુગમાં દુર્લભ એવું તારું દર્શન અમને થયું ને અમારી આશા ફળી તેથી અમને થયો છે.

વાચક હો પ્રભુ ! વાચક યશ તુમ દાસ,
વિનવે હો પ્રભુ ! વિનવે અભિનંદન સુણો જી;
કઈયે હો પ્રભુ ! કઈયે મ દેશો છેહ,
દેજો હો પ્રભુ ! દેજો સુખ દરિશન તણો જી. ૬

**અર્થ :** હે અભિનંદન સ્વામી ! યશોવિજય નામનો આ તમારો દાસ વિનંતિ કરે છે તે તમે મહેરબાની કરીને સાંભળો. તે કહે છે કે હે ભગવાન ! તમે ક્યારેય મને દગો ન દેશો અને તમારા દર્શનનું સુખ કાયમ દેજો.

## ૫. શ્રી સુમતિનાથ સ્વામી

સુમતિનાથ ગુણશું મિલી જી, વાધે મુજ મન પ્રીતિ,
તેલબિંદુ જિમ વિસ્તરે જી, જળમાંહે ભલી રીતિ;
સોભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ. ૧



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ :** જેમ પાણીમાં પડેલું તેલનું ટીપું બધાજળમાં સારી રીતે પ્રસરી જાય છે તેમ સુમતિનાથ ભગવાનના ગુણો સાથે મળેલી મારા મનની પ્રીતિ વધતી જ જાય છે. સદ્ભાગી એવા જિનેશ્વર ભગવંતનો મને પાકો રંગ લાગ્યો છે.

**સજ્જનશું જે પ્રીતડી જી, છાની તે ન રખાય;**
**પરિમલ કસ્તુરી તણો જી, મહીમાંહે મહકાય. સોભાગી. ૨**

**અર્થ :** જેવી રીતે કસ્તુરીની સુગંધ પૃથ્વીમાં ચોતરફ ફેલાઈ જાય છે, છુપાવી શકાતી નથી, તેવી રીતે સત્પુરુષ સાથે જે પ્રીત બંધાય છે તે છૂપાવી શકાતી નથી.

**આંગળીએ નવિ મેરૂ ઢંકાયે, છાબડીએ રવિ - તેજ;**
**અંજલિમાં જિમ ગંગ ન માયે, મુજ મન તિમ પ્રભુ-હેજ. સોભાગી. ૩**

**અર્થ :** મેરૂ પર્વતને આંગળીથી ઢાંકી શકાય નહીં, સૂર્યનું તેજ છાબડીથી છૂપાવી શકાય નહીં. વળી ગંગાનું પાણી ખોબામાં સમાવી શકાય નહીં, એ રીતે પ્રભુ પરનો મારો પ્રેમ મારા મનમાં સમાવી શકાતો નથી.

**હુઓ છીપે નહીં અધર અરૂણ જિમ, ખાતાં પાન સુરંગ;**
**પીવત ભરભર પ્રભુગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ. સોભાગી. ૪**

**અર્થ :** પાન ખાવાથી, અરૂણ જેવા લાલ થયેલ હોઠની લાલાશ છૂપી રહેતી નથી. તેમ પ્રભુના ગુણગાન રૂપી રસના પ્યાલા ભરી ભરી પીવાથી મારો તેમના પ્રત્યેનો અભંગ પ્રેમ છૂપો રહેતો નથી.

**ઢાંકી ઇક્ષુ પરાળશું જી, ન રહે લહી વિસ્તાર;**
**વાચક યશ કહે પ્રભુતણો જી, તિમ મુજ પ્રેમ પ્રકાર. સોભાગી. ૫**

**અર્થ :** પરાળથી ઢંકાયેલી શેરડી પરાળના વિસ્તાર છતાં છૂપી રહેતી નથી તેવો જ પ્રભુ સાથેના મારા પ્રેમનો પ્રકાર છે એમ પૂ. યશોવિજયજી મહારાજ સાહેબ કહે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૬. શ્રી પદ્મપ્રભુ સ્વામી

**પદ્મપ્રભ જિન જઈ અળગા વસ્યા, જિહાંથી નાવે લેખો જી;**
**કાગળ ને મસી. જિહાં નવિ સંપજે, ન ચલે વાટ વિશેષો જી.**
**સુગુણ સનેહા રે કદીય ન વિસરે. ૧**

**અર્થ :** પદ્મપ્રભ જિનેશ્વર એટલે બધે દૂર જઈને વસ્યા છે કે જ્યાંથી પત્રથી લખાણ આવી શકે નહીં. જ્યાં કાગળ અને સ્યાહી મળી શકે નહીં. અને જ્યાં સુધીનો વિશેષ માર્ગ પણ મળી શકે નહીં એમ છતાં સદ્ગુણથી ભરેલા એવા સ્નેહી જિનેશ્વર દેવ કદીયે વિસરી શકાતા નથી.

**ઇહાંથી તિહાં જઈ કોઈ આવે નહીં, જેહ કહે સંદેશો જી;**
**જેહનું મિલવું દોહિલું, તેહશું નેહ તે આપ કિલેશો જી. સુ૦ ૨**

**અર્થ :** અહિંથી કોઈ ભગવાન પાસે જઈને આવે અને તેમનો સંદેશો કહે એમ બની શકે તેવું નથી. એટલે હું તો એમ માનું છું કે, જેમને મળવું પણ મુશ્કેલ છે તેની સાથે પ્રેમ રાખવો તે પોતાને કલેશ ઉપજાવે તેવું છે.

**વીતરાગશું રે રાગ તે એક પખો, કીજે કવણ પ્રકારો જી;**
**ઘોડો દોડે રે સાહેબ વાજમાં, મન નાણે અસવારો જી. સુ૦ ૩**

**અર્થ :** ભગવાન-જિનેશ્વર દેવ તો વીતરાગી છે અને તેમની સાથે અમે રાગ કરીએ છીએ, તો એવો એક પક્ષીય રાગ કેવી રીતે થઈ શકે ? પણ આ તો એવો પ્રકાર છે કે જેમ ઘોડો પોતાના અસવારનું મન જાણીને દોડતો હોય છે તો પણ અસવાર તે તેના મનમાં પણ લાવતો નથી-કદર કરતો નથી.

**સાચી ભક્તિ રે ભાવના રસ કહ્યો, રસ હોય તિહાં દોય રીઝે જી;**
**હોડાહોડે રે બીહુ રસ રીઝથી, મનના મનોરથ સીઝે જી... સુ૦ ૪**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ :** ભક્તિમાં ભાવ અને રસ ભરપુર હોય તો સાચી ભક્તિ કહેવાય. અને રસ હોય તો બંનેને રીઝવાનું થાય. બંને રસ બતાવતા જાય અને રીઝતા જાય એમ હરિફાઈ થાય એથી મારા મનના મનોરથ પૂરા થાય.

**પણ ગુણવંતા રે ગોઠે ગાજીએ, મોટા તે વિશ્રામ જી;**
**વાચક યશ કહે એહ જ આશરે, સુખ લહું ઠામોઠામ જી... સુ૦ ૫**

**અર્થ :** પણ ગુણોના ભંડાર જેવા ભગવાન સાથેની મિત્રતાથી અમે ગાજીએ કે અમને મોટા પુરુષનો આશરો મળ્યો. પૂ. યશોવિજયજી મહારાજ સાહેબ કહે છે કે આ આશ્રયથી હું હવે ઠામોઠામ-દરેક સ્થળે સુખ પ્રાપ્ત કરું.

## ૭. શ્રી સુપાર્શ્વનાથ સ્વામી

**શ્રી સુપાર્શ્વ જિનરાજ ! તું ત્રિભુવન શિરતાજ;**
**આજે હો છાજે રે ઠકુરાઈ, પ્રભુ તુજ પદતણી જી... ૧**

**અર્થ :** હે સુપાર્શ્વનાથ જિનેશ્વર ભગવાન ! તમે ત્રણેય ભુવનના શિરતાજ-માથાના મુગટ છો. પ્રભુ ! આજે તમારું રાજપદ શોભી રહ્યું છે.

**દિવ્ય ધ્વનિ, સુર ફૂલ, ચામર, છત્ર, અમૂલ;**
**આજે હો રાજે રે ભામંડલ, ગાજે દુંદુભિ જી. ૨**

**અર્થ :** આજે દિવ્ય ધ્વનિ, દેવોએ વરસાવેલ પુષ્પો, ચામર અને અમૂલ્ય છત્ર તેમજ આપની પાછળ ભામંડળ શોભી રહેલ છે અને દુંદુભિનો અવાજ ગાજી રહેલ છે.

**અતિશય સહજના ચાર, કર્મ ખપ્યાથી અગ્યાર;**
**આજે હો કીધા રે ઓગણીશે, સુરગણ ભાસુરે જી. ૩**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અર્થ :** આપનાં બધાં કર્મ ખપ્યાથી સ્વાભાવિક રીતે પ્રથમ ચાર અતિશય પ્રગટ થયા. પછીથી અગિયાર થયા અને આજે તો ઓગણીશ અતિશય દેવોએ જાહેર કર્યા.

**વાણીગુણ પાંત્રીશ, પ્રતિહારજ જગદીશ;**
**આજે હો રાજે રે દીવાજે, છાજે આઠશું જી. ૪**

**અર્થ :** આપની વાણી પાંત્રીસ ગુણોથી શોભે છે. હે જગતના નાથ ! આજે તો તમારામાં આઠેય પ્રતિહાર્ય શોભી રહ્યા છે.

**સિંહાસન અશોક, બેઠા મોહે લોક;**
**આજ હો સ્વામી રે શિવગામી, વાચક યશ થુણ્યો જી. ૫**

**અર્થ :** આપ અશોક સિંહાસન પર બેઠા છો. એ જોઈને પર્ષદાના લોકો આપના પર મોહી પડે છે. એવા હે મોક્ષગામી સ્વામી ! હું યશોવિજય આપની સ્તુતિ કરું છું.

## ૮. શ્રી ચંદ્રપ્રભુ સ્વામી

**ચંદ્રપ્રભ જિન સાહેબા રે, તુમે છો ચતુર સુજાણ, મનના માન્યા;**
**સેવા જાણો દાસની રે, દેશો ફળ નિર્વાણ, મનના માન્યા;**
**આવો આવો રે ચતુર સુખભોગી, કીજે વાત એકાંત અભોગી;**
**ગુણ ગોઠે પ્રગટે પ્રેમ, મનના માન્યા. ૧**

**અર્થ :** હે ચંદ્રપ્રભુ જિનેશ્વર ! સાહેબા ! તમે તો બહુ ચતુર છો અને સુજાણ છો તેથી મારા મનને ગમી ગયા છો. વળી હે ભગવાન ! તમે આ દાસની ભક્તિ જાણો છો. તો તેના ફળ રૂપે મને નિર્વાણનું સુખ આપજો. હે ચતુર પ્રભુ ! હે નિર્વાણ સુખના ભોગી જિનેશ્વર ! તમે આવો. આપણે એકાંતમાં આત્માની વાતો કરીએ. જેટલા આપના



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુણ મને ગોઠશે એટલો મારો પ્રેમ આપના ઉપર વધશે.

**ઓછું અધિકું પણ કહે રે, આસંગાયત જેહ; મ૦**
**આપે ફલ જે અણકહે રે. ગિરૂઓ સાહેબ તેહ. મ૦ ૨**

**અર્થ :** હે પ્રભુ ! જે રાગી હોય એ તો ઓછું અધિકું કહે પણ જે મોટા પુરુષ હોય એ તો કાંઈ કીધા વિના સુખ આપે.

**દીન કહ્યા વિણ દાનથી રે, દાતાની વા'ધે મામ; મ૦**
**જલ દીએ ચાતક ખીજવી રે, મેઘ હુઓ તિણે શ્યામ. મ૦ ૩**

**અર્થ :** જે દાતા ગરીબના કહ્યા વિના દાન આપે તેની આબરૂ વધે. ચાતકને ખીજવી ખીજવીને પછી વાદળાં પાણી આપે છે તેથી તો વાદળાંનો રંગ કાળો થયો છે.

**'પિયુ પિયુ' કરી તુમને જપું રે, હું ચાતક તુમે મેહ; મ૦**
**એક લહેરમાં દુઃખ હરો રે, વાધે બમણો નેહ. મ૦ ૪**

**અર્થ :** હે મારા ભગવાન ! જેમ ચાતક પક્ષી 'પિયુ પિયુ' કરીને મેઘને જપે છે તેમ જ હું તમને જપું છું. પણ જો એક ક્ષણમાં તમે મારું જન્મમરણનું દુઃખ ટાળો તો મારો તમારા પરનો સ્નેહ બમણો વધે.

**મોડું - વહેલું આપવું રે, તો શી ઢીલ કરાય ? મ૦**
**વાચક યશ કહે જગધણી રે, તુમ તૂઠે સુખ થાય. મ૦ ૫**

**અર્થ :** હે ભગવાન ! જો તમારે મોડું કે વહેલું અમને મુક્તિનું સુખ આપવું જ છે તો પછી એમાં ઢીલ કેમ કરો છો ? વાચક યશ કહે છે કે હે જગતના નાથ ! તમે મારા પર પ્રસન્ન થાઓ તો મને સુખ થાય, શાંતિ થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૯. શ્રી સુવિધિનાથ સ્વામી

**લઘુ પણ હું તુમ મન નવિ માવું રે, જગગુરુ તુમને દિલમાં લાવું રે;**
**કુણને એ દીજે સાબાશી રે ? કહો શ્રી સુવિધિ જિણંદ વિમાસી રે. ૧**

**અર્થ :** હે ભગવાન ! હું બહુ નાનો છું છતાં તમારા દિલમાં સમાઈ શકતો નથી. પણ હે જગગુરુ ! આપ મહાન છતાંય મારા અંતઃકરણમાં આપને હું લાવું છું. તો આ માટે કોને સાબાશી આપવી તે હે સુવિધિ જિનેશ્વર ! આપ વિચારીને કહો.

**મુજ મન અણુમાંહે ભક્તિ છે ઝાઝી રે, તેહ દરીનો તું છે માજી રે;**
**યોગી પણ જે વાત ન જાણે રે, તેહ અચરીજ કુણથી હુઓ ટાણે રે. ૨**

**અર્થ :** હે પ્રભુ ! મારા મનના એકેક અણુમાં ઝાઝી ભક્તિ છે. અને આ મારા નાના મનરૂપી વહાણનો તું સુકાની છે. મોટા યોગેશ્વરો પણ જાણી શકતા નથી એવી અચરજવાળી વાત આ ટાણે કોનાથી બની ?

**અથવા થિરમાંહી અથિર ન માવે રે, મોટો ગજ દર્પણમાં આવે રે;**
**જેહને તેજે બુદ્ધિ પ્રકાશી રે, તેહને દીજે એ સાબાશી રે. ૩**

**અર્થ :** અથવા સ્થિર વસ્તુમાં અસ્થિર પદાર્થ સમાતો નથી છતાં મોટો હાથી દર્પણમાં આવે છે-દેખાય છે. એટલે જેના પ્રભાવથી મારામાં બુદ્ધિ પ્રકાશી છે એવા આપને સાબાશી ઘટે છે.

**ઊર્ધ્વમૂળ તરૂવર અધ શાખા રે, છંદપુરાણે એહવી છે ભાખા રે;**
**અચરિજવાળે અચરિજ કીધું રે, ભક્તે સેવક કારજ સીધું રે. ૪**

**અર્થ :** છંદ અને પુરાણોમાં એમ કહેલ છે કે આ વૃક્ષ તો ઉપર મૂળિયાં અને નીચે શાખાવાળું છે. આ આશ્ચર્ય આપે કર્યું છે પણ આ સેવકનું કાર્ય તો ભક્તિથી પાર પડ્યું છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**લાડ કરી જે બાળક બોલે રે, માતપિતા મન અમિયને તોલે રે;**
**શ્રી નયવિજય વિબુધનો શિષો રે, યશ કહે ઇમ જાણો જગદીશો રે. ૫**

**અર્થ :** નાનું બાળક લાડ કરીને કાલું કાલું બોલે તે તેના માબાપને મન તો અમૃત જેવું લાગે છે. તેમ હે જગદીશ ! આપ પણ મારી આ બધી વાતને એ પ્રમાણે જાણજો એમ પૂ. શ્રી નયવિજયજીના શિષ્ય યશોવિજયજી કહે છે.

## ૧૦. શ્રી શીતલનાથ સ્વામી

**શ્રી શીતલજિન ભેટિયે, કરી ભક્તે ચોખ્ખું ચિત્ત હો;**
**તેહથી કહો છાનું કિશ્યું, જેહને સોંપ્યા તન મન વિત્ત હો. ૧**

**અર્થ :** હે શીતલનાથ ભગવાન ! મારું ચિત્ત ભક્તિથી ચોખ્ખું કરીને આપને ભેટવાની મારી ઇચ્છા છે. જેને તન, મન અને ધન અર્પણ કર્યાં તેનાથી છાનું શા માટે રાખવું ?

**દાયક નામે છે ઘણા, પણ તું સાયર તે કૂપ હો;**
**તે બહુ ખજવા તગતગે, તું દિનકર તેજ સ્વરૂપ હો. ૨**

**અર્થ :** હે પ્રભુ ! આ જગતમાં દાતા તો ઘણા છે. એ બધા કૂવા છે અને તું તો મોટો સાગર છો. તે બધા તગતગતા આગિયા જેવા છે અને તું તો સૂર્ય સમાન પ્રકાશ સ્વરૂપ છો.

**મોટો જાણી આદર્યો, દારિદ્ર ભાંજો જગતાત હો;**
**તું કરૂણાવંત શિરોમણિ, હું કરૂણાપાત્ર વિખ્યાત હો. ૩**

**અર્થ :** હે ભગવાન ! તને મહાન જાણીને મેં તારો આદર કર્યો તો હે જગતાત ! હવે મારું દુઃખ દારિદ્ર ભાંગી નાખો. મારા જેવો કરૂણાપાત્ર બીજો કોઈ નહીં મળે. અને ભગવાન ! તું તો સૌથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વધારે દયાળુ છો.

**અંતરજામી સવિ લહો, અમ મનની જે છે વાત હો;**
**મા આગળ મોસાળના, શા વરણવવા અવદાત હો. ૪**

**અર્થ :** હે અંતર્યામી ભગવાન ! તમે તો અમારા મનની બધી વાત જાણો છો. તો પછી મોસાળની હકીકત મા આગળ વર્ણવવા જેવો પ્રયત્ન શો કરવો ?

**જાણો તો તાણો કિશ્યું ? સેવા ફલ દીજે દેવ હો;**
**વાચક યશ કહે ઢીલની, એ ન ગમે મુજ મન ટેવ હો. ૫**

**અર્થ :** હે પ્રભુ ! આપ બધું જાણો છો તો હવે ક્યાં સુધી તાણી રાખવું છે ? અમારી ભક્તિનું ફળ હવે આપી દો ને. યશોવિજયજી કહે છે કે આપની આ ઢીલ કરવાની રીત મને ગમતી નથી.

## ૧૧. શ્રી શ્રેયાંસનાથ સ્વામી

**તુમે બહુ મૈત્રી રે સાહેબા, મારે તો મન એક;**
**તુમ વિણ બીજો રે નવિ ગમે, એ મુજ મોટી રે ટેક.**
**શ્રી શ્રેયાંસ કૃપા કરો. ૧**

**અર્થ :** હે શ્રેયાંસનાથ ભગવાન ! તમારે ઘણા લોકોની સાથે મૈત્રી હોય પણ મારા મનમાં તો આપ એકજ છો. મને તો આપના સિવાય બીજો કોઈ ગમે નહીં, એ મારી મોટી ટેક છે. તો હવે આપ મારા પર કૃપા કરો.

**મન રાખો તુમે સવિ તણાં, પણ કિહાં એક મળી જાઓ;**
**લલચાવો લખ લોકને, સાથી સહજ ન થાઓ. શ્રી૦ ૨**

**અર્થ :** હે મારા ભગવાન ! તમે બધાના મન રાખો પણ ક્યારેક



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ કોઈકની સાથે મળી જાઓ છો. તમે લાખો લોકોને લલચાવો છો પણ સહજ રીતે સખા થતા નથી.

**રાગ ભરે જન મન રહો, પણ તિહું કાલ વૈરાગ્ય;**
**ચિત્ત તુમારા રે સમુદ્રનો, કોઈ ન પામે રે તાગ. શ્રી૦ ૩**

અર્થ : પ્રભુ ! અમારા જેવાના દિલમાં આપના માટે રાગ ભરેલ છે. એવા રાગી મનમાં આપ રહો છો છતાંય આપ ત્રણેય કાળ વીતરાગ રહો છો. એટલે હે પ્રભુ ! તમારા ચિત્ત રૂપી સમુદ્રની ઊંડાઈ અમારા જેવા કોઈ માપી શકતા નથી.

**એવાશું ચિત્ત મેળવ્યું, મેળવ્યું પહેલાં ન કાંઈ;**
**સેવક નિપટ અબુઝ છે, નિર્વહેશો તુમે સાંઈ. શ્રી૦ ૪**

**અર્થ :** એવા આપની સાથે હવે મેં ચિત્ત મેળવ્યું છે પણ આ પહેલા ક્યારેય આવું કાંઈ કર્યું નથી. એટલે આ સેવકને અત્યંત અજાણ જાણી હે પ્રભુ ! તમે નિભાવજો.

**નીરાગી શું રે કિમ મિલે, પણ મળવાનો એકાંત;**
**વાચક યશ કહે મુજ મિલ્યો, ભક્તે કામણ તંત. શ્રી૦ ૫**

અર્થ : વીતરાગીને રાગી કેવી રીતે મળી શકે એમ લાગે. પણ ભગવાન ! હું આપને ચોક્કસ મળવાનો. કેમ કે ભક્તિ વડે કામણ કરનારો તંતુ મને મળ્યો છે, એમ શ્રી યશોવિજયજી કહે છે.

## ૧૨. શ્રી વાસુપૂજ્ય સ્વામી

**સ્વામી તુમે કાંઈ કામણ કીધું, ચિત્તડું અમારું ચોરી લીધું,**
**સાહેબા વાસુપૂજ્ય જિણંદા, મોહના વાસુપૂજ્ય જિણંદા;**
**અમે પણ તુમશું કામણ કરશું, ભક્તિ ગ્રહી મન ઘરમાં ધરશું. સા૦ ૧**

**અર્થ :** હે વાસુપૂજ્ય સ્વામી ! તમે તો અમારા ઉપર કાંઈ એવું



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કામણ કર્યું છે કે અમારું ચિત્ત તમે ચોરી લીધું છે. તમે સાહેબ, જિનેશ્વર, મોહ ઉપજાવનાર છો. પરંતુ હે પ્રભુ ! અમે પણ તમારા ઉપર કામણ કરશું. ભક્તિથી તમને પકડીને અમારા દિલમાં રાખી લઇશું.

**મન ઘરમાં ધરિયા ઘરશોભા, દેખત નિત્ય રહેશો થિર થોભા;**
**મન વૈકુંઠ અકુંઠિત ભક્તે, યોગી ભાખે અનુભવ યુકતે. સા૦ ૨**

**અર્થ :** હે પ્રભુ ! મારા હૃદયરૂપી ઘરમાં ભક્તિરૂપ શોભા જોઈને આપ ત્યાં સદાને માટે સ્થિર થઈ રહેશો. કેમ કે અકુંઠિત-બેહદ ભક્તિ વડે મન વૈકુંઠ સમાન બની જાય છે, એમ યોગીઓ પોતાના અનુભવથી કહે છે.

**કલેશે વાસિત મન સંસાર; કલેશ રહિત મન તે ભવપાર;**
**જો વિશુદ્ધ મન ઘર તુમે આવ્યા, પ્રભુ તો અમે નવનિધિ ઋદ્ધિ પામ્યા.**
**સા૦ ૩**

**અર્થ :** કલેશથી ભરેલ મન એ જ સંસાર છે અને કલેશ વિનાનું મન એ જ મોક્ષ-મુક્તિ છે. હે પ્રભુ ! જો તમે અમારા વિશુદ્ધ-નિર્મળ કરેલા મનમાં વાસ કરો તો અમને બધી રિદ્ધિ સિદ્ધિ મળી ગઈ એવું અમને લાગશે.

**સાત રાજ અળગા જઈ બેઠા, પણ ભક્તે અમ મનમાં પેઠા;**
**અલગાને વલગ્યા જે રહેવું, તે ભાણા ખડખડ દુઃખ સહેવું. સા૦ ૪**

**અર્થ :** હે ભગવાન ! તમે તો સાત રાજુ-લોકાંતે જુદા જઈને બેઠા છો. પણ ભક્તિથી ખેંચાઇને અમારા મનમાં તમે પધાર્યા છો, એ અમારું સદ્ભાગ્ય છે નહીં તો અળગા થયેલાને વળગ્યા રહેવું એ ભૂખ્યા પેટે ખાલી ખખડતા ભાણા પર બેસીને ભૂખનું દુઃખ ભોગવવા જેવું દુઃખદ લાગે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ધ્યાયક ધ્યેય ધ્યાન ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે,**
**ખીર નીર પરે તુમશું મલશું, વાચકયશ કહે હેજે હલશું. સા૦ ૫**

**અર્થ :** હે પરમાત્મા ! હવે અમે અમારી અને તમારી વચ્ચે જે અંતર છે તેને ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતા કરીને ચોક્કસ ભાંગી નાખશું. દૂધ અને પાણીની જેમ તમારી સાથે મળી જઈશું. સહેજે આપણે હેતથી એકમેક થઈ જઈશું એમ યશોવિજયં કહે છે.

## ૧૩. શ્રી વિમલનાથ સ્વામી

**સેવો ભવિયાં વિમલ જિનેશ્વર, દુલ્લહા સજ્જન-સંગાજી;**
**એવા પ્રભુનું દરિશણ લેવું, તે આલસમાં ગંગાજી. સે૦ ૧**

**અર્થ :** હે ભવ્ય જીવો ! તમે વિમલનાથ ભગવાનની ભક્તિ કરો કારણ કે સજ્જનનો સંગ મળવો દુર્લભ છે. આ કાળમાં એવા પ્રભુનું દર્શન થાય તો તે આળસમાં રહ્યા છતાં ગંગાજી મળવા બરાબર છે.

**અવસર પામી આળસ કરશે, તે મૂરખમાં પહેલો જી;**
**ભૂખ્યાંને જેમ ઘેબર દેતાં, હાથ ન માંડે ઘેલો જી. સે૦ ૨**

**અર્થ :** હે ભવિક ! પ્રભુ દર્શનનો અવસર મળવા છતાં જે જીવ આળસ કરશે તે પહેલા નંબરનો મૂરખ ગણાશે. જેમ કોઈ ભૂખ્યા માણસને ખાવા માટે ઘેબર આપે છતાં તે લેવા માટે હાથ લાંબો ન કરે તો તે ઘેલો ગણાય તેમ.

**ભવ અનંતમાં દર્શન દીઠું, પ્રભુ એવા દેખાડે જી;**
**વિકટ ગ્રંથિ જે પોળ પોળિયો, કર્મ વિવર ઉઘાડે જી. સે૦ ૩**

**અર્થ :** હે ભવ્યો ! અનંતકાળ ભવ-સંસારમાં ભટક્યા પછી ભગવાન



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દર્શ૰. આપવા તૈયાર થયા ત્યારે કર્મવિવર નામના દ્વારપાળે દ્વાર ખોલ્યા અને વિકટ એવો ગ્રંથિભેદ થયો. પ્રભુનાં દર્શન થયાં.

**તત્ત્વપ્રીતિકર પાણી પાએ, વિમલાલોકે આંજી જી;**
**લોયણ ગુરુ પરમાન્ન દીએ તવ, ભ્રમ નાખે સવિ ભાંજી જી. સે૦ ૪**

**અર્થ :** જ્યારે સદ્‌ગુરુ તત્ત્વોને યથાર્થ સમજાવીને તે પર પ્રીતિ કરાવે અને અંજન આંજીને જ્યારે દિવ્ય નેત્રો આપે ત્યારે બધો ભ્રમ ભાંગી જાય.

**ભ્રમ ભાંગ્યો તવ પ્રભુશું પ્રેમે, વાત કરું મન ખોલી જી;**
**સરલ તણે જે હઇડે આવે, તેહ જણાવે બોલી જી. સે૦ ૫**

**અર્થ :** આ રીતે મારો ભ્રમ ભાંગી ગયો તેથી હું ભગવાન સાથે પ્રેમથી મન ખોલીને વાત કરું છું. સરલ આત્માને હૈયે જે આવે તે બોલી જણાવે છે.

**શ્રી નયવિજય વિબુધ પય સેવક, વાચક યશ કહે સાચું જી;**
**કોટિ કપટ જો કોઈ દિખાવે, તોહિ પ્રભુ વિણ નવિ રાચું જી. સે૦ ૬**

**અર્થ :** શ્રી નયવિજયજી પંડિતનો શિષ્ય યશોવિજય સાચું કહે છે કે હે પ્રભુ ! હવે કોઈ કરોડો કપટ બતાવશે તો પણ હું મારા ભગવાન સિવાય કોઈથીય રાચીશ નહીં.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ॐ

# વિભાગ - ૩

# શ્રી મોહનવિજયજી કૃત ચોવીસી ભાવાર્થ સાથે

## શ્રી મોહનવિજયજી કૃત ચોવીસી વિષે

પ્રેમ-ભક્તિ નામનો યોગ છે જે યોગમાં સ્તવનો-પદો પ્રધાન ભાગ ભજવે છે. સ્તવનો પણ અનેક મહાપુરુષો-જ્ઞાની પુરુષોએ બનાવેલા છે અને તેમાં રહસ્યમય વાતો મોક્ષમાર્ગ અંગેની એવી રીતે વણી લેતા હોયછે કે સામાન્ય માણસ હલકથી ગાઈ જાય પણ રહસ્ય પકડાય નહીં. સ્તવનોમાં ભરી રાખેલું રહસ્ય તો જ્ઞાની પુરુષની કૃપા થઈ હોય તો જ હાથમાં આવે તેવું હોય છે.

શ્રી મોહનવિજયજી મ.સા. કૃત ચોવીસીમાં પ્રભુ પ્રત્યે ઓળંભાની રીત મુખ્યત્વે અપનાવવામાં આવી છે, જેના દ્વારા પરમાર્થ માર્ગના રહસ્યો છતાં કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

ગુરુ દ્વારા સ્વાધ્યાયમાં લેવામાં આવેલા સ્તવનોનો જે ભાવાર્થ સાંભળેલો તેને યથાશક્તિ શબ્દો રૂપે મુકવાનો પ્રયાસ આ ભાવાર્થમાં કરવામાં આવ્યો છે. ગુરુના ઉપદેશ દ્વારા નીકળેલી વાણીનું તો આ સંકલન છે. તેમાં કાંઈ ભૂલ થવા પામી હોય કે રહી ગઈ હોય તો વાંચકને ક્ષમા કરવા વિનંતી છે.

આ ચોવીસીના ભાવાર્થ વાંચતા વાંચતા પરમાર્થ માર્ગની વૃદ્ધિ થશે તો આ પ્રકાશન કર્યું તે યોગ્ય લેખાશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧. શ્રી ઋષભદેવ સ્તવન

**બાલપણે આપણ સસનેહી, રમતા નવ નવ વેષે;**
**આજ તુમે પામ્યા પ્રભુતાઈ, અમે તો સંસાર નિવેશે,**
**હો પ્રભુજી ! ઓળંભડે મત ખીજો... ૧**

ઓલંભડે એટલે ઠપકા રૂપે કહેવું તે. ઓલંભડા દેવાનો ઉદ્દેશ પ્રભુ પ્રત્યેનું પ્રીતિ અને ભક્તિ અનુષ્ઠાન વધારવાનો છે. (ત્રીજું વચન અને ચોથું અસંગ અનુષ્ઠાન કહેવાય છે. ત્રીજું અને ચોથું અનુષ્ઠાન પ્રાપ્ત કરવાથી જ મુક્તિપદને પામી શકે છે. ત્રીજા અને ચોથા અનુષ્ઠાનની પ્રાપ્તિ માટે પ્રીતિ અને ભક્તિ - પ્રથમના બે અનુષ્ઠાન આદરવા પડે છે) હે પ્રભુ ! આપણે ઘણા સમય પહેલાં બાળપણમાં - અજ્ઞાનપણામાં નવા નવા ભવો ધારણ કરીને સંસારની રમતો રમતા હતા. તેમાં આપ પ્રભુ આ જ મારાથી છૂટા પડી જઇને મોક્ષગામી સ્થિતિને મેળવીને, પ્રભુતાઈ મેળવીને, મોક્ષે પધારી ગયા જ્યારે હું તો હજી સંસારમાં બુડ્યો પડ્યો છું. આવા ઠપકાંથી હે પ્રભુ ! આપ મારા પર ખીજ કરતા નહીં.

**જો તુમ ધ્યાતાં શિવસુખ લહિએ, તો તુમને કેઈ ધ્યાવે;**
**પણ ભવસ્થિતિ પરિપાક થયા વિણ, કોઈ ન મુગતે જાવે,**
**હો પ્રભુજી !... ૨**

હે પ્રભુ ! આપનું ધ્યાન કરતા મોક્ષ મળતો હોય તો કેટલાય આપનું ધ્યાન કરે. પણ ભવસ્થિતિ પરિપાક ન થાય ત્યાંસુધી મોક્ષ ન થાય એમ આગમમાં છે અને ઘણા કહે છે. તો તમારું ધ્યાન કોણ કરે ?

**સિદ્ધનિવાસ લહે ભવ સિદ્ધિ, તેહમાં શ્યો પાડ તુમારો;**
**તો ઉપગાર તુમારો લહિએ, અભવ્ય-સિદ્ધને તારો.**
**હો પ્રભુજી !... ૩**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભવ્ય જીવો મોક્ષે જાય એમાં તો મુખ્ય તો ભવ્ય સ્વભાવ તથા તેથી કરવામાં આવતું ધ્યાન જ કામ કરે છે તો પછી એમાં હે પ્રભુ ! આમાં આપનો ઉપકાર ક્યાંથી થયો ? પણ હે પ્રભુ ? આપ અભવ્યને સિદ્ધ કરો તો આપે ઉપકાર કર્યો કહેવાય. હે પ્રભુ ! આ ઠપકાથી આપ ખીજાશો નહીં.

**નાણ-રયણ પામી એકાન્તે, થઈ બેઠા મેવાસી;**
**તે માંહેલો એક અંશ જો આપો, તે વાતે શાબાસી.**
**હો પ્રભુજી !... ૪**

હે ભગવંત ! આપ એકાંતે કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષસ્થાનમાં એકાંતે મોટા થઇને બિરાજી ગયા આવી સ્થિતિ હોવા છતાં જો આપના કેવળજ્ઞાનમાંથી એકાદ અંશ જો મને આપો તો આપને શાબાસી ઘટે. આ ઠપકાથી હે પ્રભુ ! આપ ખીજાશો નહીં.

**અક્ષયપદ દેતા ભવિજનને, સંકીર્ણતા નવિ થાય;**
**શિવપદ દેવા જો સમરથ છો, તો જશ લેતા શું જાય.**
**હો પ્રભુજી !... ૫**

હે ભગવાન ! આપ સિદ્ધપદની પ્રાપ્તિ થઈ શકે એવું જ્ઞાન આપવાની શક્તિવાળા છો, તો પછી તેને આપીને આપને જશ લેતા શું વાંધો છે ? વળી આપના જેવું અક્ષયપદ ભવિજીવને આપો તો કાંઈ સિદ્ધશિલા ઉપર સંકડામણ થાય તેવું નથી. આ ઠપકાથી આપ ખીજાશો નહીં.

**સેવાગુણરંજ્યા ભવિજનને, જો તુમ કરો વડભાગી;**
**તો તમે સ્વામી કેમ કહાવો, નિર્મમ ને નીરાગી.**
**હો પ્રભુજી !... ૬**

જે ભવ્ય જીવ આપની સેવા વિશેષપણે કરી શકે તેને મોટો ભાગ્યશાળી બનાવો તો આપ સ્વામી મમતાવાળા થયા કહેવાઓ. જ્યારે આપ તો જગતમાં નિર્મમ અને નિરાગી કહેવાઓ છો. તેનો ભંગ થાય છે. આ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઠપકાથી આપ ખીજાશો નહીં.

**નાભિનંદન જગવંદન પ્યારો, જગગુરુ જગજયકારી;**
**રૂપ વિબુધનો મોહન પભણે, વૃષભલંછન બલિહારી.**
**હો પ્રભુજી !... ૭**

હે પ્રભુ ! આપ નાભિરાજાના પુત્ર છો, જગતના ગુરુ છો, જગત માટે વંદનીય છો, જગતના હિતકારી પણ છો. શ્રી રૂપવિજયજી પંડિતના શિષ્ય શ્રી મોહનવિજયજી કહે છે કે વૃષભ લંછન ધારણ કરનારા હે એવા ઋષભનાથ ભગવાન ! આપ પ્રભુની બલિહારી છે.

## ૨. અજિતનાથ સ્વામી

**અજિત અજિત જિન અંતરજામી, અરજ કરું છું પ્રભુ શિર નામી;**
**સાહિબા સસનેહી સુગુણજી, વાતલડી કહું કેહી - સાહિબા. ૧**

- હે અજીતનાથ જિનેશ્વર આપ બધાના અંતર-મનને જાણનારા છો. આપના ચરણમાં શિર નમાવીને હે પ્રભુ ! આપને એક અરજ કરું છું. આપ સાહેબ, સ્નેહી છો, આત્માના ગુણોના સ્વામી છો, તો આપને મારી વાત કહું છું. ૧.

**આપણ બાળપણાના સ્વદેશી, તો હવે કેમ થાઓ છો વિદેશી ? સા.**
**પુણ્ય અધિક તુમે હુવા જિણંદા, આદિ અનાદિ અમે તો બંદા. સા. ૨**

- હે ભગવાન આપણે અજ્ઞાન દશામાં-અનંત કાળ પહેલા આપણે બન્ને સરખા જ હતા, તો હવે આપ જાણે મારાથી અજાણ હો તેવા પરદેશી જેવો વર્તાવ કેમ કરો છો ? હે ભગવાન ! આપ પુણ્યાનુબંધી પુણ્ય ભેગું કરીને જિનેશ્વર બની ગયા. જ્યારે હું તો આદિ અનાદિ કાળથી જેવો હતો તેવો - અજ્ઞાની સેવક જ રહી ગયો છું. ૨.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**તાહરે આજ મણાઈ છે શાની ? તુંહી જ લીલાવંત, તું જ્ઞાની; સા.**
**તુજ વિણ અન્યને કો નથી ધ્યાતા, તો જો તું છે લોકવિખ્યાતા. સા. ૩**

- હે ભગવાન ! તારી પાસે આત્મ સંપત્તિરૂપ ભંડાર ભરપૂર ભરેલ છે, તારે કોઈ જાતની ખામી નથી. તું સઘળી લીલાને જાણી દેખી રહ્યો છે. તું પોતે સંપૂર્ણ જ્ઞાની છે, તેથી તું લોકમાં વિખ્યાત, પ્રખ્યાત છે તેથી અમે તારા વગર અન્ય બીજા કોઈ દેવને ધ્યાતા નથી, અંતરમાં સ્થાન આપતા નથી. ૩.

**એકને આદર એકને અનાદર, એમ કેમ ઘટે તુજને કરુણાકર; સા.**
**દક્ષિણ વામ નયન બિંદુ સરખી, કુણ ઓછું કોણ અધિકું પરખી. સા. ૪**

- હે ભગવાન તું એકને આદર આપે છે એટલે કે તારા જેવો બનાવી દે છે અને બીજાનો મારા જેવાનો અનાદર કરે છે એમ કેમ કરે છે ? આપ તો કરુણાના સ્વામી છો. જેમ ડાબી અને જમણી આંખ બન્ને સરખી ગણાય છે તેમાં કોણ વધારે અને કોણ ઓછું જણાય ? ન જ જણાય તેવી રીતે આપ એકને આપના જેવો બનાવો અને મને આપ સ્વીકારો નહીં એમ આપને માટે યોગ્ય નથી. ૪

**સ્વામિતા મુજથી ન રાખો સ્વામી, શી સેવકમાં જુઓ છો ખામી ?**
**જે ન લહે સન્માન સ્વામીનો, તો તેને કહે સહુકો કમીનો સા. ૫**

- હે ભગવાન ! આપ મારા પ્રત્યે ભાવ ન રાખો. મારામાં આપને કઈ ખામી દેખાય છે કે મને સ્વીકારતા નથી. હે ભગવાન આપની પાસેથી સન્માન ન પામું તો જગતના લોકો મને હલકો દુર્ભાગી કહે છે. માટે મને સ્વીકારો. ૫.

**રૂપાતીત જો મુજથી થાશો, ધ્યાશું રૂપ કરી જ્યાં જાશો; સા.**
**જડ પરમાણું અરૂપી કહાયે, ગહત સંયોગે શું રૂપી ન થાયે. સા. ૬**

- હે ભગવાન ! આપ મારાથી રૂપાતીત થશો, સિદ્ધ બની અરૂપી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થઈ જાશો તો પણ અમે તો આપનું રૂપ બનાવીને તમને ધ્યાવીશું આપનું ધ્યાન કરીશું. જડ પરમાણુ પણ અરૂપી કહેવાય છે તે પણ સંયોગી થવાથી (સ્કંધ રૂપ પરિણમી) રૂપી થાય છે તેમ આપનું રૂપ બનાવીને ધ્યાન કરશું તો આપને આવવું જ પડશે. ૬.

**ધન તો ઓળગે કિમપિ ન દેવે, જો દિનમણિ કનકાચલ સેવે; સા.**
**એવું જાણી તુજને સેવું, તાહરે હાથ છે ફળનું દેવું. સા. ૮**

- જો દિન મણિ-કનકાચળની સેવના કરે તો તેને તે પ્રાપ્ત થાય છે. તો હે ભગવાન આપને નમસ્કાર કરવાથી આપ આપની આત્મલક્ષી મને આપશો જ એમ ધારીને આપની સેવા ને ભક્તિ કરું છું. તેથી હવે ફળ દેવાનું તારા હાથમાં છે. ૭.

**તુજ પદપંકજ મુજ મનવળગ્યું, જાયેકિહાં છાંડીને અળગું? સા.**
**મધુકર મયગલ યદ્યપિ રાચે, પણ સૂને મુખે લાલ નવિ માચે. સા. ૮**

- જેમ ભમરો કમળમાં બિરાજમાન થાય અને રસનું પાન કરે તો તાજો થાય. તેવી જ રીતે મારું મન તારા ચરણકમળમાં વળગ્યું છે તેથી તે હવે છોડીને અળગું થાય તેમ નથી. ૮.

**તારક બિરુદ કહાવો છો મોટા, તો મુજથી કિમ થાશો ખોટા; સ.**
**રૂપવિબુધનો મોહન ભાખે, અનુભવ આનંદશું ચાખે. સ. ૯**

- હે.ભગવાન ! આપ જગતના તારનાર મોટા કહેવાઓ છો તો મને નહીં તારીને આપ ખોટા કેવી રીતે થાશો. માટે મને તારો રૂપવિજયજી મ.સા.ના શિષ્ય મોહનવિજયશ્રી મહારાજ સાહેબ કહે છે કે હું પણ અનુભવનો આનંદ ચાખીશ મેળવીશ. ૯.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૩. શ્રી સંભવજીન સ્તવન

**સમકિત દાતા સમકિત આપો, મન માગે થઈ મીઠું;**
**છતી વસ્તુ દેતાં શું શોચો, મીઠું જે સહુએ દીઠું;**
**પ્યારા પ્રાણ થકી છો રાજ, સંભવ જીનજી મુજને. ૧.**

શુદ્ધ દેવ-ગુરુ-ધર્મરૂપ તેમજ મોક્ષરૂપી વૃક્ષના બીજરૂપ અને સંસાર પરિભ્રમણને અટકાવનાર તથા આત્માનું સાચું સ્વરૂપ જણાવનાર એવા સમકિતને મને આપો. આ મોક્ષના સાધનભૂત અને સર્વ ગુણની ખાણ સમાન એવું સમકિત આપની પાસે છે, તો પછી આપવામાં શા માટે વિચાર કરો છો ? આ સમકિતને મારું મન અનુકૂળ થઇને માગે છે. કારણ કે દુનિયામાં જે મીઠું મનગમતું હોય તેના પર દરેકની દૃષ્ટિ જાય છે. તે કારણથી આપની પાસે સમકિતની માંગણી કરું છું. હે સંભવનાથ ભગવાન ! આપ મને પ્રાણથી પણ અધિક વહાલા છો.

**એમ મત જાણો જે આપે લહીએ, તે લાધ્યું શું લેવું;**
**પણ પરમારથ પ્રીછી આપે, તેહી જ કહીએ દેવું. .. પ્યારા. ૨.**

હે ભગવાન ! આપ એમ સમજતા હો કે અમે આપીએ તે જ તમોને મળે તો તેમાં તમે શું આપ્યું અને અમે શું મેળવ્યું ? પણ પરમાર્થ જાણીને જો તમે મને આપો તો જ તે આપે આપેલું કહેવાય. દાતારે આપેલું કહેવાય.

**અર્થી હું, તું અર્થ સમર્પક, ઇમ મત કરશો હાંસું;**
**પ્રગટ હતું તુજને પણ પહેલા, એ હાંસાનું પાસું. .. પ્યારા. ૩.**

હું સમકિતનો માંગનારો અને તમે તેને આપનારા છો એમ ગણીને મારી હાંસી-મશ્કરી કરતા નહીં. કારણ હાંસીનું થતું ખાસું આપને જ લાગુ પડશે. એટલે કે હું જે વસ્તુની આપની પાસે માંગણી કરું છું તેવી માંગણી આપે પણ સમકિત પામ્યા પહેલા, પ્રભુતાઈ મેળવ્યા પહેલા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરી હતી માટે મને સમજીને આપ સમકિતની પ્રાપ્તિ કરાવો.

**પરમ પુરુષ તુમે પ્રથમ ભજીને, પામ્યા ઈમ પ્રભુતાઈ;**
**તેણે રૂપે તુમને અમે ભજીએ, તેણે તુમ હાથ વડાઈ. .. પ્યારા. ૪.**

હે ભગવાન ! આપ મારા પહેલાં, આપની સંસારી અવસ્થામાં, મારી માફક પરમપુરુષની સેવા ભક્તિ કરીને પ્રભુતાપણું પામ્યા છો. પ્રભુને દાતાર બનાવી આપે પ્રભુતાઈ મેળવી છે, એવા જ પ્રકારથી અમે તમને હવે ભજીએ છીએ અને આવી રીતે આપની સેવા ભક્તિ કરવાથી અમને ઇચ્છિત વસ્તુ-મોક્ષસુખ મળે તેમાં આપના હાથની વડાઈ કહેવાય. તેમાં જ આપનું માહાત્મ્ય છે.

**તમે સ્વામી હું સેવાકામી, મુજરે સ્વામી નિવાજે;**
**નહિ તો હઠ માંડી માંગતાં, કિણવિધ સેવક લાજે. .. પ્યારા. ૫.**

હે પ્રભુ ! આપ મારા સ્વામી-ભગવાન છો. અને હું આપનો સેવક છું. આપના જેવા સાચી શાંતિના દાતા સ્વામી મળ્યા અને મારા જેવો સેવક આપને મળ્યો તો મારો મુજરો સ્વીકારી લઈ મારું કાર્ય સિદ્ધ થાય એમ કરો. જો મારો આ મુજરો નહીં સ્વીકારો તો પણ હઠ કરીને આપની પાસે ઇચ્છિત વસ્તુ માંગતા અને માંગીને મેળવવામાં સેવકની લાજ જવાની નથી.

**જ્યોતે જ્યોતિ મીલે મન પ્રીછે, કુણ લહેશે કુણ ભજશે;**
**સાચી ભક્તિ તે હંસતણી પરે, ખીર-નીર નય કરશે. .. પ્યારા. ૬**

જ્યારે જ્યોતિ સાથે જ્યોતિ મળી જાય એટલે આપની જેમ હું પણ મોક્ષમાં આવી જાઉં પછી તમે મારા સ્વામી અને હું આપનો સેવક એવી વહેંચણ થઈ શકશે નહીં માટે મારી સેવક વૃત્તિ સ્વીકારી આપનું સ્વામીપણું મારા પ્રત્યે પ્રસિદ્ધ કરો. મારી આપના તરફની ભક્તિ જે સાચી છે તે હંસ પક્ષીની પેઠે મારા આત્મભાવને પ્રાપ્ત કરીને મોક્ષને મેળવી લેશે. જેમ હંસ દૂધ અને પાણી પોતાની ચાંચ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વડે જુદા પાડી દે છે તેમ હું પણ સંસારને મારાથી છૂટો પાડી મોક્ષને મેળવી લઇશ માટે મારી વિનંતી સ્વીકારી મને આપના જેવો બનાવો.

**ઓલગ કીધી તે લેખે આવી, ચરણભેટ પ્રભુ દીધી;**
**રૂપ વિબુધનો મોહન પભણે, રસના પાવન કીધી. .. પ્યારા. ૭.**

શ્રી મોહનવિજયજી કહે છે કે મારા વડે કરવામાં આવેલી વિનંતી ભગવાને સ્વીકારી અને તેથી તેઓએ આત્મસ્વરૂપ રમણતારૂપ ચારિત્રની ભેટ મને આપી એટલે કે મને આત્મઅનુભવ-રમણતા પ્રાપ્ત થઈ અને તેથી કરીને આ જીભ વડે કરવામાં આવેલી વિનંતી સ્વીકારાઈ તેથી રસના પણ પાવન થઈ ગઈ. મારી ઇચ્છિત વસ્તુ મારી વિનંતી દ્વારા પ્રાપ્ત થઈ.

## ૪. શ્રી અભિનંદન સ્તવન

**અકળ કળા અવિરૂદ્ધ, ધ્યાન ધરે પ્રતિબુદ્ધ,**
**આછેલાલ અભિનંદન જિનચંદનાજી;**
**રોમાંચિત થઈ દેહ, પ્રગટ્યો પૂરણ નેહ,**
**આછેલાલ ચંદ્ર જ્યું વન અરવિંદનાજી... ૧**

શ્રી અભિનંદન જિનેશ્વરની જ્ઞાનરૂપી કળા કળી ન શકાય તેવી છે અને સંપૂર્ણપણે વિરોધાભાસ વગરની છે અને તેનું ધ્યાન બોધની પ્રાપ્તિ થયેલા જીવો કરે છે અને આમ કરવાથી દેહની રોમરાજીને વિકસીત કરે છે તેથી પ્રભુ પ્રત્યે ભક્તિરૂપ પૂર્ણ સ્નેહ પ્રગટ કરે છે. જેમ ચંદ્રને જોઈ કમળનું વન ખીલી ઊઠે છે તેમ શ્રી અભિનંદન સ્વામી ચંદ્ર છે અને ભક્તજનો ચન્દ્ર વિકાસી કમળ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**એક ખીણ મન રંગ, પરમપુરુષને સંગ,**
**આછેલાલ પ્રાપ્તિ હોવે સો પામીએજી;**
**સુગુણ-સલૂણી ગોઠ, જિમ સાકર ભરી પોઠ,**
**આછેલાલ વિણ દામે વિવસાઇએજી. ... ૨.**

પરમપુરુષનો સંગ એક ક્ષણ માત્ર થાય તો પણ વસ્તુ-આત્મદ્રવ્ય મળી શકે. પ્રભુ સાથેની મૈત્રી ગુણથી ભરેલી અને મીઠાશમાં સાકરના ગોઠ (સાકરની ગુણોવાળુ બાળધુ) જેવી છે. દુનિયામાં ગણાતો સાકરનો વ્યાપાર પૈસા વગર થાય નહીં, પરંતુ પ્રભુના સંગરૂપ લોકોત્તર સાકરનો સ્વાદ તથા વ્યાપાર પૈસા વિના થાય એ વાત વાસ્તવિક છે, યથાર્થ છે.

**સ્વામી ગુણમણિ તુજ, નિવસો મનડે મુજ,**
**આછેલાલ પણ કંઈએ ખટકે નહીંજી;**
**જિમ રજ નયણે વિલગ્ગ, નીર ઝરે નિરવગ્ગ,**
**આછેલાલ પણ પ્રતિબિંબ રહે સંસહીજી. ... ૩**

જેમ આંખમાં પડેલી ઝીણી રજ આંખમાંથી ઘણું પાણી ઝરાવીને આંખની કીકીને દુઃખ પહોંચાડે છે, પણ આંખમાં મોટી વસ્તુનું પ્રતિબિંબ પડે તો પણ તેમાં સમાઈ જાય છે અને જરાપણ દુઃખ ઉત્પન્ન કરતું નથી તેવી જ રીતે હે ગુણમણિ સ્વામી ! તમે મારા મનમાં વસો. આપના વસવાથી મને મનમાં ખટકશે નહીં કારણ આપ મારા મનમાં પ્રતિબિંબરૂપ છો. તેથી સંશય નહીં થાય.

**મેં જાચ્યા કંઈ લક્ષ, તારક ભોલે પ્રત્યક્ષ,**
**આછેલાલ પણ કો સાચ નાવ્યો વગેજી;**
**મુજ બહુમૈત્રી દેખ, પ્રભુ કાં મૂકો ઉવેખ,**
**આછેલાલ આતુર જન બહુ ઓલગેજી. .. ૪**

હે ભગવાન ! મેં ભોળાભાવથી શુદ્ધ કે અશુદ્ધ દેવની પરીક્ષા કર્યા વગર ઘણા લૌકિક દેવોની પાસે લાખોવાર યાચના કરી પણ સત્ય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વસ્તુ મારા હાથમાં આવી નથી. હે પ્રભુ મને ઘણા દેવોની સોબતવાળો દેખીને મને છોડી દેતા નહીં કારણ કે રોગથી પીડાયેલા મનુષ્યો જે મળે તેવા વૈદ્યો પાસે દવાઓ કરાવે છે તેમ મેં કર્યું હતું. હવે મને સાચાની જાણ થઈ છે તેથી હું આપનો સંગ મૂકીશ નહીં આપ પણ મને છોડી દેતા નહીં. આપની ઇચ્છાવાળો માણસ.પોતાની ઇચ્છા પુરી કરવા આપને ઠપકો આપે છતાં જેમ ઘણા બધા પાસે માગણી કરે તેમ મં પણ કર્યું હતું પણ હવે સાચાની ઓળખાણ થવાથી આપનો સંગ નહીં જ છોડું.

**જગ જોતાં જગનાથ, જિમતિમ આવ્યા છો હાથ,**
**આછેલાલ પણ હવે રખે કુમયા કરોજી;**
**બીજા સ્વારથી દેવ, તું પરમારથ હેવ,**
**આછેલાલ પામ્યો હવે હું પટંતરોજી. .. ૫**

આ અનાદિ અનંત સંસારમાં પરિભ્રમણ કરતાં મિથ્યાત્વનું સેવન કરતાં ઘણા એવા કુદેવોની ભક્તિ કરી પણ સાચા દેવ હાથમાં આવ્યા ન હતા. હે જગતનાથ ! આજ જેમ તેમ કરીને આપ મારા હાથમાં આવી ગયા છો. મારા પર હવે અપકૃપા કરતા નહીં. હું આપને યથાર્થ રીતે ઓળખી ગયો છું તો આપ મારા પર અવકૃપા ન કરતા. હવે મને ખબર પડી કે બીજા બધા દેવો સ્વાર્થી છે જ્યારે આપ પરમાર્થી દેવ છો. લોકોત્તર દેવ છો. મોક્ષ સુખના આપનાર એવા દેવ છો. આપ દોષરહિત ગુણના ભંડાર છો. હવે ભગવાન મેં બરાબર તમને ઓળખ્યા છે. કારણ કે મારા અને આપના વચ્ચે પટતં હતું તે નીકળી ગયું છે.

**તે તાર્યા કંઈ ક્રોડ, તો મુજથી શી હોડ,**
**આછેલાલ મેં એવડો શો અલેહણોજી ?**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**મુજ અરદાસ અનંત ભવની છે ભગવંત;**

**આછેલાલ જાણને શું કહેવું ઘણુંજી. .. ૬**

હે પ્રભુ ! આપે ક્રોડો જીવોને તાર્યા છે તો પછી મારા જેવા એકને તારવા માટે પ્રયાસ ન કરો તો કોઈ રીતે ઠીક નહીં. મને સમજાતું નથી કે મારે આપની સાથે શું અલેણું છે ? આપ જાણો છો કે મારી આ માંગણી અનંત ભવની છે. આપ મારી માંગણીના જાણ હોવાથી આપને વાંરવાર કહેવું પડે તે ઠીક નથી લાગતું. ઘણું કહેવાથી શું થાય ?

**સેવા-ફળ દ્યો આજ, ભોળવો કાં મહારાજ,**

**આછેલાલ ભૂખ ન ભાંગે ભામણેજી;**

**રૂપવિબુધ સુપસાય, મોહન એ જિનરાય,**

**આછેલાલ ભૂખ્યો ઉમાહે ઘણોજી. .. ૭.**

હે પ્રભુ ! જેમ કોઈ માણસ ભૂખ્યો હોય તેને ખાવાનું આપવામાં ન આવે અને મોટાં મોટાં વચનોથી જ તેને રીઝવવાનો પ્રયત્ન કરવામાં આવે તો તેથી કાંઈ તેની ભૂખ મટાડવા રૂપ કાર્ય સિદ્ધ ન થાય. ભૂખ્યાને જેમ અન્ન આપી સંતોષ પમાડાય તેમ હું પણ મુક્તિના સુખરૂપ ભોજનનો ઇચ્છક છું. આપ આ મુક્તિના સુખરૂપ ભોજનથી મને તૃપ્ત કરો. મારી સેવાનું ફળ મને આપો. મને આડી અવળી વાતો કરીને ભોળવવાનો પ્રયત્ન ન કરશો. વચનો દ્વારા કાંઈ ભૂખ ભાંગતી નથી. તમે મારી સેવાનું ફળ કૃપા કરીને યથાર્થરૂપે આપો તો જ મારું કાર્ય સિદ્ધ થાય એમ શ્રી મોહનવિજયજી કહે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૫. શ્રી સુમતિનાથ સ્તવન

**પ્રભુજીશું બાંધી પ્રીતડી, એ તો જીવન જગદાધાર સનેહી;**
**સાચો તે સાહિબ સાંભરે, ખીણ માંહે કોટિક વાર સનેહી;**
**વારી હું સુમતિ જિણંદને... ૧**

મેં શ્રી સુમતિનાથ જિનેશ્વર સાથે પ્રીતિ બાંધી છે, તે પ્રભુ મારા જીવનરૂપ છે એટલે કે જ્ઞાન- દર્શન-ચારિત્રરૂપ ભાવ પ્રાણ આપીને અમને સાચા માર્ગે ચડાવી શકે તેવા છે. વળી પ્રભુ ! ત્રણે જગતના આધારરૂપ છે. આવા સાચા એટલે કે રાગદ્વેષથી રહિત વીતરાગ ભગવંત મને ક્ષણવારમાં કોટિ કોટિવાર યાદ આવે છે. એવા શ્રી સુમતિનાથ ભગવાન ઉપર ધર્મસ્નેહ બાંધી વારી જાઉં.

**પ્રભુ થોડા બોલો ને નિપુણ ઘણો, એ તો કાજ અનંત કરનાર સનેહી;**
**ઓલગ જેહની જેવડી, ફળ તેહવો તસ દેનાર સનેહી... વારી. ૨.**

પ્રભુ ઓછું બોલનારા છે પણ નિપુણતા-જ્ઞાનરૂપી ઘણી છે તેથી અનંતા કામ કરનાર એવા છે. એમની ઓળગ એટલે કે સેવાભક્તિ અથવા વિનંતી જે જેટલા પ્રમાણમાં કરે તેનું તેટલા પ્રમાણમાં ફળ આપનાર થાય છે. એવા શ્રી સુમતિનાથને હું વારંવાર યાદ કરું છું. જેટલા પ્રમાણમાં સેવા હોય તેટલું જ ફળ આપનારા પ્રભુ છે એમ કહેવાનું કારણ એ છે કે પ્રભુ તો કોઈ સેવા કરે કે ન કરે તો પણ ભાવદયાના નિયમથી દરેકને સંપૂર્ણ ફળ આપનારા છે. તો પણ સર્વ જીવો સંપૂર્ણ ફળ પામે એવો વહેવાર જગતમાં અશક્ય જેવો દેખાય છે તેથી આમ કહેવામાં આવ્યું છે. જીવની જેટલી યોગ્યતા તેટલા પ્રમાણમાં તેને લાભ થઈ શકે તેમ કહેવું છે.

**પ્રભુ અતિ ધીરો લાજે ભર્યો, જિમ સિંચ્યો સુકૃતમાળ સનેહી;**
**એકણ કરુણાની લહેરમાં, સુનિવાજે કરે નિહાલ, સ૦ ... વારી. ૩.**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રભુ ઘણા ધીરજ ગુણવાળા છે, કારણ અનુકૂળ કે પ્રતિકૂળ ઉપસર્ગ સહન કરવામાં મેરૂ પર્વત જેવા ધીર છે. પ્રભુ દાક્ષિણ્યતા નામના ગુણથી ભરેલા છે. જેમ કલ્પવૃક્ષને સિંચન કરવાથી ઇચ્છિત ફળ આપે છે તેવી જ રીતે પ્રભુ એકજ કરુણાભરી દૃષ્ટિથી ભક્તને ઇચ્છિત વસ્તુ આપી ન્યોછાવર કરી દે છે.

**પ્રભુ ભવસ્થિતિ પાકે ભક્તને, કોઈ કહે કીન રે પસાય સનેહી;**
**ઋતુ વિના કહો કેમ તરુવરે, ફલ પાકીને સુંદર થાય ? સ૦ ... વારી. ૪**

ભવસ્થિતિ પરિપાક થાય ત્યારે જીવને મોક્ષ મળે તે વખતે પ્રભુનો પસાય ન કહેવાય. કારણ કે ભવ્ય જીવે પોતાની ભવસ્થિતિ પરિપકવ કરી કાર્ય સાધ્યું છે. જેમ ઝાડ ઉપર અનેક ફળ ઋતુ અનુસાર પાકે છે તેમાં વૃક્ષ જ કારણભૂત છે એમ ન માનવું. અહીંયા ઋતુ જ ફળને પરિપાક દશા આપે છે. માટે હે પ્રભુ ! અમારા ઉપર કૃપાદૃષ્ટિ કરી ઇચ્છિત ફળ આપો. જો અમે યુક્તિ વડે ઇચ્છિત ફળ મેળવીશું તો તેમાં આપે મદદ કરી અથવા ટેકો આપ્યો એમ કોઈ રીતે નહીં કહેવાય માટે મારા ઉપર મહેરબાની કરો.

**અતિ ભુખ્યો પણ શું કરે, કાંઈ બીહુ હાથે ન જમાય સનેહી;**
**દાસતણી ઉતાવળે, પ્રભુ કીણ વિધ રીઝ્યો જાય ? સ૦ ... વારી. ૫**

કોઈ ભુખ્યા માણસને જમવાનું આપવામાં આવે તો એક જ હાથે જમી શકાય. ઉતાવળે ભૂખ પુરી કરવા કાંઈ બે હાથે જમાય નહીં. ભૂખને શમાવવા માટે પણ ધીરજથી વ્યવસ્થિત ખાવું જોઇએ. તેવી જ રીતે સમકિત, સમ્યક્ જ્ઞાન-દર્શન-ચારિત્રના ઇચ્છક છીએ માટે ધીરજ રાખી પ્રભુની ભક્તિ યથાર્થપણે કરવી પડે એવી વિચારણા જ્યાં સુધી યથાર્થ વસ્તુની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી રાખવી જોઇએ. સેવકની ઉતાવળે કાંઈ ભગવાન કેવી રીતે પ્રાપ્ત થઈ જાય ? ક્રમસર માર્ગની આરાધના કર્યે જ વસ્તુ પ્રાપ્ત થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**પ્રભુ લખિત હોય તો લાભીએ, મન માન્યા તો મહારાજ સનેહી;**
**ફળ તો સેવાથી સંપજે, વિણ ખણેય ન ભાંજે ખાજ. સ૦ ... વારી. ૬**

પ્રભુ દ્વારા કાંઈ લખી આપવામાં નથી આવ્યું કે તમને મોક્ષસુખ મળશે જ. જો તેમ લખાણ હોત તો તો ભાવિફળમાં શંકા રહેત નહીં. તેથી મારા જાણવામાં એટલું આવ્યું છે કે સેવા કરવાથી મોક્ષ સુખ મળે એ નિર્વિવાદ વાત છે. જેમ ખણ આવતી હોય તો તેને ખણવાથી ખણ મટી જાય છે તેમ સેવા કરવાથી પ્રભુ પાસેથી ઇચ્છિત ફળની કાર્ય સિદ્ધિ થાય છે.

**પ્રભુ વિસાર્યા નવિ વિસરો, સામો અધિક હોવે છે નેહ સનેહી;**
**મોહન કહે કવિ રૂપનો, મુજ વહાલો છે જિનવર એહ, સ. ... વારી. ૭**

જ્યાં સાચો અને પ્રશસ્ત પ્રેમ હોય ત્યાં એવા પ્રેમને અથવા તો પ્રેમીજનને વિસારવા પ્રયત્ન કરીએ તેમ તેમ વિસરાવાને બદલે સ્મરણમાં વધારે આવે છે. મોહનવિજયજી કહે છે કે તેવી જ રીતે મને પણ આ જિનેશ્વર સુમતિનાથ ભગવાન વહાલા છે કે જેમની પાસેથી ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થઈ શકે. તેથી તેમને ભૂલવા માગું તો પણ ભૂલાતા નથી.

## ૬. શ્રી પદ્મપ્રભ સ્તવન

**પરમ રસ ભીનો મારો, નિપુણ નગીનો મહારો, સાહિબો;**
**પ્રભુ મોરા પદ્મપ્રભુ પ્રાણાધાર હો, જ્યોતિરમા આલિંગીને,**
**પ્રભુ મોરા અછક છક્યો દિનરાત હો, ઓલગ પણ નવિ સાંભળે,**
**પ્રભુ મોરા તો શી દરિશણ વાત હો... પ. નિ. ૧**

શ્રી પદ્મપ્રભુ પરમ શાંત રસથી ભરપૂર એટલે અધ્યાત્મ રસથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભરપૂર છે. વળી તેઓ નિપૂણ છે, વળી નગીના છે, મારા સાહીબ છે. મારા પ્રાણના આધારભૂત છો. પોતે અછક એટલે કોઈથી છળાય નહીં તેવા છતાં, મુક્તિ સ્ત્રીનું આલિંગન કરીને છકી ગયા હોય તેમ રાત્રિ-દિવસ મને ભાસે છે. તેથી તેઓ મારી ફરિયાદ પણ સાંભળતા નથી અને તેથી દર્શન આપવાની તો વાત જ ક્યાં રહી ?

**નિરભય પદ પામ્યા પછે, પ્રભુ જાણીએ નવિ હોવે તેહ હો;**
**તે નેહ જાણે આગળે, પ્રભુ અલગા તે નિઃસનેહ હો... પ. નિ. ૨**

નિર્ભયપદ મેળવ્યા પછી પ્રભુ કોઇની સાથે કોઇપણનો નેહ કે નાતો રાખતા નથી તે અમે જાણીએ છીએ. વળી આ સ્નેહને જે જાણે છે એટલે કે યથાર્થ માર્ગને સમજે તે આગળ વધે છે અને જે આવો યથાર્થ માર્ગ જાણતા નથી એવા જીવો પ્રભુથી અળગા અને સ્નેહ વગરના થઈ ફરે છે.

**પદ લેતાં તો લહ્યા વિભુ, પ્રભુ પણ નિજ નિજ દ્રવ્ય કહાય હો;**
**અમે સુદ્રવ્ય સુગુણ ઘણું, પ્રભુ સહિતો તિણે શરમાય હો... પ. નિ. ૩**

ધર્માસ્તિકાય વિગેરે જડ દ્રવ્યો અને જીવાસ્તિકાયરૂપ ચેતન દ્રવ્ય પોતપોતાના સ્થાનમાં પોતાના સ્વાભાવિક ગુણને લઇને સમર્થ છે. નિશ્ચયનયથી મારો અને પ્રભુનો આત્મા જ્ઞાનાદિગુણયુક્ત એકસરખા જ છે. પણ પ્રભુને એ સર્વ આત્મશક્તિ ખુલી ગઈ છે. જ્યારે મારામાં સત્તામાં-આવરણમાં પડી છે. છતાં આપની પાસે તે ખુલ્લી કરવાની રીત માંગતા શરમ લાગે છે. પણ તે નહીં માંગું ત્યાં સુધી શક્તિઓ ખુલવાની નથી તેથી ઇચ્છિત વસ્તુની હે ભગવાન આપની પાસે માંગણી કરું છું.

**તિહાં રહ્યા કરુણા નયનથી, પ્રભુ જોતાં શું ઓછું થાય હો ?**
**જિહાં તિહાં જિનલાવણ્યતા, પ્રભુ દેહલી દીપક ન્યાય હો... પ. નિ. ૪**

હે પ્રભુ મોક્ષ સ્થાનમાં રહીને મારા પર કરુણાદૃષ્ટિથી નજર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરવી જોઇએ. આવી નજર કરતાં આપનું કંઈ ઓછું થઈ જશે નહીં. જેમ ટોડલા ઉપર મુકેલો દીવો વિશાળ પ્રદેશમાં પ્રકાશ કરી શકે છે તેમ આપની કૃપાદૃષ્ટિ ત્યાં બેઠાં બેઠાં અમારા પર પ્રકાશ ફેંકી શકે છે અને અમારા જેવા સેવક ઉપર કરુણાદૃષ્ટિરૂપ અજવાળું આપી શકો છો. તેના માટે આપને આપનું સ્થાન છોડવાની જરૂર નથી.

**જો પ્રભુતા અમે પામતા, પ્રભુ કહેવું ન પડે તો એમ હો;**
**જો દેશો તો જાણું અમે, પ્રભુ દરિશણ દરિદ્રતા કેમ હો... ૫. નિ. ૫**

જગતની અંદર કારણ વિના કાર્ય ન થાય તેમજ સાધન વિના સાધ્ય ન થાય. તેથી અમે અમારી જાતે પ્રભુતા પામી ન શકીએ. પ્રભુતા પ્રાપ્ત કરવામાં આપનું દર્શન જોઇએ તો આપ અમને ઇચ્છિત વસ્તુ આપી કૃતાર્થ કરો. થોડા પ્રયાસે સેવકને સારો લાભ અપાય તો સેવકની દરિદ્રતા જાય.

**હાથે તો નાવી શક્યો, પ્રભુ ન કરો કોઇનો વિશ્વાસ હો;**
**પણ ભોળવીએ જો ભક્તિથી, પ્રભુ કહેજો તો શાબાશ હો... ૫. નિ. ૬**

હે પ્રભુ ! આપને પકડી તો ન શક્યો કેમકે તમે કોઈનો વિશ્વાસ કરતા નથી. દૂરને દૂર રહો છો. પણ હવે જો આપની ભક્તિ કરીને આપને ભોળવીને પકડી લઉં તો મને શાબાશી આપજો. એટલે કે આપ બીજી રીતે ન રીઝયા તો હવે ભક્તિથી ભોળવીને રીઝવી લઈશ.

**કમળ-લંછન કીધી મયા, પ્રભુ ગુનાહ કરી બગસીસ હો;**
**રૂપ વિબુધનો મોહન ભણી, પ્રભુ પુરજો સકલ જગીશ હો... ૫. નિ. ૭**

કમળના લાંછનવાળા પદ્મપ્રભુજીએ મારા ગુન્હા - મન, વચન, કાયાથી કરેલ આશાતનાઓ રૂપ ગુન્હા મારા પર કૃપા કરીને માફ કરી દીધા તો, હવે હે પ્રભુ ! મારી બધી ઇચ્છા પૂરેપૂરી સફળ કરજો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૭. શ્રી સુપાર્શ્વજિન સ્તવન

**વહાલા મેહ બપિયડા, અહિકુલ ને મૃગકુલને,**
**તિમ વળી નાદે વહ્યા હો રાજ;**
**મધુકરને નવમલ્લિકા, તિમ મુજને ઘણી વહાલી,**
**સાતમા જિનની સેવા હો રાજ... ૧**

જેમ બપૈયા નામના પક્ષીને મેઘ-વરસાદ વહાલો છે, સર્પને તથા મૃગના ટોળાંને નાદ વહાલો છે. ભમરાને નવમલ્લિકા નામની પુષ્પની જાતિ વહાલી છે, તેવી જ રીતે અમને સાતમા શ્રી સુપાર્શ્વનાથ ભગવાનની સેવા વહાલી-મનગમતી છે.

**અન્યઉથ્થિક સુર છે ઘણા, પણ મુજ મનડું તેહથી,**
**નાવે એકણ રાગે હો રાજ;**
**રાચ્યો હું રૂપાતીતથી, કારણ મનમાન્યાનું,**
**શું કાંઈ આપો હાથે હો રાજ... ૨**

અન્ય તીર્થોના-ધર્મના ઘણા દેવો છે પણ તેઓ સરાગી હોવાથી મારા મનમાં તેમના પ્રત્યે રાગ ઉપજતો નથી. હું તો રૂપરહિત-વર્ણ, ગંધ, રસ, શબ્દ, સ્પર્શથી રહિત - એવા પ્રભુમાં રાચ્યો છું. મારું મન માન્યાનું કારણ એ છે કે આપ મને કાંઈ - આપે મેળવેલ સુખ આપો.

**મૂળની ભક્તે રીઝશે, નહિ તો અવરની રીતે**
**ક્યારે પણ નવિ-ખીજે હો રાજ;**
**ઓળગડી મોંઘી થશે, કંબલ હોવે ભારી,**
**જિંમ જિમ જલથી ભીંજે હો રાજ. ... ૩**

હે પ્રભુ ! આપ સીધી ભક્તિ વડે રીઝશો. જો આપ તેથી રીઝશો પણ નહીં અને સેવા પણ નહીં આપો તો ઘણા ઘણા શબ્દોરૂપ બીજી રીતિથી આપને રાજી કરીશ. પણ તમે આથી મારા પર ખિજાતા-કોપે ભરાતા નહીં. જો આપ કોપે ભરાશો તો અમારી કરેલી ભક્તિ મોંઘી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થશે. દા.ત. કાંબળી જેમ જેમ પાણીથી ભીંજાતી જાય તેમ ભારે થતી જાય છે. તેવી રીતે જો ભક્તિ મોંઘી થશે તો પછી આપની ભક્તિ કોણ કરશે. માટે આપે અમારા પર રાજી થવું પડશે.

**મનથી નિવાજસ નહિ કરે, તો કર ગ્રહીને લીજે,**
**આવશે તે લેખે હો રાજ;**
**મોટાને કહેવું કિશ્યું, પગદોડી અનુચરની,**
**અંતરજામી દેખે હો રાજ... સા. ૪**

આપ મનની સાચી જીગરથી કદાચ પાલના ન કરો તો પણ લોકલજ્જાએ મારો હાથ પકડી પાલના કરશો તો પણ મારે તો લેખે આવશે. આપ મોટા છો, આપ બધું જાણો છો તો પછી વધારે ઝાઝું શું કહેવું ? આ પગદોડી તો સેવકની થાય છે. આપ અંતરજામી છો તેથી વાત બધી જાણો છો.

**એહથી શું અધિકોય છે, આવી મનડે વસીઓ,**
**સાચો સુગુણ સ્નેહી હો રાજ;**
**જે વશ હોશે આપને, તેહને માગ્યું દેતાં,**
**અજર રહે કહો કેહી હો રાજ... સા. ૫**

અમારા જેવા ભક્તોએ તન, મનથી આપના મનમાં વાસ કર્યો છે. હે સાચા ગુણ સહિત અને ધર્મ સ્નેહી પ્રભુ ! આવી રીતે વશમાં આવેલા ભક્તને માંગેલી વસ્તુ આપશો તો સેવક નિર્ધન નહીં રહે અને અખૂટ અને અવિનાશી એવા જ્ઞાન-દર્શનરૂપી ધનનો માલિક થઈ ધનવાન કહેવાશે.

**અતિ પરચો વિરચે નહીં, નિત નિત નવલો નવલો,**
**પ્રભુજી મુજથી ભાસે હો રાજ;**
**એ પ્રભુતા એ નિપૂણતા પરમપુરુષ જે જેહવી,**
**કિહોથી કોઈ પાસે હો રાજ... સા. ૬**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે પ્રભુ ! આપનો પરિચય જેમ જેમ વધતો જશે તેમ તેમ દરરોજ નવો નવો થતો જશે. કારણ કે મારા પ્રભુમાં જે પ્રભુતા, નિપુણતા, પૂર્ણતા, પરમાત્મતા તે બીજા કોઇની પાસે ક્યાંથી હોઈ શકે ? પરમપુરુષતા વીતરાગપણાને કારણે છે તે બીજામાં ક્યાંથી હોય ?

**ભીનો પરમ મહારસે, મહારો નાથ નગીનો,**
**તેહને તે કુણ નિંદે હો રાજ;**
**સમકિત દઢતા કારણે, રૂપવિબુધનો મોહન,**
**સ્વામી સુપાસને વંદે હો રાજ. ... સા. ૭**

મારા પ્રભુ તો નવમા રસ શાંતરસ-રસાધિરાજથી ભરેલા છે, ગમે તેવા છે. તેની નિંદા કોણ કરે ! શ્રી મોહનવિજયજી મ.સા., સાતમા શ્રી સુપાર્શ્વનાથ જિનવરને સમકિત મેળવવાના કારણથી વંદના કરે છે. આવા પ્રભુની સેવા અમને ઘણી વહાલી છે.

## ૮. શ્રી ચન્દ્રપ્રભ સ્તવન

**શ્રી શંકર ચંદ્રપ્રભુ રે લો, તું ધ્યાતા જગનો વિભુ રે લો;**
**તિણે હું ઓલગે આવીઓ રે લો, તુમે પણ મુજ મન ભાવીઓ રે લો. ૧**

શ્રી શંકર એટલે લક્ષ્મીયુક્ત સુખ કરનારા એવા હે ચંદ્રપ્રભુ ! જગતના વિભુ-પ્રભુ છો માટે તને જગતના લોકો ધ્યાવે છે તે કારણથી હું આપને ધ્યાવવારૂપ ઓળગ કરતો આવ્યો છું કારણ કે આપ પણ મારા મનને ભાવ્યા એટલે ધ્યાવવા યોગ્ય લાગ્યા છો.

**દીધી ચરણની ચાકરી રે લો, હું સેવું હરખે કરી રે લો,**
**સાહિબ સામું નિહાળજો રે લો, ભવસમુદ્રથી તારજો રે લો... ૨**

આપના ચરણકમળમાં રહેવાનો - સેવા કરવાનો મહાપુણ્યયોગે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

યોગ મળી આવ્યો છે તેથી આનંદ સાથે આપની સેવના કરું છું, તેથી આપ મારી સામું નિહાળીને કૃપાદૃષ્ટિ વધારો અને મને ભયંકર એવા સંસાર સમુદ્રથી ઉગારી લેજો.

**અગણિત ગુણ ગણવા તણી રે લો, મુજ મન હોંશ ધરે ઘણી રે લો;**
**જિમ નભને પામ્યા પખી રે લો, દાખે બાળક કરથી લખી રે લો... ૩**

આપના જ્ઞાન, દર્શન આદિ અનંત ગુણો ગણવાની હોંશ મારા મનમાં ઘણી છે, જેમ પક્ષી આકાશનું માપ લેવા પ્રયત્ન કરે અને નાનું બાળક હાથની ચેષ્ટાથી આકાશનું માપ બતાવે, પણ તે સાચું બતાવી શકે નહીં તેમજ આપના ગુણો આકાશ જેવા અનંત હોવાથી ગણી શકાય નહીં.

**જો જિન તું છે પાંશરો રે લો, કરમ તણો શો આશરો રે લો;**
**જો તુમે રાખશો ગોદમાં રે લો, તો કિમ જાંશું નિગોદમાં રે લો... ૪**

હે જિનેશ્વર ચંદ્રપ્રભુ ! જો આપ મને સમકિત ગુણ આપીને અનુકૂળ બનો તો પછી બીચારા જડ સ્વભાવવાલા કર્મો કયાં સુધી ટકી રહે ? એટલે કે નાશ પામી જાય. હે પ્રભુ ! આપ મને આપની ગોદમાં રાખી લ્યો તો એટલે કે આત્માના ગુણો પ્રાપ્ત કરાવો તો પછી અમારે નિગોદમાં જવાનું જ ન રહે.

**જબ તારી કરુણા થઈ રે લો, કુમતિ કુગતિ દુરે ગઈ રે લો;**
**અધ્યાતમરવિ ઉગિયો રે લો, પાપ તિમિર કિહાં પૂગિયોરે લો... ૫**

આપની કરુણામય દૃષ્ટિ પ્રગટ થવાથી કુમતિ અને દુર્ગતિરૂપ સર્વની શ્રેણી ચાલી ગઈ અને અધ્યાત્મરૂપી સૂર્ય ઉગવાથી પાપરૂપી અંધકાર નાશ પામી ગયો. એટલે કે હે ચંદ્રપ્રભુ ! આપ સૂર્ય જેવા મારા હૃદયરૂપી આકાશમાં ઉગ્યા કે પાપરૂપી અંધકારે નાશવા માંડ્યું. અજ્ઞાન નાસી ગયું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**તુજ મૂરતિ માયા જિસી રે લો, ઉર્વશી થઈ ઉરે વસી રે લો;**
**રખે પ્રભુ ટાળે એક ઘડી રે લો, નજર વાદળની છાંયડી રે લો... ૬**

હે પ્રભુ ! આપની મૂરતિની માયા એવી છે જાણે ઉર્વશી થઇને અમારા હૃદયમાં વશી હોય એવું લાગે છે. હે પ્રભુ ! જેમ વાદળનો છાંયો જયાં સુધી વાદળ હોય ત્યાં સુધી નષ્ટ થતો નથી તે તો હે પ્રભુ ! વાદળની છાંયડીની જેમ મને પણ આપની નજરથી એક ઘડી પણ વિસરતા નહીં.

**તારી ભક્તિ ભલી બની રે લો, જિમ ઔષધિ સંજીવની રે લો;**
**તન મન આનંદ ઉપનો રે લો, કહે મોહન કવિ રૂપનો રે લો... ૭**

હે પ્રભુ ! આપની ભક્તિ સંજીવની નામની ઔષધિ જેવી છે. તેથી મને મનમાં ઘણો આનંદ ઉપજ્યો છે. આવી રીતે શ્રી મોહનવિજયજી મ.સા. કહે છે મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરવા માટેની સંજીવની ઔષધિ પ્રાપ્ત થવાથી આનંદ આનંદ ઉપજ્યો છે.

## ૯. શ્રી સુવિધિનાથ સ્તવન

**અરજ સુણો એક સુવિધિ જિણેસર,**
**પરમ કૃપાનિધિ તુમે પરમેસર;**
**સાહિબા સુજ્ઞાની જોવો તો, વાત છે માન્યાની;**
**કહેવાઓ પંચમ ચરણના ધારી**
**કિમ આદરી અશ્વની અસવારી ? ... સા. ૧**

હે સુવિધિ જિનેશ્વર ! મારી વિનંતી સાંભળો. આપ પરમ દયાના ભંડાર છો એટલે કે સકળ જીવોને શાસનરસિક બનાવવામાં ધર્મરૂપ ભાવદયા પ્રવર્તાવી છે તેથી પરમ કૃપાનિધિ પરમેશ્વર એવું વિશેષણ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બરાબર ઘટે છે. હે સુજ્ઞાની સાહિબ, આપ દૃષ્ટિપાત કરો તો એક વાત માનવા જેવી છે કે આપ પાંચ ચારિત્રમાંથી છેલ્લા યથાખ્યાત ચારિત્રના ધારણ કરનારા છો તેથી તે જ ભવમાં મુક્તિ જવાના છો પછી આપે શુકલ ધ્યાનરૂપી અશ્વની સવારી કેમ સ્વીકારી છે. કેમ આદરો છો ? આ અનુભવગમ્ય હોવાથી યથાર્થ સ્વરૂપ દર્શક છે.

**છો ત્યાગી શિવવાસ વસો છો, દઢરથસુત રથે કિમ બેસો છો ? સા.**
**આંગી પ્રમુખ પરિગ્રહમાં પડશો, હરિહરાદિકને કિણવિધ નડશો ?... સા. ૨**

આપ ત્યાગી છો છતાં આપ શિવાવાસમાં જઇને વસ્યા છો. સુગ્રીવ રાજાના પુત્ર ત્યાગી થઇને આપ (શિલાંગ) રથમાં બેસો છો. વળી આપના ઉપર આંગી વિગેરે ચઢે છે તેથી તેનો પરિગ્રહ કરો છો તો પછી હરિહરાદિક દેવોનો વિરોધ કેવી રીતે કરશો ? વિરોધાભાસ દર્શાવી પ્રભુના ગુણોનું ગાન કરવાનો આશય છે. સંયમરૂપી રથમાં બેસે છે, કર્મ સંપૂર્ણપણે અપાવીને સિદ્ધગતિને પામ્યા છે, તેમજ પ્રભુની મૂર્તિ પર આંગી ચઢે છે તે ભક્તો ચઢાવે છે. તેઓને ઇચ્છા કાંઈ થતી નથી. તેથી વિરોધાભાસ ટકી શકે નહીં તેવો છે. કારણ પ્રભુ તો સંપૂર્ણ વીતરાગદશાને પામેલા છે તેથી સત્‌દેવ છે.

**ધુરથી સકલ સંસાર નિવાર્યો, કિમ ફરી દેવદ્રવ્યાદિક ધાર્યો ? સા.**
**તજી સંજમને થાશો ગૃહવાસી, કુણ આશાતના તજશે ચોરાશી ?... સા. ૩**

પ્રથમથી જ આપે સંસારનો ત્યાગ કર્યો છે છતાં હે પ્રભુજી આપની મૂર્તિ જિનમંદિરોમાં સ્થાપન કરવામાં આવી છે તેને સાચવવા માટે દ્રવ્ય-ધન જોઇએ અને તે ધનને દેવદ્રવ્ય કહેવામાં આવે છે તેથી દ્રવ્યને ધારણ કેમ કર્યું ? વળી આપ સમોવસરણમાં સિંહાસન પર બેસો છો અને ઇંદ્રાદિક દેવો વડે કરીને ચામરાદિ વીંઝાવવારૂપ ક્રિયાને થવા દયો છો આ બધું ગૃહવાસી થવા જેવું દેખાય છે પણ સાચી વાત તો એમ છે કે આપ તો તીર્થંકર નામ કર્મની નિર્જરારૂપ આ સામગ્રીનો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભોગવટો કરો છો તેથી આપ સંયમ તજીને વળી ગૃહવાસી થશો તો આપની ચોરાશી આશાતના ટાળવા માટે કોણ તૈયાર થશે ? પણ સાચી વાત તો એ છે કે આ ભોગવટો કરતા છતાં સંયમનો ભંગ થતો નથી તેથી સાધકે તો પ્રભુની ચોરાશી આશાતના તજીને પૂજા ભક્તિ કરવી જોઇએ એમ કહેવાનો આશય છે.

**સમકિત મિથ્યા મતમાં નિરંતર, ઇમ કિમ ભાંજશે પ્રભુજી અંતર ? સા.**
**લોક તો દેખશે તેહવું કહેશે, ઇમ જિનતા તુમ કિણવિધ રહેશે ? ... સા. ૪**

હે પ્રભુ ! ઉપર કહ્યું તે પ્રમાણે પરિગ્રહરૂપ દેવદ્રવ્ય ધારણ કરશો, સંયમ તજી ગૃહસ્થ જેવી સાહેબી ભોગવશો તો, આથી તો સત્‌દેવ અને અસત્‌દેવ, સમ્યક્ત્વ અને મિથ્યાત્વ બધાનું પૃથક્કરણ સત્ય અને અસત્યરૂપે કેવી રીતે થશે ? લોકોનો સ્વભઆવ એવો હોય છે કે તેઓને તો જે બાહ્યથી દેખાશે તે પ્રમાણે બોલશે તો પછી આપનું જીનપણું, રાગદ્વેષ રહિતપણું કેવી રીતે ટકશે ?

**પણ હવે શાસ્ત્રગતે મતિ પહોંચી, તેહથી મેં જોયું ઊંડુ આલોચી, સા.**
**ઇમ કીધે તુમ પ્રભુતાઈ ન ઘટે, સામું ઇમ અનુભવ ગુણ પ્રગટે. ... સા. ૫**

હે પ્રભુ ! હવે મને શાસ્ત્ર યથાર્થ સમજવા માટેની બુદ્ધિ પ્રગટી. તેથી મેં સુક્ષ્મ રીતે વિચાર કર્યો તો મને જણાયું કે આવી રીતે કહેવાથી પ્રભુની પ્રભુતાઈ ઘટતી નથી અને અનુભવ ગુણ સામો પ્રગટે છે. સ્યાદ્‌વાદથી સમજવામાં આવે તો લૌકિક દૃષ્ટિ દૂર થઈ લોકોત્તર દૃષ્ટિ પ્રાપ્ત થાય છે.

**હય-ગય યદ્યપિ તું આરોપાએ, તો પણ સિદ્ધપણું ન લોપાએ; સા.**
**જિમ મુગટાદિક ભૂષણ કહેવાએ, પણ કંચનની કંચનતા ન જાએ. ... સા. ૬**

હે પ્રભુ ! આપ શુકલધ્યાનરૂપી ઘોડા પર અને જ્ઞાનરૂપી હાથી ઉપર સવારી કરતા હોવા છતાં આપનામાં પ્રગટેલું શુદ્ધ આત્મસ્વરૂપી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સિદ્ધપણું લોપાતું નથી. દા.ત. સોનામાંથી ઘરેણા, આભુષણ બનાવવામાં આવે તો તેના નામ બદલાય પણ સોનાનું સોનાપણું છે તે જતું રહેતું નથી.

આપના સિદ્ધપણા માટે પણ એમ ઘટાવવું જોઇએ. આ વસ્તુ અનુભવ જ્ઞાન તેમજ સદ્‌ગુરુના આશ્રયથી જણાય છે.

**ભક્તની કરણી દોષ ન તુમને, અઘટિત કહેવું અયુક્ત તે અમને; સા.**
**લોપાએ નહિ તું કોઇથી સ્વામી, મોહનવિજય કહે શિર નામી... સા. ૭**

હે પ્રભુ ! આ તો ભક્તની કરણી છે, એમાં તમારો કાંઈ દોષ નથી તેથી આપને કાંઈપણ અઘટિત કહેવું, તે અમારા માટે અશોભનીય છે. શ્રી મોહનવિજયજી મ.સા. શિર નમાવીને કહે છે કે હે પ્રભુ, આપ કોઇથી પણ લેપાતા નથી. આપ તો સંપૂર્ણ શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન સ્થિતિમાં જ રહો છો.

## ૧૦. શ્રી શીતલનાથ સ્તવન

**શીતળ જિનવર સેવના, સાહેબજી !**
**શીતળ જિમ શશીબિંબ હો સસનેહી;**
**મૂરતિ મારે મન વસી, સા૦**
**સાપુરીસાશું ગાંઠડી સા. મોટો તે આલાલુંબ હો. સ૦ ૧**

શ્રી શીતલનાથ ભગવાનની સેવાભક્તિ કરવી એ ચંદ્રની શીતલ ચાંદની જેવી છે. જે ભાવ શીતળતા અર્પનારી હોવાથી મારા મનમાં વસી છે, સ્થિર થઈ છે. કારણ આપ જેવા મહાન પુરુષરૂપ ભગવાનની સાથે મિત્રાચારી કરવી તે મોટો આલાલુંબ એટલે આધારભુત છે. એટલે કે સંસારના આધિ, વ્યાધિ, ઉપાધિરૂપ તાપ છેદવા મોટો આધાર છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ખીણ એક મુજને ન વીસરે, સા. તુમ ગુણ પરમ અનંત હો; સ.**
**દેવ અવરનો શું કરું, સા. ભેટ થઈ ભગવંત હો. સ. ૨**

હે પ્રભુ ! આપ મારા મનમાંથી એક ક્ષણવાર પણ વિસરાતા નથી. આપના ગુણ અનંત અપાર છે. આપનો મેળાપ મને થઈ ગયો હોવાથી બીજા દેવોનું મારે હવે શું કામ છે ? કોઈ જ કામ નથી. આપ જેવા અનંત ગુણોનાં ધામ જેવા પ્રભુની ભેટ-દર્શન થવાથી હવે મારા મનમાં બીજા કોઇપણ દેવનું સ્થાન રહેતું નથી.

**તુમે છો મુગટ ત્રિહું લોકના સા. હું તુમ પગની ખેહ હો; સ.**
**તુમે છો સઘન ઋતુ મેહુલો, સા. હું પશ્ચિમ દિશિ ત્રેહ હો. સ. ૩**

હે ભગવાન ! આપ તો ત્રણે જગતના મુગટરૂપ છો. હું તો આપના પગની રજમાત્ર છું. હે પ્રભુ આપ તો સંપૂર્ણ પાણીથી ભરેલા મેઘનાં વાદળાં જેવા છો, જ્યારે હું તો પશ્ચિમ દિશામાં વરસતો એવો ત્રેહ (હીમ) જેવો છું.

**નીરાગી પ્રભુ રીઝવું, સા૦ તે ગુણ નહિ મુજમાંહી હો; સ.**
**ગુરુ ગુરુતા સાહમું જુએ, સા. ગુરુતા તે મૂકે નાહી હો. સ. ૪**

વીતરાગ પ્રભુને રીઝવવા માટે જે ગુણ જોઇએ તે ગુણ હે પ્રભુ મારામાં નથી એટલે કે પ્રભુ રાગદ્વેષથી રહિત છે જ્યારે હું તો રાગદ્વેષથી ભરેલો છું. તેથી લોકોત્તર રીતિ ભગવાનને પ્રસન્ન કરવાની મને આવડતી નથી, છતાં મારા પ્રભુ તો એવા છે કે તેઓ તેઓનું જ્ઞાનવૃધ્ધપણું મૂકી દે તેવા નથી. તેઓ જો જ્ઞાનવૃદ્ધતાથી મારા સામું જુએ તો મારું કાર્ય થઈ જાય. વળી ભગવાન પોતાની જ્ઞાનગુરુતાને છોડતા નથી.

**મોટા સેતી બરોબરી, સા. સેવક કિણવિધ થાય હો; સ.**
**આસંગો કિમ કીજીએ, સા. તિહાં રહ્યા આલુંભાય હો. સ. ૫**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મોટા પુરુષની મોટાઈ સાથે બરોબરી કરવી તે આ સેવકથી કઈ રીતે થાય ? કારણ કે જે ગુણો પ્રભુમાં છે તેવા ગુણો મારામાં પ્રગટાવું તો જ બરોબરી કરી ગણાય. વળી પ્રભુ સાથે મારે રાગ ભર્યો સંગ કરવો છે, પણ તેઓ તો મારાથી ઘણા દૂર જઇને બેઠા છે, છતાં પણ મારું મન તેઓ સંગ કરવા લોભાયું છે. કારણ કે જે જીવો મોક્ષે ગયા છે તેઓ વીતરાગદેવનો આસંગો એટલે પ્રેમભર્યા સંગથી ગયા છે.

**જગગુરુ કરુણા કીજીએ સા. ન લખ્યો આભાર વિચાર હો; સ.**
**મુજને રાજ નિવાજશો, સા. તો કુણ વારણહાર હો ? સ. ૬**

હે જગતના ગુરુ ! આપ ભાવદયાના સાગર છો તો મારા ઉપર કૃપા કરો આપના ઉપકારનો વિચાર એટલો મોટા વિસ્તારવાળો છે કે તેને શબ્દો દ્વારા લખી શકાય તેમ નથી. તેથી હે પ્રભુ, આપ મને આપની સેવા આપી નિવાજશો. સંતુષ્ટ કરશો તો તેમાં કોણ આડખીલી- અડચણ કરવાનું હતું ?

**ઓલગ અનુભવ ભાવથી, સા. જાણો જાણ સુજાણ હો; સ.**
**મોહન કહે કવિ રૂપનો, સા. જિનજી જીવન પ્રાણ હો. સ. ૭**

હે પ્રભુ ! આપ તો સર્વજ્ઞ હોવાથી મારી ઓલગ એટલે કે વિનંતી- સેવા વિગેરેથી આપ કાંઈ અજાણ નથી. વળી આપ મારા જીવનના પ્રાણભૂત છો એટલે કે ભાવ પ્રાણના આપનારા છો તેમ શ્રી મોહનવિજયજી કહે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૧. શ્રી શ્રેયાંસનાથ સ્તવન

**શ્રેયાંસ જિન સુણો સાહિબા રે જિનજી !**
**દાસતણી અરદાસ, દિલડે વસી રહ્યો;**
**દૂર રહ્યા જાણું નહીં રે, જિનજી પ્રભુ તુમારે પાસ... દિ. ૧**

હે શ્રેયાંસનાથ પ્રભુ ! અમારી અરજી સાંભળો. આપ મારા મનમાં વસી ગયા છો. કારણ કે તમે મારાથી દૂર છો એવું મને લાગતું જ નથી. જેના હૃદયમાં આપ વસી રહ્યા નથી તેવા લોકોની નજીક દેખાવા છતાં દૂર જ છો. જે આપની પાસે નથી તે આપને જાણી-સમજી શકતા નથી. જ્યારે હે પ્રભુ ! હું આપની પાસે રહી આપને વિનંતી-અરજી ગુજારી રહ્યો છું તે સાંભળો.

**હરિ મૃગને જ્યું મધુર આલાપ જિનજી, મોરને પીંછ કલાપ, દિ.**
**દૂર રહ્યાં જાણે નહીં રે જિનજી, પ્રભુ તમારે પાસ... દિ. ૨**

હરણને જેમ મધુર ગાંન પ્રિય લાગે છે અને મોરને પોતાના પીંછાનો સમૂહ પ્રિય લાગે છે. આનંદનો સમૂહ મેળવવા માટે તે તે વસ્તુની પાસે રહેવું પડે છે. તેથી હે પ્રભુ ! હું આપની પાસમાં જ રહેવાનો પ્રયત્ન કરું છું જેથી આપની સેવાભક્તિ કરવાની મધુરતાનો લાભ લઈ શકું.

**જલ થલ મહિયલ જોવતાં રે જિનજી, ચિંતામણિ ચઢ્યો હાથ; દિ.**
**ઉણપ શી હવે માહરે રે, જિનજી, નિરખ્યો નયણે નાથ... દિ. ૩.**

મને પાણી તથા પૃથ્વી પર ભમતાં ભમતાં પ્રભુરૂપ ભવ્ય ચિંતામણિ રત્ન હાથમાં આવ્યું છે. આ ત્રણ જગતના નાથ મારી દૃષ્ટિએ ચડવાથી એટલે કે મારી દિવ્યદૃષ્ટિ વડે મારા હૃદયમાં બિરાજમાન થઈ ગયા છે, તો પછી હવે મારે કોઈ જાતનું ઓછાપણું રહેતું નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ચરણે તેહને વિલગીએ રે, જિનજી, જેહથી સીઝે કામ; દિ.**
**ફોગટ શું ફેરો તિહાં રે, જિનજી, પૂછે નહીં પિણ નામ દિ. ૪**

તેના જ ચરણમાં, આશ્રયમાં રહેવાનું કરવું જોઇએ કે જેના આશ્રયમાં રહેવાથી કાર્ય સિદ્ધ થાય.જ્યાં કોઈ નામ પણ પૂછનાર ન હોય, ખબર લેનાર ન હોય ત્યાંનો ફોગટ ફેરો શા માટે કરવો જોઇએ ? શું કરવો ?

**કૂડો કલિયુગ છોડીને રે જિનજી, આપ રહ્યા એકાંત; દિ.**
**આપોપું રાખે ઘણા રે જિનજી, પર રાખે તે સંત દિ. ૫**

હે પ્રભુ ! આપને કૂડો કળિયુગ ગમ્યો નહીં અને તેથી તેને છોડી દઇને આપ એકાંત સ્થાનરૂપ મુક્તિમાં વસ્યા. જે પોતાનું જ સાચવે, બીજાને પણ સાચવે તેને હે ભગવાન ! સંત કહેવાય છે. જે પરની ચિંતા કરી પરને પણ સાચવે એટલે કે સંસાર પરિભ્રમણથી અટકાવે. માટે મારી અરજી ધ્યાનમાં લઈ મને પણ આપના જેવો બનાવો.

**દેવ ઘણા મેં દેખીયા રે જિનજી, આંડબર પટરાય; દિ.**
**નિગમ નહિ પણ સોડથી રે જિનજી, આઘા પસારે પાય દિ. ૬**

ખોટા આડંબરવાળા દેવો મેં ઘણા જોયા છે કે જેઓ પોતાને સૂવા માટેનો માર્ગ થોડો હોય અને ઘણાને તે જગ્યામાં સૂવાનું હોય તેનો વિચાર કર્યા વગર પોતાને માટે વધારે જગ્યાનો ઉપભોગ કરવા માટે પગને આઘા પસારી જગ્યાનો ઉપભોગ કરે.

**સેવકને જો નિવાજીએ રે જિનજી, તો તિહાં સ્થાને જાય, દિ.**
**નિપટ નીરાગી હોવતાં રે જિનજી, સ્વામીપણું કિમ થાય દિ. ૭.**

જો સેવકને સેવા આપવારૂપ કરુણા દૃષ્ટિ કરીને આપ અભેદ ભાવે રહો તો સેવક આનંદ પામે અને તે સ્થાનને પ્રાપ્ત થાય. પણ જો હે પ્રભુ ! મારા પર આપ નિરાગી થઇને કરુણાદૃષ્ટિ કે સેવા ન આપો તો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તમારું સ્વામીપણું કેવી રીતે થાય ?

**મેં તો તુમને આદર્યો રે જિનજી, ભાવે તું જાણ મ જાણ, દિ.**
**રૂપવિજય કવિરાયનો રે જિનજી, મોહન વચન પ્રમાણ, દિ. ૮**

મેં તો આપને ભાવપૂર્વક પૂજ્યા છે ભલે આપ મારી સેવાની કદર કરો કે ન કરો તો પણ હે પ્રભુ ! આપનું વચન સંપૂર્ણ પ્રમાણભૂત છે એમ પંડિત રૂપવિજયજીના મોહનવિજયજી કહે છે.

## ૧૨. શ્રી વાસુપૂજ્ય સ્તવન

**પ્રભુજીશું લાગી હો પૂરણ પ્રીતડી, જીવન પ્રાણ-આધાર;**
**ગિરુઆ જિનજી હો રાજ !**
**સાહિબ સુણજો હો માહરી વિનંતિ, દરિસણ દેજો હો,**
**દિલભરી શ્યામજી, અહો ! જગગુરુ સિરદાર ગિ૦ સા. ૧**

હે વાસુપૂજ્ય સ્વામી ! તમારી સાથે મને પૂર્ણ પ્રીતિ થઈ છે તેમજ મારા જીવનના આપ પ્રાણભૂત છો, તેમજ ગુણોમાં મોટા છો, તેથી આપને વિનંતી કરું છું કે આપ મને દર્શન આપો એટલે કે મને આત્મજ્ઞાન રૂપી દર્શન આપો. હે સાહેબ ! જગતના ગુરુ મારા શિરતાજ મારી દિલભરી વિનંતી સ્વીકારીને દર્શન આપજો.

**ચાહીને દીજે હો ચરણની ચાકરી, દ્યો અનુભવ અમ સાજ; ગિ.**
**ઇમ નવિ કીજે હો સાહિબાજી સાંભળો, કાંઈ સેવકને શિવરાજ. ગિ. સા. ૨**

હે પ્રભુ ! આપના ચરણકમળની સેવા મારા પર કરુણા કરીને આપશો અને મોક્ષનું સુખ પ્રાપ્ત કરવા માટે જે અનુભવ જોઇએ તે આપજો. તમે એમ ન કહેતાં કે મોક્ષની શું જરૂર છે ? આપે પણ પહેલાં મારી જેમ મોક્ષની ઇચ્છા કરી મોક્ષ પ્રાપ્ત કર્યો છે. તેવી જ રીતે આ સેવકને પણ મોક્ષનું રાજ પ્રાપ્ત થાય એમ કરવા વિનંતી છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ચૂપશું છાના હો સાહિબા ન બેસીએ, કાંઈ શોભા ન લહેશો કોય; ગિ.**
**દાસ ઉદ્ધારો હો સાહિબાજી આપનો, જયું હોવે સુજસ સવાય. ગિ. સા. ૩**

હે પ્રભુ ! જો આપ ચૂપ થઇને છાનામાના બેસી રહેશો અને મોક્ષમાર્ગનો માર્ગ નહીં બતાવો તો તેમાં આપની કંઈ શોભા નહીં વધે. આપનો સેવક મોહનીય કર્મને કારણે માઠી પરિણતિમાં ખૂંચેલો છે માટે તેને માટે યુક્તિસભર ઉપાય લઈ ઉદ્ધારો જેથી આપનોં જે યશ ફેલાયેલો છે તે પણ સવાયો થાય.

**અરુણ જો ઉગે હો સાહિબાજી અંબરે, નાશે તિમિર અંધાર; ગિ.**
**અવર દેવ હો સાહિબાજી કિંકરા, મિલિયો તું દેવ મુને સાર ગિ. સા. ૪**

હે પ્રભુ ! જેવો આકાશમાં સૂર્ય ઉગે છે કે તુરત જ રાત્રિનો અંધકાર નાશ થઈ જાય છે તેવી જ રીતે આપ સૂર્ય જેવા છો. જ્યારે બીજા દેવો આપની પાસે કિંકર છે, દાસ જેવા છે. મને તો આપનો મેળાપ થયો છે તે ઉત્તમરૂપ છે અને એ જ સારભૂત છે.

**અવર ન ચાહું હો સાહિબાજી તુમ છતે, જિમ ચાતક જળધાર; ગિ.**
**ખટપદ ભીનો હો સાહિબાજી પ્રેમશું, તિમ હું હૃદયમઝાર ગિ. સા. ૫**

હે ભગવાન ! આપના હોવાથી હું બીજા કોઈ દેવને ચાહતો નથી, ઇચ્છતો નથી. જેમ ચાતક છે તે મેઘની ધારાને જ ઇચ્છે છે. જમીન પર પડેલા જળને પીતો નથી તેમ હું પણ આપને છોડીશ નહીં. છ પદને પ્રાપ્ત થયેલા છો એવા આપને મારા હૃદયમાં પ્રેમસહિત ચાતકની જેમ ઇચ્છું છું.

**સાત રાજનેહો સાહિબાજી અંતે જઈ વસ્યા, શું કરીએ તુમ પ્રીત, ગિ.**
**નિપટ નીરાગી હો જિનવર તું સહી, એ તુમ ખોટી રીત. ગિ. સા. ૬**

હે જિનેશ્વર ! આપ તો સાત રાજ દૂર જઇને વસી ગયા છો. તો પછી આપની સાથે પ્રીત- પ્રેમ કેવી રીતે થાય ? વળી આપ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રાગદ્વેષને જીતીને વીતરાગી ભગવંત બની ગયા છો. આ તમારી રીત સારી નથી. સાચી રીત તો ત્યારે જ માનું કે મારી પ્રીત આપની સાથે થઈ જાય.

**દિલની જે વાતો હો કિણને દાખવું ? શ્રી વાસુપૂજ્ય જિનરાય; ગિ.**
**ખીણ એક આવી હો પંડેજી સાંભળો, કાંઈ મોહન આવે દાય. ગિ. સા. ૭**

હે શ્રી વાસુપૂજ્ય જિનરાજ ! મનની ગુપ્ત વાત બે જણને જ કરી શકાય. એક તો દુઃખ કાપી શકે એવા શક્તિશાળીને અને બીજા દુઃખમાં ફક્ત દિલાસો આપી શકે તેવા હોય તેને. હે પ્રભુ ! આપ તો મારા જન્મ-મરણના દુઃખ કાપવાને સમર્થ છો તેમજ મને દિલાસો આપી શકવાની શક્તિવાળા છો, તેથી આપને વિનંતી કરું છું કે હે પ્રભુ ! એક ક્ષણ આપ જાતે મારી વિનંતી સાંભળો તો શ્રી મોહનવિજયજી કહે છે કે મારું સઘળું કાર્ય સફળ થયું એમ માનીશ.

## ૧૩. શ્રી વિમલનાથ સ્તવન

**વિમલ જિનંદશું જ્ઞાનવિનોદી, મુખછબી શશી અવહેલેજી;**
**સુરવર નિરખી રૂપ અનુપમ, હજીયે નિમેષ ન મેલેજી... વિ.૧**

શ્રી વિમલનાથ ભગવાનની જ્ઞાન-વિનોદ આપનારી મુખરૂપી છબી ચંદ્રને ઝાંખો કરે છે. લોકોત્તર ચંદ્રરૂપ વિમલનાથ જિનેશ્વરની મુખની આકૃતિ એટલી બધી સૌમ્ય તેજવાળી છે કે લૌકિક ચંદ્ર તેની આગળ નિસ્તેજ લાગે છે. આ ભગવાનનું અનુપમ મુખ તેજ જોઇને - રૂપ જોઇને દેવોની આંખની પાંપણો હલતી પણ નથી, એકી ટશે જોયા જ કરે છે. પ્રભુને નીરખીને ચક્ષુઓ તૃપ્ત થતી જ નથી.

**વિષ્ણુ વરાહ થઈ ધરે વસુધા, એવું કોઇક કહે છે જી;**
**તો વરાહ લંછન મિષે પ્રભુને, ચરણ શરણે રહે છે જી... વિ. ૨**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એમ કહેવામાં આવે છે કે વિષ્ણુ ભગવાન વરાહનો જન્મ ધારણ કરીને પૃથ્વીને ઝીલી રહ્યા છે. જ્યારે અહીંયા તો ભગવાનના જમણા જાનુમાં વરાહ લંછન છે. તેથી એમ કહી શકાય કે વિષ્ણુ ભગવાન વરાહનું રૂપ લઇને લંછનના બહાને પ્રભુના ચરણમાં રહ્યા છે. કારણ કે તીર્થંકર ભગવાનને ચક્રવર્તી, વાસુદેવ વિગેરે નમન કરે છે અને તેમની સેવા પણ ઉઠાવે છે તેથી આ યુક્તિ બરાબર બેસે છે.

**લીલા અકળ લલિત પુરસોત્તમ, શિવવધૂ રસ ભીનોજી,**
**વેધક સ્વામીથી મિલવું સોહીલું, જે કોઈ ટાળે કીનોજી... વિ. ૩**

કોઇથી કળી ન શકાય એવી જ્ઞાનરૂપી લીલાએ કરીને પ્રભુ સહિત છે. મનોહર પણ છે, પુરુષોને વિષે ઉત્તમ પુરુષ છે. મુક્તિરૂપી સ્ત્રીનાં રસમાં પોતે લીન થયેલા છે. વેધક એટલે જ્ઞાનરૂપી રસના જાણ એવા સ્વામીને મળવું તે સુલભ છે, જો ભક્ત થયેલો એવો જીવ પોતાનામાં રહેલો માનરૂપ કીનો (કાંટો) દૂર કરી દે તો.

**પ્રસન્ન થઈ જગનાથ પધાર્યા, મનમંદિર મુજ સુધર્યોજી;**
**હું નટનવલ વિવિધગતિ જાણું, ખિણ એક તો લહો મુજરોજી. વિ. ૪**

મારા ઉપર પ્રસન્ન થઈને હે સકળ લોકના નાથ ! આપ મારા મનમંદિરમાં પ્રગટ થયા છો. તેથી મારું મન કર્મભાવથી મુક્ત થઈ સુધરી ગયું છે તેથી હે ભગવાન ! હું મારી નાટક કરવાની સર્વ પ્રકારની કલા આપને બતાવવા માંગું છું. તો તે નાટકને ક્ષણ માત્ર દેખીને મારો મુજરો લ્યો.

**ચોરાશી લખ વેશ હું આણું, કર્મ પ્રતીત પ્રમાણેજી,**
**અનુભવ દાન દીઓ તો વારુ, ચેતન કહો મયાણેજી. વિ. ૫**

હે પ્રભુ ! હું ચોરાશી લાખ વેશ, કર્મના ઉદય પ્રમાણે ભજવી શકું એવો નાટકીયો છું. માટે મને અનુભવ દાન પ્રાપ્ત કરાવો તો વારુ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મારા પર દયા લાવીને ચેતન બનાવો.

**જે પ્રભુ ભક્તિ વિમુખ નર જગમેં, તે ભ્રમ ભૂલ્યા ભટકેજી;**
**સગત તેહ ન વિગત લહીએ, પૂજાદિકથી ચટકેજી. વિ. ૬**

જે જીવ પ્રભુની સેવાભક્તિથી દૂર રહે છે તે જગતની અંદર ભ્રાન્તિમાં-મિથ્યાત્વમાં પડીને સંસાર પરિભ્રમણ કરે છે. પ્રભુની સેવા પૂજાથી દૂર રહે છે, (ચટકે છે) તેઓ સંગત એટલે કર્મના સંબંધોને દૂર કરીને કર્મરહિત થઈ શકતા નથી.

**કીજે પ્રસાદ ઉચિત ઠકુરાઈ, સ્વામી અખય ખજાનોજી;**
**રૂપવિબુધનો મોહન પભણે, સેવક વિનંતિ માનોજી. વિ. ૭**

હે પ્રભુ ! આપની પાસે ત્રણે જગતની ઊંચામાં ઊંચી ઠકુરાઈ છે. એટલે કે હે સ્વામી ! આપની પાસે આત્મસંપદારૂપ લક્ષ્મીનો, જેનો નાશ ન થાય તેવો ખજાનો પ્રાપ્ત થયેલો છે. માટે આ સેવકની વિનંતી માનીને આપની આત્મસંપદારૂપ લક્ષ્મીની જે ઠકુરાઈ મેળવી છે તેનો પ્રસાદ આપો.

## ૧૪. શ્રી અનંતનાથ સ્તવન

**અનંત જિણંદશું વિનતિ, મેં તો કીધી હો ત્રિકરણથી આજ;**
**મિલતા નિજ સાહેબ ભણી, કુણ આણે હો મૂરખ મન લાજ. અ. ૧**

શ્રી અનંતનાથ જિનેશ્વર ભગવંતને મેં મારા મન, વચન, અને કાયાના ત્રણેય યોગ વડે વિનંતિ કરી છે. વિનંતિ કરવાથી પ્રભુ જો મળતા હોય તો એવો કયો મૂરખ હોય કે તે માટે મનમાં લાજ રાખે પ્રભુને મેળવવામાં આનંદ જ માને.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**મુખ પંકજ મન મધુકરુ, રહ્યો લુબ્ધો હો ગુણજ્ઞાને લીન;**
**હરિહર આવળફુલ જ્યોં, તે દેખ્યાં હો કેમ ચિત્ત હોવે પ્રીણ ? અ. ૨**

હે ભગવંત ! જેમ ભમરાને સુગંધી કમળમાં આસક્તિ રહેલી છે તેમ આપનામાં રહેલા જ્ઞાનગુણની સુગંધીથી મારો મનરૂપી ભમરો આસક્ત થઇને ત્યાં રહ્યો છે તો પછી દેખાવમાં રળિયામણા અને સુગંધી વિનાનાં આવળનાં ફુલ જેવા હરિહર આદિ દેવો તેમાં મને પ્રીતિ કેમ થાય ? ન જ થાય.

**ભવ ફરિયો દરિયો તર્યો, પણ કોઈ હો અનુસરિયો ન દ્વીપ;**
**હવે મન પ્રવહણ મારું, તુમ પદ ભેટે હો મેં રાખ્યું છીપ... અ. ૩**

હે પ્રભુ ! ચોરાશી લાખ જીવાયોની રૂપ જે સંસાર છે તેમાં હું ઘણો જ ફર્યો અને તેમાં સતત તરતો રહ્યો છતાં આજ સુધી મને કોઈ દ્વીપ હાથમાં આવ્યો નથી. એટલે કે સંસાર સમુદ્રનો કિનારો મેળવી શક્યો નથી પણ હવે આપના ચરણકમળની ભેટરૂપ કિનારો પ્રાપ્ત થયો છે તેથી મારા મનરૂપી વહાણને મેં છૂપાવી દીધું એટલે કે મારા મનરૂપી વહાણથી સંસાર સમુદ્ર તરવાનો પ્રયત્ન કરતો રહ્યો હતો પણ હજી સુધી તરી શકયો ન હતો. પણ આપની ભેટ થતાં આપના ચરણકમળનો આશ્રય મળતા મેં મારું મનરૂપી વહાણ આપની સાથે જોડી દીધું એટલે કે મનને શાંત કરી દીધું.

**અંતરજામી મિલે થકે, ફળે માહરો હો સહી કરીને ભાગ્ય;**
**હવે વારી જાવા તણો, નથી પ્રભુજી હો કોઈ ઇહાં લાગ. અ. ૪**

હે મારા અંતરનાં બધા જ ભાવોના જાણનાર એવા શ્રી અનંતનાથ ભગવાન ! આપ જેવા મળી જવાથી મારું ભાગ્ય ખૂલી ગયું છે. અને મારી ભક્તિથી આપને આકર્ષી લીધા છે તેથી હવે આપને મારી ઠગાઈ કરીને ભાગી જવાનો લાગ બાકી રહ્યો નથી એટલે કે આપની ભેટ થઈ છે તે છૂટી ન જાય તેવી થઈ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**પલ્લવ ગ્રહી રઢ લેઇશું, નહિ મેળો હો જ્યારે તમે મીટ;**
**આતમ અવરેજો થઈ, કિમ ઉવેટે હો કરારી છીટ... અ. ૫**

હે પ્રભુ ! જ્યારે તમે અમારી સાથે આપની નજર નહીં મેળવો તો આપનો પલ્લવ પકડીને અમે આપની સામે હઠ પકડીને બેસી જઇશું કારણ અમે આપની ભક્તિ રંગની એવી કળા તૈયાર કરી છે કે તે રંગના ઉપાયથી અમારું કાર્ય સિદ્ધ થશે. જેમ પાકા રંગની છીંટમાં મળી ગયેલો રંગ જેમ ઉપટી જતો (ઉડી જતો) નથી તેવો જ અમારો ભક્તિરંગ પાકો થયો છે તેથી અમારો આપના ઉપરનો ભક્તિરંગ ઉતરી જશે નહીં.

**નાયક નિજ નિવાજીએ, હવે લાજીએ હો કરતાં રસલૂંટ;**
**અધ્યાતમ પદ આપવા, કાંઈ નહિ પડે હો ખજાને ખૂટ... અ. ૬**

હે અનંતનાથ ભગવાન ! આપના ભક્તને આપના દર્શન આપીને સંતોષ આપવો જોઇએ. કારણ કે અમારો ભક્તિરંગ આપના જાણવામાં છે તેથી હવે વળી આપનો જે અખૂટ આત્મલક્ષ્મી રૂપ ખજાનો છે તેમાંથી અમને અધ્યાત્મપદ આપવા જતાં કાંઈ ખોટ પડી જશે એમ નથી.

**જિમ તુમે તર્યા તેમ તારજો, શું બેસે હો તુમને કાંઈ દામ ?**
**નહીં તારો તો મુજને, કિમ તુમચું હો તારક કહેશો નામ. અ. ૭**

હે જિનેશ્વર ! આપ જે માર્ગનું આરાધન કરીને સંસાર સમુદ્ર તરી ગયા છો તે રીત અમને બતાવવામાં, તેના માટે આપને કાંઈ દામ (લક્ષ્મી) ખર્ચવી પડે તેમ નથી. વળી આપ તિન્નાણં, તારયાણં કહેવાઓ છો તો પછી જો આપ તર્યા અને મને નહીં તારો તો આપની જે પદવી સંસાર સમુદ્રમાંથી તારનારની છે તેને અનુલક્ષીને "તારક" કેવી રીતે કહેવાશો ? માટે આપનું વિશેષણ કાયમ રાખવા માટે મને આ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભવભ્રમણમાંથી તરવાનો માર્ગ આપો.

**હું તો જિન રૂપસ્થથી, રહું હોઈ હો અહર્નિશ અનુકૂળ;**
**ચરણ તજી જઇએ કીહાં ? છે માહરી હો વાતલડીનો મૂલ. અ. ૮**

હે ભગવાન ! આપની શાંત સુધારસ ઝીલતી એવી મુદ્રાનું ધ્યાન કરીને આપનું રૂપસ્થ ધ્યાન ધરીને આપને સતત અનુકૂળ રહેવાનો પ્રયત્ન કરું છું હવે મારી મૂળ વાત ગુપ્ત વાતના આપ જ મૂળ હોઈ આપના ચરણનો આશ્રય તજીને કયાં જઇએ ?

**અષ્ટાપદ પદ કીમ કરે, અન્ય તીરથ હો જાશે જેમ હેડ;**
**મોહન કહે કવિ રૂપનો, વિના ઉપશમ હો નવિ મૂકું કેડ. અ. ૯**

પોતાની લબ્ધિથી અષ્ટાપદ પર્વતની યાત્રા કરનાર આત્મા તે જ ભવમાં મુક્તિને મેળવે છે એટલે અહીં શ્રી મોહનવિજયજી ભગવાનને અષ્ટાપદનું રૂપક આપીને કહે છે કે આપ વિલંબ કેમ કરો છો, જો વિલંબ કરશો તો બીજા તીર્થે હારની હાર લાગી જશે. માટે મોક્ષપદ આપવામાં વિલંબ ન કરો. વળી હું આપની પાસેથી "ઉપશમ" (ગુરુગમ) મેળવ્યા વગર આપને છોડવાનો નથી. કારણ મળે તો જ મારો સંસાર પરિત થઈ શકે છે તેની મને જાણ થઈ છે.

## ૧૫. શ્રી ધર્મનાથ સ્તવન

**હાં રે મારે ધર્મ જિણંદશું લાગી પૂરણ પ્રીત જો,**
**જીવલડો લલચાણો જિનજીની ઓળગે રે લોલ;**
**હાં રે મુને થાશે કોઇક સમયે પ્રભુ પ્રસન્ન જો,**
**વાતલડી માહરી રે સવિ થાશે વગેરે લો... ૧**

મને ધર્મનાથ જિનેશ્વર પ્રત્યે સંપૂર્ણ પ્રશસ્ત પ્રીતિ થઈ છે અને તેથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેમના પ્રત્યે વિનંતિ કરવા માટે મારો આત્મા લલચાયો છે. અને મારી વિનંતી સાંભળીને મારા પ્રભુ મારા ઉપર પ્રસન્ન થશે તેથી મારું કાર્ય સિદ્ધ થશે. ત્યારે મારા વડે અંતર્ગત કરવામાં આવેલી બધી વાતો પાર પડશે એમ માનું છું.

**હાં રે પ્રભુ દુર્જનનો ભંભેર્યો મારો નાથ જો,**
**ઓળવશે નહિ ક્યારે કીધી ચાકરી રે લો;**
**હાં રે મારા સ્વામી સરખો કુણ છે દુનિયા માંહે જો,**
**જઇએ રે જિમ તેહને ઘર આશા કરી રે લો... ૨**

મારા ભગવાનને દુર્જનો ભંભેરીને આડુંઅવળું સમજાવી શકે એમ બને જ નહિ. છતાં પણ કદાચ દુર્જનથી મારો સ્વામી ભંભેરાઈ જાય તો પણ મને પાકી ખાતરી છે કે મારી ભક્તિને તો તે ક્યારે ય ભૂલી નહીં જાય. એટલે કે કદર કરશે જ. વળી અનંત ગુણોનાં ભંડાર સમા સમતા રસના સમુદ્ર એવા મારા સ્વામી છે. તેના સરખા દુનિયામાં બીજા કોઈ નથી કે જેને લઇને તેઓના ઘરે આશા ધરીને જઈ શકાય.

**હાં રે જસ સેવા સેતી સ્વારથની નહિ સિદ્ધિ જો,**
**ઠાલી રે શી કરવી તેહથી ગોઠડી રે લોલ;**
**હાં રે કાંઈ જુઠું ખાય તે મીઠાઇને માટે જો,**
**કાંઈ રે પરમારથ વિણ નહિ પ્રીતડી રે લોલ... ૩**

જેમની સેવા કરવાથી ઇચ્છિત પ્રાપ્ત થાય તેમ ન હોય તેવાની સાથે મિત્રાચારી ફોગટ શા માટે કરવી જોઇએ ? કોઈ મનુષ્ય કોઇનું એઠું ખાય તો મીઠાઇના સ્વાદને માટે ખાય તેવી રીતે પરમારથ પ્રાપ્ત થાય તેમ હોય તો જ પ્રીતિ થઈ શકે.

**હાં રે મારે અંતરજામી જીવન પ્રાણ આધાર જો,**
**વાયો રે નવિ જાણ્યો કળિયુગ વાયરો રે લો;**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**હો રે મારે લાયક નાયક ભગત વત્સલ ભગવંત જો,**
**વારૂ રે ગુણ કેરો સાહીબ સાયરૂં રે લો... ૪**

હે ભગવાન ! આપ તો બધાનાં અંતરની વાત જાણી દેખી રહ્યા છો તેથી મારા જીવનના પણ પ્રાણરૂપી આધાર છો. વળી આપ ચોથા આરામાં મોક્ષે પધારી ગયા છો તેથી કળિયુગ અત્યારે કેવો સતાવી રહ્યો છે તે આપના જાણવામાં આવ્યું જ નથી. એટલે કે આપને તેનો અનુભવ કરવાની જરૂર રહી નથી. વળી એ કળિયુગ આપના આ ભક્તને બહુ જ દુઃખ પહોંચાડી રહ્યો છે માટે આપનું દર્શન આપી મારી અરજી સ્વીકારો કારણ આપ મારા માટે લાયક છો, નાયક છો અને મારા હિતેચ્છુ છો અને ગુણ-સમુદ્રરૂપ છો.

**હાં રે પ્રભુ લાગી મુજને તાહરી માયા જોર જો,**
**અળગા રે રહેવાથી હોય ઓસાંગલો રે લો;**
**હાં રે કુણ જાણે અંતરગતની વિણ મ્રહારાજ જો,**
**હેજે રે હસી બોલો છાંડી આમળો રે લો... ૫**

હે પ્રભુ ! આપની સાથે ભક્તિરૂપી જોરદાર માયા લાગી છે. વળી જો આપનાથી અળગો રહું તો આપનો અને મારો ભેદ તે અભેદરૂપે થાય નહીં અને જ્યાં સુધી અભેદભાવ ઉત્પન્ન ન થાય ત્યાં સુધી મારું કાર્ય સિદ્ધ થાય નહીં. આવી જે મારા હૃદયની-અંતરની વાત છે તેને આપના વિના બીજું કોણ જાણી શકે ? માટે હે પ્રભુ ! આમળો છોડીને પ્રેમપૂર્વક હસીને મારી સાથે બોલો એટલે કે માર્ગનો દરવાજો ખોલવારૂપ કૃપા કરો.

**હાં રે તારે મુખને મટકે અટક્યું માહરું મન જો,**
**આંખલડી અણીયાળી કામણગારડી રે લો;**
**હાં રે મારાં નયણાં લંપટ જોવે ખીણખીણ તુજ જો,**
**રાતે રે પ્રભુ રૂપે ન રહે વારીયાં રે લો,... ૬**

હે પ્રભુ ! આપનું મુખ શાંત સુધારસથી ભરપૂર એવું સુંદર છે કે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મારું મન ચપળ હોવા છતાં આપના મુખ પર સ્થિર થઈ ગયું છે. વળી આપની આંખો પણ કામણ કરનારી છે એટલે કે આપે આપની આંખ દ્વારા મને વશ કરી લીધો છે. વળી મારા લંપટ થયેલા નેત્રો ક્ષણે ક્ષણે આપના મુખને જોવા છતાં થાકતાં જ નથી. આપના રૂપમાં રાચ્યા હોવા છતાં તે નયનો આપનું રૂપ જોતાં ધરાતાં જ નથી.

**હાં રે પ્રભુ અલગા તો પણ જાણજો કરીને હજૂર જો,**
**તાહરી રે બલીહારી હું જાઉં વારણે રે લો;**
**હાં રે કવિ રૂપવિબુધનો મોહન કરે અરદાસ જો,**
**ગિરૂઆથી મન આણી ઉલટ અતિ ઘણો રે લો... ૭**

હે ભગવાન ! આપ મોક્ષમાં પધારી ગયેલ હોવાથી મારાથી સાત રાજલોક દૂર જઇને બેઠા છો. છતાં પણ આપનો આ ભક્ત આપની હજૂરમાં જ વિનંતી કરી રહ્યો છે તેમ જાણજો. આપના ગુણો જાણવાથી હું આપના ઓવારણાં લઉં છું. શ્રી મોહનવિજયજી કહે છે કે ગિરુઆ કહેતા અનંત ગુણથી ભરેલા એવા આપને વિનંતી ઘણા ઉમંગથી કરું છું માટે મારી વિનંતી ધ્યાનમાં લઈ મને આ સંસાર સમુદ્રમાંથી ઉગારો.

## ૧૬. શ્રી શાંતિનાથ સ્તવન

**સોળમા શ્રી જિનરાજ ઓળગ સુણો અમતણી લલના;**
**ભગતથી એવડી કેમ કરો છો ભોળામણી લલના;**
**ચરણે વળગ્યો જેહ આવીને થઈ ખરો લલના.**
**નિપટ તેહથી કોણ રાખે રસ આંતરો લલના... ૧**

હે જિનેશ્વર ! આપને વારંવાર વિનંતિ કરીએ છીએ છતાં કાંઈ પણ વસ્તુ આપતા નથી અને આપની ભક્તિ કરનારને આપ ભોળવવાનું કામ કરો છો અને મોટા મોટા દિલાસા કે લાંબા લાંબા વાયદા આપ્યા કરો છો. જે સાચા મનથી વિનંતી કરે છે અને આપના



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આશ્રયને સ્વીકારીને રહ્યો છે તેનાથી આપ આંતરો રાખો છો તો શું તે આપને બરાબર લાગે છે ? તે બરાબર નથી. આપ તેને ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ કરાવીને આપે ચાખેલ શુદ્ધ શાંત રસનું પાન કરી શકે તેમ કરો.

**મેં તુજ કારણ સ્વામી ઉવેખ્યા સુર ઘણા લલના,**
**માહરી દિશાથી મેં તો ન રાખી કાંઈ મણા લલના,**
**તો તુમે મુજથી કેમ અપૂઠા થઈ રહો લલના,**
**ચૂક હોવે જે કાંઈ સુખે મુખથી કહો લલના. ... ૨**

હે ભગવાન ! આપની પાસેથી મુક્તિપદ પ્રાપ્ત કરવાને માટે અન્ય દર્શનના દેવોની પણ ઉપેક્ષા કરી આપની પાસેથી મારા કાર્યની સિદ્ધિ થાય તે માટે કોઈ જાતની કચાશ રાખી નથી, તે છતાં આપ મારાથી પ્રતિકૂળ બનીને કેમ વર્તો છો ? આપની ભક્તિ કરવામાં જો મારાથી કોઈ ભૂલ થતી હોય તો આપના સ્વમુખે બોલીને મને સુખપૂર્વક કહી શકો છો.

**તુજથી અવર ન કોય અધિક જગતી તળે લલના,**
**જેહથી ચિત્તની વૃત્તિ એકાંગી જઈ મળે લલના,**
**દીજે દરશન વાર ઘણી ન લગાવીએ લલના,**
**વાતલડી અતિ મીઠી તે કીમ વિરમાવીએ લલના... ૩**

હે પ્રભુ ! આપનાથી અધિક કોઈ ત્રણે જગતમાં નથી કારણ આપે સંપૂર્ણપણે બધા જ દોષોને દૂર કરી નાખ્યા છે, બાળી નાખ્યા છે અને સંપૂર્ણપણે ગુણોનાં ભંડારનાં સ્વામી થઈને બેઠા છો તેથી મારી ચિત્તની સંપૂર્ણ વૃત્તિઓ આપની સાથે એકરૂપ થઈ છે માટે હવે હે પ્રભુ ! દર્શન દેવામાં ઘણીવાર લગાડશો નહિ. આવી મોક્ષની મીઠી વાતો કેમ છોડી દઈ શકીએ ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**તું જો જળ તો હું કમળ, કમળ તો હું વાસના લલના,**
**વાસના તો હું ભ્રમર, ન મૂકું આસના લલના,**
**તું છોડે પણ હું કેમ છોડું તુજ ભણી લલના**
**લોકોત્તર કોઈ પ્રીત આવી તુજથી બની લલના. .. ૪**

હે પ્રભુ ! જો આપ જળ છો તો હું તેમાંનું એક કમળ છું. જો આપ કમળ બનો તો તેમાં રહેલી સુગંધ (વાસના) રૂપ હું બનું. જો આપ કમળની સુગંધ બનો તો તેને સુંઘનાર ભમરો બનીશ પણ આપની આશા નહીં મૂકું. કદાચ આપ મને છોડી દેશો તો પણ આપને હું છોડીશ નહીં કારણ કે મારી આપ પરની પ્રીતિ લોકોત્તર રહેનારી છે. સમ્યક્ પ્રશસ્ત પ્રીત બની છે તેથી આપે મારી વિનંતી સ્વીકારીને આપની પાસે શરણમાં રાખી મને આપના જેવો બનાવવો પડશે.

**ધુરથી શાને સમકિત દઈને ભોળવ્યો લલના,**
**હવે કેમ જાઉં ખોટે દિલાસે ઓળવ્યો લલના,**
**જાણી ખાસો દાસ વિમાસો છો કિસ્યો લલના,**
**અમે પણ ખિજમત માંહી કે ખોટા કિમ થશું લલના... ૫**

હે પ્રભુ ! પ્રથમ મને સમકિતની પ્રાપ્તિ કરાવીને ભોળવ્યો અને હવે મને ખોટા દિલાસા આપીને છોડી દો તો તે કેમ ચાલે ? પણ આપના ખોટા દિલાસાથી કાંઈ હું આપને છોડી દેવાનો નથી. વળી આપને બધી રીતે અનુકૂળ થઈને વર્તી રહ્યો છું તો આપ મૂળ વસ્તુની પ્રાપ્તિ કરાવવા માટે શા માટે લાંબો વિચાર કરી રહ્યા છો. હવે અમે આપની સેવા ભક્તિ કરવામાં કોઈ રીતે ખોટા થઈશું નહીં.

**બીજી ખોટી વાતે અમે રાચું નહીં લલના,**
**મેં તુજ આગળ માહરી મન વાળી કહી લલના,**
**પૂરણ રાખો પ્રેમ વિમાસો શું તમે લલના,**
**અવસર લહી એકાંત વિનવીએ છીએ અમે લલના... ૬**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે પ્રભુ ! જેને લોકોત્તર વાત પર પ્રીત હોય તેઓ બીજી લૌકિક વાતોમાં કેવી રીતે રાચે ? ન જ રાચે. વળી હે ભગવાન ! મારા મનને સ્થિર કરી મારે જે વાતો આપને કહેવી હતી તે કહી છે. માટે હવે તો આપ કૃપા કરો અને મારા પર પૂર્ણ પ્રેમ વરસાવો. તેમાં કેમ આપ લાંબો વિચાર કરી રહ્યા છો ? આ બધી વાતો આપની પાસે ઉચિત સમય દેખીને એકાંતમાં આપને વિનવી રહ્યો છું.

**અંતરજામી સ્વામી અચિરાનંદના લલના,**
**શાંતિકરણ શ્રી શાંતિજી માનજો વંદના લલના,**
**તુજ સ્તવનાથી તન-મન આનંદ ઉપન્યો લલના,**
**કહે મોહન મનરંગ સુપંડિત રૂપનો લલના... ૭**

હે અંતરજામી ! ત્રણે લોકના સ્વામી તેમજ અચિરામાતાના પુત્ર, શાંતિના કરનારા એવા શાંતિનાથ જિનેશ્વર ! મારી વંદના સ્વીકારજો. હે પ્રભુ ! આપની સ્તવના-ભક્તિ કરવાથી મારું તન અને મન આનંદથી ભરપૂર થયા છે એટલે કે મારા મનમાં આનંદની લહેરો ઉછળે છે એમ પંડિત શ્રી રૂપવિજયજીના શિષ્ય શ્રી મોહનવિજયજી કહે છે.

## ૧૭. શ્રી કુંથુનાથ સ્તવન

**કુંથુંજિણંદ કરુણા કરો, જાણી પોતાનો દાસ સાહિબ મોરા;**
**શું જાણી અળગા રહ્યા જાણ્યું કે આવશે પાસ સાહિબા મોરા.**
**અજબ રંગીલા પ્યારા, અકળ અલક્ષ્મી ન્યારા**
**પરમ સસનેહિ માહરી વિનંતી. ૧**

હે કુંથુનાથ ભગવંત ! મને આપનો દાસ ગણીને મારા પર કૃપાદૃષ્ટિ કરો શું આપ જાણી જોઈને મારાથી અળગા-જુદા રહો છો ? આપ એમ સમજો છો કે ભક્ત આપની પાસે આવીને વળગશે ? સાહિબ મારા !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આનો અર્થ એવો થાય કે મારા જેવો ભક્ત આપને ગમતો નથી.

હે ભગવાન ! આપ રંગીલા સ્વભાવના છો એટલે કે જગતના જીવો માટે આકર્ષણના કરનાર એવા સ્વભાવના ધારણહાર છો વળી આપ સહેલાઇથી કળી ન શકાય એવા છો. આપ ભૌતિક લક્ષ્મી વિનાના છો. વળી સંપૂર્ણ પરભાવથી ન્યારા થઈને રહેલા છો. હે પરમ સસનેહી મારી વિનંતિ સાંભળો.

**અંતરજામી વાલહા, જોવો મીટ મિલાય સાહિબા મોરા;**
**ખિણ મ હસો ખિણમાં હસો, ઇમ પ્રીતિ નિવાહો કિમ થાય. સા. અ. ૨**

હે અંતરના જાણ ભગવાન ! આપ મને બહુ જ વાહલા છો માટે મારી સામું દૃષ્ટિ કરીને જુઓ તો ખરા. પણ હે ભગવાન, આપ ઘડીકમાં હસતા દેખાવ છો, ઘડીકમાં મૌન ધારણ કરીને બેસી જાઓ છો તો પછી આપની સાથેની મારી પ્રીતિનો નિર્વાહ કેવી રીતે થઈ શકે.

**રૂપી હો તો પાલવ ગ્રહું, અરૂપીને શું કહેવાય સાહિબા.**
**કાન માંડ્યા વિના વારતા, કહોનેજી કેમ બકાય સ. અ. ૩**

હે ભગવાન ! આપ પુદ્ગલ દ્રવ્યની જેમ રૂપી હો તો આપનો પાલવ પકડીને ઊભા રાખું પણ આપ તો અરૂપી છો તેથી આપને પકડવા બહુ જ મુશ્કેલ બને છે. જો આપ મારી વાત સાંભળવા તત્પર થાવ તો મારી વાત કહું. જો આપ સાંભળવામાં દુર્લક્ષ કરો તો મારી વાત કહેવાનો અર્થ શો ? મારા પર કૃપા કરો તો મારી વાત સફળ બનાવી શકું.

**દેવ ઘણા દુનિયામાં ય છે, પણ દિલમેળો નવિ થાય સાહિબા.**
**જિણ ગામે જાવું નહીં, તે વાટે કહો શું પૂછાય સા. અ. ૪**

હે ભગવાન ! દુનિયામાં આપના સિવાય બીજા ઘણા દેવો રહેલા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે પણ તેઓ ખામીભર્યા જોવામાં આવતા હોવાથી તેમની સાથે મારા દિલનો મેળાપ થઈ શકે તેમ નથી. મારે તો આપની સાથે મેળાપ કરવો છે. આપ સિવાય બીજા કોઈ દેવનું કામ નથી. કહેવત છે કે જે ગામ જવું નહીં તેની વાટ એટલે કે માર્ગ પૂછીને શું કામ છે ? પૂછાય જ નહીં.

**મુજ મન અંતર્ મુહુર્તનો, મેં ગ્રહ્યો ચપળતા દાવ સાહિબા**
**પ્રીતિ સમે તો જુઓ કહો, એ તો સ્વામી સ્વભાવ સા. અ. ૫**

હે પ્રભુ ! મારું મન છે તે અંતમુહૂર્ત સુધી સ્થિર રહી શકે છે. ત્યાર પછી પાછું ચપળતાને - અસ્થિરતાને ધારણ કરે છે. બરાબર પ્રીતિ કરું ત્યારે સ્વામી મારા સામું જુઓ એ આપનો સ્વભાવ કહેવાય.

**અંતર શ્યો મળિયા પછે, નવિ મળીએ પ્રભુ મૂલ. સાહિબા**
**કુમયા કિમ કરવી ઘટે, જે થયો નિજ અનુકૂળ. સા. પરમ. ૬**

હે પ્રભુ ! એકવાર આપનો મને મેળાપ થઈ ગયા પછી આપ હૃદયથી અંતર રાખો તે બરાબર નથી. હે પ્રભુ ! હું આપને અનુકૂળ થઈને વર્તવા પ્રયત્ન કરી રહ્યો છું તો પછી મારા ઉપર અકૃપા કરવી તે ઠીક લાગતું નથી. કારણ કે હું અનુકૂળ થઈને વર્તું છું.

**જાગી હવે અનુભવદશા, લાગી પ્રભુશું પ્રીત સાહિબા;**
**રૂપવિજય કવિરાયનો કહે મોહન રસ રીત સા. અ... ૭**

પ્રભુની સાથે પ્રશસ્ત પ્રીતિ થવાથી અનુભવદશા જાગૃત થઈ છે એમ રૂપવિજય મ.સા.ના શિષ્ય શ્રી મોહનવિજયજી મ.સા. કહે છે. આ જ રીતે આત્મરમણતારૂપ રસ કહે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૮. શ્રી અરનાથ સ્તવન

**અરનાથ અવિનાશી, હો સુવિલાસી ખાસી ચાકરી,**
**કાંઈ ચાહું અમે નિશ દિશ;**
**અંતરાયને રાગે, હો અનુરાગે કીણપરે કીજીએ,**
**કાંઈ શુભ ભાવે સુજગીશ. ... અર. ૧.**

હે અરનાથ ! આપે આપના આત્માને સંપૂર્ણપણે કર્મ રહિત કરી અવિનાશી પદની પ્રાપ્તિ કરી લીધેલ છે, વળી આપ આત્મલક્ષ્મી (ગુણોનો ખજાનો)માં રમણતા કરતા હોવાથી સુવિલાસી કહેવાઓ છો. હે પ્રભુ ! આપની સેવા ભક્તિ સારી રીતે કરવાનું હંમેશા ઇચ્છીએ છીએ પણ આ કરવામાં મારું અંતરાયકર્મ તેમજ પુદ્ગલ પ્રત્યેનો રાગ વિઘ્ન કર્યા કરે છે તેથી સતત સેવા ભક્તિ થઈ શકતી નથી તો હવે મારે તેને કેવી રીતે કરવી ? જો મારામાં કાંઈક શુભ ભાવ જાગૃત થાય તો કાંઈક આત્મસંપદા પ્રાપ્ત કરવા તરફ આગળ વધી શકું.

**સિદ્ધ સ્વરૂપી સ્વામી, હો ગુણધામી અલખ અગોચરૂં,**
**કાંઈ દીઠા વિણ દિદાર,**
**કિમ પતીજે કીજે હો, કીમ લીજે ફળ સેવા તણું,**
**કાંઈ દીસે ન પ્રાણ આધાર.... અર. ૨**

આઠ કર્મોને ક્ષય કરીને આપ સિદ્ધ-શુદ્ધ સ્વરૂપી બની ગયા છો, તેથી સ્વામી કહેવાઓ છો, સર્વ દોષ રહિત થઈ ગુણના ભંડારનો ભોગવટો કરનાર એવા આપ છો. છતાં પણ આપનું સ્વરૂપ 'અલખ' હોવાથી બાહ્ય આંખો વડે લક્ષમાં આવી શકતા નથી, વળી આપ અગોચર છો. સ્વચ્છંદે આપને મેળવવાનો પ્રયત્ન કરવામાં આવે તો પ્રાપ્ત નહીં થાવ એવા અગોચર છો. વળી આપનું મુખ દીઠા વિના સેવારૂપ ચાકરી કેવી રીતે સિદ્ધ થાય ? આપની પ્રતીતિ કેમ થાય અને આપની સેવાનું ફળ કેમ મળે તેનો આધાર મને જણાતો નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**જ્ઞાન વિના કુણ પેખે, હો સંખેપે સૂત્રે સાંભળ્યો,**
**કાંઈ અથવા પ્રતિમારૂપ;**
**સામે જો સંપેખુ, હો પ્રભુ દેખુ દિલભર લોયણે,**
**કાંઈ તો મનમેં હવે ચૂપ... અર. ૩.**

જો જ્ઞાન (સમ્યક્) ન હોયતો આપને કોણ ઓળખી શકે ! ટુંકાણમાં સૂત્ર સાંભળવાથી આપની પ્રતીતિ-ઓળખાણ કઈ રીતે થાય ? વળી બાહ્ય ચક્ષુ વડે આપની પ્રતિમા જોવાથી આપની અપ્રમત્ત દશા કેવી હોય તેની જાણ થઈ. હે પ્રભુ જો આપ મને જ્ઞાનરૂપી દિવ્યચક્ષુ આપો તો હું મારા હૃદયમાં પૂર્ણ ઉલ્લાસપણે થઈને આપના પ્રત્યક્ષ દર્શન કરી શકું. જેથી મારું મન શાંત થઈ જાય.

**જગનાયક જિનરાયા, હો મન ભાવ્યા, મુજ આવી મલ્યા,**
**કાંઈ મહેર કરી મહારાજ;**
**સેવક તો સસનેહી હો નિઃસ્નેહી પ્રભુ કીમ કીજીએ,**
**કાંઈ ઇસ કોઈ વહીએ રે લાજ... અર. ૪.**

હે ત્રણ જગતના નાયક જિનેશ્વર પ્રભુ ! આપ મને બહુ જ ગમો છો. તો પછી મારા પર કૃપા કરી હે પ્રભુ ! મને આપના દર્શન આપો. આપનો આ સેવક પ્રેમથી આપની સેવા ચાકરી કરે છે તો પછી આપ નિઃસનેહી થઈને મારા સામું જોશો નહીં અને કાંઈ આપીને મારી લાજ રાખશો નહિ તો

**ભક્તિ ગુણે ભરમાવી હો સમજાવી, પ્રભુજીને ભોળવી**
**કાંઈ રાખું હૃદય મોઝાર;**
**તો કહેજો શાબાશી, હો પ્રભુ ભાસી જાણી સેવતા,**
**કાંઈ એ અમચો એકતાર... અર. ૫.**

હે પ્રભુ ! જો આપ મારી વિનંતી નહીં સ્વીકારો તો આપને ભક્તિ વડે પ્રસન્ન કરી, સમજાવી, ભક્તિમાં ભોળવી મારા હૃદય મંદિરમાં ધારણ કરીશ. જો હું આવું કરી શકું તો આપે મને શાબાશી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આપવી પડશે. કારણ કે પ્રભુને પોતાના પાસે લાવવા માટે આપની ભક્તિ રૂપી સેવા જ ઉપયોગી થશે અને સેવારૂપી એકતાર આપની સાથે ત્યારે મને આપે શાબાશી આપજો.

**પાણી ખીરને મેળે, હો કીણ ખેલે, એકાંત હોઈ રહું,**
**કાંઈ નહીં રે ાલણનો જોગ;**
**જો પ્રભુ દેખું નયણે, હો કહી વયણે, સમજાવું સહી,**
**કાંઈ તે ન મિલે સંજોગ... અર. ૬**

જેમ દૂધ અને પ્રાણી એકરૂપ થઈ જાય છે તેમ એવી કઈ કળા કરું કે જેના વડે હું આપની સાથે અભેદ ભાવે થઈ એકાંત સ્થિતિમાં રહી શકું. પરંતુ એવી રીતે મળવાનો જોગ-રસ્તો મને દેખાતો નથી. જો પ્રભુને આંખો વડે જોઈ શકું તો વચન દ્વારા સમજાવી શકું અને ભેટો થઈ શકે પણ તે થવાનો અવસર દેખાતો નથી.

**મનમેળુ કીમ રીઝે, હો શું કીજે, અંતરાય એવડો,**
**કાંઈ નિપટ નહેજા નાથ;**
**સાત રાજને અંતે, હો કિણ પાખે, તે આવીને મળું,**
**કાંઈ વિકટ તુમારોજી પાથ... અર. ૭**

હે પ્રભુ મારા મનના નાથ ! આપ કઈ રીતે મારા ઉપર પ્રસન્ન થશો ? શું કરવાથી પ્રસન્ન થાશો ? એવું તે મેં કયું અંતરાય કર્મ બાંધ્યું છે કે આપ પ્રસન્ન થતા નથી. આપ મારા પર પ્રસન્નતા ઉતારતા નથી. તો પછી આપ નહેજા નાથ એટલે આપ હેત વિનાના સ્વામી છો એમ મારે કહેવું પડશે. વળી આપ સાત રાજલોક દૂર જઈને બેઠા છો તો કેવા ઉપાય કરીને આપને આવી મળું તે બતાવો. આપને મળવા માટેનો રસ્તો બહુ જ વિકટ-મુશ્કેલીવાળો છે. આપને "મન મેળુ" બિરૂદ સાચવવું હોય તો અમને રસ્તો બતાવો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ઓળગ એ અનુભવની હો મુજ મનની વાર્તા સાંભળી,**
**કાંઈ કીજે આજે નિવાજ;**
**રૂપ વિબુધનો મોહન, હો મનમોહન, સાંભળ વિનંતિ,**
**કાંઈ દીજે શિવપુર રાજ. અર. ૮**

અનુભવના વિચારથી ભરેલી મારી વિનંતી સાંભળીને, મારા મનની વાત સાંભળીને આપ મને નિવાજજો, એટલે કે સંતોષ આપજો. રૂપવિજય પંડિતના શિષ્ય શ્રી મોહનવિજય કહે છે કે હે મનના મોહન એવા અરનાથ પ્રભુ ! મારી વિનંતિ સાંભળીને મને મોક્ષનું રાજ પ્રાપ્ત થાય તેમ કરો.

## ૧૯. શ્રી મલ્લિનાથ સ્તવન

**સુગુરુ સુણી ઉપદેશ ધ્યાયો દિલમાં ધરી હો લાલ - ધ્યાયો.**
**કીધી ભક્તિ અનંત ચવી ચવી ચાતુરી હો લાલ - ચવી.**
**સેવ્યો રે વિશ્વાવીશ ઉલટ ધરી ઉલ્લસ્યો હો લાલ - ઉલટ.**
**દીઠો નવિ દિદાર કાન કિણહી લગ્યો હો લાલ - કાન. ૧**

સુગુરુનો ઉપદેશ સાંભળીને ધ્યેયરૂપ એવા પ્રભુનું ધ્યાન કરનાર ધ્યાતા થયો તેમજ ત્રણ જગતમાં યશસ્વી પ્રસિદ્ધતાને પામેલી એવી આપની ભક્તિ કરી, વળી મન, વચન અને કાયાથી ઉલ્લાસમાન થઈને પ્રભુને સેવ્યા તો પણ પ્રભુના દર્શન મને થયા નહીં. તેમજ મારા તરફ હસ્યા પણ નહીં.

**પરમેશ્વર શું પ્રીત, કહો કીજીએ હો લાલ. કહો.**
**નીમષ ન મેલે મીટ દોષ કીણ દીજીએ હો લાલ - દોષ.**
**કોણ કરે તકસીર, સેવામાં સાહિબા હો લાલ, - સેવામા.**
**કીજે ન છોકરવાદ, ભગત ભરમાવવા હો લાલ. - ભગત. ૨**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે પ્રભુ ! જ્યાં દૃષ્ટિનું મિલન ક્ષણવાર પણ ન થાય ત્યાં પ્રીતિ કેવી રીતે થાય ? આમાં દોષ કોને દેવો ? વળી આપની સેવાભક્તિ કરવામાં કચાશ કોણ રાખે ? માટે હે પ્રભુ ! છોકરબુદ્ધિ કરીને ભક્તોને ખોટું ખોટું સમજાવી ભરમાવવા ન જોઈએ.

**જાણ્યું તમારું જાણ, પુરુષ ના પારખો હો લાલ - પુરુષ.**
**સુગુણ-નિગુણનો રાહ, કર્યો શું સારીખો હો લાલ - કર્યો.**
**દીધે દીલાસે દીનદયાળ કહાવશો હો લાલ. દયાળ.**
**કરુણા રસ ભંડાર બિરૂદ કેમ પાવશો હો લાલ. બિરૂદ. ૩**

જાણનાર-જ્ઞાનવાળા પુરુષો સર્વ વસ્તુ પારખી શકે છે પરંતુ આપે તો ગુણવાળા અને ગુણ વિનાના બન્નેને સરખા ગણ્યા માટે જાણ-પુરુષ એવું બિરૂદ આપને ઘટે નહીં, વળી અમને દિલાસો આપ્યા પછી દર્શન આપ્યા નહીં. આપ દીનદયાળ કહેવાઓ છો. દુઃખીના દુઃખ કાપવામાં આપ કૃપાવંત છો તો પછી જો આપ મારા પર કૃપાદૃષ્ટિ નહીં કરો તો કરુણારસના ભંડાર એવું આપનું બિરૂદ કેમ પામશો ?

**શું નિપજ્યા તુમે સિદ્ધ, સેવકને અવગણી હો લાલ, - સેવક.**
**ભાખો અવિહડ પ્રીત, જાવા દ્યો ભોળામણી હો લાલ - જાવા દ્યો.**
**જો કોઈ રાખે રાગ નીરાગ ન રાખીએ હો લાલ - નિરાગ.**
**ગુણ અવગુણની વાત કરી પ્રભુ દાખીએ હો લાલ - કહી. ૪**

હે ભગવાન ! આપના સેવકની અવગણના કરીને આપ એકલા સિદ્ધ થઈને બેસી ગયા. આપની સાથેની પ્રીત કોઈ રોકી શકે નહીં એવી છે એમ આપ જણાવો છો. પણ આપે તો એમાં પણ મને ભુલાવીને આપે મારા પર પ્રીતિ વરસાવી નહીં. આપને કહું છું કે જો કોઈ આપના ઉપર પ્રેમ-રાગ રાખે તો આપે તેની પ્રત્યે પ્રેમ રાખવો જોઈએ, નીરાગી થઈને બેસી જાવ તે સારું કહેવાય નહીં, આમ મેં આપને ગુણ-અવગુણરૂપી વાત કહી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અમચા દોષ હજાર, તિકે મત ભાળ જો હો લાલ, - તિકે.**
**તમે છો ચતુર સુજાણ, પ્રીતમ ગુણ પાળજો હો લાલ, પ્રીતમ.**
**મલ્લિનાથ મહારાજ, મ રાખો આંતરો હો લાલ, - મ.**
**દ્યો દરિશણ દિલધાર મિટે જયું ખાંતરો હો લાલ - મિટે. ૫**

હે ભગવાન ! અમારા હજારો દોષો છે તેના તરફ તમે દૃષ્ટિ રાખતા નહીં. આપ તો ચતુર અને બધી વાતના જાણકાર છો. તેથી હે પ્રભુ ! સેવકના ભક્તિગુણ તરફ નજર કરીને કૃપા કરજો. હે મલ્લિનાથજી ! આ બાબતમાં તમો મારાથી કાંઈ અંતર રાખશો નહીં અને મને આપના હૃદયમાં સ્થાન આપી મને દર્શન આપજો. જેથી મને શાંતિની પ્રાપ્તિ થાય. જો આપ આમ કરશો તો આપના અને મારા વચ્ચે દિલનું અંતર છે તે મટી જશે.

**મન મંદિર મહારાજ, વિરાજો દિલ મળી હો લાલ, વિરાજે.**
**ચંદ્રાતપ જિમ કમળ, હૃદય વિકસે કળી હો લાલ - હૃદય.**
**રૂપ વિબુધ સુપસાય, કરો અમ રંગ રળી હો લાલ, - કરો.**
**કહે મોહન કવિરાય સકળ આશા ફળી હો લાલ. - સકળ. ૬**

હે પ્રભુ ! મારા મનમંદિરમાં આપ દીલ મેળવીને વીરાજો તો ચાંદનીથી જેમ કમળ ખીલે છે તેમ મારું હૃદય કમળની કળા આપના વિરાજવાથી વિકસ્વર થાય. પંડિત રૂપવિજયજીના શિષ્ય શ્રી મોહનવિજયજી કહે છે કે પ્રભુ મારા હૃદયના રંગની સાથે સુપસાય કરો તો મારી સકલ આશા ફળીભૂત થાય.

## ૨૦. શ્રી મુનિસુવ્રત સ્વામિ સ્તવન

**હો પ્રભુ મુજ પ્યારા ન્યારા થયા કેઈ રીત જો,**
**ઓળગુઆને આલાલુંબન તાહરો રે લોલ;**
**હો પ્રભુ મુજ પ્યારા ભક્ત વત્સલ ભગવંત જો,**
**આય વસો મનમંદિર સાહિબ માહરે રે લોલ... ૧**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે પ્રભુ આપ મને પ્યારા લાગો છો, તેથી આપે મારી સાથે પ્રેમથી રહેવું જોઈએ એના બદલે આપ તો મારાથી જુદા થઈ સિદ્ધ થઈ ગયા છો. તો આમા કઈ રીત સમજવી ? હે પ્રભુ અરજ કરનારને આપનું જ આલંબન છે, વળી ભક્તિ કરનાર ભક્ત ઉપર વાત્સલ્ય વરસાવનાર છો એટલે કે તેનું ફળ આપનાર છો. હે ભગવાન ! તેથી આપને વિનંતિ કરું છું કે આપ મારા મનમંદિરમાં આવીને વાસ કરો.

**હો પ્રભુ મુજ પ્યારા ખીણ ન વિસારું તુજ જો,**
**તંબોલીના પત્ર તણી પેરે ફેરતો રે લોલ;**
**હો પ્રભુ મુજ પ્યારા લાગી મને માયા જોર જો,**
**દિલધર વાસી સુસાહિબ તુમને હેરતો રે લોલ... ૨**

હે પ્રભુ ! આપ મને પ્યારા હોવાથી એક ક્ષણ પણ આપને વિસરતો નથી. તંબોલીના પાનની જેમ વારંવાર આપનું નામ હું ફેરવ્યા જ કરું છું. સમર્યા જ કરું છું. હે પ્રભુ મને આપના પ્રત્યે પ્રશસ્ત રાગરૂપી માયા લાગી છે તેમજ હે સાહિબ ! આપ મારા મનરૂપી ઘરમાં વસનારા થયા છો તેથી તમારું નામ અહર્નિશ લીધા કરું છું. એક ક્ષણ પણ આપને ભૂલતો નથી.

**હો પ્રભુ મુજ પ્યારા તું નિઃસ્નેહી જિનરાય જો,**
**એક પખી પ્રીતલડી કિણ પરે રાખીએ રે લોલ;**
**હે પ્રભુ મુજ પ્યારા અંતરગતિની મહારાજ જો,**
**વાતલડી વિણ સાહેબ કેહને દાખીએ રે લોલ... ૩**

હે મારા વહાલા પ્રભુ ! આપ રાગ-દ્વેષ વગરના જિનેશ્વર ભગવંત છો. તો આપની સાથે એક પક્ષીય પ્રેમ-પ્રીતિ કેવી રીતે કરવી કે જેથી આપ પ્રસન્ન થઈ મારી વિનંતીને સ્વીકારી મારી સાથે પ્રીત કરો. મેળાપ થવા માટે અન્યોન્યની પ્રીતિ જરૂરી જણાય છે. વળી એક વાત તો ચોક્કસ છે કે આપ જેવા સર્વજ્ઞ સિવાય મારા અંતરની વાત કોને કહેવાય ? અમારા જેવાને માટે વાત કરવાનું સ્થાન આપ એક જ છો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**હો પ્રભુ મુજ પ્યારા અલખ રૂપ થઈ આપ જો,**
**જાઈ વસ્યો શિવમંદિર માંહિ તું જઈ રે લોલ;**
**હે પ્રભુ મુજ પ્યારા લાધ્યો તુમારો ભેદ જો,**
**સૂત્ર સિદ્ધાંત ગતિને સાહિબ તુમે લહી રે લોલ... ૪**

હે પ્રભુ આપ મને પ્યારા છો, આપ અલક્ષ રૂપ થઈ અશરીરધારી થઈ સિદ્ધ ગતિમાં જઈ વસ્યા છો. આપ અરૂપીપણાને પામીને મુક્તિપુરીમાં જઈ બિરાજ્યા છો તે ભેદ મને મળી ગયો છે. સૂત્ર-સિદ્ધાંતમાં આપની ગતિ વિષે લખ્યું છે તે પ્રમાણે આપ તે ગતિને પામી ગયા છો.

**હો પ્રભુ મુજ પ્યારા જગજીવન જિનરાય જો,**
**મુનિસુવ્રત જિન મુજરો માનજો માહરો રે લોલ;**
**હો પ્રભુ મુજ પ્યારા પય પ્રણમી જિનરાજ જો,**
**ભવ ભવ શરણો સાહિબ સ્વામી તાહરો રે લોલ... ૫**

હે પ્રભુ ! મુજને વહાલા એવા આપ જગતના જીવનરૂપ છો. જિનેશ્વર ભગવંત છો. હે મુનિસુવ્રત સ્વામી આપ મારો મુજરો એટલે કે મારા નમસ્કાર સ્વીકારજો. આપના ચરણકમળમાં પડી પડીને હે મારા પ્રભુ આપને કહું છું કે આપનું શરણું મને ભવોભવ હોજો.

**હો પ્રભુ મુજ પ્યારા રાખશું હૃદય મોઝાર જો,**
**આપો શામળીયા દ્યો પદવી તાહરી રે લોલ;**
**હો પ્રભુ મુજ પ્યારા રૂપ વિજયનો શિષ્ય જો,**
**મોહનને મન લાગી માયા તાહરી રે લોલ... ૬**

હે પ્રભુ ! મને પ્યારા હોવાથી આપને હંમેશા હૃદયમાં ધારણ કરીને જ રાખીશ. આપ વર્ણે શ્યામવર્ણા હોવાથી હે શામળિયા ભગવાન ! આપે જે મોક્ષ પદવી મેળવી છે તે મને આપો. મને પ્રાપ્ત કરાવો. શ્રી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રૂપવિજયના શિષ્ય શ્રી મોહનવિજયજી કહે છે કે હે ભગવાન ! આપની માયા મારા મનમાં બરાબર લાગી છે. આપના પ્રત્યેના પ્રેમથી મારું મન ભરાયેલું છે.

## ૨૧. શ્રી નમિનાથ સ્તવન

**આજ નમિજિન રાજને કહીએ**
**મીઠે વચન પ્રભુ મન લહીએ રે - સુખકારી સાહેબજી,**
**પ્રભુ છો નિપટ નિઃસ્નેહી નગીના,**
**તો હિય છો સેવક આધીના રે - સુખકારી સાહેબજી. ૧**

હે નમિનાથ ભગવાન ! આપનો ભક્ત આપને મીઠાં વચનો વડે વિનંતિ કરે છે તો તેને આપ મનમાં ધારણ કરજો. હે પ્રભુ ! આપ તો સંપૂર્ણ નિરાગી-સ્નેહ વિનાના છો છતાં પણ સેવકના હૃદયને આધિન આપ બનો છો.

**સુનજર કરશો તો વરશો વડાઈ,**
**શું કહેશે પ્રભુને લડાઈ રે - સુખકારી સાહેબજી,**
**તુમે અમને કરશો મોટા**
**કુણ કહેશે રે પ્રભુ તમને ખોટા - સુખકારી સાહેબજી... ૨**

અમારા ઉપર સુદૃષ્ટિ કરશો તો આપને મોટાઈ મળશે. જો આપ અમારા ઉપર સુદૃષ્ટિ નહીં કરો તો પણ અમારે આપની સાથે લડાઈ કરવી નથી. હે પ્રભુ ! આપ મોટા બન્યા છો અને આપ અમને મોટા બનાવશો તો એમાં આપની જ યશકીર્તિ વધશે. આપને આ બાબતમાં આપ કાંઈ ખોટું કરો છો એમ કોઈ કહેશે નહીં.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**નિઃશંક થઈ શુભ વચન કહેશો,**

**તો જગ શોભા અધિકી લેશો રે - સુખકારી સાહેબજી.**

**અમે તો રહ્યા છીએ તુમને રાચી**

**રખે આપ રહો મન ખાંચી રે. - સુખકારી સાહેબજી... ૩**

જો આપ મારા પ્રત્યે નિઃશંક થઈ શુભ વચનો વડે માર્ગે ચડાવશો તો આપની શોભા-યશ જગતમાં ખૂબ જ વિસ્તારને પામશે. અમે તો આપને સંપૂર્ણપણે ઇચ્છી રહ્યા છીએ. આપનામાં જ રાચી રહ્યા છીએ. તો હે પ્રભુ હવે આપ આપનું મન ખેંચીને નહીં રાખતા અમને સંતોષ થાય તેમ વર્તવા વિનંતિ કરું છું.

**અમે તો કિશું અંતર નવિ રાખું,**

**જે હોવે હૃદયે તે કહી દાખું રે - સુખકારી સાહેબજી,**

**ગુણીજન આગળ ગુણ કહેવાએ**

**જે વારે પ્રીત પ્રમાણે રે થાયે રે સુખકારી સાહેબજી... ૪**

હે પ્રભુ અમે આપની સાથે મનથી અંતર રાખતા નથી અને જે કોઈ ભાવ મનમાં ઊઠે છે તે આપને કહી દઈએ છીએ. જો આપની સાથે અંતર રાખું તો તે સાચી પ્રીતનું લક્ષણ નથી. વળી ગુણીજનની આગળ ગુણની વાત થાય. હે પ્રભુ ! આપ અનંતગુણી છો તો મારા ઉપર એવી પ્રીત રાખો કે આપના આ સેવકનું કાર્ય સિદ્ધ થાય.

**વિષધર ઇશ હૃદયે લપટાણો,**

**તેહવો અમને મળ્યો છે ટાણો રે સુખકારી સાહેબજી,**

**નિરવહેશો જો પ્રીત અમારી,**

**કળી કીરતિ થાશે તમારી રે - સુખકારી સાહેબજી... ૫**

જેમ શંકરના ગળામાં સર્પ વીંટાયો છે તેમ, અનંતગુણનિધાન એવા વીતરાગ દેવ ! આપના સંસર્ગમાં મારા જેવો દુર્ગુણી આવ્યો છે. જો મારી પ્રીતિને નિભાવીને મારા પર આપની કૃપાદૃષ્ટિ વરસાવશો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તો આ કળિયુગમાં આપની કીર્તિ વધશે.

**ધૂત્તાઈ ચિત્તડે નવિ ધરશો,**
**કાંઈ અવળો વિચાર ન કરશો સુખકારી સાહેબજી,**
**જિમતિમ કરી સેવક જાણજો,**
**અવસર લહી સુધ લેજો રે સુખકારી સાહેબજી... ૬**

હે પ્રભુ ! આવુંઅવળું સમજાવી મનમાં ધૂર્તપણું કરશો નહીં. આવો અવળો વિચાર આપ જરાપણ કરતા નહીં. આપનો આ જેવો તેવો સેવક ગણીને તેને છોડી દેતા નહીં. પણ અવસર મેળવીને તેની સંભાળ રાખજો.

**આ સમે કહીએ છીએ તુમને,**
**પ્રભુ દીજે દિલાસો અમને રે, સુખકારી સાહેબજી,**
**મોહનવિજય સદા મન રંગે,**
**ચિત્ત લાગ્યો પ્રભુને સંગે રે - સુખકારી સાહેબજી... ૭**

અત્યારે આપની સાથેના સંબંધને લઈને કહું છું કે આપ સંસાર માર્ગથી પાર ઉતારી શકાય તેવો દિલાસો અને માર્ગ આપતા રહેજો તો મારું કાર્ય સિદ્ધ થશે. શ્રી મોહનવિજયજી મ.સા. કહે છે કે હે પ્રભુ ! આપના સંગમાં રંગપૂર્વક મારું મનડું લાગ્યું છે તેથી આપ મારા પર સુદૃષ્ટિ કરો એવી યાચના કરું છું.

## ૨૨. શ્રી નેમિનાથ સ્તવન

**કાં રથવાળો હો રાજ સામું નિહાળો હો રાજ,**
**પ્રીત સંભાળો રે વાલ્હા યદુકુળ સેહરા,**
**જીવન મીઠા હો રાજ, મત હોજો ધીઠા હો રાજ,**
**દીઠા અળજે રે વહાલા નિવહો નેહરા... ૧**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે પ્રભુ ! રથને પાછો કેમ વાળ્યો ? મારા સામું તો જરા જુઓ. હે યદુકુળના શિરતાજ શિરોમણી વ્હાલા આપણી પ્રીત સગાઇને જરા સંભારો. આપ મારે માટે મીઠાશથી ભરપૂર છો તો પછી આપ આમ ધીઠાઈ-(ધૂર્તતા; ધૂતારાપણું, છેતરપીંડી) કરીને મારા રંગમાં ભંગ પાડશો નહિ. હે વ્હાલા પ્રભુ ! મારો આપની પ્રત્યેનો જે સ્નેહ છે તેનો નિર્વાહ કરજો, વળી આગમ કહે છે કે :

**નવ ભવ ભજ્જા હો રાજ, તિહાં શી લજ્જા હો રાજ?**
**તજત ભજ્જા રે કાંસો રણકા વાજીઆ,**
**શિવાદેવી જાયા હો રાજ, માની લ્યો માયા હો રાજ,**
**કિમહીક યાયા રે વહાલા મધુકર રાજીયા... ૨**

હે પ્રભુ ! આપ તો જાણો છો કે આપનો ને મારો નવ ભવથી પુરુષ સ્ત્રીરૂપ સંબંધ ચાલ્યો આવ્યો છે. તો પછી હવે લજ્જા, શરમ રાખવાની હોય જ નહીં. આ તજવાનો રણકો ક્યાંથી વાગ્યો ? હે શિવાદેવીના પુત્ર મારા પ્રેમને સાચો માની લ્યો. મેં બહુ જ પુરુષાર્થ કરીને ભમરાને જેમ કમળ મળે તેમ આપને મેળવ્યા છે માટે મારા સામું જુઓ.

**સુણી હરણીના હો રાજ - વચન કામિનીનો હો રાજ,**
**સહી તો બીહનો રે વાહલો આઘો આવતાં;**
**કુરંગ કહાણા હો રાજ - ચૂકે ન ટાણા હો રાજ,**
**જાણો વહાલા રે દેખી વર્ગવિરંગતા... ૩**

હે પ્રભુ હરિણી રૂપ કામિનીના પોકાર સાંભળીને - વચનો સાંભળીને આપનો રથ પાછો વાળી ગિરનાર તરફ હંકારી દીધો. તિર્યંચ ઉપર કરુણા કરી પણ મારા જેવી પતિવ્રતા ઉપર આપને સંપૂર્ણ અનુકૂળ એવી પોતાની નારી પર કરુણા આવી જ નહીં. કુરંગની કહેવત છે તે અહીં સાચી પડી. જેમ સીતા અને રામના વિયોગમાં હરણ જ નિમિત્ત બન્યું હતું તેમ આપના અને મારા વચ્ચે આપણ બન્નેને છૂટા પાડનાર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિમિત્ત તો હરણ જ બન્યાં અને પોતાનું કુરંગ નામ સાર્થક કર્યું. તેથી હે સ્વામી ! આપને કહું છું કે આ સમય ચૂકવા જેવો નથી. વળી વર્ગ વિરંગતા એટલે કે આપના યાદવ કુળનો લક્ષ રાખીને મારો સ્વીકાર કરવો જોઈએ.

**વિણ ગુન્હે અટકી હો રાજ, - છાંડોમા છટકી હો રાજ,**
**કટકી ન કીજે રે વહાલા કીડી ઉપરે,**
**રોષ નિવારો હો રાજ, મહેલે પધારો હો રાજ,**
**કાંઈ વિચારો રે વહાલા ડાબું-જિમણું... ૪**

હે પ્રભુ ! મારા કોઈપણ જાતના ગુન્હા વગર આપ આમ છટકીને ચાલ્યા જાઓ તે ઠીક નથી થતું. કીડી ઉપર કટક લઈ જવા જેવું આપે કર્યું છે. આ રીતે કીડીરૂપ એવી હું તેના પર આટલો મોટો દુઃખરૂપ હુમલો કરવો તે બરાબર નથી. હે પ્રભુ ! આપના મનમાં જે રોષ હોય તે નિવારી નાખો અને મહેલમાં પધારવાની કૃપા કરો. હે પ્રભુ ! આ પગલું ભરતા પહેલા સારાસારનો વિચાર કરવો જરૂરી છે.

**એ શી હાંસી હો રાજ, હોય વિખાસી હો રાજ,**
**જુઓ વિમાસી રે અતિશે રોષ ન કીજીએ;**
**આ ચિત્રશાળી હો રાજ - સેજ સુંવાળી હો રાજ**
**વાત હેતાળી રે વહાલા મહારસ પીજીએ... ૫**

હે પ્રભુ ! આવી હાંસી કરતા હસવામાંથી ખસવું થઈ જાય માટે આપ વિચારો અને મારા ઉપર અતિ રોષને ધારણ ન કરો. હે પ્રભુ રહેવાને માટે આ ચિત્રશાળા (મહેલ) છે અને શયન કરવા માટે સેજ પણ સુંવાળી છે. વળી વાતમાં હેતાળી-પ્રેમરસની અધિકતા વધારે છે. હે વહાલા પ્રભુ ! હું આપને કહું છું કે પ્રેમરૂપ મહારસનું પાન કરો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**મુક્તે વહિતા હો રાજ, સામાન્ય વનિતા હો રાજ,**
**તજી પરિણીતા રે, વહાલા કાં તુમે આદરો ?**
**તુમને જે ભાવે હો રાજ, કુણ સમજાવે હો રાજ,**
**કિમ કરી આવે રે તાણ્યો કુંજર પાધરો... ૬**

હે પ્રભુ ! મુક્તિ સ્ત્રી એક સામાન્ય સ્ત્રી છે. ઘણા પુરુષોએ તેને ભોગવેલ છે. તો પછી આપ પતિવ્રતા સ્ત્રીને છોડીને તેની સાથે પ્રીત બાંધીને કેમ ચાલી નીકળ્યા ? હવે તો હું આપને વિનંતિ કરીને થાકી છું તેથી કહું છું કે આપને ફાવે તેમ કરો આપ જેવા મોટા માણસને કોણ સમજાવી શકે ? જેમ હાથી જોરાવર હોય અને તેને ખેંચવા વડે પોતાનો કરવો હોય તો તે સીધી રીતે થતું નથી તેમ આપ પણ સમજાવ્યા છતાં મારા હાથમાં આવ્યા નહીં.

**વચને ન ભીનો હો રાજ, નેમ નગીનો હો રાજ,**
**પરમ ખજાનો રે વહાલા નાણ અનુપનો;**
**વ્રત શિવ સ્વામી હો રાજ, રાજુલ પામી હો રાજ,**
**કહે હિત કામી રે મોહન રૂપ અનુપમો... ૭**

જેની પાસે જ્ઞાન-દર્શન ચારિત્રરૂપ ખજાનો હોય તે રાજુલના વચનથી કેવી રીતે ભીંજાય ? - ન જ ભીંજાય. તેથી રાજુલે પણ શ્રી નેમનાથ ભગવાન પાસે મહાવ્રત અંગીકાર કર્યા તેથી રાજુલ પણ મોક્ષ સ્થાનમાં આરાધના દ્વારા સાદી-અનંત સ્થિતિરૂપને પામ્યા એટલે કે સાચા અર્થમાં પતિનો સંયોગ કર્યો. પંડિત રૂપ વિજયજીના શિષ્ય હિતના ઇચ્છક શ્રી મોહનવિજયજી આમ કહે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૨૩. શ્રી પાર્શ્વનાથ સ્તવન

**વામાનંદન હો પ્રાણ થકી હો પ્યારા**
**નહિ કિજે હો નયણ થકી ક્ષણ ન્યારા.**
**પુરિસાદાણી શામળ વરણો, શુદ્ધ સમકિતને ભાસે;**
**શુદ્ધ પુંજ જિણે કીધો તેહને, ઉજ્જવલ વરણ પ્રકાશે - વામા. ૧**

હે વામામાતાના નંદ ! આપ મને પ્રાણથી પણ વધારે પ્યારા છો માટે મને આપની નજરથી એક ક્ષણ માટે પણ દૂર કરશો નહીં. હે પ્રભુ ! પુરિસાદાની એટલે કે પુરુષોમાં પ્રધાન છો વળી આપનો વર્ણ શ્યામ છે પરંતુ આપે મિથ્યાત્ત્વ મોહનીયને-દર્શન મોહનીયને હઠાવીને શુધ્ધ સમ્યકૃત્વને પ્રાપ્ત કરેલું છે અને તેથી શુદ્ધ જ્ઞાનાદિ ગુણોનો પુંજ પ્રગટાવેલ હોવાથી આપ આભ્યંતરપણે ઉજ્જ્વળ ગુણને પ્રકાશો છો.

**તુમ ચરણે વિષધર પણ નિરવિષ, દંસણે થાય બીડૌજા,**
**જોતાં અમ શુદ્ધ સ્વભાવ કાંન હુવે, એહ અમે ગ્રહ્યા છોજા. વામા. ૨**

હે પ્રભુ ! આપનું લાંછન સર્પ છે પણ કાયમ તે નિર્વિષ રહે છે. દર્શન માત્રથી ઇન્દ્ર થાય છે. તો અમે પણ આપના દર્શન કરવાથી શુદ્ધ સ્વભાવવાળા કેમ ન થઈએ ? અર્થાત થઈશું જ. માટે જ અમે આપને વળગીને રહ્યા છીએ.

**કમઠરાય મદ કિણ ગિણતીમાં, મોહ તણો મદ જોતાં;**
**તાહરી શક્તિ અનંતી આગળ, કેઈ કેઈ મર ગયા ગોતાં... વામા. ૩**

હે પ્રભુ ! આપે તો અનંતકાળનો જે મોહરાજા તેનો પણ મદ ઉતારી નાખ્યો તો બિચારા કમઠનો મદ ઉતારવો કઈ ગણત્રીમાં છે. વળી આપની અનંત શક્તિ આગળ અન્ય એકાંત મિથ્યાત્વથી ભરેલા પણ હાર ખાઈ ગોથાં ખાતા ખાતા મરી ગયા ! ફરી હાથમાં આવ્યા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ નહીં. એવા આપ બાહ્ય તેમજ આભ્યંતર દષ્ટિથી મહાબળવાન-અનંતી શક્તિવાળા છો માટે મને આપની નજરથી જરા પણ દૂર કરશો નહીં.

**તેં જિમ તાર્યા તિમ કુણ તારે, કુણ તારક કહું એહવો;**
**સાયર માન તે સાયર સરીખો, તિમ તું વિણ તું જેહવો... વામા. ૪**

જે રીતે આપે અનેક જીવોને માર્ગદર્શન આપી તાર્યા તે રીતે તારી શકે એવો બીજો કોઈ તારક આપના જેવો કોણ હોય ? સાગરની ઉપમા તેને જ આપી શકાય જે સાગર જેવા ગંભીર હોય. ગુણોમાં વિશાળતા ધરાવતા હોય આપ એવા હોવાથી આપને સમુદ્ર જેવા કહીએ છીએ. આપને "સાગરવર ગંભિરા" વિશેષણ આપેલ છે તે યથાર્થ જ છે.

**કિમપિ ન બેસો તુમે કરુણાકર તેહ મુજ પ્રાપ્તિ અનંતી;**
**જેમ પડે કણ કુંજર મુખથી, કીડી બહુ ધનવંતી... વામા. ૫**

હે પ્રભુ આપ મારા પર કૃપાદૃષ્ટિ કરીને મારી પાસે થોડોક વખત આવીને બેસો તો મને અનંત પ્રકારની ગુણ રિદ્ધિ પ્રાપ્ત થઈ જાય તેમ છે. જેમ હાથીના મુખમાંથી એક કણ નીચે પડી જાય તો કીડીને માટે તો ધનવાનપણું થઈ જાય છે તેવી રીતે હે ભગવાન ! આપની દૃષ્ટિ મારા પર થોડીક ક્ષણ માટે પણ પડે તો મને આત્મસંપદારૂપ અઢળક સંપત્તિ પ્રાપ્ત થઈ જાય તેમ છે. માટે મને આપ આપની નજરથી જરા પણ દૂર કરશો નહીં.

**એક આવે એક મોજાં પાવે, એક કરે ઓલગડી;**
**નિજગુણ અનુભવ દેવા આગળ, પડખે નહિ તું બે ઘડી. વામા... ૬**

હે ભગવાન ! એક સ્વાભાવિક રીતે તારી પાસે આવે, એક આવીને પાણીના મોજાંની જેમ પાછો વળી જાય. એક વિનંતિ કરે તો પણ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આપ પોતાના ગુણરૂપ અનુભવ દેવા માટે થોડીવાર માટે પણ સહાયક થતા નથી. આ તમારી રીત મને બરાબર લાગતી નથી.

**જેહવી તુમથી માહરી માયા, તેહવી તુમે પણ ધરજો;**
**મોહનવિજય કહે કવિ રૂપનો, પ્રરતક્ષ કરુણા કરજો... વામા. ૭**

જેમ અમે આપના પર પ્રેમ રાખ્યો છે તેવો પ્રેમ અમારા પર રાખો. પંડિતરત્ન રૂપવિજયજી મહારાજના શિષ્ય શ્રી મોહનવિજયજી કહે છે કે પ્રત્યક્ષ આવીને પ્રત્યક્ષ દર્શન દઈ કરુણાદષ્ટિ મારા ઉપર કરજો જેથી અમારું કાર્ય સિદ્ધ થઈ જાય.

## ૨૪. શ્રી મહાવીર સ્વામી સ્તવન

**દુર્લભ ભવ લહી દોહિલો રે, કહો તરીએ કવણ ઉપાય રે,**
**પ્રભુજીને વિનવું રે,**
**સમકિત સાચો સાચવું રે, તે કરણી કિમ થાય રે. પ્રભુજીને... ૧**

હે પ્રભુ આપને વિનંતિ કરું છું કે દુર્લભ એવો મનુષ્ય ભવ પામીને મારે કેવી રીતે સંસાર સમુદ્રથી પાર ઉતરી જવું તેનો ઉપાય બતાવો. સમ્યક્દર્શનને હું સાચવી શકું તેવો ઉપાય મને બતાવો, સમજાવો. એમ મહાવીર સ્વામી આપને વિનંતી કરું છું.

**અશુભ મોહ જે મેટીએ રે, કાંઈ શુભ પ્રભુને જાય રે; પ્રભુજીને;**
**નિરાગે પ્રભુને ધ્યાઇએ, કાંઈ તો પિણ રાગ કહાય રે. પ્રભુજીને. ૨**

અશુભ ભાવરૂપ જે મોહ છે તેને તજી દઈએ અને મોહરહિત પ્રભુનું અવલંબન લઈ તેમનું ધ્યાન કરીએ તો પણ તેમાં શુભ રાગ તો રહે છે. શરૂઆતમાં મિથ્યાત્વરૂપી અશુભ ભાવને કાઢવા માટે શુભ ભાવનો આશ્રય લેવો પડે છે તેથી તેમાં રાગ તો રહે છે. વળી એમ કહેવામાં આવ્યું છે કે નિરાગીને ધ્યાન હોય નહીં, માટે ધ્યાન કરનારને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રાગ હોય જ આમ મુશ્કેલી જણાય છે તો મારે શું કરવું તે મને કહો.

**નામ ધ્યાતા જો ધ્યાઇએ રે, કોઈ પ્રેમ વિના નવિ તાન રે; પ્રભુજીને**
**મોહ વિકાર જિહાં તિહાં રે, કાંઈ કિમ તરીએ ગુણધામ રે... પ્રભુજીને. ૩**

પ્રભુનું નામ લઈ ધ્યાન કરતાં જો પ્રેમ નથી આવતો તો તેમાં એકાગ્રતા કે તન્મયતા આવતી નથી. જ્યાં જ્યાં નજર કરીએ છીએ ત્યાં મોહના જ વિકારો નજરે પડે છે. એટલે કે મોહના વિકારો મને મુંઝવ્યા કરે છે તો હે ગુણધામ શ્રી મહાવીર સ્વામી આપને પૂછું છું કે આ સંસારને કેવી રીતે પાર ઉતરવો.

**મોહ બંધજ બાંધીયો રે, કાંઈ બંધ જિહાં નહિ સોય રે; પ્રભુજીને**
**કર્મબંધ ન કીજીએ રે, કાંઈ કર્મ બંધન ગયે જોય રે... પ્રભુજીને. ૪**

હે સાધક તું મોહથી બંધાયેલો છે. જ્યાં કર્મબંધ થતો ન હોય ત્યાં શિવ સુખરૂપ ધ્યેય જોઈ શકાય - અનુભવી શકાય, માટે તારે કર્મનો બંધ થવા ન દેવો જોઈએ. કર્મબંધના હેતુ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ છે. આ કર્મ બંધન અટકી જાય તે તું જોજે.

**તેમાં શો પાડ ચડાવીએ રે, કાંઈ તુમે શ્રી મહારાજ રે; પ્રભુજીને**
**વિણ કરણી જો તારશો, કાંઈ સાચા શ્રી જિનરાજ રે... પ્રભુજીને. ૫**

જો અમે અમારી શક્તિ વડે કર્મબંધના હેતુનો નાશ કરી નાખીએ અને શિવસુખ મેળવી લઈએ તો તેમાં આપે કાંઈપણ ઉપકાર મારા પર કર્યો નહીં કહેવાય, પણ જો કરણી ન કરીએ અને આપ મારા પર ઉપકાર કરી તારો તો તેમાં આપનો પાડ (ઉપકાર) માનું. તો જ આપ સાચા જિનરાજ છો.

**પ્રેમ મગન નીભાવતા રે, કાંઈ ભાવ તિહાં ભવનાશ રે; પ્રભુજીને.**
**ભાવ તિહાં ભગવંત છે રે, કાંઈ ઉપદિશે આતમ સાસ રે - પ્રભુજીને ૬**

જ્યારે સાધક આત્મા પ્રભુના પ્રેમમાં મગ્ન થાય છે અને પ્રભુના



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુણો સ્તવવારૂપ ભાવનામય થાય છે ત્યારે ભવભ્રમણનો નાશ થાય છે. કારણ જ્યાં પ્રશસ્ત ભાવ છે ત્યાં ભગવાન હાજર હોય છે. માટે ભગવાન જેવા થવા માટેનો શુદ્ધ ઉપાય, વિશુદ્ધ ભાવ કેળવવો એ છે. એ પ્રમાણે આત્માના શ્વાસરૂપ પરમાત્મા ઉપદેશ આપે છે, કહે છે.

**પૂરણ ઘટાભ્યંતર ભર્યો રે, કાંઈ અનુભવ અનુહાર રે; પ્રભુજીને.**
**આતમ ધ્યાને ઓળખી રે, કાંઈ તરશું ભવનો પાર રે... પ્રભુજીને. ૭**

જો અનુભવ જ્ઞાનથી વિચાર કરવામાં આવે તો જેમ ઘડો પાણીથી ભરેલો હોય તેમ આત્મારૂપી ઘડો (ઘટ) ગુણરૂપ જળથી ભરેલો છે. પણ જો આત્મધ્યાન દ્વારા ઘડાની અંદર જોઈશું તો તે અંદર આત્માનો અખંડ ખજાનો - અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ ગુણોથી ભરેલો દેખાશે અને ત્યારે જ આપણા ભવનો પાર થશે.

**વર્ધમાન મુજ વિનંતિ રે, કાંઈ માનજો નિશદિન રે; પ્રભુજીને.**
**મોહન કહે મનમંદિરે રે, કાંઈ વસીઓ તું વિશ્વાવીશરે... પ્રભુજીને. ૮**

હે મહાવીર સ્વામી ! મારી વિનંતિ છે તે આપ હંમેશ માટે માનજો. શ્રી મોહનવિજયજી કહે છે કે આપ મારા મનમંદિરમાં આવીને વસી ગયા છો તેમ મને લાગે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી રાજ–સૌભાગ–સત્સંગ મંડળ
સાયલા

DUNDUBHI - 079 - 658 41 86

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org